'સસ્તું' સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

ૐ

श्रीशुक्लयजुर्वेदीय

रुद्राष्टाध्यायी

★

સંપાદક :
સ્વ૰ પુરુષોત્તમ જોગીભાઈ ભટ્ટ

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨

★

રૂ. ૧–૭૫

'સસ્તું' સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું' સાહિત્ય

ॐ

श्रीशुक्लयजुर्वेदीय

रुद्राष्टाध्यायी

★

સંપાદક:

સ્વ૦ પુરુષોત્તમ જોગીભાઈ ભટ્ટ

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

★

રૂ. ૧-૭૫

સંવત ૨૦૨૮ : સંસ્થા તરફથી આવૃત્તિ ૨જી : ઈ. સ. ૧૯૭૧

નિવેદન

આ 'શ્રી શુક્લયજુર્વેદીય રુદ્રાષ્ટાધ્યાયી' પુસ્તકની પુનર્મુદ્રણરૂપે આ નવી આવૃત્તિ પ્રકટ થાય છે.

આમાં રુદ્રીના મૂળ મંત્રો, પદચ્છેદ, અર્થ તથા અનુવાદ ઉપયોગી ટિપ્પણો સાથે આગલી આવૃત્તિ મુજબ અપાયા છે.

સંપાદકના પુત્ર શ્રી જગદીશચંદ્ર ભટ્ટે આ પુસ્તક પ્રસિદ્ધ કરવા સંસ્થાને નિષ્કામભાવે સંમતિ આપેલી છે તે બદલ તેમનો અહીં આભાર માનવામાં આવે છે.

આ પછીનાં પાનાંમાં શ્રી શિવમહિમ્નઃસ્તોત્ર આપ્યું છે. ઉપરાંત આ અષ્ટાધ્યાયી રુદ્રીના મહિમાને દર્શાવતા રુદ્રાભિષેકમાહાત્મ્યનો મૂળપાઠ આ આવૃત્તિમાં અપાયો છે.

આ પ્રકાશન જિજ્ઞાસુઓ અને ભાવિકોને ઉપયોગી થશે.

વલ્લભવિદ્યાનગર,
તા. ૨૫-૧૨-'૭૧

'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
એચ. એમ. પટેલ (પ્રમુખ)

× × × ।

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : ભદ્ર : અમદાવાદ

ॐ

श्रीपुष्पदन्तविरचितं

श्रीशिवमहिम्नःस्तोत्रम्

महिम्नः पारं ते परमविदुषो यद्यसदृशी
स्तुतिर्ब्रह्मादीनामपि तदवसन्नास्त्वयि गिरः ।
अथावाच्यः सर्वः स्वमतिपरिणामावधि गृणन्
ममाप्येष स्तोत्रे हर! निरपवादः परिकरः ॥ १ ॥
अतीतः पन्थानं तव च महिमा वाङ्मनसयो-
रतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि ।
स कस्य स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥ २ ॥
मधुस्फीता वाचः परमममृतं निर्मितवत-
स्तव ब्रह्मन्किंवागपि सुरगुरोर्विस्मयपदम् ।
मम त्वेतां वाणीं गुणकथनपुण्येन भवतः
पुनामीत्यर्थेऽस्मिन् पुरमथन! बुद्धिर्व्यवसिता ॥ ३ ॥
तवैश्वर्यं यत्तज्जगदुदयरक्षाप्रलयकृत्
त्रयीवस्तु व्यस्तं तिसृषु गुणभिन्नासु तनुषु ।
अभव्यानामस्मिन्वरद! रमणीयामरमणीं
विहन्तुं व्याक्रोशीं विदधत इहैके जडधियः ॥ ४ ॥
किमीहः किं कायः स खलु किमुपायस्त्रिभुवनं
किमाधारो धाता सृजति किमुपादान इति च ।
अतर्क्यैश्वर्ये त्वय्यनवसरदुःस्थो हतधियः
कुतर्कोऽयं कांश्चिन्मुखरयति मोहाय जगतः ॥ ५ ॥
अजन्मानो लोकाः किमवयववन्तोऽपि जगता-
मधिष्ठातारं किं भवविधिरनादृत्य भवति ।
अनीशो वा कुर्याद् भुवनजनने कः परिकरो
यतो मन्दास्त्वां प्रत्यमरवर संशेरत इमे ॥ ६ ॥

त्रयी साङ्ख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥ ७ ॥
महोक्षः खट्वाङ्गं परशुरजिनं भस्म फणिनः
कपालं चेतीयत्तव वरद तन्त्रोपकरणम् ।
सुरास्तां तामृद्धिं दधति तु भवद्भ्रूप्रणिहितां
नहि स्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति ॥ ८ ॥
ध्रुवं कश्चित्सर्वं सकलमपरस्त्वध्रुवमिदं
परो ध्रौव्याध्रौव्ये जगति गदति व्यस्तविषये ।
समस्तेऽप्येतस्मिन्पुरमथन तैर्विस्मित इव
स्तुवञ्जिह्रेमि त्वां न खलु ननु धृष्टा मुखरता ॥ ९ ॥
तवैश्वर्यं यत्नाद् यदुपरि विरिञ्चो हरिरधः
परिच्छेत्तुं यातावनलमनलस्कन्धवपुषः ।
ततो भक्तिश्रद्धाभरगुरुगृणद्भ्यां गिरिश यत्
स्वयं तस्थे ताभ्यां तव किमनुवृत्तिर्न फलति ॥ १० ॥
अयत्नादापाद्य त्रिभुवनमवैरव्यतिकरं
दशास्यो यद्बाहूनभृत रणकण्डूपरवशान् ।
शिरःपद्मश्रेणीरचितचरणाम्भोरुहबलेः
स्थिरायास्त्वद्भक्तेस्त्रिपुरहर विस्फूर्जितमिदम् ॥ ११ ॥
अमुष्य त्वत्सेवासमधिगतसारं भुजवनं
बलात्कैलासेऽपि त्वदधिवसतौ विक्रमयतः ।
अलभ्या पातालेऽप्यलसचलिताङ्गुष्ठशिरसि
प्रतिष्ठा त्वय्यासीद् ध्रुवमुपचितो मुह्यति खलः ॥ १२ ॥
यदृद्धिं सुत्राम्णो वरद परमोच्चैरपि सती-
मधश्चक्रे बाणः परिजनविधेयत्रिभुवनः ।
न तच्चित्रं तस्मिन् वरिवसितरि त्वच्चरणयो-
र्न कस्याप्युन्नत्यै भवति शिरसस्त्वय्यवनतिः ॥ १३ ॥

अकाण्डब्रह्माण्डक्षयचकितदेवासुरकृपा-
विधेयस्यासीद्यस्त्रिनयन विषं संहृतवतः ।
स कल्माषः कण्ठे तव न कुरुते न श्रियमहो
विकारोऽपि श्लाघ्यो भुवनभयभङ्गव्यसनिनः ॥ १४ ॥
असिद्धार्था नैव क्वचिदपि सदेवासुरनरे
निवर्तन्ते नित्यं जगति जयिनो यस्य विशिखाः ।
स पश्यन्नीश त्वामितरसुरसाधारणमभूत्
स्मरः स्मर्तव्यात्मा नहि वशिषु पथ्यः परिभवः ॥ १५ ॥
मही पादाघाताद् व्रजति सहसा संशयपदं
पदं विष्णोर्भ्राम्यद् भुजपरिघरुग्णग्रहगणम् ।
मुहुर्द्यौर्दौःस्थ्यं यात्यनिभृतजटाताडिततटा
जगद्रक्षायै त्वं नटसि ननु वामैव विभुता ॥ १६ ॥
वियद्व्यापी तारागणगुणितफेनोद्गमरुचिः
प्रवाहो वारां यः पृषतलघुदृष्टः शिरसि ते ।
जगद्द्वीपाकारं जलधिवलयं तेन कृतमि-
त्यनेनैवोन्नेयं धृतमहिम दिव्यं तव वपुः ॥ १७ ॥
रथः क्षोणी यन्ता शतधृतिरगेन्द्रो धनुरथो
रथाङ्गे चन्द्रार्कौ रथचरणपाणिः शर इति ।
दिधक्षोस्ते कोऽयं त्रिपुरतृणमाडम्बरविधि-
र्विधेयैः क्रीडन्त्यो न खलु परतन्त्राः प्रभुधियः ॥ १८ ॥
हरिस्ते साहस्रं कमलबलिमाधाय पदयो-
र्यदेकोने तस्मिन् निजमुदहरन्नेत्रकमलम् ।
गतो भक्त्युद्रेकः परिणतिमसौ चक्रवपुषा
त्रयाणां रक्षायै त्रिपुरहर जागर्ति जगताम् ॥ १९ ॥
क्रतौ सुप्ते जाग्रत्त्वमसि फलयोगे क्रतुमतां
क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते ।
अतस्त्वां सम्प्रेक्ष्य क्रतुषु फलदानप्रतिभुवं
श्रुतौ श्रद्धां बद्ध्वा दृढपरिकरः कर्मसु जनः ॥ २० ॥

क्रियादक्षो दक्षः क्रतुपतिरधीशस्तनुभृता-
मृषीणामार्त्विज्यं शरणद सदस्या सुरगणाः ॥
क्रतुभ्रंशस्त्वत्तः क्रतुफलविधानव्यसनिनो
ध्रुवं कर्तुः श्रद्धाविधुरमभिचाराय हि मखाः ॥ २१ ॥
प्रजानाथं नाथ प्रसभमभिकं स्वां दुहितरं ।
गतं रोहिद्भूतां रिरमयिषुमृष्यस्य वपुषा ॥
धनुष्पाणेर्यातं दिवमपि सपत्राकृतममुं
त्रसन्तं तेऽद्यापि त्यजति न मृगव्याधरभसः ॥ २२ ॥
स्वलावण्याशंसा धृतधनुषमह्नाय तृणवत्
पुरः प्लुष्टं दृष्ट्वा पुरमथन पुष्पायुधमपि ॥
यदि स्त्रैणं देवी यमनिरत देहार्धघटना-
दवैति त्वामद्धा बत वरद मुग्धा युवतयः ॥ २३ ॥
श्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचरा-
श्चिताभस्मालेपः स्रगपि नृकरोटीपरिकरः ॥
अमङ्गल्यं शीलं तव भवतु नामैवमखिलं
तथापि स्मर्तॄणां वरद परमं मङ्गलमसि ॥ २४ ॥
मनः प्रत्यक् चित्ते सविधमवधायात्तमरुतः
प्रहृष्यद्रोमाणः प्रमदसलिलोत्सङ्गितदृशः ॥
यदालोक्याह्लादं ह्रद इव निमज्यामृतमये
दधत्यन्तस्तत्त्वं किमपि यमिनस्तत् किल भवान् ॥ २५ ॥
त्वमर्कस्त्वं सोमस्त्वमसि पवनस्त्वं हुतवह-
स्त्वमापस्त्वं व्योम त्वमु धरणिरात्मा त्वमिति च ॥
परिच्छिन्नामेवं त्वयि परिणता बिभ्रतु गिरं
न विद्मस्तत् तत्त्वं वयमिह तु यत्त्वं न भवसि ॥ २६ ॥
त्रयीं तिस्रो वृत्तीस्त्रिभुवनमथो त्रीनपि सुरा-
नकाराद्यैर्वर्णैस्त्रिभिरभिदधत्तीर्णविकृतिः ॥

तुरीयं ते धाम ध्वनिभिरवरुन्धानमणुभिः
समस्तं व्यस्तं त्वां शरणद गृणात्योमिति परम् ॥ २७ ॥
भवः शर्वो रुद्रः पशुपतिरथोग्रः सहमहाँ-
स्तथा भीमेशानाविति यदभिधानाष्टकमिदम् ॥
अमुष्मिन् प्रत्येकं प्रविचरति देव श्रुतिरपि
प्रियायास्मै धाम्ने प्रणिहितनमस्योऽस्मि भवते ॥ २८ ॥
नमो नेदिष्ठाय प्रियदव दविष्ठाय च नमो
नमः क्षोदिष्ठाय स्मरहर महिष्ठाय च नमः ।
नमो वर्षिष्ठाय त्रिनयन यविष्ठाय च नमो
नमः सर्वस्मै ते तदिदमिति शर्वाय च नमः ॥ २९ ॥
बहलरजसे विश्वोत्पत्तौ भवाय नमो नमः
प्रबलतमसे तत्संहारे हराय नमो नमः ॥
जनसुखकृते सत्त्वोद्रिक्तौ मृडाय नमो नमः
प्रमहसि पदे निस्त्रैगुण्ये शिवाय नमो नमः ॥ ३० ॥
कृशपरिणतिचेतः क्लेशवश्यं क्व चेदं ।
क्व च तव गुणसीमोल्लङ्घिनी शश्वदृद्धिः ॥
इति चकितममन्दीकृत्य मां भक्तिराधा-
द्वरद चरणयोस्ते वाक्यपुष्पोपहारम् ॥ ३१ ॥
असितगिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे
सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥ ३२ ॥
असुरसुरमुनीन्द्रैरर्चितस्येन्दुमौले-
र्ग्रथितगुणमहिम्नो निर्गुणस्येश्वरस्य ।
सकलगणवरिष्ठः पुष्पदन्ताभिधानो
रुचिरमलघुवृत्तैः स्तोत्रमेतच्चकार ॥ ३३ ॥
अहरहरनवद्यं धूर्जटेः स्तोत्रमेतत्
पठति परमभक्त्या शुद्धचित्तः पुमान् यः ।

स भवति शिवलोके रुद्रतुल्यस्तथाऽत्र
प्रचुरतरधनायुःपुत्रवान्कीर्तिमांश्च ॥ ३४ ॥
महेशान्नापरो देवो महिम्नो नापरा स्तुतिः ।
अघोरान्नापरो मन्त्रो नास्ति तत्त्वं गुरोः परम् ॥ ३५ ॥
दीक्षा दानं तपस्तीर्थं ज्ञानं यागादिकाः क्रियाः ।
महिम्नस्तवपाठस्य कलां नार्हन्ति षोडशीम् ॥ ३६ ॥
कुसुमदशननामा सर्वगन्धर्वराजः
शिशुशशिधरमौलेर्देवदेवस्य दासः ।
स खलु निजमहिम्नो भ्रष्ट एवास्य रोषात्
स्तवनमिदमकार्षीद्दिव्यदिव्यं महिम्नः ॥ ३७ ॥
सुरवरमुनिपूज्यं स्वर्गमोक्षैकहेतुं
पठति यदि मनुष्यः प्राञ्जलिर्नान्यचेताः ।
व्रजति शिवसमीपं किन्नरैः स्तूयमानः
स्तवनमीदममोघं पुष्पदन्तप्रणीतम् ॥ ३८ ॥
श्रीपुष्पदन्तमुखपङ्कजनिर्गतेन
स्तोत्रेण किल्बिषहरेण हरप्रियेण ।
कण्ठस्थितेन पठितेन समाहितेन
सुप्रीणितो भवति भूतपतिर्महेशः ॥ ३९ ॥
इत्येषा वाङ्मयी पूजा श्रीमच्छङ्करपादयोः ।
अर्पिता तेन देवेशः प्रीयतां मे सदाशिवः ॥ ४० ॥
आसमाप्तमिदं स्तोत्रं पुण्यं गन्धर्वभाषितम् ।
अनौपम्यं मनोहारि शिवमीश्वरवर्णनम् ॥ ४१ ॥
तव तत्त्वं न जानामि कीदृशोऽसि महेश्वर ।
यादृशोऽसि महादेव तादृशाय नमो नमः ॥ ४२ ॥
एककालं द्विकालं वा त्रिकालं यः पठेन्नरः ।
सर्वपापविनिर्मुक्तः शिवलोके महीयते ॥ ४३ ॥

★

ॐ

श्रीशुक्लयजुर्वेदीय

रुद्राष्टाध्यायी

મંગલાચરણ

वन्दे सिद्धिप्रदं देवं गणेशं प्रियपालकम् ।
विश्वगर्भं च विघ्नेशं अनादिं मङ्गलं विभूम् ॥

અધ્યાય પહેલો

શુભ સંકલ્પ

हरिः ॐ गणानान्त्वागणपतिꣳहवामहेप्प्रियाणान्त्वा-
प्प्रियपतिꣳहवामहेनिधीनान्त्वांनिधीपतिꣳहवामहेवसोमम ।
आहमजानिगर्ब्भधमात्त्वमजासिगर्ब्भधम् ॥ १ ॥

પ્રજાપતિ ઋષિ, આર્ષી બૃહતી અને સામ્ની પંક્તિ-મિશ્રછંદ, ગણપતિ–બ્રહ્મણસ્પતિ દેવતા.

गणानाम् (ગણોના[1]–જનસમૂહોના) **त्वा** (તમને) **गणपतिम्** (ગણપતિને–પ્રજાપતિને) **हवामहे** (આવાહન કરીએ છીએ). **प्रियाणाम्** (તમને વહાલાં સર્વ પ્રાણીઓના–ઇષ્ટમિત્રોના–વહાલા

૧. ગણોના ગણપતિ આ પ્રયોગ સેનાના સેનાપતિ જેવો છે. આ મંત્ર અશ્વમેધ યજ્ઞમાં રાજપત્નીને ચક્રવર્તી પુત્ર થાય તેને માટે યોજાયેલી વિધિમાં અશ્વની સ્તુતિ કરવામાં વપરાતો હતો.

દેવોના) **त्वा** (તમને) **प्रियपतिम्** (વહાલાંઓના પાલકને–વહાલા દેવોના નેતાને) **हवामहे** (આમંત્રીએ છીએ). **निधीनाम्** (નિધિઓના–સિદ્ધિઓના) **त्वा** (તમને) **निधिपतिम्** (નિધિઓના સ્વામીને -રક્ષકને) **हवामहे** (પધારવા વીનવીએ છીએ). **वसो** (હે વસુ–સર્વમાં વસનાર દેવ) **मम** (મારા) **आ** (**अजानि** સાથે વાંચો) **अहम्** (અમને) (**आ**) **अजानि** (જન્મ આપ્યો છે) **गर्भधम्** (ગર્ભમાં વીર્ય સ્થાપન કરી–રક્ષી) **आ–त्वम्** (તમે) (**आ**) **अज** (અજન્મા) **असि** (છો), **गर्भधम्** (ગર્ભમાં મૂકનાર–રક્ષનાર).

હે જનસમૂહોના પાલક–સર્વ પદાર્થોના સ્વામિ ! તમારું અમે આવાહન કરીએ છીએ. હે સર્વ વહાલાં પ્રાણીઓના રક્ષનાર–સર્વ પ્રિય પદાર્થ આપનાર–સર્વ ઇષ્ટ–મિત્ર–સંબંધીઓના રક્ષક, પ્રભુ ! દેવોના અગ્રણી ! તમને અમે આમંત્રીએ છીએ. સર્વ નિધિઓ–સિદ્ધિઓના અધિપતિ ! તમને અમે પધારવા વીનવીએ છીએ. હે સર્વવ્યાપક ઈશ્વર ! અમારી મધ્યે નિવાસ કરો–અમારું રક્ષણ કરો. આપે અમારું ગર્ભમાં રક્ષણ કરી અમને સુખરૂપ જન્મ આપ્યો છે; પરંતુ આપ જાતે તો અજન્મા–અનાદિ છો અને સર્વના ઉત્પન્ન કરનાર છો. ૧

गायत्रीत्रिष्टुब्जगत्यनुष्टुप्पङ्क्त्यासह ॥
बृहत्युष्णिहाककुप्सूचीभिः शम्म्यन्तुत्त्वा ॥२॥

પ્રજાપતિ ઋષિ, ઉષ્ણિક્ છંદ, અશ્વ–ઈશ્વર દેવતા.

[1]**गायत्री** (ગાયત્રી) **त्रिष्टुप्** (ત્રિષ્ટુપ) **जगती** (જગતી) **अनुष्टुप्** (અનુષ્ટુપ) **पङ्क्त्या** (પંક્તિની) **सह** (સાથે) **बृहती** (બૃહતી) **उष्णिहा** (ઉષ્ણિક્) **ककुप्** (કકુપ) **सूचीभिः** (સોયથી

૧. ગાયત્રી છંદ ૨૪ નો, ત્રિષ્ટુપ ૪૪ નો, જગતી ૪૮ નો, અનુષ્ટુપ ૩૨ નો, બૃહતી ૩૬ નો, ઉષ્ણિક્ ૨૮ નો અને પંક્તિ ૪૦ અક્ષરનો હોય છે.

ગૂંથાયેલી સારી ઉક્તિઓથી–સ્તુતિઓથી) **शम्म्यन्तु** (શાંત કરો) **त्वा** (તમને).

હે ઈશ્વર ! ગાયત્રી, ત્રિષ્ટુપ જગતી, અનુષ્ટુપ, પંક્તિ, બૃહતી, ઉષ્ણિક, કકુપ વગેરે છંદોમાં વેદમંત્રોથી કરાયેલી સુંદર સ્તુતિઓથી પ્રસન્ન થઈ તમે શાંત થાઓ અને સ્તુતિ કરનારની સર્વ ઇચ્છાઓ સંપૂર્ણ કરી તેમને શાંતિ પમાડો. ૨

द्विपदायाश्चतुष्पदास्त्रिपदायाश्चषट्पदाꣳ ।
विच्छन्दायाश्चसच्छन्दाꣳसूचीभिः शम्म्यन्तुत्त्वा ॥ ३ ॥

પ્રજાપતિ ઋષિ, અનુષ્ટુપ છંદ, અશ્વ–ઈશ્વર દેવતા.

द्विपदाः (બે ચરણવાળા) **याः** (જે) **चतुष्पदाः** (ચાર ચરણવાળા) **त्रिपदाः** (ત્રણ ચરણવાળા) **याः** (જે) **च** (અને) **षट्पदाः** (છ ચરણવાળા) **विच्छन्दाः** (છંદ રહિત) **याः** (જે) **च** (અને) **सच्छन्दाः** (છંદવાળા) **सूचीभिः** (સ્તુતિઓથી) **शम्म्यन्तु** (શાંત કરો) **त्वा** (તમને).

બે, ત્રણ, ચાર અને છ ચરણવાળી, છંદમાં રચાયેલી તેમ જ છંદ વગરની જે સ્તુતિઓ છે તેના ગાનથી હે પ્રભુ ! તમે પ્રસન્ન થાઓ : શાંત–કૃપાળુ થાઓ. ૩

આ વેદમંત્રોના મુખ્ય છંદો છે.
ગાયત્રી–ગાન કરનારની રક્ષા કરનાર
ત્રિષ્ટુપ્–અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ–એ ત્રિવિધ તાપ શમાવનાર
જગતી–જગતમાં પ્રસિદ્ધ
અનુષ્ટુપ્–સંસારના દુઃખનો રોધ કરનાર
પંક્તિ–ઉચ્ચ સ્થિતિમાં મૂકનાર
બૃહતી–વૃદ્ધિ કરનાર
ઉષ્ણિક્–ઉષ્ણતા અર્પનાર
કકુપ્–યશ વિસ્તારનાર

सहस्तोमाꣳसहच्छन्दसआवृतः सहप्रमाऋषयꣳसप्तदैव्याꣳ ॥
पूर्वेषाम्पन्थामनुदृश्यधीराअन्वालेभिरेरथ्योनरश्मीन् ॥ ४ ॥

યાજ્ઞવલ્કય ઋષિ, ત્રિષ્ટુપ છંદ, પય (?) યજ્ઞ દેવતા.

सहस्तोमाः (સ્તોત્રો સહિત) **सहछन्दसः** (છંદો સહિત) **आवृतः** (વર્તમાન) **सहप्रमाः** (યજ્ઞનું પ્રમાણ જાણનાર—સત્ય જ્ઞાન-વાળા) **ऋषयः** (ઋષિઓએ) **सप्त** (સાત) **दैव्याः** (દેવો સંબંધી જ્ઞાન ધરાવનારા) **पूर्वेषाम्** (પૂર્વજોનો) **पन्थाम्** (અનુષ્ઠાન માર્ગ) **अनुदृश्य** (ક્રમથી જાણીને) **धीराः** (બુદ્ધિમાન) **अन्वालेभिरे** (ક્રમ પ્રમાણે યજ્ઞમાં પ્રવૃત્ત થતા હતા) **रथ्यः** (ઘોડો—સારથિ) **न** (જેમ) **रश्मीन्** (લગામને—રાસને—દોરને).

સ્તોત્રો, છંદો વગેરેનું જેમને સંપૂર્ણ જ્ઞાન છે, યજ્ઞનું પ્રમાણ જેઓ જાણે છે, જેઓ સત્ય જ્ઞાનવાળા છે, દેવો સંબંધી સર્વ પ્રકારનું જેઓ જ્ઞાન ધરાવે છે, એવા સપ્તઋષિઓ પૂર્વજોનો અનુષ્ઠાનમાર્ગ ક્રમયુક્ત જાણી લઈને, જેમ ઘોડો લગામને અનુસરે છે—જેમ સારથિ રાશને હાથમાં ધારણ કરી અશ્વોને નિયમમાં રાખી રથ હાંકે છે, તે પ્રમાણે સૃષ્ટિરૂપી યજ્ઞની ક્રિયાઓનું નિયમન કરી સૃષ્ટિરૂપ યજ્ઞકાર્યમાં—સત્કર્મ-માં પ્રવૃત્ત થયા હતા. ૪

यज्जाग्रतोदूरमुदैतिदैवन्तदुसुप्तस्यतथैवैति ॥ दूरङ्गमञ्ज्योति-
षाञ्ज्योतिरेकन्तन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥ ५ ॥

યાજ્ઞવલ્કય ઋષિ, ત્રિષ્ટુપ છંદ, મન દેવતા.

यत् (જે) **जाग्रतः** (જાગતા પુરુષનું) **दूरम्** (દૂર) **उदैति** (જાય છે.) **दैवम्** (પ્રકાશનારું) **तद्** (તે) **उ** (અને) **सुप्तस्य** (સૂતેલા પુરુષનું) **तथा** (તેવી રીતે) **एव** (જ) **एति** (આવે છે) **दूरङ्गमम्** (દૂર જનારું - દૂરના—ભૂતભવિષ્યના—તથા પાસેના—વર્તમાનના પદાર્થોને જાણનારું) **ज्योतिषाम्** (જયોતિઓનું શ્રોત્ર વગેરે ઇંદ્રિયો જે પદાર્થોને પ્રકાશે છે તે ઇંદ્રિયોને) **ज्योतिः** (જયોતિ—પ્રકાશનારું) **एकम्** (એક) **तत्** (તે) **मे** (મારું) **मनः** (મન) **शिव** (શુભ) **सङ्कल्पम्** (સંકલ્પ—વિચારવાળું) **अस्तु** (થાઓ).

જે મન જાગ્રત અવસ્થામાં દૂર જુદા જુદા વિષયોમાં ફરે છે, ચક્ષુ વગેરે ઇંદ્રિયોની ગતિથી જે વધારે દૂર ગતિ કરી શકે છે, જે મન સર્વ વસ્તુઓનો પ્રકાશ કરે છે, જે સુષુપ્તિ અવસ્થામાં આત્મામાં લીન થઈ ગયેલું જણાય છે, જે દૂરના—ભૂત અને ભવિષ્યના તથા પાસેના—વર્તમાનના પદાર્થોને જાણે છે, જે ચક્ષુ વગેરે ઇંદ્રિયોરૂપી જયોતિનું—વસ્તુઓને પ્રકાશનાર સાધનોનું—એક જ જયોતિ—પ્રકાશનાર છે, તે મારું મન શુભ કલ્યાણકારી સંકલ્પોવાળું—વિચારોવાળું થાઓ.

येनकर्म्माण्यपसोमनीषिणोयज्ञेकृण्वन्तिविदथेषुधीराꣳ ॥
यदपूर्व्वंयक्षमन्तःप्रजानान्तन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥६॥

યાજ્ઞવલ્કય ઋષિ, ત્રિષ્ટુપ છંદ, મન દેવતા.

येन (જેના વડે) **कर्माणि** (યજ્ઞ સંબંધી કર્મો) **अपसः** (સ્વકર્મનિષ્ઠ) **मनीषिणः** (મેધાવી પુરુષો) **यज्ञे** (યજ્ઞમાં) **कृण्वन्ति** (કરે છે) **विदथेषु** (યજ્ઞમાં અપાતાં હવિ વગેરેના જ્ઞાન સહ) **धीराः** (ધીર—બુદ્ધિશાળી પુરુષો) **यत्** (જે) **अपूर्वम्** (અપૂર્વ—ઇંદ્રિયોની પહેલાં સરજાયેલું) **यक्षम्** (યજ્ઞ કરવા સમર્થ) **अन्तः** (શરીરની અંદર રહેલું—ચક્ષુ વગેરે ઇંદ્રિયો બહાર છે અને મન શરીરમાં અંતર ભાગમાં રહેલું છે) **प्रजानाम्** (પ્રાણીઓના) **तत्** (તે) **मे** (મારું) **मनः** (મન) **शिव** (કલ્યાણકારી) **सङ्कल्पम्** (વિચારવાળું) **अस्तु** (થાઓ).

કર્મ અનુષ્ઠાનમાં તત્પર બુદ્ધિશાળી મેધાવી વીર પુરુષો યજ્ઞમાં અપાતાં હવિ વગેરેના જ્ઞાન સહ યજ્ઞ સંબંધી કર્મો જેના વડે કરે છે, જે સર્વ ઇંદ્રિયોથી પહેલાં સરજાયેલું છે, જે યજ્ઞ કરવાને સમર્થ છે,

જે સર્વ પ્રાણીઓના શરીરના અંતર ભાગમાં રહેલું છે, તે મારું મન શુભ વિચારવાળું થાઓ. ૬

यत्प्रज्ञानमुतचेतो धृतिश्चयज्ज्योतिरन्तरमृतम्प्रजासु ॥ यस्म्मा-
न्नऋतेकिञ्चनकर्म्मक्रियतेतन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥७॥

યાજ્ઞવલ્ક્ય ઋષિ, ત્રિષ્ટુપ છંદ, મન દેવતા.

यत् (જે) **प्रज्ञानम्** (વિશેષ કરીને જ્ઞાન ઉત્પન્ન કરનારું) **उत** (વળી) **चेतः** (સામાન્ય તથા વિશેષ જ્ઞાન ઉત્પન્ન કરનારું) **धृतिः** (ધૈર્યવાળું-સંસ્કાર ધારણ કરનારું) **च** (અને) **यत्** (જે) **ज्योतिः** (સર્વ ઇંદ્રિયોને પ્રકાશ આપનારું) **अन्तः** (અંતરમાં રહેનારું) **अमृतम्** (અમર-જન્મોજન્મમાં સાથે રહેનારું-આત્મરૂપ હોવાથી અમર) **प्रजासु** (પ્રાણીઓને-જનોને વિષે) **यस्मात्** (જેના) **न** (નથી) **ऋते** (વિના) **किञ्चन** (કંઈ પણ) **कर्म** (કર્મ) **क्रियते** (કરી શકાતું) **तत्** (તે) **मे** (મારું) **मनः** (મન) **शिव** (શુભ) **सङ्कल्पम्** (સંકલ્પવાળું) **अस्तु** (થાઓ).

જે મન ચેતનાવાળું, સર્વ પ્રકારના જ્ઞાનને પ્રકટ કરનારું-ઉત્કૃષ્ટ જ્ઞાનવાળું, ધૈર્યવાળું, આત્મરૂપ હોવાથી અવિનાશી, જનોના અંતરમાં રહેનારું, સર્વ ઇંદ્રિયોને પ્રકાશ આપનારું અને જેના વિના કાંઈ પણ કાર્ય થઈ શકતું નથી એવું તે મારું મન સદા શુભ વિચારવાળું થાઓ.

येनेदम्भूतम्भुवनम्भविष्यत्परिगृहीतममृतेनसर्व्वम् ॥
येनयज्ञस्तायतेसप्तहोतातन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥८॥

યાજ્ઞવલ્ક્ય ઋષિ, ત્રિષ્ટુપ છંદ, મન દેવતા.

येन (જેના વડે) **इदम्** (આ) **भूतम्** (ભૂતકાળનું) **भुवनम्** (વર્તમાનકાળનું) **भविष्यत** (ભવિષ્યકાળનું) **परिगृहीतम्** (જ્ઞાન થઈ શકે છે-જાણવામાં આવે છે) **अमृतेन** (અમરથી) **सर्वम्** (સર્વ)

येन (જેના વડે) **यज्ञः** (યજ્ઞ) **स्तायते** (થઈ શકે છે) **सप्तहोता** (સાત હોતાઓ-હોમ કરનારાઓ) **तत्** (તે) **मे** (મારું) **मनः** (મન) **शिव** (શુભ) **सङ्कल्पम्** (સંકલ્પવાળું) **अस्तु** (થાઓ).

જે અમર (મુક્તિ પર્યંત પ્રત્યેક જન્મમાં સાથે આવનાર) મન વડે આ સર્વ ભૂત, વર્તમાન અને ભવિષ્ય-ત્રણે કાળ સંબંધી વસ્તુઓનું જ્ઞાન થઈ શકે છે અને જેના વડે સાત હોતાઓ મૈત્રા-વરુણ દેવતાઓનું જેમાં આવાહન થાય છે એવા અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞો કરી શકે છે, તે મારું મન શુભ સંકલ્પવાળું થાઓ. ૮

यस्मिन्नृचः सामयजूँषियस्मिन्प्रतिष्ठितारथनाभाविवाराः ॥
यस्मिँश्चित्तँसर्व्वमोतम्प्रजानान्तन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥९

યાજ્ઞવલ્ક્ય ઋષિ, ત્રિષ્ટુપ છંદ, મન દેવતા.

यस्मिन् (જેમાં) **ऋचः** (ઋગ્વેદના મંત્રો) **साम** (સામવેદના મંત્રો) **यजूंषि** (યજુર્વેદના મંત્રો) **यस्मिन्** (જેમાં) **प्रतिष्ठिताः** (પ્રતિષ્ઠા પામ્યા છે-રહેલા છે) **रथनाभौ** (રથના ચક્રની નાભિમાં) **इव** (જેમ) **आराः** (આરાઓ) **यस्मिन्** (જેમાં) **चित्तम्** (જ્ઞાન) **सर्वम्** (સર્વ પ્રકારનું) **ओतम्** (ઓતપ્રોત થઈ રહ્યું છે-પરોવાયેલું છે) **प्रजानाम्** (પ્રજાઓનું) **तत्** (તે) **मे** (મારું) **मनः** (મન) **शिव** (કલ્યાણકારી) **सङ्कल्पम्** (સંકલ્પવાળું) **अस्तु** (થાઓ).

જે મનમાં ઋગ્વેદની સ્તુતિઓ, સામવેદનાં ગાનો તથા યજુર્વેદના મંત્રો રથના ચક્રની નાભિમાં આરાઓ જેમ જડેલા હોય છે તેમ રહેલાં છે અને જેમાં સર્વ પ્રાણીઓના સર્વ પ્રકારના જ્ઞાનના સંસ્કારો પરોવાઈ રહ્યા છે-છપાઈ રહ્યા છે એવું તે મારું મન કલ્યાણકારી સંકલ્પોવાળું થાઓ. ૯

सुषारथिरश्वानिवयन्मनुष्यान्नेनीयतेऽभीशुभिर्व्वाजिनऽइव ॥
हृत्प्रतिष्ठंयदजिरञ्जविष्ठन्तन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥१०॥

યાજ્ઞવલ્કય ઋષિ, ત્રિષ્ટુપ છંદ, મન દેવતા.

सुषारथिः (સારો કુશળ સારથિ) **अश्वान्** (અશ્વોને) **इव** (જેમ) **यत्** (જે) **मनुष्यान्** (મનુષ્યોને) **नेनीयते** (આમતેમ દોરે છે–લઈ જાય- છે, કામમાં પ્રેરે છે) **अभीशुभिः** (લગામથી) **वाजिनः** (વેગવાળા અશ્વોને) **हृत्प्रतिष्ठम्** (હૃદયમાં સ્થિત–રહેલું) **यत्** (જે) **अजिरम्** (જરા–વૃદ્ધાવસ્થારહિત–હમેશાં યુવાન) **जविष्ठम्** (અતિ વેગવાળું) **तत्** (તે) **मे** (મારું) **मनः** (મન) **शिव** (શ્રેયસ્કર–પ્રભુના) **सङ्कल्पम्** (વિચારવાળું) **अस्तु** (થાઓ).

જેમ હોશિયાર સારથિ વેગવાળા ઘોડાઓને ચાબુક તથા લગામથી નિયમમાં રાખી માર્ગમાં હાંકી ધારેલે સ્થળે લઈ જાય છે, તેમ જે મન મનુષ્યોને કાર્યમાં નિયમિત રીતે દોરે છે, વળી જે અંતઃકરણમાં રહેલું છે, જે અજર અને અત્યંત વેગવાળું છે, તે મારું મન શ્રેયસ્કર વિચારવાળું–પરમ મંગલસ્વરૂપ પરમાત્મામય વૃત્તિવાળું થાઓ. ૧૦

इति रुद्रे प्रथमोऽध्यायः ॥१॥

પ્રથમ અધ્યાય સમાપ્ત

અધ્યાય બીજો

વિરાટ પુરુષનો સૃષ્ટિયજ્ઞ

हरिः ॐ सहस्रशीर्षापुरुषः सहस्राक्षः सहस्रपात् ॥
सभूमिꣳसर्व्वतस्पृत्त्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥१॥[1]

નારાયણ ઋષિ, નિચ્યૂત્ આર્ષી–અનુષ્ટુપ છંદ,
પુરુષ–પરમાત્મા દેવતા.

सहस्रशीर्षा (સહસ્ર શિરવાળા) **पुरुषः** (પુરુષ–પરમાત્મા) **सहस्राक्षः** (સહસ્ર આંખવાળા) **सहस्रपात्** (સહસ્ર પગવાળા) **स** (તે) **भूमिम्** (પૃથ્વીને–વિશ્વને) **सर्वतः** (સર્વત્ર–સર્વ સ્થળે) **स्पृत्वा** (વ્યાપીને–ભરી દઈને) **अत्यतिष्ठत्** (ઉપર રહ્યા છે) **दशाङ्गुलम्** (દસ આંગળ).

બ્રહ્માંડરૂપી દેહવાળા વિરાટ પુરુષ–પરમેશ્વર, જેને સહસ્ર–અનેક શિરો (શરીરો) છે, સહસ્ર–અસંખ્ય આંખો (ઇંદ્રિયો) છે અને સહસ્ર અગણિત (હસ્ત) પાદ–ચરણો (કર્મેંદ્રિયો) છે, તે અખિલ વિશ્વને સર્વ સ્થળે સચરાચર વ્યાપીને તે ઉપરાંત પણ દસ આંગળ ઊંચે રહ્યા છે; અથવા વિરાટ પુરુષના દસ આંગળ જેટલા પરિમાણ-વાળા બ્રહ્માંડની ઉપર અનંત પ્રદેશમાં વ્યાપી રહ્યા છે. ૧

पुरुषऽएवेदꣳसर्व्वंयद्भूतंयच्चभाव्यम् ॥
उतामृतत्त्वस्येशानोयदन्नेनातिरोहति ॥ २ ॥

નારાયણ ઋષિ, નિચ્યૂત્ આર્ષી–જગતી છંદ, પુરુષ દેવતા.

पुरुषः (પુરુષ) **एव** (જ) **इदम्** (આ–વર્તમાનકાળનું) **सर्वम्** (સર્વ જગત) **यत्** (જે) **भूतम्** (ભૂતકાળમાં થઈ ગયું તે) **यत्**

---

[1] ૧. પરમાત્માના વિરાટ સ્વરૂપનું આ મંત્રમાં ભવ્ય સુંદરતાભર્યું વર્ણન છે.

(જે) **च** (અને) **भाव्यम्** (થવાનું છે તે) **उत** (વળી) **अमृतत्वस्य** (અમૃતત્વનો[1]–અવિનાશીપણાનો–દેવતાપણાનો–મોક્ષનો) **ईशानः** (સ્વામી) **यत्** (જે) **अन्नेन** (અન્નરૂપે–કારણ અવસ્થા છોડી દઈ જગતરૂપે) **अतिरोहति** (ઊગે છે–પ્રકટે છે.)

જે આ વર્તમાન જગત છે, જે જગત ભૂતકાળમાં થઈ ગયું છે અને જે જગત હવે પછી થવાનું છે, તે સર્વ આ પુરુષરૂપ જ છે. વળી આ પુરુષ–પરમાત્મા સર્વ અવિનાશીપણારૂપ મુક્ત અવસ્થાના ઈશ્વર અધિપતિ છે, સર્વ જીવોના સ્વામી છે અને તે સર્વ જીવોને કર્મનું ફળ ભોગવવા અન્નરૂપે–ભોગસાધન જગતરૂપે[2] પ્રકટ થાય છે. ૨

एतावा॑नस्यमहि॒मातो॒ज्ज्याया॑ँश्च॒पूरु॑षः ॥
पादो॑ऽस्य॒विश्वा॑भू॒तानि॑त्रि॒पाद॑स्या॒मृतं॑दि॒वि ॥ ३ ॥

નારાયણ ઋષિ નિચૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

एतावान् (એવડો–ભૂત, ભવિષ્ય, વર્તમાનરૂપ જગત જેટલું છે તે સર્વ) **अस्य** (આ પુરુષનો) **महिमा** (મહિમા છે) **अतः** (આથી પણ) **ज्यायान्** (અધિક) **च** (અને) **पूरुषः** (પુરુષ–પરમાત્મા) **पादः** (ચોથો ભાગ) **अस्य** (આ પુરુષનો) **विश्वा** (સર્વ) **भूतानि** ત્રણે કાળમાંનાં પ્રાણીઓ–પદાર્થો) **त्रिपाद्** (ત્રણ ચતુર્થાંશ ભાગ) **अस्य** (આ પુરુષનો) **अमृतम्** (વિનાશરહિત) **दिवि** (સ્વર્ગમાં–અંતરિક્ષમાં–પ્રકાશમય સ્વરૂપમાં).

ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી જે સર્વ જગત છે તે આ પુરુષનો મહિમા છે–આ પુરુષનું સામર્થ્ય જણાવે છે, અને અખિલ જગતથી પણ આ પુરુષ તો મહાન છે. ત્રણે કાળના સર્વ

---

૧. અમૃતત્વના–અમરતાના જે ઈશ્વર છે અને જેમાં મુક્ત મનુષ્યોનો નિવાસ છે–જેમાં મોક્ષ પામેલાં એકરૂપ થઈ જાય છે.

૨. તે ઈશ્વર વિશ્વરૂપે પ્રકટ થાય છે ત્યારે સર્વ પ્રાણીઓ પોતાનાં આગળના જન્મમાં કરેલાં કર્મોનું ફળ ભોગવે છે.

પ્રાણી–પદાર્થો એ તો માત્ર એનો ચતુર્થાંશ છે અને એનો ત્રણ ચતુર્થાંશ ભાગ જે અમર–નાશરહિત છે, તે અનંત દિવ્ય પ્રદેશમાં વ્યાપેલો છે–પ્રકાશમય સ્વરૂપે છે. ૩

त्रि॒पादू॒र्ध्व॒उदै॒त्पुरु॑ष॒ःपादो॑ऽस्येहाभ॑व॒त्पुनः॑ ॥
ततो॒विष्व॒ङ्व्य॑क्रामत्साशनानश॒नेअ॒भि ॥ ४ ॥

નારાયણ ઋષિ નિચૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

त्रिपात् (ત્રણ ચતુર્થાંશરૂપ પુરુષ–સંસારથી અલિપ્ત બ્રહ્મસ્વરૂપ) **ऊर्ध्वः** (અજ્ઞાનના કાર્યરૂપ સંસારથી ઊંચે–અલિપ્ત) **उदैत्** (ઉત્કૃષ્ટ સ્વરૂપે સ્થિત છે) **पुरुषः** (પુરુષ) **पादः** (ચતુર્થાંશ) **अस्य** (એનો) **इह** (અહીં–સંસારમાં) **अभवत्** (ઉત્પન્ન થયો–પ્રકટ થયો) **पुनः** (ફરીથી પ્રત્યેક કલ્પને અંતે) **ततः** (ત્યાર પછી) **विष्वङ्** (સર્વ પ્રાણીઓ–વિવિધ સ્થાવર–જંગમ જગત) **व्यक्रामत्** (વ્યાપ્ત કર્યાં–વ્યાપી રહ્યા). **साशनानशने** (અશન કરવાવાળાં–ભોજન કરનાર ચેતનપ્રાણીઓ અને અનશન–ભોજન નહિ કરનાર–અચેતન જડ પર્વત નદી વગેરે પદાર્થો) **अभि** (જાતે વિવિધરૂપે થઈને).

તે કાર્યરૂપ સંસારથી અલિપ્ત ત્રણ ચતુર્થાંશ ભાગરૂપ પુરુષ–પરમાત્મા અનંત પ્રદેશમાં સંસારથી ઉત્કૃષ્ટ સ્થિતિમાં રહેલા છે. એનો ચતુર્થાંશ–માયાવાળો ભાગ કલ્પને અંતે ફરીથી જગતરૂપે પ્રકટ થયો. પછી તે ભોજન કરનાર ચેતન પ્રાણીઓ તથા ભોજન નહિ કરનાર અચેતન જડ પદાર્થોમાં વિવિધરૂપે વ્યાપી રહ્યા. ૪

ततो॑वि॒राड॑जायतवि॒राजो॒ऽअधि॒पूरु॑षः ॥
सजा॒तोअत्य॑रिच्यतप॒श्चाद्भूमि॒मथो॒पुरः॑ ॥ ५ ॥

નારાયણ ઋષિ નિચૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

ततः (પછી આદિપુરુષમાંથી–પરમાત્મામાંથી) **विराट्** (બ્રહ્માંડરૂપી દેહાભિમાની પુરુષ) **अजायत** (ઉત્પન્ન થયો) **विराजः** (જેમાં

અનેક વસ્તુઓ વિરાજે છે-શોભે છે એવો) **अधि** (બ્રહ્માંડરૂપી દેહને અધિકરણ કરીને-વ્યાપીને) **पूरुषः** (પુરુષ) **सः** (તે વિરાટ પુરુષ) **जातः** (ઉત્પન્ન થયા પછી) **अत्यरिच्यत** (વ્યતિરિક્ત-જુદા થઈને દેવ-મનુષ્ય વગેરે સર્વ જીવરૂપ થયા-સર્વ જીવોમાં પ્રવેશ કર્યો) **पश्चात्** (પછી જીવભાવ પામ્યા પછી) **भूमिम्** (પૃથ્વી-પંચમહાભૂતો વગેરે ઉત્પન્ન કર્યાં તેમાં પ્રવેશ કર્યો) **अथ** (પછી) **पुरः** જીવને નિવાસના સ્થાનરૂપ શરીરો ઉત્પન્ન કર્યાં-દેહોમાં જીવભાવે પ્રવેશ કર્યો.

ત્યાર પછી આદિ પુરુષમાંથી વિવિધ વસ્તુઓ જેમાં શોભી રહી છે એવાં બ્રહ્માંડરૂપી દેહનું અધિકરણ-નિવાસસ્થાન કરી અંદર પ્રવેશેલા-વ્યાપી રહેલા વિરાટ પુરુષ ઉત્પન્ન થયા, પછી પોતાનાથી જુદા દેવ, મનુષ્યો વગેરે ઉત્પન્ન કર્યા, (અથવા તેમણે ઉત્પન્ન થયા પછી જુદા દેવ, મનુષ્ય વગેરે જીવોમાં પ્રવેશ કર્યો,) પછી ભૂમિ-પંચમહાભૂતો વગેરે ઉત્પન્ન કર્યાં. (અથવા પંચમહાભૂતોમાં પ્રવેશ કર્યો,) અને શરીરો ઉત્પન્ન કર્યાં. (અથવા સપ્ત ધાતુથી બનેલ દેહોમાં જીવરૂપે પ્રવેશ કર્યો.). ૫

तस्माद्यज्ञात्सर्व्वहुतᳬसम्भृतम्पृषदाज्ज्यम् ॥
पशूँस्ताँश्चक्रेव्वायव्यानारण्याग्ग्राम्याश्चये ॥ ६ ॥

નારાયણ ઋષિ નિચ્યૃત્ આર્ષી, પંક્તિ, છંદ, પુરુષ દેવતા.

तस्मात् (તે) **यज्ञात्** (યજ્ઞમાંથી) **सर्वहुतः** (સર્વાત્મ પુરુષ જેને યજ્ઞમાં સર્વ આહુતિઓ અપાય છે) **सम्भृतम्** (ઉત્પન્ન થયાં-ઉત્પન્ન કર્યાં) **पृषद्** (દહીં) **आज्यम्** (ઘૃત-ઘી) **पशून्** (પશુઓને) **तान्** (તે) **चक्रे** (ઉત્પન્ન કર્યાં) **वायव्यान्** (વાયુદેવતાવાળાં-કૂદકો મારી વાયુમાં અથવા વાયુ માફક સત્વર ગતિ કરનાર) **आरण्याः** (હરણ વગેરે વનમાં રહેનારાં) **ग्राम्याः** (ઘોડા, ગાય વગેરે ગ્રામમાં રહેનારાં) **च** (અને) **ये** (જે).

સર્વના આત્મારૂપ પુરુષ, જેને સર્વ આહુતિઓ યજ્ઞમાં અપાય

છે તેણે સર્જનરૂપી યજ્ઞ દ્વારા દહીં, ઘી વગેરે ઉત્પન્ન કર્યાં અને વાયુ દેવતાવાળાં-વેગવાળાં વનમાં રહેનારાં હરિણ વગેરે તથા ગ્રામમાં રહેનારાં ઘોડા, ગાય વગેરે પશુઓને ઉપજાવ્યાં. ૬

तस्माद्यज्ञात्सर्व्वहुतऋचᳬ सामानि जज्ञिरे ॥
छन्दाᳬसिजज्ञिरेतस्माद्यजुस्तस्मादजायत ॥ ७ ॥

નારાયણ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

तस्मात (તે) **यज्ञात्** (યજ્ઞમાંથી) **सर्वहुतः** (જેને સર્વ આહુતિ આપે છે—જેમાં સર્વ આહુતિ અપાય છે) **ऋचः** (ઋગ્વેદ) **सामानि** (સામવેદ) **जज्ञिरे** (ઉત્પન્ન થયા) **छन्दांसि** (ગાયત્રી વગેરે છંદો) **जज्ञिरे** (ઉત્પન્ન થયા) **तस्मात्** (તે યજ્ઞમાંથી) **यजुस्** (યજુર્વેદ) **तस्मात** (તે યજ્ઞમાંથી) **अजायत** (ઉત્પન્ન થયો).

જે યજ્ઞમાં સર્વ આહુતિ અપાય છે તે સૃષ્ટિરૂપ યજ્ઞમાંથી-(જેને યજ્ઞમાં સર્વ આહુતિ આપવામાં આવે છે, તે સર્વના આત્મારૂપ પુરુષે તે સર્જનરૂપી યજ્ઞમાંથી)-ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ તથા છંદો-અથર્વવેદ ઉત્પન્ન થયા-(ઉત્પન્ન કર્યા.)

तस्मादश्वाऽअजायन्तयेकेचोभयादतᳬ ॥
गावोहजज्ञिरेतस्मात्तस्माज्जाताअजावयः ॥८॥

નારાયણ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

तस्मात् (તે યજ્ઞમાંથી) **अश्वाः** (ઘોડાઓ) **अजायन्त** (ઉત્પન્ન થયા) **ये** (જે) **के** (કેટલાક) **च** (અને) **उभय** (બંને-ઉપર નીચે) **अदतः** (ખાનાર-ખાવાનું સાધન દાંતવાળા-પાડા, ગધેડાં વગેરે) **गावः** (ગાયો) **ह** (પ્રસિદ્ધપણે) **जज्ञिरे** (ઉત્પન્ન થઈ) **तस्मात्** (તે યજ્ઞમાંથી) **जाताः** (ઉત્પન્ન થયાં) **अजावयः-अजाः** (બકરીઓ) **अवयः** (મેઢાં-ઘેટાં).

[૧]તે પુરુષના સર્જનકાર્યરૂપી યજ્ઞમાંથી (યજ્ઞમાં ઉપયોગી) ઘોડાઓ, ઉપરનીચે દાંતવાળાં (ગધેડાં, પાડાઓ વગેરે) પશુઓ તથા ગાયો. બકરીઓ, ઘેટાંઓ વગેરે ઉત્પન્ન થયાં. ૮

तंयज्ञम्बर्हिषिप्प्रौक्षन्पुरुषञ्जातमग्ग्रत? ॥

तेन देवाअयजन्तसाद्ध्याऋषयश्श्चये ॥ ९ ॥

નારાયણ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

तं (તે) **यज्ञम्** (યજ્ઞને) **बर्हिषि** (યજ્ઞમાં) **प्रोक्षन्** (પ્રોક્ષણ-સિંચન કર્યું) **पुरुषम्** (પુરુષને) **जातम्** (ઉત્પન્ન થયેલા) **अग्रतः** (પ્રથમ-સૃષ્ટિના આરંભમાં) **तेन** (તે પુરુષથી) **देवाः** (દેવોએ) **अयजन्त** (યજ્ઞ કર્યો-યજન કર્યું) **साध्याः** (સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં સાધનરૂપ પ્રજાપતિઓએ) **ऋषयः** (ઋષિઓએ) **च** (અને) **ये** (જે)

સૃષ્ટિના પ્રારંભમાં ઉત્પન્ન થયેલા તે યજ્ઞસાધનરૂપ પુરુષને પાણી વડે પ્રોક્ષણ-સિંચન કર્યું અને તે પુરુષ વડે દેવોએ, પ્રજાપતિઓએ તથા જે પ્રસિદ્ધ ઋષિઓ છે તેમણે યજ્ઞો કર્યા-યજનો કર્યાં, સૃષ્ટિને તથા તેમાંના વિવિધ પદાર્થોને ઉત્પન્ન કરવારૂપી યજ્ઞો કર્યાં. ૯

यत्पुरुषंव्यदधुः कतिधाव्यकल्पयन् ॥

मुखङ्किमस्यासीत्किम्बाहूकिमूरूपादाउच्च्येते ॥ १० ॥

નારાયણ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

यत् (જ્યારે) **पुरुषम्** (વિરાટ પુરુષની) **व्यदधुः** (ઉત્પન્ન કર્યા-કલ્પના કરી) ત્યારે **कतिधा** (કેટલા પ્રકારથી) **व्यकल्पयन्**

૧. લોકોને ઉપયોગી થઈ સેવા કરી આ પશુઓ લોકસેવારૂપ યજ્ઞમાં પોતાની જાતનું અર્પણ કરે છે. આ પશુઓનો બલિદાન અર્થે ઉપયોગ થવો જોઈએ નહિ. માંસાહારી પ્રજામાં પશુઓનો યજ્ઞમાં બલિદાન અર્થે પહેલાં ઉપયોગ થતો હતો. હાલના સમયમાં પશુઓની ઉપયોગિતાનો વિચાર કરી માંસાહારીઓએ તથા અહિંસાના વિચારથી વનસ્પતિ આહાર કરનારાઓએ આ રિવાજ જ્યાં પ્રચલિત હોય ત્યાં તદ્દન બંધ કરવો જોઈએ.

સ. સા.

(કલ્પના કરી) **मुखम्** (મુખ) **किम्** (શું) **अस्य** (એનું) **आसीत्** (હતું) **किम्** (શું) **बाहू** (હાથ) **किम्** (શું) **ऊरू** (જાંઘો) **पादाः** (પગો) **उच्येते** (કહેવાય છે).

દેવોએ તથા મંત્રદ્રષ્ટા ઋષિઓએ જ્યારે વિરાટ પુરુષની માનસિક યજ્ઞથી કલ્પના કરી, ત્યારે તેની કેવા કેવા પ્રકારથી કલ્પના કરી? તે પુરુષના મુખ તરીકે કોને કલ્પ્યા? તેમ જ હાથ જાંઘો તથા ચરણોરૂપે કોને કલ્પ્યા?-તે પુરુષનું મુખ શું હતું? અને હાથ, જાંઘો તથા પગો શું કહેવાય છે? ૧૦

ब्राह्मणोऽस्यमुखमासीद्बाहूराजन्यः कृत? ॥

ऊरूतदस्ययद्वैश्यः पद्भ्याᳬशूद्रोअजायत ॥ ११ ॥

નારાયણ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

ब्राह्मणः (બ્રાહ્મણ) **अस्य** (આ વિરાટ પુરુષનું) **मुखम्** (મુખ) **आसीत्** (હતો-કલ્પાયો હતો) **बाहू** (હસ્તોથી) **राजन्यः** (ક્ષત્રિયો) **कृतः** (કરવામાં આવ્યા હતા-કલ્પાયા હતા) **ऊरू** (જાંઘો) **तत्** (તે) **अस्य** (આ પુરુષની) **यत्** (જે) **वैश्यः** (વૈશ્ય) **पद्भ्याम्** (પગમાંથી) **शूद्रः** (શૂદ્ર) **अजायत** (ઉત્પન્ન થયા હતા).

દેવોએ તથા ઋષિઓએ આ વિરાટ પુરુષના સૃષ્ટિરૂપી યજ્ઞમાં આ વિરાટ પુરુષના મુખ તરીકે-મુખમાંથી બ્રાહ્મણ જાતિ, બાહુમાંથી ક્ષત્રિય જાતિ, જાંઘોમાંથી વૈશ્ય જાતિ અને પગોમાંથી શૂદ્ર જાતિ ઉત્પન્ન થયેલી કલ્પી હતી. ૧૧

चन्द्रमा मनसोजातश्चक्षोःसूर्य्योअजायत ॥

श्रोत्राद्वायुश्चप्राणश्चमुखादग्निरजायत ॥ १२ ॥[૧]

૧. મનના અધિષ્ઠાતા દેવતા ચંદ્રમા છે, ચક્ષુના સૂર્ય છે, શ્રોત્ર-કર્ણના વાયુ છે અને મુખના-વાણીના અગ્નિ છે. તે દેવતાના અંશ તે તે શરીરની ઇંદ્રિયોમાં, શરીરના ભાગોમાં હોવાથી, ઇંદ્રિયો તથા શરીરના ભાગો પોતપોતાનો ધર્મ બજાવવા શક્તિમાન થાય છે. વિરાટ પુરુષનો અંશ ચંદ્રમા,

નારાયણ ઋષિ, નિચૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષદેવતા.

चन्द्रमा (ચંદ્રમા) **मनसः** (મનમાંથી) **जातः** (ઉત્પન્ન થયા) **चक्षोः** (ચક્ષુમાંથી) **सूर्यः** (સૂર્ય) **अजायत** (ઉત્પન્ન થયા) **श्रोत्रात्** (કર્ણમાંથી) **वायुः** (વાયુ) **च** (અને) **प्राणः** (પ્રાણ) **च** (અને) **मुखात्** (મુખમાંથી) **अग्निः** (અગ્નિ) **अजायत** (ઉત્પન્ન થયા).

સૃષ્ટિની ઉત્પત્તિ વખતે આ વિરાટ પુરુષના મનમાંથી ચંદ્રમા, ચક્ષુમાંથી સૂર્ય, કર્ણમાંથી વાયુ તથા પ્રાણ અને મુખમાંથી અગ્નિ ઉત્પન્ન થયા. ૧૨

नाभ्याआसीदन्तरिक्षꣳशीर्ष्णोद्यौ॒ः समवर्त्तत ॥
पद्भ्याम्भूमिर्द्दिशꣳश्रोत्रात्तथालोकाँ२अकल्पयन् ॥१३॥[1]

નારાયણ ઋષિ, નિચૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

नाभ्याः (નાભિમાંથી) **आसीत्** (ઉત્પન્ન થયું) **अन्तरिक्षम्** (અંતરિક્ષ-આકાશ) **शीर्ष्णः** (મસ્તકમાંથી) **द्यौः** (દ્યુલોક-સ્વર્ગલોક) **समवर्तत** (ઉત્પન્ન થયો) **पद्भ्याम्** (ચરણોમાંથી) **भूमिः** (પૃથ્વી) **दिशः** (દિશાઓ) **श्रोत्रात्** (કર્ણમાંથી) **तथा** (તેમ જ-તેવી રીતે) **लोकान्** (લોકોની=ભૂઃ વગેરે સપ્ત લોકોની-ભુવનોની) **अकल्पयन्** (કલ્પના કરી).

આ વિરાટ પુરુષની નાભિમાંથી અંતરિક્ષ-આકાશ, મસ્તકમાંથી દ્યુલોક-સ્વર્ગ, ચરણોમાંથી પૃથ્વી, કર્ણમાંથી દિશાઓ ઉત્પન્ન થયાં અને તે પ્રમાણે દેવતા તથા ઋષિઓએ બીજા (ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જન, તપ અને સત્યલોક વગેરે) લોકોની વિરાટ પુરુષના શરીરના જુદા જુદા ભાગમાં કલ્પના કરી. ૧૩

यत्पुरुषेणहविषादेवायज्ञमतन्वत ॥
व्वसन्तोऽस्यासीदाज्ज्यङ्ग्रीष्मऽइध्मꣳशरद्धविः ॥ १४ ॥

નારાયણ ઋષિ, નિચૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, યજ્ઞ દેવતા.

यत् (જે) શરીરના ભાગો તથા તેના અધિષ્ઠાતા દેવતાઓની ઉત્પત્તિની કલ્પના કરી ત્યાર પછી **पुरुषेण** (પુરુષરૂપ) **हविषा** (હવિથી) **देवाः** (દેવતાઓએ) **यज्ञम्** (સૃષ્ટિરૂપી માનસિક યજ્ઞ) **अतन्वत** (કર્યો-વિસ્તાર્યો) ત્યારે **वसन्तः** (વસંતઋતુ) **अस्य** (આ યજ્ઞમાં) **आसीत्** (થયાં હતાં) **आज्यम्** (ઘૃત-ઘીરૂપ) **ग्रीष्मः** (ગ્રીષ્મઋતુ) **इध्मः** (ઇંધન—સમિધરૂપ) અને **शरद्** (શરદઋતુ) **हविः** (હવિરૂપ).

વિરાટ પુરુષના શરીરના ભાગો તથા તેના અધિષ્ઠાતા દેવતાઓની ઉત્પત્તિની કલ્પના કર્યા પછી, બાહ્યસૃષ્ટિની કલ્પનારૂપ-જ્યારે દેવોએ તે વિરાટ પુરુષને હવિ કલ્પીને સૃષ્ટિરૂપ યજ્ઞ વિસ્તાર્યો, ત્યારે વસંતઋતુ ઘૃત, ગ્રીષ્મઋતુ સમિધ અને શરદઋતુ હવિરૂપ થયાં હતાં—વસંત, ગ્રીષ્મ અને શરદ એ ઋતુઓની ઘૃત, સમિધ અને હવિરૂપે કલ્પના કરી હતી. ૧૪

सप्तास्यासन्परिधयस्त्रिःसप्तसमिधः कृताः ॥
देवायद्यज्ञन्तन्वानाअबध्नन्पुरुषम्पशुम् ॥ १५ ॥

સૂર્ય વગેરેમાં અધિષ્ઠાતા દેવતા તરીકે છે. બ્રાહ્મણો વિરાટના મુખમાંથી જન્મ્યા અને અગ્નિ પણ મુખમાંથી ઉપજેલા હોવાથી, બ્રાહ્મણો અને અગ્નિ એકરૂપ મનાય છે અને બંને આહુતિને પાત્ર છે. અગ્નિમાં ઘૃત વગેરેનો હોમ કરવામાં આવે છે અને બ્રાહ્મણોને ભોજન અપાય છે.

૧. આકાશના અધિષ્ઠાતા દેવનો અંશ પ્રત્યેક જીવની નાભિમાં છે. પ્રકાશ કરનાર દ્યુલોકના અધિષ્ઠાતાનો અંશ શિરમાં છે. આખા શરીરને કાર્યમાં દોરનારું તથા પ્રકાશ આપનારું શિર છે. પૃથ્વીની અધિષ્ઠાત્રી દેવીનો અંશ પ્રાણીઓના ચરણમાં છે, જે વડે વિશાળ પૃથ્વીનું પર્યટન થઈ શકે છે. પૃથ્વી સર્વ વસ્તુના આધારરૂપ છે અને પગો શરીરના આધારરૂપ છે. દિશાની અધિષ્ઠાત્રી દેવી શ્રોત્રમાં અંશથી રહેલી છે. તેથી શબ્દનું જ્ઞાન, જે દિશાથી શબ્દ આવતો હોય તે દિશા તરફ શ્રોત્ર રાખવાથી થાય છે. તે પ્રમાણે વિરાટ પુરુષના તેમ જ મનુષ્યના શરીરના ભાગોમાં જુદા જુદા લોકોની કલ્પના ઋષિઓએ કરી છે. ચરણ એ ભૂલોક, હૃદય તે ભુવર્લોક, મસ્તક તે સ્વર્લોક, મન, અહંકાર, ચિત્ત વગેરે મહર્લોક, બુદ્ધિવૃત્તિ જનલોક, બુદ્ધિવૃત્તિની સ્થિરતા તપલોક અને ચૈતન્ય તે સત્યલોક.

નારાયણ ઋષિ, અનુષ્ટુપ છંદ, યજ્ઞ દેવતા.

सप्त (સાત–ગાયત્રી વગેરે સાત છંદો અથવા સાત સમુદ્રો) **अस्य** (આ માનસિક યજ્ઞના) **आसन्** (થયા હતા) **परिधयः** (પરિધિસીમા રૂપ ભૂમિવેષ્ટન રૂપ–પ્રતિનિધિ રૂપ ગણાવ્યા છે) **त्रिःसप्त** (એકવીશ) **समिधः** (સમિધો) **कृताः** (કરવામાં આવ્યા હતા– કલ્પવામાં આવ્યા હતા) **देवाः** (દેવોએ) **यत्** (જે) **यज्ञम्** (યજ્ઞ) **तन्वानाः** (કર્યો–વિસ્તાર્યો) તેમાં **अबध्नन्** (બાંધ્યા–ભાવના–કલ્પના કરી) **पुरुषम्** (પુરુષને) **पशुम्** (યજ્ઞમાં હોમવાના પશુ તરીકે).

દેવતાઓએ જે માનસિક યજ્ઞ કર્યો તે યજ્ઞના સપ્તછંદ–સપ્ત-સાગરો[1] સીમા રૂપ હતા, અને તેમાં એકવીસ[2] સમિધો હોમવામાં આવી હતી અને વિરાટ પુરુષની હોમવાના પશુરૂપે ભાવના કરી હતી.

यज्ञेनयज्ञमयजन्तदेवास्तानिधर्म्माणिप्रथमान्यासन् ॥
तेहनाकम्महिमानःसचन्तयत्रपूर्वेसाद्ध्याःसन्तिदेवाः ॥१६॥[3]

નારાયણ ઋષિ, બ્રાહ્મી ઉષ્ણિક્ છંદ, યજ્ઞ દેવતા.

यज्ञेन (માનસિક યજ્ઞથી) **यज्ञम्** (યજ્ઞરૂપ વિષ્ણુનું–પરમાત્માનું **अयजन्त** (પૂજન કર્યું) **देवाः** (દેવોએ) **तानि** (તે પૂજનરૂપ) **धर्माणि** (ધર્મો–જગતને ધારણ કરવાવાળા ધર્મો) **प्रथमानि** (પ્રથમ–મુખ્ય–સૃષ્ટિના આદિ સમયે) **आसन्** (હતા) **ते** (તે) **ह** (નિશ્ચય-પણે) **नाकम्** (સ્વર્ગને) **महिमानः** (મહિમા જાણવાવાળા–

1. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન અને બુદ્ધિ એ સાત.

2. એકવીસ=બાર મહિના, પાંચ ઋતુ, ત્રણ લોક અને સૂર્ય–આ એકવીસ અથવા એકવીસ છંદોને સૃષ્ટિરૂપી યજ્ઞમાં કાષ્ઠરૂપ ગણ્યા છે. આ યજ્ઞ અનાદિ કાળથી બની રહ્યો છે. વારાફરતી મહિના, ઋતુઓ આવે જાય છે. ત્રણ લોકમાં ફેરફાર–પ્રગતિ ચાલુ જ છે, અને સૂર્ય આ સર્વ ઘટનાનો સાક્ષી પ્રતિદિન નવો ઊગે છે.

3. અહીં સુધી સૃષ્ટિની ઉત્પત્તિના વર્ણનનો સૂક્તનો ભાગ છે. હવે પછી ઉપાસનાના ફળનાં કથનનો સૂક્તનો ભાગ આવે છે.

ઉપાસકોએ) **सचन्त** (પ્રાપ્ત કરે છે–પામે છે) **यत्र** (જ્યાં–જે સ્વર્ગમાં) **पूर्वे** (સૃષ્ટિની[1] પૂર્વે) **साध्याः** (યજ્ઞરૂપી પુણ્યકર્મથી સ્વર્ગ સાધ્ય કર્યું છે એવા સાધ્ય વગેરે દેવો) **सन्ति** (છે) **देवाः** (દેવો)

દેવોએ યજ્ઞરૂપ વિષ્ણુનું–પરમાત્માનું માનસિક યજ્ઞથી પૂજન કર્યું ત્યારે તે યજ્ઞ પુરુષના પૂજનના તે ધર્મો પ્રથમ–મુખ્ય હતા. તે ધર્મોના પાલનથી, તેના ઉપાસકો--મહિમા જાણનારા મહાત્માઓ જે સ્વર્ગમાં સૃષ્ટિની પૂર્વના સાધ્ય વગેરે દેવતાઓ, તથા સૃષ્ટિ સમયે ઉત્પન્ન થયેલા ઇંદ્ર, સૂર્ય, અગ્નિ, વાયુ વગેરે દેવો તેને પ્રાપ્ત કરે છે. ૧૬

अद्भ्यःसम्भृतꣳपृथिव्यैरसाच्चविश्श्वकर्म्मणꣳसमवर्त्तताग्रे॥
तस्यत्वष्टाविदधद्रूपमेतितन्मर्त्यस्यदेवत्वमाजानमग्रे ॥१७॥

નારાયણ ઋષિ, ભુરિક આર્ષી, ત્રિષ્ટુપ છંદ, આદિત્ય દેવતા.

अद्भ्यः (જળમાંથી) **सम्भृतः** (પુષ્ટ થયેલો) **पृथिव्यै** (પૃથ્વી-માંથી–પૃથ્વીને ઉત્પન્ન કરવા માટે) **रसात** (રસમાંથી) **च** (અને) **विश्वकर्मणः** (વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવા એ જેનું કામ છે એવા કાળનો–કાળમાંથી) **समवर्तत** (ઉત્પન્ન થયો) **अग्रे** (પ્રથમ સૃષ્ટિની ઉત્પત્તિ સમયે) **तस्य** (તે રસનું) **त्वष्टा** (આદિત્ય) **विदधत्** (ધારણ કરીને) **रूपम्** (રૂપને) **एति** (આવે છે–પ્રતિદિન ઉદય પામે છે) **तत्** (તે) **मर्त्यस्य** (મનુષ્યના–પુરુષમેધ યજ્ઞ[2] કર-

1. સૃષ્ટિની પૂર્વના કહેવાથી સૃષ્ટિની નિત્યતા દર્શાવી છે. **सूर्या चन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् ॥** પહેલાં જેવા હતા તેવા સૂર્ય અને ચંદ્રમાને ઈશ્વરે ઉત્પન્ન કર્યા.

2. હાલમાં વિજ્ઞાનની શોધ પ્રમાણે સર્વ ગ્રહો, તારા વગેરેની ઉત્પત્તિ નિહારિકા–નેબ્યુલામાંથી થયેલી કહેવામાં આવે છે. આ મંત્રમાં જે રસનું વર્ણન કર્યું છે તે નિહારિકાના વિચારને મળતું આવે છે.

પુરુષ મેધયાજ્ઞના લિંગ શરીરમાં પંચમહાભૂત તથા કામ તુષ્ટ થાય છે અને તુષ્ટ થવાથી કર્મફળ આપનાર રસ ઉત્પન્ન કરે છે અને તે ઉત્તમ જન્મ કર્મદેવનો આપે છે.

નારના) **देवत्वम्** (દેવતાપણાને) **आजानम्** (સૃષ્ટિના આદિકાળમાં ઉત્પન્ન થયેલા દેવો તે આજાનદેવ)[1] **अग्रे** (પ્રથમ)

પૃથ્વીજળ વગેરે પંચમહાભૂતો તથા વિશ્વનું નિર્માણ કરવું એ જેનું કર્મ છે એવા કાળમાંથી પુષ્ટ થયેલો પ્રથમ એક પ્રકારનો રસ ઉત્પન્ન થયો—અથવા પૃથ્વીજળ વગેરે પંચમહાભૂતની ઉત્પત્તિપૂર્વે વિશ્વ ઉત્પન્ન કરનાર રસ ઉત્પન્ન થયો, તે રસમાંથી સૂર્ય પોતાનું રૂપ ધારણ કરી પ્રતિદિન ઉદય પામે છે. પુરુષમેધયાજી ઉપાસક મનુષ્યો પ્રથમ સૂર્યથી ઉપાસનાનું ફળ પામી—સૂર્ય દ્વારા પ્રયાણ કરી આજાન મુખ્ય દેવપણાને પ્રાપ્ત કરે છે—અથવા તે પ્રથમ સૃષ્ટિ સમયના દેવો, મનુષ્યો જે પુણ્યકર્મથી દેવો થાય છે, તેમનાથી ચડિયાતા છે. ૧૭

वेदाहमेतम्पुरुषम्महान्तमादित्यवर्णन्तमसꣳपरस्तात् ॥
तमेवव्विदित्वातिमृत्युमेतिनान्यः पन्थाव्विद्यतेऽयनाय ॥१८॥

---

१. સૃષ્ટિની ઉત્પત્તિ વખતે પ્રથમ ઉત્પન્ન થયેલા દેવો, મનુષ્યો પુણ્યકર્મથી દેવપણાને પામે છે તે કર્મદેવોથી ચઢતા છે. ये शतं कर्मदेवानामानंदाः स एक आजानदेवांनामानंदः-કર્મ દેવના આનંદથી સો ગણો આજાન દેવનો આનંદ છે. (બૃહદારણ્યક ૪-૧-૩૫)

આદિત્ય-સૂર્ય મંડળમાં રહેલા પુરુષને અન્ય ઉપમાન, સરખામણી કરવા યોગ્ય વસ્તુ નહિ હોવાથી સૂર્યના જેવા કાંતિમાન કહ્યા છે. સરખાવો :

गगनं गगनाकारं, सागरः सागरोपमः ।
रामरावणयोर्युद्धं, रामरावणयोरिव ॥

જેમ ગગનને ગગનના જેવું અને સાગરને સાગરના જેવો જ કહી શકાય તેમ રામ-રાવણના યુદ્ધની સરખામણી કરવાને બીજું કોઈ યુદ્ધ મળી આવતું નહિ હોવાથી તેને રામ-રાવણના યુદ્ધ જેવુ જ કહેવું પડે છે, એટલે કે તેમનું યુદ્ધ અનુપમ હતું. આ ઉપમેયોપમા અલંકાર છે. બીજી શ્રુતિ જુઓ :

हिरण्मयेनपात्रेण सत्यस्यापिहितं मुखम् ।
योऽसावादित्ये पुरुषः सोऽसावहम् ॥ ॐ खं ब्रह्म ॥

નારાયણ ઋષિ, નિચૃત્ આર્ષી, ત્રિષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

वेद (જાણું છું) **अहम्** (હું) **एतम्** (આ) **पुरुषम्** (પુરુષને-સૂર્યમંડળમાં રહેલા પુરુષને) **महान्तम्** (મહાન-સર્વોત્કૃષ્ટ) **आदित्यवर्णम्** (સૂર્યના જેવા તેજસ્વી) **तमसः** (અજ્ઞાનરૂપી-અંધકારની) **परस्तात्** (પેલી બાજુ પર-દૂર-રહિત) **तम्** (તેને) **एव** (જ) **विदित्वा** (જાણીને) **मृत्युम्** (મૃત્યુને-જન્મમરણરૂપ સંસારને) **अतिएति** (અતિક્રમણ કરે છે-ઓળંગી જાય છે-જન્મમરણના ફેરામાંથી છૂટે છે) **न** (નથી-નહિ) **अन्यः** (બીજો) **पन्था** (માર્ગ) **विद्यते** (જણાતો-છે) **अयनाय** (પરલોક જવાનો-મોક્ષ પામવાનો).

હું એ સૂર્ય જેવા તેજસ્વી, સર્વોત્કૃષ્ટ અને અજ્ઞાનરૂપ અંધકારથી રહિત પુરુષને જાણું છું. તેને જ જાણીને-તેને જ જાણવાથી જનો મૃત્યુ-જન્મમરણરૂપ સંસાર ઓળંગી જાય છે. એ સિવાય બીજો માર્ગ મોક્ષ મેળવવા માટે નથી. ૧૮

प्रजापतिश्चरतिगर्भेऽअन्तरजायमानोबहुधाव्विजायते ॥
तस्ययोनिम्परिपश्यन्तिधीरास्तस्मिन्हतस्थुर्भुवनानिव्विश्वा ॥

નારાયણ ઋષિ, ભુરિક્ આર્ષી, ત્રિષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

प्रजापतिः-(પ્રજાઓના પ્રાણીઓના પાલક-અંતર્યામી) **चरति** (પ્રવેશે છે-વસે છે) **गर्भे** (ગર્ભમાં) **अन्तः** (હૃદયની અંદર રહી) **अजायमानः** (જન્મરહિત હોવા છતાં-નિત્ય હોવા છતાં) **बहुधा** (બહુ પ્રકારથી કાર્ય કારણરૂપે-નાનાવિધ પ્રાણીઓમાં ભિન્ન ભિન્નરૂપે - જુદા જુદા રામ-કૃષ્ણ વગેરે અવતારોથી) **विजायते** (સ્થાવર-જંગમ જડ-ચેતન દેહોમાં જન્મ ધારણ કરે છે. પોતાની માયા વડે વિશ્વરૂપે પ્રકટ થાય છે. **तस्य** (તે પ્રજાપતિની-વિરાટ પુરુષની) **योनिम्** (મૂળ પ્રભવસ્થાન-બ્રહ્મસ્વરૂપ) **परिपश्यन्ति** (હું બ્રહ્મ છું-**अहं ब्रह्मास्मि**-એ રીતે જાણે છે-ધ્યાન વડે અનુભવે છે.) **धीराः** (બુદ્ધિશાળી-

જ્ઞાની પુરુષો-બ્રહ્મવેત્તાઓ) **तस्मिन्** (તેમાં જ-બ્રહ્મસ્વરૂપમાં જ) **ह** (ખરેખર) **तस्थुः** (સ્થિત છે.) **भुवनानि** (ચૌદભુવન-સંપૂર્ણ પ્રાણી સમૂહો) **विश्वा** (સર્વે).

પ્રજાપતિ-સર્વ પ્રાણીઓના પાલક-અંતર્યામી હૃદયમાં રહી પ્રત્યેક ગર્ભમાં પ્રવેશ કરે છે અને જાતે જન્મરહિત છે છતાં પણ અનેક પ્રકારના સ્થાવર-જંગમ-જડ ચેતન દેહોરૂપે-અનેક પ્રકારની કાર્ય કારણની પરંપરારૂપે-ઉત્પન્ન થાય છે. તે પ્રજાપતિનાં મૂળ બ્રહ્મસ્વરૂપનો બ્રહ્મવેત્તા પુરુષો ધ્યાન-જ્ઞાન વડે અનુભવ કરે છે, તે જ બ્રહ્મમાં સર્વ ભુવનો-પ્રાણીસમૂહો સ્થિતિ કરી રહેલાં છે. ૧૯

योदे॒वेभ्य॑ऽआ॒तप॑ति॒योदे॒वानां॑म्पु॒रोहि॑तः ॥
पूर्व्वो॒यो॒दे॒वेभ्यो॑जा॒तोनमो॑रु॒चाय॒ब्ब्राह्म॑ये ॥ २० ॥

નારાયણ ઋષિ, આર્ષી, ત્રિષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

यः (જે આદિત્યરૂપ પ્રજાપતિ) **देवेभ्यः** (દેવોના-ઇંદ્રિયોના અર્થે) **आतपति** (સર્વત્ર પ્રકાશે છે) **यः** (જે) **देवानाम्** (દેવોનો) **पुरोहितः** (આહુતિ માટે અગ્નિરૂપે આગળ મુકાયલો છે-સર્વ કાર્યમાં અગ્રણી છે.) **पूर्वः** (પહેલાં) **यः** (જે **देवेभ्यः** (દેવોથી) **जातः** (ઉત્પન્ન થયેલા છે) **नमः** (નમસ્કાર હો. નમસ્કાર કરીએ છીએ.) **रुचाय** (દેદીપ્યમાનને) **ब्राह्मये** (બ્રહ્મરૂપને-બ્રહ્મના અંગરૂપને-બ્રહ્મના પ્રથમ પુત્રને).

જે આદિત્યરૂપ પ્રજાપતિ દેવોને અર્થે સર્વત્ર પ્રકાશે છે, (દેવોના વિશ્વ સંબંધી કાર્યમાં પ્રકાશથી સહાય કરે છે-ઇંદ્રિયો પોતાના કાર્યમાં પ્રવૃત્તિ કરે તે અર્થે પ્રકાશે છે) જે દેવોના અગ્રણી છે-દેવોમાં સર્વથી પ્રથમ પૂજાય છે, જે સર્વ દેવોથી પ્રથમ ઉત્પન્ન થયેલા છે, તે દેદીપ્યમાન બ્રહ્મસ્વરૂપ-બ્રહ્મના પુત્રને અમારા નમસ્કાર હો-અમે નમસ્કાર કરીએ છીએ. ૨૦

रु॒चम्ब्राह्मञ्ज॒नय॑न्तोदे॒वाऽअग्रे॒तद॑ब्ब्रुवन् ॥
यस्त्वै॒वम्ब्रा॑ह्मणोव्वि॒द्यात्तस्य॑दे॒वाऽअ॑स॒न्वशे॑ ॥ २१ ॥

નારાયણ ઋષિ, આર્ષી, અનુષ્ટુપ છંદ, પુરુષદેવતા.

रुचम् (દીપ્તિમાન્-સુશોભિત) **ब्राह्मम्** (બ્રહ્મસ્વરૂપ-બ્રહ્મના પુત્ર) **जनयन्तः** (ઉત્પન્ન કરતા) **देवाः** (દેવોએ-ઇંદ્રિયોએ) **अग्रे** (પ્રથમ) **तत्** (તેને) **अब्रुवन्** (કહ્યો-જણાવ્યો-બોલ્યા) **यः** (જે) **त्वाम्** (તમને) **एवम्** (આ પ્રમાણે) **ब्राह्मणः** (બ્રાહ્મણ-બ્રહ્મવેત્તા) **विद्यात्** (જાણે છે) **तस्य** (તેને-તેના) **देवाः** (દેવતાઓ-ઇંદ્રિયો) **असन्** (થાય છે-રહે છે) **वशे** (વશ-અધીન).

સુશોભિત બ્રહ્મ જ્યોતિરૂપ-બ્રહ્મના પુત્ર આદિત્યપુરુષને પ્રકટ કરતા દેવોએ-સર્વ વસ્તુ પ્રકાશનાર ઇંદ્રિયોરૂપી દેવોએ તેમને સર્વમાં મુખ્ય અગ્રણી તરીકે પ્રથમ ઉત્પન્ન થયેલા જણાવ્યા (અથવા સુશોભિત આદિત્ય પુરુષને પ્રકટ કરતા દેવો આ પ્રમાણે બોલ્યા કે:) જે બ્રાહ્મણ-બ્રહ્મવેત્તા આદિત્યના ઉપાસક તમને આ પ્રમાણે જાણે છે અને ઉપાસે છે તેને સર્વ દેવતાઓ-ઇંદ્રિયો[1] વશમાં રહે છે-તેમની સર્વ અભિલાષાઓ દેવો પૂરે છે-મુક્તિ મેળવવામાં સહાય કરે છે-તેઓ વિશ્વવંદ્ય થાય છે. ૨૧

श्रीश्च॑ते॒लक्ष्मीश्च॒पत्न्या॑वहो॒रा॒त्रे॒पा॒र्श्वेनक्ष॑त्त्राणिरू॒पम॒श्वि-
नौ॒ङ्यात्त॑म् ॥ इ॒ष्ण्णन्नि॑षाणा॒मुम्म॑इषाणसर्व्वलो॒कम्म॑इषाण॥२२॥

---

૧. ઇંદ્ર વગેરે દેવો યજ્ઞ કાર્યમાં-શુભ કાર્યમાં વિઘ્ન ઉપજાવી કસોટી કરે છે. આદિત્ય પુરુષના ઉપાસનારને દેવો અનુકૂળ બને છે, દેવ શબ્દ ઇંદ્રિયોના અર્થમાં પણ વપરાય છે. ઇંદ્રિયો આધીન નહિ હોય તો શ્રેય પ્રાપ્ત કરી શકાતું નથી એ સુવિદિત છે. સૂર્યની ઉપાસનાથી ઇંદ્રિયો વશ થઈ જાય છે. પ્રથમ દેવની ભાવના પ્રત્યક્ષ દેવ સૂર્યથી ઊપજી હશે.

નારાયણ ઋષિ, નિચૃત્ આર્ષી, ત્રિષ્ટુપ છંદ, પુરુષ દેવતા.

श्रीः (લક્ષ્મી-સંપત્તિ-શોભા) **च** (અને) **ते** (તમારી) **लक्ष्मीः** (કાંતિ-સૌંદર્ય) **पत्न्यौ** (પત્નીઓ) **अहोरात्रे** (દિવસ અને રાત્રિ-પ્રકાશ-જ્ઞાન-ચૈતન્ય અને તિમિર-અજ્ઞાન-જડ પ્રકૃતિ) **पार्श्वे** (પાસાંઓ) **नक्षत्राणि** (નક્ષત્રો-તારાઓ) **रूपम्** (રૂપ) **अश्विनौ** (દ્યૌ-અંતરિક્ષ અને પૃથ્વી) **व्यात्तम्** (વ્યાપેલાં છે-તમારાં વિકાસેલાં મુખ રૂપ છે.) **इष्णन्** (કર્મફળની ઇચ્છા કરતા-કર્મ અનુસાર ઇચ્છા કરતા) **इषाण** (ઇચ્છા કરો-આ સંસારનાં સુખની ઇચ્છા કરો.) **अमुम्** (પરલોકની-સ્વર્ગની) **मे** (મારે માટે-મને) **इषाण** (ઇચ્છા કરો) **सर्वलोकम्** (સર્વલોક-સર્વમાં બ્રહ્મદૃષ્ટિ થવાથી સર્વલોક રૂપ) **मे** (મારે માટે-મને) **इषाण** (ઇચ્છા કરો).

હે દેવોના દેવ! પુરુષોત્તમ! પ્રકાશસ્વરૂપ પરમાત્મા! જે સર્વલોકના આશ્રય-આધારરૂપ છે એવી લક્ષ્મી-સંપત્તિ અને અલૌકિક સૌંદર્યની શોભા એ બંને જાણે તમારાં પત્નીરૂપ છે. દિવસ અને રાત્રિ, પ્રકાશ અને તિમિર, જ્ઞાન અને અજ્ઞાન, ચૈતન્ય અને જડપ્રકૃતિ એ બન્ને જાણે તમારાં પાસાં-પડખાં રૂપ છે. નક્ષત્રો-તારાઓ-ગ્રહોમાં તમારું જ્યોતિમયરૂપ ઝળકી રહ્યું છે, યુગલ સહ જન્મેલા દેવતાઓ અંતરિક્ષ અને પૃથ્વી એ તમારાં વિકસેલાં મુખરૂપ છે-આકાશ અને પૃથ્વીમાં તમે સર્વત્ર વ્યાપી રહેલા છો. સર્વને આપની ઇચ્છાનુસાર કર્મનાં ફળો પ્રાપ્ત થાય છે, સ્વર્ગ મળે છે, તથા સર્વલોકમયતા-બ્રહ્મમયતા પ્રાપ્ત થાય છે, તેમ મને આ લોકનાં સર્વ સુખોની, સ્વર્ગની, તથા સર્વમય બ્રહ્મલોકની પ્રાપ્તિ થાઓ-હું સર્વત્ર આપનો અનુભવ કરું એ પ્રમાણેનો મારા પર અનુગ્રહ કરો. ૨૨

इति रुद्रे द्वितीयोऽध्यायः ॥ २ ॥

બીજો અધ્યાય સમાપ્ત

અધ્યાય ત્રીજો

ઇંદ્રસ્તુતિ-વીર પ્રશંસા

आशुःशिशानोवृषभोनभीमोघनाघनःक्षोभणश्चर्षणीनाम् ॥
सङ्क्रन्दनोनिमिषएकवीरःशतꣳसेनाअजयत्साकमिन्द्रः ॥

અપ્રતિરથ ઋષિ, આર્ષી, ત્રિષ્ટુપ છંદ, ઇંદ્ર દેવતા.

आशुः (શીઘ્ર-ત્વરાથી ગતિ કરનાર-વ્યાપક) **शिशानः** (શત્રુઓનો નાશ કરનાર) **वृषभः** (વૃષભ-વૃષ્ટિ કરનાર-ભક્તો ઉપર કૃપાવૃષ્ટિ કરી મનોરથ પૂરનાર) **न** (જેમ) **भीम** (ભયંકર-પ્રબળ) **घनाघनः** (ઘાતક શત્રુઓનો-મેઘોનો ઘાત કરનાર-હણનાર, વૃષ્ટિ કરનાર-ક્યાંક ઘન-ઘાડા અને ક્યાંક અઘન-આછા મેઘરૂપ) **क्षोभणः** (ક્ષોભ કરનાર-ગર્જનાથી ખળભળાવી મૂકનાર) **चर्षणीनाम्** (મનુષ્યોને-સર્વ ગતિ કરનાર પ્રાણીઓને) **सङ्क्रन्दनः** (વારંવાર ગર્જના કરતો-શત્રુઓને આહ્વાન કરતો) **अनिमिषः** (જેની આંખને પલકાર નથી એવો-અતિ સાવધ) **एकवीरः** (અદ્વિતીય પરાક્રમી યોદ્ધો-સહાય વિના એકલો કાર્ય કરવા શક્તિમાન વીર) **शतम्** (સો-અસંખ્ય) **सेनाः** (સેનાઓ ઉપર) **अजयत्** (જય મેળવ્યો) **साकम्** (સાથે જ-એકી વખતે) જ **इन्द्रः** (ઇંદ્રે)

ત્વરાથી ગતિ કરનાર-સર્વવ્યાપક, શત્રુઓનો નાશ કરનાર, ભયંકર વૃષભ જેમ સામે થનાર પ્રાણીઓને ક્ષોભ પમાડી તેનો ઘાત કરે છે તેમ શત્રુઓનો નાશ કરનાર, અને પ્રાણીઓને-ક્ષોભ કરનાર, (અથવા વૃષ્ટિ કરનાર, ભયંકર, દ્વેષીઓનો ઘાતક, ક્યાંક ઘાડા ક્યાંક આછા મેઘરૂપ, મનુષ્યોને ક્ષોભ પમાડનાર,) ગર્જના કરનાર, શત્રુઓને મોટેથી સામા આવો કહી આહ્વાન કરનાર, આંખના પલકાર-રહિત-અતિસાવધાન, જેના સરખો બીજો કોઈ વીર નથી એવા-

કોઈની સહાય વિના એકલો પરાક્રમ કરનાર વીર એવા ઇંદ્રે સેંકડો સેનાઓ ઉપર એકીસાથે જય મેળવ્યો.[१]

सङ्क्रन्दनेनानिमिषेणजिष्णुनायुत्कारेणदुश्च्यवनेनधृष्णुना ॥
तदिन्द्रेणजयततत्सहध्वंयुधोनरऽइषुहस्तेनवृष्णा ॥ २ ॥

અપ્રતિરથ ઋષિ, વિરાટ્ બ્રાહ્મી અનુષ્ટુપ છંદ,[१] ઇંદ્ર દેવતા.

सङ्क्रन्दनेन (શબ્દ કરનાર—આહ્વાન કરનાર-યુદ્ધમાં પ્રવૃત્ત થયેલા સૈનિકોને ઉત્સાહ આપનાર) **अनिमिषेण** (નિમેષરહિત-હંમેશાં સાવધ-તત્પર) **जिष्णुना** (જય મેળવનાર) **युत्कारेण** (યુદ્ધ કરનાર) **दुश्च्यवनेन** (કોઈથી જીતી શકાય નહિ તેવો) **धृष्णुना** (હિંમતવાળો-ધૈર્યશીલ-પ્રગલ્ભ) **तद्** (તે-એવા પ્રસિદ્ધ વીરે અથવા તે યુદ્ધમાં) **इन्द्रेण** (ઇંદ્રથી-ઇંદ્રની સાથે) **जयत** (શત્રુની સેનાઓ ઉપર જય મેળવો) **तत** (તે-શત્રુના સૈન્યને) **सहध्वम्** (હરાવો-શેહ આપો) **युधः** (યોદ્ધાઓ) **नरः** (નરવીરો) **इषुहस्तेन** (હસ્તમાં બાણવાળા) **वृष्णा** (બાણની વૃષ્ટિ કરનાર-ઇષ્ટ પદાર્થની વૃષ્ટિ કરનાર)

હે યોદ્ધાઓ ! હે વીરો ! મહાન સાહસિક, નિર્ભય, અજિત, અત્યંત સાવધાન, જયશીલ, સર્વ ઇચ્છાઓ પૂરનાર, યુદ્ધમાં ઉશ્કેરનાર, હસ્તમાં બાણ ધારણ કરી યુદ્ધ કરનાર સુપ્રસિદ્ધ વીર ઇંદ્રને સેનાધિપતિ ગણી-ઇંદ્રના પ્રભાવથી શત્રુઓની સેના સાથે યુદ્ધ કરી-તેમને હરાવી સંગ્રામમાં જય મેળવો. ૨

सइषुहस्तैꣳसनिषङ्गिभिर्वशीसꣳस्रष्टासयुधऽइन्द्रोगणेन ॥
सꣳसृष्टजित्सोमपाबाहुशर्ध्युग्रधन्वाप्रतिहिताभिरस्ता ॥३॥

અપ્રતિરથ ઋષિ, આર્ષી ત્રિષ્ટુપ છંદ, ઇંદ્ર દેવતા.

सः (તે) **इषुहस्तैः** (બાણો જેમના હાથમાં છે એવા)

૧. જગતી અને ત્રિષ્ટુપ મિશ્ર જેવો છંદ જણાય છે.

सनिषङ्गिभिः (ખડ્ગ ધારણ કરનારા યોદ્ધાઓ સાથે) **वशी** (ઇંદ્રિયો જેને વશ છે-જિતેંદ્રિય-સર્વને વશ કરનાર-વશમાં રાખનાર) **संस्रष्टा** (સંસર્ગમાં આવનાર-યુદ્ધ કરનાર-દેવસૈન્ય એકત્ર કરનાર) **सः** (તે) **युधः** (યુદ્ધકર્તા) **इन्द्रः** (ઇંદ્ર) **गणेन** (શત્રુઓના સમૂહ સાથે) **संसृष्टजित्** (યુદ્ધ કરવાને એકઠા થયેલા શત્રુઓને જીતનાર) **सोमपा** (સોમરસનું પાન કરનાર) **बाहुशर्द्धी** (બાહુબળવાળો) **उग्रधन्वा** (ચડાવેલાં ધનુષવાળો) **प्रतिहिताभिः** (પ્રેરેલાં-નાખેલાં બાણોથી) **अस्ता** (નાશ કરનાર).

તે જિતેંદ્રિય-શત્રુઓને-સર્વને વશ કરનાર-સ્વતંત્ર, હાથમાં બાણવાળા તથા ખડ્ગ ધારણ કરનારા શત્રુઓના પર અભિક્રમણ કરનાર-દેવતાઓના સૈન્યને એકત્ર કરનાર અને શત્રુઓના સમૂહો સાથે યુદ્ધ કરનાર-સામે આવેલા શત્રુઓ પર જય મેળવનાર, યજ્ઞમાં સોમપાન કરનાર, અત્યંત બાહુબળવાળો, જેણે હાથમાં ખેંચેલું ધનુષ ધારણ કર્યું છે એવો, શત્રુઓ ઉપર બાણો મારી તેમનો નાશ કરનાર તે ઇંદ્ર જય પામો-અમારી રક્ષા-સહાય કરો-અમને શત્રુઓ ઉપર વિજય આપો. ૩

बृहस्पतेपरिदीयारथेनरक्षोहामित्राँ२अपबाधमानः ॥
प्रभञ्जन्त्सेनाःप्रमृणोयुधाजयन्नस्माकमेध्यवितारथानाम् ॥

અપ્રતિરથ ઋષિ, આર્ષી ત્રિષ્ટુપ છંદ, ઇંદ્ર દેવતા.

बृहस्पते (હે અનેકના રક્ષક-દેવોના મહાન અધિપતિ-ઇંદ્ર અથવા વાણીના પતિ-દેવોના ગુરુ બૃહસ્પતિ) **परिदीयाः** (સર્વ બાજુએ-આસપાસ ગમન કરો-ફરી વળો) **रथेन** (રથ વડે) **रक्षोहा** (રાક્ષસોનો નાશ કરનાર) **अमित्रान्** (શત્રુઓને) **अपबाधमानः** (બાધા-પીડા કરતા) **प्रभञ्जन्** (અત્યંત નાશ કરનાર-ભંગાણ પાડતા) **सेनाः** (શત્રુની સેનાઓ) **प्रमृणः** (હિંસા કરનાર-જુસ્સાથી લડનાર શત્રુઓને) **युधा** (યુદ્ધથી) **जयन्** (જીતતો)

अस्माकम् (અમારા) **एधि** (આવો–થાઓ–હો) **अविता** (રક્ષક) **रथानाम्** (રથોના).

હે દેવોના મહાન અધિપતિ ! વાણીના પતિ ! અનેકના રક્ષક ! ઇંદ્ર અથવા દેવોના ગુરુ બૃહસ્પતિ ! તમે રાક્ષસોના–વિઘ્નોના નાશ કરનાર છો. તમે રથમાં વિરાજી શત્રુઓને આસપાસથી ઘેરી લઈ તેમને ત્રાસ–પીડા આપતા તથા શત્રુઓની સેનાઓનો નાશ કરતા–તેમનામાં ભંગાણ પાડતા, શૂર પર ચડી લડતા તથા પીડા કરતા શત્રુઓને યુદ્ધમાં જીતતા, અમારા રથોના રક્ષણ કરતા થાઓ–અમારી પ્રતિ–અમારી સાથે આવો–અમારા સેનાપતિ થાઓ. ૪

बलविज्ञायस्त्थविरᳪप्रवीरᳪसहस्वान्वाजीसहमानउग्र? ॥
अभिवीरोअभिसत्वासहोजाजैत्रमिन्द्ररथमातिष्ठगोवित् ॥५॥

અપ્રતિરથ ઋષિ, આર્ષી ત્રિષ્ટુપ છંદ, ઇંદ્ર દેવતા.

बलविज्ञायः (સર્વનું બળ જાણનાર) **स्थविरः** (વૃદ્ધ–સર્વને શાસનમાં–નિયમમાં રાખનાર–સર્વમાન્ય–પુરાતન–સનાતન) **प्रविरः** (પ્રકૃષ્ટ–સમર્થવીર) **सहस्वान्** (બળવાન) **वाजी** (અન્નવાળા) **सहमानः** (શત્રુને શેહ આપનાર–હરાવનાર) **उग्रः** (ઉગ્ર–પ્રતાપી) **अभिवीरः** (મહાપ્રતાપી બળવાન વીરોથી વીંટાયેલા) **अभिसत्वा** (સત્વસ્વરૂપ–મહાનુભાવ) **सहोजाः** (બળથી ઉત્પન્ન થયેલા) **जैत्रम्** (જયશીલ) **इन्द्र** (ઇંદ્ર) **रथम्** (રથમાં) **आत्तिष्ठ** (વિરાજો) **गोवित्** (સ્તુતિના જ્ઞાતા–વેત્તા–સ્તુતિઓનો આદર–સંભાવના કરનાર–મેળવનાર–જેની સ્તુતિ કરવામાં આવે છે તે).

સર્વનાં બળને જાણનાર, વૃદ્ધ–સર્વમાન્ય–સનાતન, મહાન પરાક્રમી, બળવાન, પુષ્કળ અન્ન વગેરે સામગ્રીવાળા–વિવિધ અન્નના પ્રદાતા–શત્રુઓનો પરાજય કરનાર, પ્રતાપી, વીરોથી વીંટાયલા, અત્યંત ઓજસ્વી, બળમાંથી ઉત્પન્ન થયેલા–જન્મથી બળવાન, સ્તુતિઓનો આદર કરનાર–સંપાદન કરનાર હે ઇંદ્ર ! તમારા જયશીલ રથમાં

વિરાજો અને શત્રુઓ પર જય મેળવો–અમને સહાય કરો. ૫

गोत्रभिदङ्गोविदंवज्जबाहुञ्जयन्तमज्ज्मप्रमृणन्तमोजसा ॥
इमᳪसंजाताअनुवीरयद्ध्वमिन्द्रᳪसखायोअनुसᳪरभद्ध्वम् ॥

અપ્રતિરથ ઋષિ, ભુરિક્ આર્ષી, ત્રિષ્ટુપ છંદ, ઇંદ્ર દેવતા.

गोत्रभिदम् (મેઘનો–પર્વતોને તોડનાર–અસુરના સમૂહનો સંહારનાર) **गोविदम्** (જળનો મેળવનાર–વૃષ્ટિ કરનાર–વાણીનો જાણનાર–પંડિત–જિતેન્દ્રિય) **वज्रबाहुम्** (જેના હસ્તમાં વજ્ર ધારણ કર્યું છે એવા) **जयन्तम्** (જયશીલ) **अज्म** (સંગ્રામમાં) **प्रमृणन्तम्** (શત્રુને સંહારતો) **ओजसा** (બળથી) **इमम्** (આ) **सजाताः** (સાથે જન્મેલા) **अनुवीरयध्वम्** (વીર કર્મ–યુદ્ધ કરો–યુદ્ધ કરવાનો ઉત્સાહ ઉત્પન્ન કરો) **इन्द्रम्** (ઇંદ્રને) **सखायः** (મિત્રો) **अनुसंरभध्वम्** (વેગ કરનાર ઇંદ્રની પાછળ વેગ ધારણ કરો.)

મેઘોને–પર્વતોને–તોડનાર–અસુરોના સમૂહોને સંહારનાર–ઇંદ્રિયોને જીતનાર–વૃષ્ટિ કરનાર–પંડિત, વજ્ર ધારણ કરનાર, જયશીલ, સંગ્રામમાં બળથી શત્રુઓનો પરાભવ કરનાર એવા આ મહાન ઇંદ્રની પાછળ, હે ઇંદ્રની સાથે જન્મેલા યોદ્ધાઓ ! પરાક્રમ કરી તેને ઉત્સાહિત કરો. હે મિત્રો ! વેગથી ધસતા ઇંદ્રની પાછળ તમે પણ વેગથી ધસો.

अभिगोत्राणिसहसागाहमानोदयोव्वीर?शतमन्युरिन्द्र॑ः ।
दुश्च्यवन?पृतनाषाडयुद्ध्योस्म्माकᳪसेनाअवतुप्रयुत्सु ॥७॥

અપ્રતિરથ ઋષિ, નિચૃત્ આર્ષી, ત્રિષ્ટુપ છંદ, ઇંદ્રદેવતા.

गोत्राणि (મેઘોમાં–અસુરના સમૂહોમાં) **सहसा** (બળથી) **अभिगाहमानः** (પ્રવેશ કરનાર) **अदयः** (નિર્દય–નિર્ભય) **वीरः** (પરાક્રમી) **शतमन्युः** (અત્યંત ક્રોધવાળો–સો યજ્ઞ કરનાર) **इन्द्रः** (ઇંદ્ર) **दुश्च्यवनः** (કોઈથી હઠાવી શકાય નહિ એવો) **पृतनाषाट्**

(શત્રુસેનાનો પરાજય-નાશ કરનાર) **अयुध्यः** (જેની સાથે કોઈ યુદ્ધમાં ટકી નહિ શકે એવો) **अस्माकम्** (અમારી) **सेनाः** (સેનાઓનું) **प्रअवतु** (સારી રીતે રક્ષણ કરો) **युत्सु** (સંગ્રામોમાં).

મેઘોમાં-અસુરના સમૂહોમાં બળથી પ્રવેશ કરનાર, નિર્દય, મહાપરાક્રમી, અત્યંત ક્રોધવાળો, કોઈથી હઠાવી શકાય નહિ એવો, શત્રુસેનાનો પરાજય કરનાર, વળી જેની સાથે યુદ્ધમાં કોઈ ટકી શકે નહિ એવો ઇંદ્ર અમારી સેનાઓનું સંગ્રામોમાં સારી રીતે રક્ષણ કરો.

इन्द्रऽआसान्नेताबृहस्पतिर्द्दक्षिणायज्ञ?पुरएतुसोमः ॥
देवसेनानामभिभञ्जतीनाञ्जयन्तीनाम्मरुतोयन्त्वग्ग्रम् ॥ ८ ॥

અપ્રતિરથ ઋષિ, બ્રાહ્મી ઉષ્ણિક્ છંદ, ઇંદ્ર દેવતા.

इन्द्रः (ઇંદ્ર) **आसाम्** (અમારી સહાય માટે આવેલી આ) **नेता** (નાયક-સેનાપતિ) **बृहस्पतिः** (બૃહસ્પતિ) **दक्षिणा** (દક્ષિણ દિશામાં) **यज्ञः** (યજ્ઞરૂપ વિષ્ણુ) **पुर** (આગળ) **एतु** (આવો) **सोमः** (સોમ) **देवसेनानाम्** (દેવતાઓની સેનાના) **अभिभञ्जतीनाम्** (શત્રુનો પરાભવ કરતી) **मरुतः** (મરુત દેવતાઓ) **यन्तु** (જાઓ) **अग्रम्** (અગ્ર ભાગમાં).

અમારી સહાય માટે આવેલી શત્રુઓનો પરાભવ કરનારી તથા જય પામતી આ દેવતાઓની સેનાઓના ઇંદ્ર તથા બૃહસ્પતિ નાયક થાઓ; દક્ષિણ ભાગમાં યજ્ઞપુરુષરૂપ વિષ્ણુ ચાલો રક્ષણ કરો, સોમ સેનાની આગળ આવો, તેમ જ મરુત દેવતાઓ સેનાના અગ્ર ભાગમાં પ્રયાણ કરો. ૮

इन्द्रस्यवृष्णोवरुणस्यराज्ञऽआदित्यानाम्मरुताᳬंशर्द्धउग्ग्रम् ॥
महामनसाम्भुवनच्यवानाङ्घोषोदेवानाञ्जयतामुदस्थात् ॥९॥

અપ્રતિરથ ઋષિ, આર્ષી, ત્રિષ્ટુપ છંદ, ઇંદ્ર દેવતા.

इन्द्रस्य (ઇંદ્રનો) **वृष्णः** (વૃષ્ટિ કરનાર-મનોરથ પૂરનાર)

वरुणस्य (વરુણનો) **राज्ञः** (રાજાનો) **आदित्यानाम्** (આદિત્યોનો) **मरुताम्** (મરુતોનો) **शर्द्धः** (બળ-હાથી, ઘોડા, રથ, પાયદળ વગેરેનું સેનારૂપી બળ) **उग्रम्** (ઉત્કૃષ્ટ) **महामनसाम्** (મોટાં મનવાળા-યુદ્ધમાં સ્થિર ચિત્તવાળા) **भुवनच्यवानाम्** (લોકનો નાશ કરવાના સામર્થ્યવાળા) **घोषः** (અવાજ) **देवानाम्** (દેવોનો) **जयताम्** (જયશીલ) **उदस्थात्** (ઉત્પન્ન થયો-થાઓ)

વૃષ્ટિ કરનાર-સર્વ મનોરથ પૂરનાર ઇંદ્રનું, રાજા વરુણનું, દ્વાદશ આદિત્યોનું તથા મરુતોનું, પ્રતાપી હાથી, ઘોડા, રથ તથા પાયદળવાળું સૈન્યરૂપી બળ અમને સહાય કરો અને યુદ્ધમાં મચ્યા રહેનાર, ભુવન ચલાવનાર-ડોલાવી મૂકનાર વિજય પામતા દેવોનો જયઘોષ ઉત્પન્ન થાઓ (અને તે પ્રમાણે દેવોની સહાય વડે જય પામવાથી અમારો વિજયનાદ પણ ઉત્પન્ન થાઓ.) ૯

उद्धर्षयमघवन्नायुधान्युत्सत्त्वनाम्मामकानाम्मनाᳬंसि ।
उद्वृत्रहन्वाजिनांवाजिनान्युद्रथानाञ्जयतांयन्तुघोषाः ॥१०

અપ્રતિરથ ઋષિ, બ્રાહ્મી ઉષ્ણિક છંદ, ઇંદ્ર દેવતા

उद्धर्षय (હર્ષવાળાં-ઉત્સાહિત-પ્રહાર માટે તત્પર) **मघवन्** (હે ધનવાન-ઇંદ્ર) **आयुधानि** (આયુધોને-શસ્ત્રોને) **उत्-उद्धर्षय** (હર્ષિત કરો) **सत्त्वनाम्** (સૈનિકોનાં) **मामकानाम्** (અમારાં) **मनांसि** (મનોને-ચિત્તોને) **वृत्रहन्** (વૃત્રનામના અસુરને મારનાર-મેઘને તોડનાર-ઇંદ્ર) **वाजिनाम्** (અશ્વોની) **वाजिनानि** (ગતિઓને-સેનાઓને) **उत्-उद्धर्षय** (ઉત્તેજિત કરો) **रथानाम्** (રથોના) **जयताम्** (જય પામતા) **उद्यन्तु** (ઉત્પન્ન થાઓ-પ્રસરો) **घोषाः** (અવાજો).

હે ઇંદ્ર ! અમારાં આયુધોને ઉત્સાહિત કરો, અમારા સૈનિકોનાં ચિત્તને યુદ્ધ માટે ઉત્તેજિત કરો; હે વૃત્રાસુરને મારનાર ઇંદ્ર ! અમારા ઘોડાઓને વેગવાળા કરો-અમારાં ઘોડેસવાર સૈન્યને યુદ્ધ માટે ઉત્સુક

કરો, અને વિજય પામતા રથોના જયઘોષ ઉત્પન્ન થઈ સર્વત્ર પ્રસરી રહો. ૧૦

अस्माकमिन्द्रꣳ समृतेषु ध्वजेष्वस्माकं या इषवस्ता जयन्तु ॥
अस्माकं वीरा उत्तरे भवन्त्वस्माँ२ उ देवा अवता हवेषु ॥ ११ ॥

અપ્રતિરથ ઋષિ, નિચૃત્ આર્ષી, ત્રિષ્ટુપ છંદ, ઇંદ્ર દેવતા.

अस्माकम् (અમારા) **इन्द्रः** (ઇંદ્ર) **समृतेषु** (સાથે થઈ જાય-ભેળાઈ જાય) **ध्वजेषु** (ધ્વજાઓ) **अस्माकम्** (અમારાં) **याः** (જે) **इषवः** (બાણો) **ताः** (તે) **जयन्तु** (જય પામો) **अस्माकम्** (અમારા) **वीराः** (યોદ્ધાઓ) **उत्तरे** (ઉપર-વિજયવાન) **भवन्तु** (થાઓ) **अस्मान्** (અમને) **उ** (નિશ્ચયથી) **देवाः** (દેવો) **अवत** (રક્ષો) **आहवेषु** (સંગ્રામમાં).

અમારા ધજાવાળા સૈનિકો ધજાવાળા શત્રુઓ ઉપર તૂટી પડે[1] ત્યારે ઇંદ્ર અમારું રક્ષણ કરો; જે અમારાં બાણો છે તે જય પામો; અમારા સુભટોનો હાથ ઉપર રહો-જય થાઓ; અને સંગ્રામોમાં અમારું દેવો નિશ્ચયથી રક્ષણ કરો. ૧૧

अमीषां चित्तं प्रतिलोभयन्ती गृहाणाङ्गान्यप्वे परेहि ॥
अभि प्रेहि निर्दह हृत्सु शोकैरन्धेनामित्रास्तमसा सचन्ताम् ॥ १२ ॥

અપ્રતિરથ ઋષિ, બ્રાહ્મી ઉષ્ણિક્ છંદ, ઇંદ્રસેના દેવતા.

अमीषाम् (આ શત્રુઓના) **चित्तम्** (ચિત્તોને) **प्रतिलोभयन्ती** (મોહ પમાડતી) **गृहाण** (ગ્રહણ કરો) **अङ्गानि** (અંગોને) **अप्वे** (વ્યાધિની અધિષ્ઠાત્રી દેવતા) **परेहि** (અમારાથી દૂર ચાલી જાઓ) **अभिप्रेहि** (શત્રુઓની તરફ-પાસે જાઓ) **निर्दह** (દહન કરો-બાળો) **हृत्सु** (હૃદયોને) **शोकैः** (શોકો વડે)

---

૧. અમારી ધજાઓ શત્રુની ધજાઓ સાથે યુદ્ધમાં ભેળાઈ જાય ત્યારે.

अन्धेन (અંધારાં ઘોર) **अमित्राः** (શત્રુઓ) **तमसा** (અંધકારથી) **सचन्ताम्** (જોડાઓ).

અમારા શત્રુઓનાં ચિત્તમાં મોહ ઉત્પન્ન કરનારી હે વ્યાધિની અધિષ્ઠાત્રી દેવી ! અમારા શત્રુઓનાં અંગોમાં વ્યાધિ ઉત્પન્ન કરી તેમનો નાશ કરો; અને બીજા શત્રુઓને પીડા કરવા અમારાથી દૂર જાઓ અને અન્ય શત્રુઓમાં ઘૂમો. તેમનાં હૃદયો પુત્રધન વગેરેના નાશથી થતા શોકથી બાળો; અને અમારા શત્રુઓ ઘોર અંધકારમાં પડો.

अवसृष्टा परापत शरव्ये ब्रह्मसꣳशिते ।
गच्छामित्रान्प्रपद्यस्व मामीषां कञ्चनोच्छिषः ॥ १३ ॥

અપ્રતિરથ ઋષિ, આર્ષી અનુષ્ટુપ છંદ, ઈષુ-બાણ દેવતા.

अवसृष्टा (નાખેલી-છોડેલી) **परापत** (દૂર જાઓ-પડો-શત્રુઓના સૈન્યમાં પડો) **शरव्ये** (શર-બાણની અધિષ્ઠાત્રી નાશકારક દેવી-બ્રહ્માસ્ત્ર) **ब्रह्मसंशिते** (મંત્ર વડે તીક્ષ્ણ કરેલી-મંત્રના બળથી પ્રેરાયલી) **गच्छ** (જાઓ) **अमित्रान्** (શત્રુઓમાં) **प्रपद्यस्व** (પહોંચો-પડો) **मा** (નહિ) **अमीषाम्** (આ અમારા શત્રુઓમાંથી) **कंचन** (કોઈને પણ) **उच्छिषः** (અવશેષ રાખો).

હે બાણની અધિષ્ઠાત્રી દેવી ! (મંત્રના બળથી પ્રેરાયલી હે બાણની અધિષ્ઠાત્રી દેવી !) શત્રુઓના સૈન્ય ઉપર તૂટી પડો; જાઓ અને શત્રુઓમાં પહોંચો. આ અમારા શત્રુઓમાંથી કોઈને જીવતા-અવશેષ રહેવા દો નહિ. ૧૩

प्रेता जयता नर इन्द्रो वꣳ शर्म्म यच्छतु ॥
उग्रा वः सन्तु बाहवोऽनाधृष्या यथासथ ॥ १४ ॥

અપ્રતિરથ ઋષિ, વિરાટ્આર્ષી, અનુષ્ટુપ છંદ, નરો-યોદ્ધાઓ દેવતા.[1]

प्रेत (જાઓ-ધસો) **जयत** (વિજય કરો) **नरः** (હે નર-

---

૧. જેને ઉદ્દેશી મંત્ર રચાયેલો હોય તે તેના દેવતા કહેવાય છે.

વીરો-યોદ્ધાઓ) **इन्द्रः** (ઇંદ્ર) **वः** (તમને) **शर्म्म** (સુખ-આનંદ) **यच्छन्तु** (આપો) **उग्राः** (પ્રતાપી-પ્રબળ) **वः** (તમારા) **सन्तु** (હો-થાઓ) **बाहवः** (ભુજાઓ) **अनाधृष्याः** (બીજાથી પરાભવ ન પામે તેવા) **यथा** (જેમ) **असथ** (થાઓ).

હે નરો ! સેનાનાયકો ! રણમાં શત્રુઓ પર ધસો અને વિજય પ્રાપ્ત કરો; ઇંદ્ર તમને જશ આપો-વિજયથી હર્ષિત કરો; તમારી ભુજાઓ ઉગામેલાં આયુધવાળી-ઉગ્ર પરાક્રમી થાઓ; અને તમે કોઈથી પણ પરાભવ ન પામનારા—એવા કોઈ સામે ટકી શકે નહિ એવા થાઓ. ૧૪

असौयासेनामरुतꣳपरेषामभ्यैतिनओजसास्पर्द्धमाना ॥
ताङ्गूहततमसापव्रतेनयथामीअन्योअन्यन्नजानन् ॥ १५ ॥

અપ્રતિરથ ઋષિ, નિચૃત્ આર્ષી, ત્રિષ્ટુપ છંદ, મરુતદેવતા.

असौ (આ) **या** (જે) **सेना** (સૈન્ય) **मरुतः** (હે મરુતો) **परेषाम्** (શત્રુઓની) **अभ्यैति** (અમારી તરફ આવે છે) **नः** (અમારી સાથે) **ओजसा** (બળથી) **स्पर्धमाना** (સ્પર્ધા કરતી) **ताम्** (તેને) **गूहत** (ઢાંકી દો) **तमसा** (અંધકારથી) **अपव्रतेन** (કર્મરહિત) **यथा** (જેથી) **अमी** (એ યોદ્ધાઓ) **अन्यः** (બીજો) **अन्यम्** (બીજાને) **न** (નહિ) **जानन्** (ઓળખે).

હે મરુતો ! અમારી સાથે બળમાં સ્પર્ધા કરતી શત્રુઓની જે આ સેના અમારી તરફ આવે છે, તેને એવાં કર્મરહિત-કંઈ પણ કર્મ ન સૂઝવા દેતાં-અંધકારથી ઢાંકો કે તેના યોદ્ધાઓ એકબીજાને ઓળખી શકે નહિ. ૧૫

यत्रबाणाꣳसम्पतन्तिकुमाराविशिखाइव ॥
तन्नइन्द्रोबृहस्पतिरदितिꣳशर्म्मयच्छतुविश्वाहाशर्म्मयच्छतु ।

અપ્રતિરથ ઋષિ, પંક્તિ છંદ, ઇંદ્ર, બૃહસ્પતિ તથા અદિતિ દેવતા.

यत्र (જે સંગ્રામમાં) **बाणाः** (બાણો) **सम्पतन्ति** (સારી રીતે પડે છે) **कुमाराः** (બાળકો) **विशिखाः** (શિખારહિત—મુંડિત) **इव** (માફક) **तत्** (ત્યાં) **नः** (અમોને) **इन्द्रः** (ઇંદ્ર) **बृहस्पतिः** (બૃહસ્પતિ-મંત્રોના જાણનાર) **अदितिः** (અદિતિ દેવમાતા-અખંડિત શક્તિવાળા) **शर्म्म** (સુખ) **यच्छतु** (આપો) **विश्वाहा** (સઘળા દિવસ-સર્વદા) **शर्म्म** (સુખ) **यच्छतु** (આપો).

જે સંગ્રામમાં બાણો-શિખારહિત બાળકો જેમ આમતેમ દોડાદોડ કરે છે તેવી રીતે-જ્યાં ત્યાં વરસી રહ્યાં છે ત્યાં ઇંદ્ર, બૃહસ્પતિ અને દેવમાતા અદિતિ (અથવા સર્વ મંત્રને જાણનાર અખંડ શક્તિવાળા ઇંદ્ર) અમને વિજયનું સુખ આપો-સર્વદા અમારો વિજય કરી અમને સુખી કરો. ૧૬

मर्म्माणितेवर्म्मणाच्छादयामिसोमस्त्वाराजामृतेनानुवस्ताम् ॥
उरोर्वरीयोवरुणस्तेकृणोतुजयन्तन्त्वानुदेवामदन्तु ॥ १७ ॥

અપ્રતિરથ ઋષિ, ત્રિષ્ટુપ છંદ, સોમ તથા વરુણ દેવતા.

मर्माणि (મર્મસ્થળો) **ते** (તમારાં) **वर्मणा** (મંતરેલાં દિવ્ય કવચથી) **च्छादयामि** (આચ્છાદન કરું છું-ઢાંકું છું) **सोमः** (સોમ) **त्वा** (તમને) **राजा** (રાજા) **अमृतेन** (અમૃત વડે) **अनु** (પછી) **वस्ताम्** (આચ્છાદન કરો-સિંચન કરો) **उरोर्वरीयः** (ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ-ચડિયાતું-શ્રેષ્ઠ) **वरुणः** (વરુણદેવ) **ते** (તમારું) **कृणोतु** (કરો) **जयन्तम्** (જય પામતા) **त्वा** (તમને) **देवाः** (દેવો) **अनुमदन्तु** (હર્ષ પામો).

હે રાજા ! તમારાં મર્મસ્થાનો હું દિવ્ય કવચથી ઢાંકું છું; પછી સોમ તમને અમૃતથી આચ્છાદિત કરો-તમારા પર અમૃતનું સિંચન કરો; વરુણ તમારાં કવચને ચડિયાતું-શ્રેષ્ઠ કરો અને તમને જય પામતા જોઈ દેવો હર્ષ પામો. ૧૭

અધ્યાય ચોથો

સૂર્યસ્તુતિ

विभ्राड्बृहत्पिबतु सोम्यम्मद्ध्वायुर्दधद्यज्ञपतावविहुतम् ॥
वातजूतो यो अभिरक्षति त्मना प्रजाः पुपोष पुरुधा विराजति ॥१॥

વિભ્રાટ્ ઋષિ, જગતી છંદ, સૂર્ય દેવતા.

विभ्राट् (વિશેષ પ્રકાશવાન-સૂર્ય) **बृहत्** (મોટું) **पिबतु** (પાન કરો) **सोम्यम्** (સોમરસયુક્ત) **मधु** (મધ-અમૃત) **आयुः** (આયુષ્ય) **दधत्** (સ્થાપતા) **यज्ञपतौ** (યજમાનનું-યજ્ઞ કરનારનુ) **अविहृतम्** (સરળ-દીર્ઘ-અખંડ) **वातजूतः** (વાયુથી પ્રેરાયેલા) **यः** (જે) **अभिरक्षति** (સર્વ જગતને જોતા તેનું રક્ષણ કરે છે.) **त्मना=आत्मना** (જાતે) **प्रजाः** (પ્રજાનું) **पुपोष** (પોષણ કરે છે-પાલન કરે છે) **पुरुधा** (બહુ પ્રકારે) **विराजति** (શોભે છે-પ્રકાશે છે.)

જે વિશેષ કાંતિમાન સૂર્ય પરમાત્માના નિયમ પ્રમાણે વાયુના વેગથી પ્રેરાયેલા થઈ ભ્રમણ કરે છે, સર્વ જગતનું નિરીક્ષણ કરતા પ્રજાનું રક્ષણ કરે છે, પોતાના તેજ દ્વારા વૃષ્ટિ વગેરેથી પ્રજાનું પાલન કરે છે, ચંદ્ર-તારાઓ વગેરે જ્યોતિરૂપોથી અનેક પ્રકારે પ્રકાશે છે અને યજ્ઞ કરનારાઓના આયુષ્યની વૃદ્ધિ કરે છે, તે વિરાજમાન સૂર્ય સોમરસયુક્ત પ્રસિદ્ધ મધનું-અમૃતપાન કરો. તે જ સૂર્ય અમૃતપાન કરવા યોગ્ય છે.

उदु त्यञ्जातवेदसन्देवं वहन्ति केतवः । दृशे विश्वाय सूर्य्यम् ॥२॥

પ્રસ્કણ્વ ઋષિ, ભુરિક્ આર્ષી ગાયત્રી છંદ, સૂર્ય દેવતા.

त्यम् (તે પ્રસિદ્ધ) **जातवेदसम्** (તેજોમય-જેમાંથી વેદ ઉત્પન્ન થયા છે એવા-વેદવિહિત કર્મોનાં ફળ જેનાથી મળે છે તે-વેદ-બ્રહ્મજ્યોતિમાંથી ઉત્પન્ન થયેલા-વેદમંત્ર ભણવાથી જાણે ઉદય પામતા હોય તેવા) **देवम्** (પ્રકાશસ્વરૂપ-દેવને) **उद्वहन्ति** ઊંચે વહન

કરે છે) **केतवः** (કિરણો) **दृशे** (દર્શન માટે) **विश्वाय** (વિશ્વના) **सूर्यम्** (સૂર્યને).

આખું વિશ્વ જોઈ શકે તેટલા માટે, પ્રકાશ વડે સર્વ પ્રાણીઓને કર્મમાં પ્રવૃત્ત કરવા માટે, તેજોમય (વેદ જેમાંથી ઉત્પન્ન થયા છે એવા) વેદમંત્ર ભણવાથી જાણે ઉદય[1] પામતા હોય એવા દ્યુતિમાન સૂર્યને કિરણો-સૂર્યઅશ્વો ઊંચે નભમંડળમાં વહન કરે છે, તે સૂર્યસ્વરૂપી પરમાત્માની અમે ઉપાસના કરીએ છીએ. ૨

येना पावक चक्षसा भुरण्यन्तञ्जनाँ२ अनु ॥ त्वं वरुण पश्यसि ॥

પ્રસ્કણ્વ ઋષિ, ભુરિક્ આર્ષી ગાયત્રી છંદ, સૂર્ય દેવતા.

येन (જે) **पावक** (પવિત્ર કરનાર-શુદ્ધ કરનાર) **चक्षसा** (પ્રકાશ વડે) **भुरण्यन्तम्** (પોષણ કરતા) **जनान्** (જનોને) **त्वम्** (તમે) **वरुण** (હે વરુણદેવ) **अनुपश्यसि** (પ્રકાશો છો-જુઓ છો).

હે (સર્વને શુદ્ધ કરનાર વરુણ-અનિષ્ટ નિવારણ કરનાર) સૂર્ય! તમે જેવી રીતે સર્વ પ્રાણીઓને પ્રકાશથી પોષતા અનુગ્રહવાળી દૃષ્ટિથી જુઓ છો તેવી રીતે અમારું પોષણ કરતા અમારા પર અનુગ્રહવાળી દૃષ્ટિ રાખો. ૩

दैव्यावद्ध्वर्य्यूऽआगतꣳ रथेन सूर्य्यत्वचा ॥
मद्ध्वा यज्ञꣳ समञ्जाथे ॥ तम्प्रत्नथायं वेनश्चित्रन्देवानाम् ॥४॥

---

૧. દ્વિજોના અર્ઘ્ય આપવાના સમયે જાણે વેદમંત્રના બળે અથવા જાણે વેદમંત્ર સહ અપાતા અર્ઘ્ય સ્વીકારવાની આતુરતાથી સૂર્ય ઊગતા જણાય છે એવી ઉત્પ્રેક્ષાઓ છે.

૨. **બીજો અર્થ** : સર્વ મેધયાજીઓ ભુરણ્ય નામના પક્ષીરૂપ થઈ સ્વર્ગમાં જાય છે તેને જે દૃષ્ટિથી પાવક સર્વને શુદ્ધ કરનાર (વરુણ) જુઓ છો, તે દૃષ્ટિથી અમારું પોષણ કરતા હે વરુણ! હે સૂર્ય! અમને જુઓ. વેદભાષ્યમાં આવો અર્થ પણ કરેલો છે. આ મંત્રમાં સૂર્ય અને વરુણની એકતા દર્શાવી છે.

પ્રસ્કણ્વ ઋષિ, ગાયત્રી છંદ, દેવોના અધ્વર્યુ–દેવોના વૈદ્ય–અશ્વિન દેવતા

दैव्यौ (દિવ્ય–દેવોના) **अध्वर्यू** (હે અધ્વર્યુ–હે અશ્વિનો) **आगतम्** (આવો) **रथेन** (રથમાં બેસીને) **सूर्यत्वचा** (સૂર્યના જેવા તેજસ્વી) **मध्वा** (મધુ વડે–સોમ પુરોડાશ–દધિ વગેરે મિષ્ટ મધુ-યુક્ત હવિથી) **यज्ञम्** (અમારા યજ્ઞને) **समञ्जाथे** (રક્ષણ કરો–બહુ હવિવાળો કરો) '**तम्प्रत्नथा**' પાંચમા મંત્રના '**अयंवेनः**' છઠ્ઠા મંત્રના તથા '**चित्रंदेवानाम्**' એ સાતમા મંત્રના શરૂઆતના શબ્દો છે. **तम्** (તે યજ્ઞને) **प्रत्नथा** (પૂર્વજોની માફક રક્ષણ કરો) **अयम्** (આ તમે) **वेनः** (સુંદર છો) **चित्रम्** (આશ્ચર્ય રૂપ) **देवानाम्** (દેવોમાં)

હે દિવ્ય–દેવતાના અધ્વર્યુ–યજ્ઞ કરનાર–અશ્વિન દેવતાઓ ! સૂર્ય સમાન કાંતિવાળા રથમાં બેસી પધારો અને મધુથી મિષ્ટ સ્વાદ-વાળાં, બહુ પ્રકારનાં-હવિથી યુક્ત અમારો યજ્ઞ કરો. અમારો પૂર્વજોનો યજ્ઞ જેમ રક્ષણ કરતા હતા–હવિવાળો કરતા હતા–તેમ કરો. તમે દેવોમાં સૌંદર્યવાન અને આશ્ચર્યરૂપ[1] છો. ૪

तम्प्रत्नथापूर्वथाविश्वथेमथाज्ज्येष्ठतातिम्बर्हिषदँस्वर्विदम् ॥
प्रतीचीनंवृजनन्दोहसेधुनिमाशुञ्जयन्तमनुयासुवर्द्धसे ॥ ५ ॥

અવત્સાર ઋષિ, નિચૃત્ આર્ષી જગતી છંદ, ઇંદ્ર દેવતા.

तम् (તેને) **प्रत्नथा** (પ્રાચીન ઋષિઓએ જેમ) **पूर्वथा** (પહેલાંના ઋષિઓએ–પૂર્વજોએ જેમ) **विश्वथा** (સર્વ ઋષિપુત્રોએ જેમ–સર્વ પ્રાણીઓએ જેમ) **इमथा** (હમણાંના યજમાનોએ જેમ)

---

૧. **બીજો અર્થ** : સૂર્યના પ્રકાશરૂપ રથમાં બેસી દિન–રાત્રિરૂપ યજ્ઞ કરનાર દિવ્ય અધ્વર્યુ યુગલઅશ્વિનો ! આવો અને સૃષ્ટિરૂપ યજ્ઞ અનેક સુખોરૂપી મધુથી સંપન્ન કરો.

ज्येष्ठतातिम् (મોટાઓમાં પ્રશસ્ય ઉત્કૃષ્ટ વિસ્તારવાળા) **बर्हिषदम्** (યજ્ઞમાં વિરાજનાર) **स्वर्विदम्** (સર્વજ્ઞ–સર્વ ફળને આપનાર–સ્વર્ગનો જાણકાર–સ્વર્ગ આપનાર) **प्रतीचीनम्** (સન્મુખ આવનાર) **वृजनम्** (બળવાન–વર્જવા–ત્યજવા યોગ્ય આળસ, અશ્રદ્ધા વગેરે) **दोहसे** (પૂરો છો–દોહન કરો છો–દૂર કરો છો) **धुनिम्** (કંપાવ-નાર) **आशुम्** (શીઘ્ર ગમન કરનાર) **जयन्तम्** (જય પામનાર) **यासु** (જે સ્તુતિઓથી–જે યજ્ઞક્રિયાઓથી) **वर्धसे** (વૃદ્ધિ પામો છો).

હે ઇંદ્ર ! તમે મોટાઓમાં પ્રશસ્ય (ઉત્કૃષ્ટ વિસ્તારવાળાં) રાજ્ય-વાળા, યજ્ઞમાં વિરાજનાર, સર્વજ્ઞ–સર્વફળ આપનાર–સ્વર્ગ આપનાર, સામે આવનાર બળવાન શત્રુને કંપાવનાર, સ્તુતિથી સન્મુખ આવનાર, અશ્રદ્ધા વગેરેનો નાશ કરનાર, જલદી કાર્ય કરનાર–શીઘ્ર ગતિવાળા, હમેશાં જય પામનાર–યજમાનનું અંતઃકરણ જીતી લેનાર છો. તમે જે સ્તુતિઓથી પ્રસન્ન થઈ ફળ આપો છો (આલસ્ય, અશ્રદ્ધા નાશ કરો છો) તથા દિનપ્રતિદિન વૃદ્ધિ પામો છો (યજમાનની વૃદ્ધિ–ચડતી કરો છો) અને જેમ તમારી સ્તુતિઓથી પ્રાચીન ઋષિઓ તથા પૂર્વજોએ ફળ મેળવ્યાં હતાં અને સર્વ પ્રાણીઓ તથા હાલના યજમાનો ફળ મેળવે છે તેમ તે સ્તુતિઓથી ઉત્તમ ફળ પ્રાપ્ત કરવા અમે તમારું સ્તવન કરીએ છીએ.

अयंवेनश्चोदयत्पृश्निगर्भाज्ज्योतिर्जरायूरजसोविमाने ॥
इममपाँसंगमेसूर्य्यस्यशिशुन्नविप्रामतिभीरिहन्ति ॥ ६ ॥

કશ્યપ ઋષિ, નિચૃત્ આર્ષી ત્રિષ્ટુપ છંદ, સોમ–ચંદ્રમા દેવતા.

अयम् (આ) **वेनः** (કાંત–સુંદર ચંદ્રમા) **चोदयत्** (પ્રેરે છે) **पृश्निगर्भाः** (પૃશ્નિ–આદિત્યલોક–દ્યુલોક જેનું ગર્ભ–ઉત્પન્ન થવાનું સ્થાન છે તે–જળ) **ज्योतिर्जरायुः**[1] જ્યોતિ–વિદ્યુતરૂપી

---

૧. વીજળીથી વીંટાયેલા ચંદ્રમા. ભાષ્યમાં આ ચંદ્રમાનું વિશેષણ ગણ્યું છે.

जरायुः (ઓર છે જેની એવાં) **रजसः** (જળની) **विमाने** (ઉત્પત્તિ સમયે-ગ્રીષ્મઋતુના અંતમાં) **इमम्** (આ) **अपाम्** (જળના) **संगमे** (સંગમ વખતે) **सूर्यस्य** (સૂર્યના) **शिशुम्** (બાળકની) **न** (માફક) **विप्राः** (વિદ્વાન બ્રાહ્મણો) **मतिभिः** (સ્તોત્રોથી) **रिहन्ति** (સ્તવન કરે છે).

જળનો સૂર્ય સાથે સંગમ[1] થાય છે ત્યારે મેઘરૂપે દ્યુલોકમાં જેની સ્થિતિ છે અને જે વીજળીના પ્રકાશરૂપી ઓરથી વીંટાયેલાં છે એવાં જળની તેની ઉત્પત્તિ સમયે-ગ્રીષ્મઋતુના અંતમાં-આ સુંદર ચંદ્રમા વૃષ્ટિ કરે છે. જેમ બાળકોને પિતાઓ ગાઈ લાડ લડાવે છે, તેમ વિદ્વાન બ્રાહ્મણો આ ચંદ્રમાની-સૂર્યપુત્રની ઘણાં સ્તોત્રોથી સ્તુતિ કરે છે.

चित्रन्देवानामुदगादनीकञ्चक्षुर्मित्रस्यवरुणस्याग्नेः ॥
आप्राद्यावापृथिवीअन्तरिक्षꣳसूर्यआत्माजगतस्तस्थुषश्च॥७॥

કુત્સ ઋષિ, ભુરિક્ આર્ષી, ત્રિષ્ટુપ છંદ, સૂર્ય દેવતા.

चित्रम् (આશ્ચર્યકારક) **देवानाम्** (દેવોનો-રશ્મિઓનો) **उदगात्** (ઉદય પામ્યો છે) **अनीकम्** (તેજનો સમૂહ-આશ્રય) **चक्षुः** (ચક્ષુ) **मित्रस्य** (મિત્રનું) **वरुणस्य** (વરુણનું) **अग्नेः** (અગ્નિનું) **आप्राः** (વ્યાપી કાઢે છે-ભરી દે છે) **द्यावापृथिवी** (દ્યુલોક અને પૃથ્વી) **अन्तरिक्षम्** (આકાશ) **सूर्यः** (સૂર્ય) **आत्मा** (આત્મા-સ્વરૂપ) **जगतः** (જંગમ પદાર્થોનો) **तस्थुषः** (સ્થાવર પદાર્થોનો) **च** (અને).

આશ્ચર્યકારક કિરણોના સમૂહરૂપ સૂર્ય ઉદય પામ્યો છે. મિત્ર, વરુણ અને અગ્નિ એ ત્રણ દેવથી સૂચિત સર્વ જગતનું એ નેત્ર છે.

---

૧. સૂર્ય અને જળનો સંગમ થવાથી જળ વરાળરૂપે ઊંચે ચડી દ્યુલોકમાં-નભમાં મેઘરૂપ થાય છે એ વેદના સમયથી જાણીતું છે.

એ સૂર્ય દ્યુલોક, અંતરિક્ષ તથા પૃથ્વીમાં વ્યાપે છે અને એ સર્વના પ્રેરક પરમાત્મારૂપે સ્થાવર-જંગમ સર્વ પદાર્થોનો આત્મા અંતર્યામી છે.

आनइडाभिर्विदथेसुशस्तिविश्वानरःसवितादेवऽएतु ॥
अपियथायुवानोमत्सथानोविश्वञ्जगदभिपित्वेमनीषा ॥८॥

અગસ્ત્ય ઋષિ, ત્રિષ્ટુપ છંદ, સૂર્ય દેવતા.

नः (અમારા) **इडाभिः** (અન્નોથી-સ્તુતિઓથી) **विदथे** (યજ્ઞગૃહમાં) **सुशस्ति** (પ્રશંસાપાત્ર) **विश्वानरः** (વિશ્વના સર્વ પ્રાણીઓના રક્ષક) **सविता** (પ્રેરક-સૂર્ય) **देवः** (દેવ) **आ-एतु** (આવો) **अपि** (વળી) **यथा** (જેથી-જે પ્રકારથી) **युवानः** (જરા રહિત દેવો-અમારા યુવાન પુત્ર વગેરે પરિવાર) **मत्सथ** (તૃપ્તિ આપો) **नः** (અમારું) **विश्वम्** (આખું) **जगत्** (જગત-પરિવાર-પશુ વગેરે) **अभिपित्वे** (આગમન સમયે) **मनीषा** (બુદ્ધિપૂર્વક).

સર્વ પ્રાણીઓના રક્ષક, હિતકારક તથા પ્રેરક સૂર્યદેવ અમારાં અન્નોથી ભરેલાં (સ્તુતિઓ જયાં થયા કરે છે એવાં) પ્રશંસાપાત્ર યજ્ઞગૃહમાં પધારો. તમારા આગમનથી નિશ્ચત રીતે જેમ અમારા યુવાનો તૃપ્તિ પામે તથા પરિવાર અને પશુઓ વગેરેરૂપ અમારું આખું જગત તૃપ્તિ પામે એ પ્રમાણે બુદ્ધપૂર્વક સ્વેચ્છાથી કરો. હે જરારહિત દેવો ! તમારા આગમન સમયે જેમ અમારા યજ્ઞથી તમે તૃપ્તિ પામો છો તેમ અમારા પુત્રપરિવાર-પશુ વગેરેરૂપ આ આખા જગતને સ્વેચ્છાથી તૃપ્ત કરો.

यदद्यकच्चवृत्रहन्नुदगाऽअभिसूर्य ॥ सर्वन्तदिन्द्रतेवशे ॥९॥[1]

શ્રુતકક્ષ સુકક્ષ ઋષિઓ, ગાયત્રી છંદ, સૂર્ય દેવતા.

यत् (જે) **अद्य** (આજે) **कच्च** (જે કાંઈ પદાર્થ, જે પ્રદેશ)

---

૧. આ મંત્રમાં સૂર્યને ઇંદ્ર તરીકે સંબોધી તેની સાથે સૂર્યની એકતા દર્શાવી છે.

वृत्रहन् (વૃત્ર અસુરરૂપ મેઘ અથવા રાત્રિના અંધકારનો નાશ કરનાર) **उदगा** (ઊગો છો) **अभि** (તરફ–આસપાસ) **सूर्य** (હે સૂર્ય) **सर्वम्** (સર્વ) **तत्** (તે) **इन्द्र** (ઇંદ્ર–ઐશ્વર્યસંપન્ન દેવ) **ते** (તારે) **वशे** (વશમાં છે).

હે અંધકારનાશક ! ઐશ્વર્યસંપન્ન દેવ સૂર્ય ! આજે જે પ્રદેશમાં-જે કાંઈ પદાર્થોના પ્રતિ–તમે ઉદય પામો છો તે સર્વ તમારે આધીન છે.

तरणिर्विश्वदर्शतोज्ज्योतिष्कृदसिसूर्य ॥ विश्वमाभासिरोचनम् ॥

પ્રસ્કણ્વ ઋષિ, ગાયત્રી છંદ, સૂર્ય દેવતા.

तरणिः (નભમંડળના માર્ગમાં ગમન કરનાર[1]–ઉપાસકોને રોગમાંથી તારનાર–સંસારમાંથી તારનાર) **विश्वदर्शतः** (સર્વ વસ્તુ જેનાથી પ્રકાશે છે તે–સર્વ પ્રાણીઓને–મુમુક્ષુઓને દર્શનયોગ્ય) **ज्योतिष्कृत्** (પ્રકાશકર્તા–ચંદ્રાદિને રાતે પ્રકાશ આપનાર–સૂર્યાદિના કર્તા) **असि** (છો) **सूर्य** (હે સૂર્ય–સર્વના અંતર્યામીરૂપ પ્રેરક પરમાત્મા) **विश्वम्** (વિશ્વને–ગ્રહાદિને[2]–દશ્ય પદાર્થને–આખાં) **आभासि** (પ્રકાશિત કરો છો) **रोचनम्** (દીપતાં–અંતરિક્ષને)

હે સૂર્ય ! સર્વના અંતર્યામી પરમાત્મા ! તમે આકાશના મહામાર્ગમાં તરતા–ત્વરાથી ગમન કરતા જણાઓ છો, ઉપાસકોને રોગથી તારો છો, મુમુક્ષુઓને સંસારથી તારો છો, સર્વ વસ્તુ તમારાથી પ્રકાશે છે, તમે સર્વને–મુમુક્ષુઓને દર્શનયોગ્ય છો; પ્રકાશકર્તા છો, સૂર્ય-ચંદ્ર વગેરેના કર્તા છો; અને સર્વ જગતને રમ્ય દેખાય એ રીતે પ્રકાશિત કરો છો. સર્વ દશ્ય પદાર્થને ચૈતન્યના સ્ફુરણથી પ્રકાશો છો–સર્વ સ્થળે વ્યાપક અંતરિક્ષને પ્રકાશિત કરો છો, અગ્નિ, વિદ્યુત,

---

૧. योजनानां सहस्रे द्वे द्वेशते द्वे च योजने ।
एकेन निमिषार्धेन क्रममाण नमोस्तु ते ॥
અર્ધ નિમિષમાત્રમાં ૨૨૦૨ યોજન સૂર્યની ગતિ સ્મૃતિમાં કહી છે.

૨. અગ્નિ, વીજળી, નક્ષત્રો, ચંદ્ર, તારા, ગ્રહો વગેરે સૂર્યથી પ્રકાશે છે.

નક્ષત્રો તથા ગ્રહોને પ્રકાશિત કરો છો. ૧૦

तत्सूर्य्यस्यदेवत्वन्तन्महित्वम्मद्ध्याकर्त्तोर्विततंसञ्जभार ॥
यदेदयुक्तहरितःसधस्त्थादाद्रात्रीवासस्तनुतेसिमस्म्मै ॥११॥

કુત્સ ઋષિ, ત્રિષ્ટુપ છંદ, સૂર્ય દેવતા.

तत् (તે) **सूर्यस्य** (સર્વપ્રેરક આદિત્યનું) **देवत्वम्** (ઈશ્વરપણું) **महित्वम्** (મહત્ત્વ) **मध्या** (મધ્યે) **कर्तोः** (કર્મની–શ્રેષ્ઠ કાર્યરૂપ–જગતની) **विततम्** (પોતાનો વિસ્તીર્ણ રશ્મિસમૂહ) **संजभार** (અસ્ત પામતાં પોતાનામાં સમેટી લે છે–પાછો ખેંચી લે છે–પોતાની કક્ષામાં નિયમિત રાખે છે) **यदा** (જ્યારે) **इत्** (વળી) **अयुक्त** (બીજી બાજુ પ્રેરે છે–છોડી મૂકે છે) **हरितः** (રસ હરણ કરતાં–પીળાં કિરણોને–સુવર્ણરંગના અશ્વોને) **सधस्थात्** (પૃથ્વી ઉપરથી–વ્યોમમંડળથી–રથથી) **आत्** (ત્યાર પછી) **रात्री** (રાત્રિ) **वासः** (આચ્છાદન કરનાર અંધકાર–અંધકારરૂપી વસ્ત્ર) **तनुते** (વિસ્તરે છે–પાથરે છે) **सिमस्मै** (સર્વ દિશામાં–સર્વની ઉપર).

સૂર્યનું ઈશ્વરપણું તથા મહત્ત્વ એ છે કે, પોતાનાં શ્રેષ્ઠ કાર્યરૂપ જગતની મધ્યમાં રહીને પોતાના આકર્ષણથી મહાવિસ્તારવાળા ગ્રહમંડળને પોતપોતાની કક્ષામાં પોતાના આકર્ષણથી નિયમિત રાખે છે. પોતાનાં કાર્યક્ષેત્ર આકાશમંડળમાં વિસ્તારેલું તેજ–વિસ્તારેલો કિરણનો સમૂહ–અસ્ત પામતી વખતે પોતામાં સમેટી લે છે અને વળી જ્યારે આકાશમાંથી પીળાં કિરણો પોતામાં ખેંચી લે છે–પૃથ્વી ઉપરથી બીજી બાજુ કિરણો પ્રેરે છે–પોતાના રથથી સુવર્ણરંગી અશ્વોને છોડે છે ત્યારે રાત્રિ સર્વ વસ્તુને (પોતાનાં અંધકારરૂપી વસ્ત્રથી) આચ્છાદિત કરે છે–સર્વ દિશામાં અંધારપિછોડી પાથરે છે. ૧૧

तन्मित्रस्यवरुणस्याभिचक्षेसूर्य्योरूपङ्कृणुतेद्योरुपस्त्थे ॥
अनन्तमन्न्यद्रुशदस्यपाजःकृष्णमन्न्यद्धरितःसम्भरन्ति ॥१२॥

કુત્સ ઋષિ, ત્રિષ્ટુપ છંદ, સૂર્ય દેવતા.

तत् (તે) **मित्रस्य** (મિત્રદેવનું) **वरुणस्य** (વરુણદેવનું) **अभिचक्षे** (જુએ છે) **सूर्यः** (સૂર્ય) **रूपम्** (રૂપ) **कृणुते** (ધારણ કરે છે) **द्योः** (દ્યુલોકના) **उपस्थे** (સંગમમાં-ઉત્સંગમાં) **अनन्तम्** (દેશકાળથી અપરિચ્છેદ્ય-અનંત) **अन्यत्** (એક) **रुशत्** (શુકલ-દેદીપ્યમાન) **अस्य** (આ સૂર્યનું) **पाजः** (રૂપ) **कृष्णम्** (કૃષ્ણ-શ્યામ) **अन्यत्** (બીજું) **हरितः** (કિરણો-દિશાઓ-ઇંદ્રિયવૃત્તિઓ) **संभरन्ति** (ધારણ કરે છે).

દ્યુલોક સાથે પૃથ્વીના સંગમ આગળ-ક્ષિતિજમાં ઉદય સમયે સૂર્ય મિત્રદેવતા તથા વરુણદેવતાનું રૂપ ધારણ કરીને વિશ્વને નિહાળે છે-પોતાનું રૂપ પ્રકટ કરે છે-પ્રકાશે છે. (મિત્રરૂપે પુણ્યશીલ સજ્જન મનુષ્યો પર કૃપા કરે છે અને વરુણરૂપે દુર્જન મનુષ્યોનો નિગ્રહ કરે છે) આ સૂર્યનું એકરૂપ (નિર્ગુણ) અનંત, દેશકાળથી અબાધ્ય દેદીપ્યમાન-સત્-ચિત્-આનંદમય છે અને બીજું અસ્ત સમયે-કિરણો સમેટી લે છે ત્યારે કૃષ્ણ-રાત્રિ સમયે અંધકાર-અજ્ઞાનમયરૂપ છે અથવા આ સૂર્યનાં કિરણો અનંત, અંધકારને નાશ કરનારો પ્રકાશ સર્વત્ર ભરી દે છે અને રાત્રિએ કિરણો અદષ્ટ થવાથી સર્વત્ર અંધકાર ભરી દે છે.* ૧૨

बण्महाँ२अंसिसूर्य्यबडांदित्यमहाँ२असि ॥
महस्तैसतोमंहिमापंनस्यतेद्धादेंवमहाँऽअंसि ॥ १३ ॥

---

* **બીજો અર્થ** : જ્યારે મિત્ર અને વરુણરૂપે સૂર્ય ક્ષિતિજમાં ઉદય પામે છે ત્યારે દિશાઓ અનંત વિસ્તારમાં શોભીતું-પ્રકાશમય રૂપ અને અસ્ત સમયે બીજું અંધકારમય-કૃષ્ણરૂપ ધારણ કરે છે

* **ત્રીજો અર્થ** : પુણ્યના પરિપાકથી અને પાપની નિવૃત્તિથી જ્ઞાનરૂપી સૂર્ય અંતઃકરણમાં ઉદય પામે છે ત્યારે મન ઇંદ્રિયની વૃત્તિઓ અનંત વિસ્તાર-વાળા પ્રકાશમય બ્રહ્મરૂપ બની જાય છે અને અજ્ઞાનદશામાં અંધકારમય સંસારમાં તન્મય થઇ રહે છે.

જમદગ્નિ ઋષિ, બૃહતી છંદ, સૂર્ય દેવતા.

बट् (સત્ય-ખરેખર) **महान्** (મહાન-સર્વથી અધિક તેજસ્વી) **असि** (છો) **सूर्य** (હે સૂર્ય) **बट्** (ખરેખર) **आदित्य** (હે આદિત્ય-સર્વને ગ્રહણ કરનાર-જાણનાર) **महान्** (મોટા) **असि** (છો) **महः** (મહાન) **ते** (તમે) **सतः** (છો)-(આપ કે જે મહાન છો તેનો) **महिमा** (મહિમા) **पनस्यते** (સર્વ લોકો જેની સ્તુતિ કરે છે-પૂજા કરે છે) **अद्धा** (ખરેખર) **देव** (હે દેવ-હે પરમાત્મા) **महान्** (મોટા-બળથી પણ મોટા) **असि** (છો).

હે સૂર્ય! સર્વ કાર્યમાં પ્રેરણા કરવાવાળા હે સૂર્યરૂપ પરમાત્મા! તમે ખરેખર સર્વથી અધિક છો; હે આદિત્ય! તમે ખરેખર બળમાં સર્વથી સમર્થ છો; જેનો મહિમા સર્વ લોકો ગાય છે એવા હે દેવ! હે પ્રભુ! તમે સત્યપણે-નિઃસંશય સર્વથી શ્રેષ્ઠ છો. ૧૩

बट्सूर्य्यश्रंवसामहाँ२अंसिसत्रादेंवमहाँ२अंसि ।
मन्हादेवानांमसुर्य्यः पुरोहिंतोविभुज्ज्योतिरदांभ्यम् ॥१४॥

જમદગ્નિ ઋષિ, સતોબૃહતી છંદ, સૂર્ય દેવતા.

बट् (સત્યપણે-ખરેખર) **सूर्य** (હે સૂર્ય) **श्रवसा** (શ્રવણના બળથી ધન-અન્ન-યશથી) **महान्** (સર્વથી અધિક) **असि** (છો) **सत्रा** (સત્ય) **देव** (હે દેવ-મહાશય) **महान्** (દેવોમાં શ્રેષ્ઠ) **असि** (છો) **मन्हा** (મહત્ત્વમાં) **देवानाम्** (દેવોની મધ્યે) **असुर्यः** (અસુરોનો નાશ કરનાર-અસુ-પ્રાણો જેને છે તે અસુરો એટલે પ્રાણીઓનો હિતકર્તા) **पुरोहितः** (સર્વ કાર્યમાં અગ્રે-પ્રથમ પૂજ્ય) **विभु** (સર્વવ્યાપક) **ज्योतिः** (તેજરૂપ) **अदाभ्यम्** (અપ્રતિહત-હણાય-રોકાય નહિ એવું).

હે સૂર્ય! શ્રવણના બળથી, વિવિધ અન્ન ઉગાડવાથી, યશથી,

ધનથી તું મોટો છે. હે પ્રકાશમય દેવ ! સત્ત્વથી પણ તું મોટો છે. સર્વ દેવોમાં તું અસુરોનો નાશ કરનાર છે, સર્વ પ્રાણીઓનો હિતકર્તા છે, દેવોના પ્રાણરૂપ છે. આ તારી મહત્તા છે; તું[1] પ્રથમપૂજ્ય, સર્વ-વ્યાપક–રોકી શકાય નહિ એવા તેજવાળો–અદ્વિતીયસ્વરૂપ છે. ૧૪

श्रायन्तइवसूर्य्यंविश्वेदिन्द्रस्यभक्षत ॥ वसूनिजातेजनमान-
ओजसाप्रतिभागन्नदीधिम ॥ १५ ॥

નૃમેધ ઋષિ, બૃહતી છંદ, સૂર્ય દેવતા.

श्रायन्तः (આશ્રયે રહેલાં) **इव** (જાણે) **सूर्यम्** (સૂર્યને) **विश्व** (સર્વ ધન–વૃષ્ટિ તથા તેથી નીપજતાં અન્ન વગેરે) **इत्** (જ) **इन्द्रस्य** (ઇંદ્રનાં–ઇંદ્રથી પ્રાપ્ત થતાં) **भक्षत** (મેળવો) **वसूनि** (ધનો) **जाते** (જન્મેલા પુત્ર–પૌત્રાદિમાં) **जनमाने** (હવે પછી જન્મવાના પુત્ર–પૌત્રાદિમાં) **ओजसा** (બળ સાથે–તેજ સાથે) **प्रतिभागम्** (પ્રત્યેક પુરુષના ભાગ પ્રમાણે–પ્રત્યેક પૃથ્વીના વિભાગ–ક્ષેત્રમાં) **न** (જાણે) **दीधिम** (સ્થાપીએ છીએ).

કિરણો જેમ સૂર્યમાં આશ્રય કરી રહ્યાં છે તેમ વૃષ્ટિથી ઇંદ્ર દ્વારા ઉત્પન્ન થતાં અન્ન વગેરે ધનો હે જનો ! તમે પ્રાપ્ત કરો. તે અન્નો–ધનો (જન્મેલાં તથા હવે પછી જન્મવાનાં) પુત્ર–પૌત્રાદિકોમાં બળ–તેજ સાથે પુત્રોમાં ભાગ પાડીએ છીએ તેમ ભાગ પ્રમાણે જનોમાં વહેંચી આપીએ છીએ.[2] ૧૫

૧. સૂર્યને સૌથી પ્રથમ–પ્રભાતમાં સંધ્યા કરતી ત્રણ વર્ણ–બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય અર્ધ્યપ્રદાન કરે છે–પૂજે છે.

૨. **બીજો અર્થ** : સૂર્યમાં આશ્રય કરી રહેલાં કિરણો. વૃષ્ટિ વગેરેથી ઉત્પન્ન થતાં અન્ન વગેરે ધનોને જુદાં જુદાં ક્ષેત્રોમાં વૃષ્ટિને પ્રેરી ઇંદ્ર પ્રાણીઓ-માં વહેંચી આપે છે. એ વૃષ્ટિથી બળ વડે ઉપજાવેલાં અને ઉપજાવવાનાં અન્નો, પિતાનું ધન પુત્રોમાં વહેંચી લેવામાં આવે છે તેમ ભાગ પ્રમાણે અમે

अद्यादेवाउदितासूर्य्यस्यनिरंहसःपिपृता निरवद्यात् ॥
तन्नोमित्रोवरुणोमामहन्तामदितिःसिन्धुःपृथिवीउतद्यौः ॥१६

કુત્સ ઋષિ, ત્રિષ્ટુપ છંદ, મિત્ર વગેરે દેવો–દેવતા.

अद्य (આ સમયે–આજ) **देवाः** (હે પ્રકાશમાન સૂર્યનાં કિરણમાં રહેલા દેવતાઓ) **उदिता** (ઉદય પામેલા) **सूर्यस्य** (સૂર્યના-આદિત્યના) **अंहसः** (પાપમાંથી) **अवद्यात्** (અપયશમાંથી) **निः=निष्पिपृत** (મુક્ત કરો) **तत्** (જે ઉપર કહેલું–પ્રાર્થેલું છે તે) **नः** (અમારું) **मित्रः** (દિવસના અધિષ્ઠાતા દેવ) **वरुणः** (અનિષ્ટનું નિવારણ કરનાર, રાત્રિના અધિષ્ઠાતા દેવતા) **मा** (મને) **महन्ताम्** (તથાસ્તુ કહી અનુમોદન આપો) **अदितिः** (દેવમાતા) **सिन्धुः** (વહન કરતી નદીના અભિમાની દેવતા). **पृथिवी** (પૃથ્વી) **उत** (તથા) **द्यौः** (દ્યુલોકના અભિમાની દેવતા).

હે સૂર્યના પ્રકાશમાન કિરણોમાં રહેલા દેવો ! આજે ઉદય થઈ તમે અમને પાપમાંથી તથા અપયશમાંથી મુક્ત કરો. મિત્ર વરુણ, દેવમાતા અદિતિ, સરિતા તથા દ્યુલોકની અધિષ્ઠાત્રી દેવીઓ આ અમારી પ્રાર્થનાને ‘ તથાસ્તુ ’ કહી અનુમોદન આપો. ૧૬

आकृष्णेनरजसावर्तमानोनिवेशयन्नमृतम्मर्त्यञ्च ॥
हिरण्ययेनसवितारथेनादेवोयातिभुवनानिपश्यन् ॥ १७ ॥

હિરણ્યસ્તૂપ ઋષિ, ત્રિષ્ટુપ છંદ, સૂર્ય દેવતા.

कृष्णेन (શ્યામ–અંધકારમય) **रजसा** (અંતરિક્ષ લોકથી) **आवर्तमानः** (ફરી ફરી આવતો) **निवेशयन्** (પોતપોતાના કામમાં

ધારણ કરીએ છીએ. પ્રત્યેક ભૂમિના ભાગમાં (પ્રત્યેક ક્ષેત્રે) સ્વબળથી વૃષ્ટિ કરી ઇંદ્રે જે અન્નો ઉત્પન્ન કર્યાં છે અને ઇંદ્રે જે ઉત્પન્ન કરવાના છે તે અમે તેમની કૃપા પ્રમાણે વહેંચી લઈ સંતોષ ધરીએ છીએ.

પ્રવેશ કરાવતો–નિયોજતો) **अमृतम्** (દેવવર્ગને) **मर्त्यं** (મનુષ્ય-વર્ગનું) **च** (તેમ જ) **हिरण्ययेन** (સુવર્ણ જેવા ચળકતા) **सविता** (સર્વના પ્રેરક દેવ–સૂર્ય) **रथेन** (રથથી) **देवः** (દેવ) **आयाति** (આવે છે) **भुवनानि** (ભુવનોને–ભુવનોના પાપ–પુણ્ય આચરતા લોકોને) **पश्यन्** (જોતો).

રાત્રિ સમયે અંધકારમય તથા અંતરિક્ષ લોકમાંથી ફરી ફરી ઉદય પામતા, દેવોને તથા મનુષ્યોને પોતપોતાના કાર્યમાં લગાડતા, સર્વના પ્રેરક પ્રકાશમાન સૂર્ય સુવર્ણના જેવા ચળકતા રથમાં બેસીને, સર્વ ભુવનોને–ભુવનના લોકોની પાપ–પુણ્યમય પ્રવૃત્તિઓને નિહાળતા આવે છે.

इति रुद्रे चतुर्थोऽध्यायः ॥

ચોથો અધ્યાય સમાપ્ત

* યજુર્વેદ -
16 મો
રુદ્રાધ્યાય

અધ્યાય પાંચમો

શિવ આરાધન

हरिः ॐ नमस्तेरुद्रमन्यवउतोतइषवेनमः ॥
बाहुभ्यामुततेनमः ॥ १ ॥

પરમેષ્ઠી ઋષિ, ગાયત્રી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર હો) **ते** (તારા) **रुद्र** (હે રુદ્ર, **रु** દુઃખને–અજ્ઞાનને, **द्रावयति** પીગળાવી નાખનાર–નાશ કરનાર. **रुत्**=જ્ઞાન **राति** (આપે છે–જ્ઞાન આપનાર.) **रोदयति इति रुद्रः** (પાપીજનોને રુદન કરાવનાર) **मन्यवे** (રોષને–ક્રોધને) **उत** (વળી) **ते** (તારાં) **इषवे** (બાણોને) **नमः** (નમસ્કાર હો) **बाहुभ्याम्** (બાહુઓને) **उत** (વળી) **ते** (તારા) **नमः** (નમસ્કાર હો).

હે (દુઃખ–અજ્ઞાન દૂર કરનાર–જ્ઞાન આપનાર–પાપીજનોને રુદન કરાવનાર) રુદ્રદેવ! આપના ક્રોધને અમારા નમસ્કાર હો, વળી આપનાં બાણોને અમારા નમસ્કાર હો, તેમ જ આપનાં બાહુઓને અમારા નમસ્કાર હો. ૧

यातेरुद्रशिवातनूरघोरापापकाशिनी ॥
तयानस्तन्वाशन्तमयागिरिशन्ताभिचाकशीहि ॥ २ ॥

પરમેષ્ઠી ઋષિ, આર્ષીસ્વરાટ્ અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

या (જે) **ते** (તારી) **रुद्र** (હે રુદ્રદેવ) **शिवा** (શાંત–મંગળ-રૂપ–કલ્યાણકારી) **तनूः** (શરીર) **अघोरा** (સૌમ્ય) **अपापकाशिनी** (પાપને નહિ પ્રકાશતાં પુણ્યનું ફળ આપનારી) **तया** (તે) **नः** (અમને) **तन्वा** (શરીરથી) **शन्तमया** (સુખ કરનારી) **गिरिशन्त** (કૈલાસવાસી–સર્વ પ્રાણીને સુખપ્રદાતા–સ્તુતિ કરવાથી સુખ

આપનાર—વાણી વિષે સ્થિત અને સર્વજ્ઞ—મેઘમાં રહી વૃષ્ટિ કરી સુખ આપનાર) **अभिचाकशीहि** (કૃપાદૃષ્ટિથી જુઓ).

હે રુદ્ર ! હે સ્તુતિપ્રિય ! (વાણીના અધિષ્ઠાતા—સ્તુતિઓથી શ્રેય કરનાર !) તમારી જે કલ્યાણ કરનારી—મંગળમય—શાંત—સૌમ્ય અને પાપને નહિ પ્રકાશનારી (પાપનું ફળ નહિ આપતાં પુણ્યનું ફળ આપનારી) કાયા છે તે અત્યંત સુખપ્રદ કાયા વડે અમને કૃપાદૃષ્ટિથી જુઓ. ૨

यामिषुङ्गिरिशन्तहस्तेबिभर्ष्यस्तवे ॥

शिवाङ्गिरित्रताङ्कुरुमाहिꣳसीः पुरुषञ्जगत् ॥ ३ ॥

પરમેષ્ઠી ઋષિ, વિરાટ્ આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

याम् (જે) **इषुम्** (બાણને) **गिरिशन्त** (વેદવાણીમાં સ્થિત) **हस्ते** (હાથમાં) **बिभर्षि** (ધારણ કરો છો) **अस्तवे** (નાખવાને) **शिवाम्** (કલ્યાણકારી) **गिरित्र** (વાણીમાં—કૈલાસમાં રહી રક્ષણ કરનાર) **ताम्** (તેને) **कुरु** (કરો) **मा** (નહિ) **हिंसीः** (નાશ કરશો) **पुरुषम्** (પુત્ર—પૌત્ર વગેરેને) **जगत्** (જંગમ પ્રાણીઓ—ગાય-અશ્વ વગેરેને).

હે વેદવાણીના અધિષ્ઠાતા ! હે કૈલાસપતિ ! હે કૈલાસનિવાસી ત્રાતા ! જે બાણ તમે ફેંકવાને હાથમાં ધારણ કર્યું છે તેને કલ્યાણ-કારી—અભય આપનારું કરો. પુત્ર—પૌત્રાદિકને અકાળ મૃત્યુવશ કરશો નહિ તથા ગૌ—અશ્વ વગેરે જંગમ પ્રાણીઓને—જગતને હણશો નહિ. ૩

शिवेनवचसात्वागिरिशाच्छावदामसि ॥

यथानः सर्वमिज्जगदयक्ष्मꣳसुमनाअसत् ॥ ४ ॥

પરમેષ્ઠી ઋષિ, નિચૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

शिवेन (મંગળરૂપ) **वचसा** (વચનથી) **त्वा** (તને) **गिरिश** (કૈલાસપતિ—વાણીના અધિષ્ઠાતા) **अच्छ** (પ્રાપ્ત કરવાને) **वदामसि** (પ્રાર્થના કરીએ છીએ) **यथा** (જે પ્રકારે) **नः**

(અમારું) **सर्वम्** (સઘળું) **इत्** (જ) **जगत्** (જંગમ પ્રાણીઓ—પુત્ર—પરિવાર, પશુ વગેરે) **अयक्ष्मम्** (રોગરહિત) **सुमनाः** (સ્વસ્થ ચિત્તવાળા) **असत्** (હો).

હે કૈલાસપતિ ! તમને પ્રાપ્ત કરવાને અમે મંગળરૂપ વાણીથી તમારી સ્તુતિ કરીએ છીએ. જેથી અમારાં પુત્રપરિવાર, પશુ વગેરે સઘળાં જંગમ પ્રાણીઓ નીરોગી અને સ્વસ્થ ચિત્તવાળાં થાય તેમ કરો.

अध्यवोचदधिवक्ताप्रथमोदैव्योभिषक् ॥

अहींश्चसर्वाञ्जम्भयन्त्सर्वाश्चयातुधान्योधराचीः परासुव ॥५॥

પ્રજાપતિ ઋષિ, ભુરિક્ આર્ષી બૃહતી છંદ, રુદ્ર દેવતા.

अध्यवोचत् (સર્વથી અધિક હો એમ કહો—કરો) **अधिवक्ता** (વેદશાસ્ત્રોનાં વ્યાખ્યાન કરનાર) **प्रथमः** (સર્વમાં મુખ્ય—પૂજ્ય—આદીશ્વર) **दैव्यः** (દેવોના હિતકર્તા—દિવ્ય) **भिषक्** (જન્મ—મરણવાળા સંસારરૂપી રોગનો નાશ કરનાર) **अहीन्** (સર્પ—વ્યાઘ્ર વગેરે) **सर्वान्** (સર્વ) **जम्भयन्** (નાશ કરી) **सर्वाः** (સઘળી) **च** (અને) **यातुधान्यः** (યાતના—દુઃખ કરનારી રાક્ષસીઓ—મહામારી-ઓ કામનાઓ : યાતના કરવાની શક્તિ જેનામાં નિહિત છે—મુકાયલી છે તે) **अधराचीः** (અધોગમન કરાવનારી—અધોગતિ—વિનાશ કરનારી) **परासुव** (અમારાથી દૂર કરો).

હે વેદશાસ્ત્રોરૂપ મહાવાકયના વ્યાખ્યાતા ! વક્તા ! આદીશ્વર ! દેવોમાં પ્રથમ પૂજ્ય ! દેવોના હિતકર્તા ! સ્મરણમાત્રથી સંસારરૂપી રોગના નાશકર્તા અમે સર્વમાં અધિક થઈએ એમ કરો. સર્વ સર્પ-વ્યાઘ્ર વગેરેના ઉપદ્રવો ! દુર્ગુણરૂપી સર્પોનો નાશ કરી અધોગતિ કરનારી ને વાસના—કામનારૂપી દુઃખ દેનારી સર્વે રાક્ષસીઓને અમારાથી દૂર કરો.

असौयस्ताम्रोअरुणउतबभ्रुः सुमङ्गलः ॥

येचैनꣳरुद्राअभितोदिक्षुश्रिताः सहस्रशोवैषाꣳहेडईमहे ॥६॥

પ્રજાપતિ ઋષિ, વિરાટ્ આર્ષી, પંક્તિ છંદ, રુદ્ર દેવતા.

असौ (આ પ્રત્યક્ષ સૂર્યરૂપી રુદ્ર) **यः** (જે) **ताम्रः** (ઉદય સમયે અત્યંત રક્તવર્ણના દેખાય છે) **अरुणः** (અરુણરૂપ–સંધ્યા સમયે થોડા રાતા) **उत** (વળી) **बभ्रुः** (મધ્યાહ્નકાળે પીળા) **सुमङ्गलः** (મંગળરૂપ) **ये** (જે) **च** (વળી) **एनम्** (એની) **रुद्राः** (રુદ્રો–કિરણો) **अभितः** (સર્વ બાજુએ) **दिक्षु** (દિશાઓમાં) **श्रिताः** (આશ્રિત છે) **सहस्रशः** (હજારો) **एषाम्** (એમનો) **हेडः** (ક્રોધ) **अव ईमहे** (નિવારણ કરીએ છીએ).

આ જે[1] સૂર્યરૂપ રુદ્ર ઉદય સમયે અત્યંત રક્ત, મધ્યાહ્ને પીળા, અસ્ત સમયે થોડા રાતા દેખાય છે, જે મંગળ રૂપ છે અને જેની આસપાસ હજારો કિરણોરૂપી રુદ્રો સર્વ દિશાઓમાં વ્યાપી રહ્યા છે, એમનો અમારા અપરાધજનિત ક્રોધ અને નિવારણ કરીએ છીએ. ૬

असौयोऽवसर्प्पतिनीलग्ग्रीवोविलोहितꣳ ॥
उतैनङ्गोपाअदृश्रन्नदृश्रन्नुदहार्य्यꣳसदृष्टोमृडयातिनꣳ ॥७॥

પ્રજાપતિ ઋષિ, વિરાટ્ આર્ષી પંક્તિ છંદ, રુદ્ર દેવતા.

असौ (આ આદિત્યરૂપ રુદ્ર) **यः** (જે) **अवसर्पति** (ઉદય-અસ્ત પામતા નિરંતર જાવ આવ કરે છે) **नीलग्रीवः** (અસ્ત સમયે જેની ગ્રીવા નીલ રંગની જણાય છે, વિષ ધારણ કરવાથી જેની ગ્રીવા નીલ દેખાય છે) **विलोहितः** (રક્ત) **उत** (વળી) **एनम्** (એને) **गोपाः** (ગોપાળો–ભરવાડો) **अदृश्रन्** (જુએ છે) **अदृश्रन्** (જુએ છે) **उदहार्यः** (જળ ભરી જતી સ્ત્રીઓ) **सः** (તે) **दृष्टः** (જોવામાં આવેલા) **मृडयाति** (સુખી કરો–સુખ આપે છે) **नः** (અમને).

જે સૂર્ય અસ્ત સમયે નીલકંઠ તથા રક્તવર્ણ દેખાય છે, અને

૧. કિરણો.

જે નિરંતર ઉદયાસ્ત પામતા આવ–જા કરે છે. વળી જેને ગોપાળો તથા જળ ભરી જતી સ્ત્રીઓ હમેશાં જુએ છે, તે નિત્ય જોવામાં આવતા સૂર્યરૂપી રુદ્ર અમને સુખી કરો. ૭

नमोस्तुनीलग्ग्रीवायसहस्राक्षायमीढुषे ॥
अथोयेअस्यसत्त्वानोहन्तेभ्योकरन्नमः ॥ ८ ॥

પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર) **अस्तु** (હો) **नीलग्रीवाय** (નીલકંઠને) **सहस्राक्षाय** (સહસ્ર આંખ–કિરણોવાળા રુદ્રરૂપી ઇંદ્રને–રુદ્રરૂપી સૂર્યને) **मीढुषे** (વૃષ્ટિ કરનાર–તરુણ) **अथो** (વળી) **ये** (જે) **अस्य** (એ રુદ્રના) **सत्वानः** (પ્રાણીઓ–સેવકો) **अहम्** (હું) **तेभ्यः** (તેમને) **अकरम्** (કરું છું) **नमः** (નમસ્કાર).

સહસ્ર આંખવાળા, નીલકંઠ અને વૃષ્ટિ કરનાર ઇંદ્રરૂપી રુદ્રને મારા નમસ્કાર હો, તેમ જ એના જે રુદ્રરૂપ ભક્તો–સેવકો છે તે સર્વને મારા નમસ્કાર હો. ૮

प्रमुञ्चधन्न्वनस्त्वमुभयोरार्त्न्योर्ज्ज्याम् ॥
याश्चतेहस्तइषवःपराताभगवोवप ॥ ९ ॥

પ્રજાપતિ ઋષિ, ભુરિક્ આર્ષી, ઉષ્ણિક્ છંદ, રુદ્ર દેવતા.

प्रमुञ्च (છોડી મૂકો) **धन्वनः** (ધનુષની) **त्वम्** (તમે) **उभयोः** (બંને) **आर्त्न्योः** (છેડાની) **ज्याम्** (દોરીને) **याः** (જે) **च** (અને) **ते** (તમારા) **हस्ते** (હસ્તમાં) **इषवः** (બાણો) **ताः** (તેને) **भगवः** (હે ભગવાન) **परावप** (દૂર ફેંકો).

હે [1]છ પ્રકારના ઐશ્વર્યસંપન્ન ભગવાન રુદ્ર ! તમે તમારા

૧. સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ પ્રકારની સંપત્તિ ઈશ્વરમાં છે. એ સંપત્તિઓ મનુષ્યોમાં ન્યૂનાધિકપણે હોય છે.

ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥

ધનુષની બંને બાજુના છેડે બાંધેલી દોરી છોડી મૂકો. વળી તમારા હાથમાં જે બાણો છે તેને દૂર નાખી દો. ૯

विज्ज्यन्धनुः कपर्दिनो विशल्ल्यो बाणवाँ उत ॥
अनेशन्नस्य याऽइषवऽआभुरस्य निषङ्गधिः ॥ १० ॥

પ્રજાપતિ ઋષિ, ભુરિક્ આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

विज्यम् (દોરી રહિત) **धनुः** (ધનુષ) **कपर्दिनः** (જટાજૂટવાળા રુદ્રનું) **विशल्यः** (શલ્ય–ફળરહિત) **बाणवान्** (બાણોનો ભાથો) **उत** (વળી) **अनेशन्** (નાશ પામો) **अस्य** (આ રુદ્રનાં) **याः** (જે) **इषवः** (બાણો) **आभुः** (ખાલું–ખડ્ગરહિત) **अस्य** (આ રુદ્રના) **निषङ्गधिः** (મ્યાન).

જટાજૂટવાળા રુદ્રનું ધનુષ દોરીરહિત અને બાણોનો ભાથો ફળરહિત હો; આ રુદ્રનાં જે બાણો છે તે નાશ પામો અને એનું મ્યાન ખડ્ગરહિત–ખાલું હો, અર્થાત્ રુદ્ર અમારા પ્રતિ સર્વથા શસ્ત્રરહિત હો–એનાં શસ્ત્રો કદી અમારા પર વાપરો નહિ. ૧૦

या ते हेतिर्मीढुष्टम हस्ते बभूव ते धनुः ॥
तयाऽस्मान्विश्वतस्त्वमयक्ष्मया परि भुज ॥ ११ ॥

પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

या (જે) **ते** (તમારા) **हेतिः** (આયુધ) **मीढुष्टम** (અત્યંત જ્ઞાનામૃતની–જળની વૃષ્ટિ કરનાર) **हस्ते** (હાથમાં) **बभूव** (છે) **ते** (તમારા હાથમાં જે) **धनुः** (ધનુષ) **तया** (તે વડે) **अस्मान्** (અમને) **विश्वतः** (સર્વ બાજુથી–સર્વ રીતે) **त्वम्** (તમે) **अयक्ष्मया** (ઉપદ્રવરહિત) **परिभुज** (રક્ષણ કરો).

હે વૃષ્ટિ કરનાર રુદ્ર! તમારા હાથમાં જે ધનુષરૂપી તમારું અમને ઉપદ્રવ નહિ કરનાર સબળ આયુધ છે તેથી અમારું સર્વ બાજુથી–સર્વત્ર રક્ષણ કરો. ૧૧

परि ते धन्वनो हेतिरस्मान्वृणक्तु विश्वतः ॥
अथो यऽइषुधिस्तवारेऽअस्मन्नि धेहि तम् ॥ १२ ॥

પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

ते (તમારું) **धन्वनः** (ધનુષરૂપ) **हेतिः** (આયુધ) **अस्मान्** (અમને) **परिवृणक्तु** (ત્યજો) **विश्वतः** (સર્વ બાજુથી) **अथो** (વળી) **यः** (જે) **इषुधिः** (બાણનો ભાથો) **तव** (તમારો) **आरे** (દૂર) **अस्मन्** (અમારાથી) **निधेहि** (મૂકો) **तम्** (તેને).

હે રુદ્ર! તમારું જે ધનુષરૂપ આયુધ છે તે અમને સર્વ બાજુઓથી ત્યજો–છોડી જાઓ; વળી તમારો જે બાણનો ભાથો છે તેને અમારાથી દૂર મૂકી દો. ૧૨

अवतत्य धनुष्ट्वꣳ सहस्राक्ष शतेषुधे ॥
निशीर्य शल्यानां मुखा शिवो नः सुमना भव ॥ १३ ॥

પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

अवतत्य (દોરી ઉતારેલું કરી) **धनुः** (ધનુષ) **त्वम्** (તમે) **सहस्राक्ष** (સહસ્ર આંખો જેની છે એવા વિરાટસ્વરૂપ) **शत** (સો) **इषुधे** (ભાથાવાળા) **निशीर्य** (કાઢી નાખી) **शल्यानाम्** (શલ્યોના–ફળોના) **मुखाः** (મુખ–અગ્રભાગો–અણીઓ) **शिवः** (શાંત–કલ્યાણકારી) **नः** (અમારા પ્રતિ) **सुमनाः** (સારા મનવાળા–અનુકૂળ મનવાળા) **भव** (હો).

હે સહસ્રનેત્ર વિરાટ સ્વરૂપ રુદ્ર! હે સેંકડો બાણના ભાથા ધારણ કરનાર વીર! તમારા ધનુષની દોરી ઉતારી તથા બાણોના ફળોની અણીઓ ભાગી નાખી તમે અમારા પ્રતિ શાંત અને અનુકૂળ ચિત્તવાળા–કૃપાળુ થાઓ. ૧૩

नमस्तऽआयुधायानातताय धृष्णवे ॥
उभाभ्यामुत ते नमो बाहुभ्यां तव धन्वने ॥ १४ ॥

પ્રજાપતિ ઋષિ, ભુરિક્ આર્ષી ઉષ્ણિક્ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર હો) **ते** (તમારા) **आयुधाय** (આયુધને–બાણને) **अनातताय** (ધનુષ પર નહિ ચડાવેલાં–ખેંચેલાં) **धृष्णवे** (સબળ–આબાદ) **उभाभ्याम्** (બન્ને) **उत** (વળી) **ते** (તમારા) **नमः** (નમસ્કાર હો) **बाहुभ्याम्** (બાહુઓને) **तव** (તમારા) **धन्वने** (ધનુષને).

હે રુદ્ર! તમારા ધનુષ પર નહિ ચડાવેલા, શત્રુને હણવામાં આબાદ બાણને, તમારા ધનુષને તેમ જ તમારા ઉભય બાહુઓને મારા નમસ્કાર હો! ૧૪

मानोमहान्तमुतमानोअर्भकम्मानउक्षन्तमुतमानउक्षितम् ॥
मानोवधीःपितरम्मोतमातरम्मानःप्रियास्तन्वोरुद्ररीरिषः ॥

કુત્સ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, જગતી છંદ, રુદ્ર દેવતા.

मा (મા–નહિ) **नः** (અમારા) **महान्तम्** (વૃદ્ધો–પિતા–કાકા વગેરે વડીલોને) **उत** (વળી) **मा** (નહિ) **नः** (અમારા) **अर्भकम्** (બાળકને) **मा** (નહિ) **नः** (અમારા) **उक्षन्तम्** (તરુણને–યુવક) **उत** (વળી) **मा** (નહિ) **नः** (અમારાં) **उक्षितम्** (ગર્ભમાંના બાળને) **मा** (નહિ) **नः** (અમારા) **वधीः** (મારશો) **पितरम्** (પિતાને) **मा** (નહિ) **उत** (વળી) **मातरम्** (માતાને) **मा** (નહિ) **नः** (અમારી) **प्रियाः** (સ્ત્રીઓને) **तन्वः** (શરીરોને–પુત્રપૌત્રરૂપ શરીરોને) **रुद्र** (હે રુદ્ર દેવતા) **रीरिषः** (હણશો).

હે રુદ્ર દેવતા! અમારા પિતામહ, કાકા વગેરે વૃદ્ધોને–વડીલોને, બાળકોને, યુવકોને, ગર્ભમાંનાં બાલોને, પિતાને, માતાને, સ્ત્રીઓને, પુત્રપૌત્રરૂપ શરીરોને–દેહોને, મારશો નહિ. ૧૫

मानस्तोके तनयेमानआयुषिमानोगोषुमानोअश्वेषुरीरिषः ।
मानोवीरान्रुद्रभामिनोवधीर्हविष्मन्तःसदमित्त्वाहवामहे ॥१६

કુત્સ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, જગતી છંદ, રુદ્ર દેવતા.

मा (નહિ) **नः** (અમારા) **तोके** (પુત્રોને) **तनये** (પૌત્રોને) **मा** (નહિ) **नः** (અમારાં) **आयुषि** (આયુને–જીવનને) **मा** (નહિ) **नः** (અમારી) **गोषु** (ગાયોને) **मा** (નહિ) **नः** (અમારા) **अश्वेषु** (ઘોડાઓને) **रीरिषः** (મારશો) **मा** (નહિ) **नः** (અમારા) **वीरान्** (વીરોને–સેવકોને) **रुद्र** (હે રુદ્ર) **भामिनः** (ક્રોધયુક્ત, જુસ્સાવાળા–પરાક્રમી) **वधीः** (મારશો) **हविष्मन्तः** (હવિ–આહુતિ યુકત થઈને) **सदमित्** (સદૈવ) **त्वा** (તમને) **हवामहे** (યજ્ઞમાં આવાહન કરીએ છીએ.).

હે રુદ્ર અમારા પુત્રોને, પૌત્રોને, આયુને, ગાયોને, ઘોડાઓને, તથા શત્રુપ્રતિ ક્રોધવાળા–જુસ્સાવાળા પરાક્રમી વીર પુરુષોને–સેવકોને મારશો નહિ; અમે તમને હમેશાં હવિયુકત થઈને યજ્ઞમાં હવિના અર્પણ તથા પૂજન માટે આવાહન કરીએ છીએ. ૧૬

नमोहिरण्यबाहवे सेनान्येदिशाञ्चपतयेनमोनमोवृक्षेभ्यो-
हरिकेशेभ्यःपशूनाम्पतयेनमोनमःशष्पिञ्जरायत्विषीमते-
पथीनाम्पतयेनमोनमोहरिकेशायोपवीतिनेपुष्टानाम्पतयेनमो-
नमोबभ्लुशाय ॥ १७ ॥

કુત્સ ઋષિ, નિચ્યૃત્ અનિધૃતિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **हिरण्यबाहवे** (સુવર્ણના અલંકારોથી શોભિત બાહુવાળા–સુશોભિત સબળ બાહુવાળા) **सेनान्ये** (સેનાપતિને) **दिशाम्** (દિશાઓના–સર્વ જગતના) **च** (અને) **पतये** (પતિને–પાળકને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **वृक्षेभ्यः** (વૃક્ષરૂપ રુદ્ર દેવતાને) **हरिकेशेभ्यः** (લીલા રંગનાં પાત્રોરૂપી કેશ જેના છે તે) **पशूनाम्** (પશુઓના–પ્રાણીઓના) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **शष्पिञ्जराय** (નાનાં

લીલાં તૃણના જેવા વર્ણ-રંગવાળાને) **त्विषीमते** (દ્યુતિમાન-તેજસ્વી) **पथीनाम्** (માર્ગોના) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **हरिकेशाय** (નીલવર્ણ કેશવાળાને-જરારહિતને) **उपवीतिने** (યજ્ઞોપવીત ધારણ કરનારને) **पुष्टानाम्** (સકળ સદ્‌ગુણ-સંપન્ન મનુષ્યોના) **पतये** (પાલકને-સ્વામીને) **नमः** (નમસ્કાર છે).

સુશોભિત પ્રબળ બાહુવાળા, સે-ોના અધિપતિને, દિશાઓના-સકલ જગતના નાથને, લાં.. પર્ણરૂપી જેને કેશ છે એવાં વૃક્ષોરૂપ રુદ્ર દેવતાઓને, પ્રાણી માત્રના પાલકને, લીલાં બાલતૃણ જેવા વર્ણવાળાને, દ્યુતિમાનને, માર્ગોના રક્ષકને, નીલવર્ણ કેશવાળાને, જરા રહિતને, યજ્ઞોપવીત ધારણ કરનારને, અને સદ્‌ગુણસંપન્ન મનુષ્યોના સ્વામી રૂપ રુદ્રને મારા-અમારા અનેક નમસ્કાર છે. ૧૭

नमो बभ्लुशायव्याधिनेन्नानाम्पतयेनमोनमोभवस्य-हेत्यैजगताम्पतयेनमोनमोरुद्रायाततायिनेक्षेत्राणाम्पतयेनमो-नमः सूतायाहन्त्यैवनानाम्पतयेनमोनमोरोहिताय ॥ १८ ॥

કુત્સ ઋષિ, નિચ્યૃત્ અષ્ટિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર હો) **बभ्लुशाय** (કપિલવર્ણને-વૃષભ વાહનને) **व्याधिने** (શત્રુના વીંધનારને) **अन्नानाम्** (ધાન્યોના) **पतये** (પાલકને-સ્વામીને) **नमः** (નમસ્કાર હો) **नमः** (નમસ્કાર હો) **भवस्य** (સંસારના) **हेत्यै** (આયુધને-નિવર્તકને-નાશ કરનારને) **जगताम्** (પ્રાણીઓના-જગતોના) **पतये** (રક્ષણ કરનારને-ઈશ્વરને) **नमः** (નમસ્કાર હો) **नमः** (નમસ્કાર હો) **रुद्राय** (રુદ્રને) **आततायिने** (ખેંચેલા ધનુષવાળાને-ઉગામેલા આયુધવાળાને) **क्षेत्राणाम्** (દેહોના) **पतये** (પાળકને) **नमः** (નમસ્કાર હો) **नमः** (નમસ્કાર હો) **सूताय** (સારથિને) **अहन्त्यै** (નહિ હણનાર-જાતે યુદ્ધ ન કરનાર) **वनानाम्** (અરણ્યોના) **पतये** (રક્ષકને-સ્વામીને) **नमः** (નમસ્કાર હો).

કપિલ વર્ણવાળા-વૃષભ જેનું વાહન છે એવા, શત્રુને વીંધનાર, ધાન્યોના પાલક-પ્રદાતા, સંસારનું નિવારણ કરનાર, પ્રાણીઓના-જગતોના ઈશ્વર, ધનુષ ખેંચી ચ   ાર, દેહોના રક્ષક, જાતે યુદ્ધમાં ભાગ લઈ શત્રુને નહિ હણતાં મ. સારથિનું કામ કરનાર, અરણ્યોના પાલક-સ્વામી એવા રુદ્રને અનેક નમસ્કાર હો ! ૧૮

नमोरोहिताय स्थपतयेवृक्षाणाम्पतयेनमोनमोभुवन्तयेवारि-वस्कृतायौषधीनाम्पतयेनमोनमोमन्त्रिणेवाणिजायकक्षाणाम्पतये-नमोनमउच्चैर्घोषायाक्रन्दयतेपत्तीनाम्पतयेनमोनमः कृत्स्नाय-तया ॥ १९ ॥

કુત્સ ઋષિ, વિરાટ્ અતિ ધૃતિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **रोहिताय** (રકતવર્ણવાળાને) **स्थपतये** (ગૃહના બાંધનારને-અધિષ્ઠાતાદેવતાને-વિશ્વકર્તાને) **वृक्षाणाम्** (વૃક્ષોના) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **भुवन्तये** (ભૂમંડળ વિસ્તારનાર) **वारिवस्कृताय** (ધન અર્પનારને-ઉત્પન્ન કરનારને-યોગ્ય સ્થાન-વસ્તુને ઉત્પન્ન કરનારને) **औषधीनाम्** (ગામ તેમ જ વનમાં થતી ઔષધિઓના) **पतये** (સ્વામીને-ઉગાડનારને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **मन्त्रिणे** (મંત્રીને-પ્રધાનને) **वाणिजाय** (વ્યાપારીને) **कक्षाणाम्** (લતાઓના) **पतये** (ઉછેરનારને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **उच्चैर्घोषाय** (યુદ્ધમાં સિંહનાદ કરનારને) **आक्रन्दयते** (શત્રુને રુદન કરાવનારને) **पत्तीनाम्** (સેનાઓના) **पतये** (નાયકને) **नमः** (અમારા નમસ્કાર છે.)

રકતવર્ણવાળાને, વિશ્વકર્માને-રકતવર્ણ એવા વિશ્વકર્માને, વૃક્ષોના પાલકને, ભૂમંડળના વિસ્તારનારને, સર્વ ધનો-ભોગ્ય વસ્તુઓના ઉત્પન્ન કરનારને, સર્વ સંપત્તિઓ સહિત ભુવનો સૃજનારને, ઔષધિ-

ઓના ઉગાડનારને, પ્રધાનરૂપ રાજકારભારીને, વણિકરૂપ વ્યાપારીને, વ્યાપારની કૂંચીઓ જાણનાર વણિક વ્યાપારીને, લતાઓના ઉછેર-નારને, યુદ્ધમાં સિંહનાદ કરનારને, શત્રુઓને રડાવી ગર્જનારને, શત્રુઓને રુદન કરાવનારને તથા પત્તિઓ[1]-સેનાની ટુકડીઓના નાયકને અમારા નમસ્કાર છે. ૧૯

नमः कृत्स्नायतयाधावतेसत्त्वनाम्पतयेनमोनमꣳसहमानाय-
निव्याधिनआव्याधिनीनाम्पतयेनमोनमोनिषङ्गिणेककुभायस्ते-
नानाम्पतयेनमोनमोनिचेरवेपरिचरायारण्यानाम्पतयेनमोनमो-
वञ्चते ॥ २० ॥

કુત્સ ઋષિ, અતિધૃતિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **कृत्स्नायतया** (**कृत्स्न**–આખું-પૂરેપૂરું,) **आयतया**–(ખેંચેલું, કર્ણપર્યંત પૂરેપૂરું ધનુષ ખેંચીને અથવા) **कृत्स्न**–સંપૂર્ણ) **आयः** (લાભ) **आयतया** (લાભ મેળવી આપવાને) **धावते** (યુદ્ધ માટે દોડતા રુદ્રને–જ્યાં ગમન કરે છે ત્યાં સંપૂર્ણ લાભ મેળવી આપવાને ત્વરા કરતા રુદ્રને) **सत्त्वनाम्** (શરણાગત પ્રાણીઓના) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર છે) **सहमानाय** (શત્રુને શેહ આપનારને–શત્રુનો પરાભવ કરનારને) **निव्याधिने** (શત્રુના નિઃશેષ નાશ કરનારને) **आव्याधिनीनाम्** (બધી બાજુથી સંહાર કરતી–બાણો વર્ષી શત્રુને વીંધતી શૂર સેનાઓના) **पतये** (સેનાપતિને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **निषङ्गिणे** (ખડ્ગ ધારણ કરનારને–ઉપદ્રવ કરનાર પર ખડ્ગ ચલાવનારને) **ककुभाय** (મહાપુરુષ એવા, પ્રમુખ–અગ્રણી એવા રુદ્રને) **स्तेनानाम्** (ગુપ્ત-ચોરોના) **पतये** (પાલકને–સ્વામીને) **नमः** (નમસ્કાર છે).

[1]. એક રથ, એક હાથી, ત્રણ ઘોડા અને પાંચ પાયદળના સૈનિકો મળી એક પત્તિ-સૈન્યનો વિભાગ થાય છે.

नमः (નમસ્કાર છે) **निचेरवे** (ગુપ્ત રીતે ધન હરણ કરવા બજાર વાડી વગેરે સ્થળે હમેશાં ફરનારને) **परिचराय** (આસપાસ રસ્તા ઉપર–ઉજ્જડ જગ્યાએ-ગામડાંમાં ફરી લૂંટ ચલાવનારને) **अरण्यानाम्** (વનોના) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર છે).

કર્ણપર્યંત પૂરેપૂરું ધનુષ ખેંચી યુદ્ધમાં દોડતા, જ્યાં જ્યાં જાઓ છો ત્યાં પોતાના ભક્તોને સંપૂર્ણ લાભ મેળવી આપવાને ઉતાવળ કરતા–ઉત્સુક, સર્વ શરણાગત પ્રાણીઓના રક્ષક, શત્રુઓને શેહ આપનાર–શત્રુઓનો પરાભવ કરનાર, શત્રુઓને નિઃશેષ વીંધનાર, શત્રુઓ ઉપર બાણ વરસાવી તેમને વીંધતી શૂર સેનાઓના સેના-પતિ, જનોને ઉપદ્રવ કરનાર પર પોતાનું ખડ્ગ ચલાવનાર, મહા–પુરુષ, ચોરોના પાલક, સ્વામી, ગુપ્ત રીતે ધન હરણ કરવા ભમનાર, રસ્તા, ઉજ્જડ જગ્યા, ગામો વગેરેમાં સર્વ બાજુએ લૂંટ ચલાવવા, હંમેશાં ફરતા રહેનાર અને વનોના પાલક એવા સર્વના અંતર્યામી રુદ્રને અમારા ઘણા ઘણા નમસ્કાર છે. ૨૦

नमोवञ्चते परिवञ्चतेस्तायूनाम्पतयेनमोनमोनिषङ्गिणइषु-
धिमतेतस्कराणाम्पतयेनमोनमः सृकायिभ्योजिघाꣳसद्भ्यो-
मुष्णताम्पतयेनमोनमोसिमद्भ्योनक्तञ्चरद्भ्योविकृन्तानाम्पतये-
नमः ॥ २१ ॥

કુત્સ ઋષિ, નિચૃત્ અતિધૃતિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **वञ्चते** (ઠગનારને) **परिवञ्चते** (સ્વામીને-ધણીને વિશ્વાસ આપી ઠગનાર–સર્વત્ર ઠગબાજી ચલાવનારને) **स्तायूनाम्** (ગુપ્તચોરોના) **पतये** (પાલકને–અંતર્યામીને) **नमः** (નમ-સ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **निषङ्गिणे** (ખડ્ગ ધારણ કરનારને) **इषुधिमते** (બાણોના ભાથાવાળાને) **तस्कराणाम्** (પ્રકટ ચોરોના–લૂંટારાના) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર

છે) **सृकायिभ्यः** (વજ્રધારીઓને) **जिघांसद्भ्यः** (હત્યા—ઘાત કરવાની ઇચ્છાવાળાઓને) **मुष्णताम्** (ખેતરોમાંથી ધાન્ય હરણ કરનારા-ઓના) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **असिमद्भ्यः** (તરવાર ધારણ કરનારને) **नक्तंचरद्भ्यः** (નિશાચરોને) **विकृन्तानाम्** (છેદન કરીને પારકું ધન હરણ કર-નારના) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર છે.)

ઠગનાર, ધણીનો વિશ્વાસઘાત કરનાર, ગુપ્તચોરના સરદાર, ખડ્ગધારી, બાણના ભાથાવાળા લૂંટારાઓના પાલક, વજ્રધારી, ઘાત કરનાર, ધાન્યના ચોરના પાલક તથા તરવાર ધારણ કરી મારી કાપી રાત્રે લૂંટનારના નાયક એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૨૧

नमऽउष्णीषिणे गिरिचरायकुलुञ्चानाम्पतयेनमोनमऽइषु-
मद्भ्योधन्वायिभ्यश्चवोनमोनमऽआतन्वानेभ्यः प्रतिदधाने-
भ्यश्चवोनमोनमऽआयच्छद्भ्योऽस्यद्भ्यश्चवोनमोनमोविसृजद्भ्यः॥

કુત્સ ઋષિ, નિચૃત્ અષ્ટિછંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **उष्णीषिणे** (શિરોવેષ્ટન—પાઘડીવાળાને) **गिरिचराय** (ગામોમાં ફરનારને-ઉઘાડે માથે પહાડ-પર્વતમાં ફરનારને) **कुलुञ्चानाम्** (ખેતર—ઘર વગેરે છળબળથી પડાવી લેનારના,) **पतये** (પાલકને) **नमः** (નમસ્કાર) **नमः** (નમસ્કાર છે) **इषुमद्भ्यः** બાણવાળાને) **धन्वायिभ्यः** (ધનુષ ધારણ કરનારને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **आत-न्वानेभ्यः** (ધનુષ પર બાણ ચડાવી દોરી ખેંચનારને) **प्रतिदधानेभ्यः** (બાણનું અનુસંધાન કરનારને છે) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **आयच्छद्भ्यः** (ધનુષ ચઢા-વનારને—ખેંચનારને) **अस्यद्भ्यः** (બાણ નાખનારને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે).

માથે પાઘડી પહેરી સભ્ય જેવા જણાઈ ગામોમાં ફરી લૂંટ કરનારા, પહાડી માર્ગ વગેરેમાં મુસાફરોને લૂંટવા ફરનારા તથા ખેતર, ઘર વગેરે લૂંટનારાના નાયક, બાણવાળા, ધનુષ ધારણ કરનારા, ધનુષની દોરી ખેંચનારા, ધનુષ પર બાણ ચડાવનારા, ધનુષને ખેંચી બાણો ફેંકનારા એવા હે રુદ્રો તમને અમારા નમસ્કાર છે. ૨૨

नमोविसृजद्भ्योविध्यद्भ्यश्चवोनमोनमः स्वपद्भ्योजाग्र-
द्भ्यश्चवोनमोनमः शयानेभ्यआसीनेभ्यश्चवोनमोनमस्तिष्ठद्-
भ्योधावद्भ्यश्चवोनमोनमः सभाभ्यः॥ २३ ॥

કુત્સ ઋષિ, નિચૃત્ અતિ જગતી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **विसृजद्भ्यः** (શત્રુઓ પર—પાપીઓ પર બાણ છોડનારાઓને) **विध्यद्भ्यः** (શત્રુઓ પર નિશાન તાકી વીંધનારાઓને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે.) **नमः** (નમસ્કાર છે) **स्वपद्भ्यः** (સ્વપ્નાવસ્થાના અનુભવીને) **जाग्रद्भ्यः** (જાગ્રત અવસ્થાના અનુભવીને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **शयानेभ्यः** (સુષુપ્તિ અવસ્થાના અનુભવીને) **आसीनेभ्यः** (બેઠેલાઓને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **तिष्ठद्भ्यः** (ઊભેલાઓને) **धावद्भ्यः** (દોડનારાઓને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે).

શત્રુઓ પર—પાપીઓ પર બાણ છોડનાર, શત્રુને વીંધનાર, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાના અનુભવનાર, બેઠેલા, ઊભેલા તથા દોડતા અને રુદ્રોને અમારા નમસ્કાર છે. ૨૩

नमः सभाभ्यः सभापतिभ्यश्चवोनमोनमोऽश्वेभ्योऽश्व-
पतिभ्यश्चवोनमोनमऽआव्याधिनीभ्योविविध्यन्तीभ्यश्चवो-
नमोनमऽउगणाभ्यस्तृंहतीभ्यश्चवोनमोनमोगणेभ्यः॥२४

કુત્સ ઋષિ, શક્વરી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **सभाभ्यः** (સભારૂપી રુદ્રોને) **सभापतिभ्यः** (સભાપતિઓને—પ્રમુખોને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **अश्वेभ्यः** (અશ્વોને) **अश्वपतिभ्यः** (અશ્વોના પાલકને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **आव्याधिनीभ्यः** (સર્વત્ર વીંધનારી સેનાઓને) **विविध्यन्तीभ्यः** (વિશેષ વીંધનારી સેનાઓને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **उगणाभ्यः** (ઉત્કૃષ્ટ—બળવાન સમૂહોને—સેનાઓને—બ્રાહ્મી વગેરે માતાઓને) **तृंहतीभ्यः** (નાશ કરનાર—યુદ્ધમાં પ્રહાર કરનાર—દુર્ગા વગેરે દેવીઓને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે).

સભાઓ તથા સભાપતિઓરૂપી, અશ્વો તથા અશ્વપાલકોરૂપી, આસપાસ વીંધતી સેનાઓ તથા વિશેષ વીંધતી સેનાઓરૂપી, ઉત્કૃષ્ટ સૈનિક-સેવકના સમૂહો-બ્રહ્મા વગેરે માતાઓરૂપી તથા યુદ્ધમાં પ્રહાર કરનાર—હણનાર—દુર્ગા વગેરે દેવીઓ-શક્તિઓરૂપી રુદ્રોને અમારા નમસ્કાર છે. ૨૪

नमोगणेभ्योगणपतिभ्यश्चवोनमोनमोव्रातेभ्योव्रात-
पतिभ्यश्चवोनमोनमोगृत्सेभ्योगृत्सपतिभ्यश्चवोनमोनमो
विरूपेभ्योविश्वरूपेभ्यश्चवोनमोनमꣳसेनाभ्यꣳ ॥ २५ ॥

કુત્સ ઋષિ, ભુરિક્ શક્વરી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **गणेभ्यः** (સમૂહોને—દેવના અનુચરોને) **गणपतिभ्यः** (સમૂહોના પાલકોને) **च** (અને) **वः** (તમને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **व्रातेभ्यः** (અનેક જાતિઓના સંઘોને) **व्रातपतिभ्यः** (વિવિધ જાતિઓના સંઘોના પાલકોને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः**

(નમસ્કાર છે) **गृत्सेभ्यः** (મેધાવી—બુદ્ધિશાળીઓને) **गृत्सपतिभ्यः** બુદ્ધિશાળીઓના પાલકને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **विरूपेभ्यः** (વિરૂપોને) **विश्वरूपेभ्यः** (નાના પ્રકારના રૂપવાળાઓને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે).

નર, દેવ, પિતૃ વગેરે સમૂહોને તથા એ સમૂહોના પાલકોને વિવિધ જાતિઓના સંઘોને તથા એ સંઘોના નાયકોને બુદ્ધિશાળી પુરુષોને તથા તેમના અગ્રણીઓને, વિરૂપ—વિવિધ રૂપવાળાને તથા સર્વ રૂપવાળા એવા રુદ્રોને અમારા નમસ્કાર છે. ૨૫

नमꣳसेनाभ्यꣳ सेनानिभ्यश्चवोनमोनमोरथिभ्योऽ
अरथेभ्यश्चवोनमोनमः क्षत्तृभ्यः सङ्ग्रहीतृभ्यश्चवोनमो-
नमोमहद्भ्योअर्भकेभ्यश्चवोनमः ॥ २६ ॥

કુત્સ ઋષિ, ભુરિક અતિજગતી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **सेनाभ्यः** (સેનાઓને) **सेनानिभ्यः** (સેનાપતિઓને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **रथिभ्यः** (રથવાળાઓને) **अरथेभ्यः** (રથ-રહિત યોદ્ધાઓને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **क्षत्तृभ्यः** (રથના અધિષ્ઠાતાઓને) **सङ्गृहीतृभ्यः** (સારથિઓને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **महद्भ्यः** (જાતિ વિદ્યા વગેરેથી ઉત્કૃષ્ટ મહાન પુરુષોને) **अर्भकेभ्यः** (પ્રમાણમાં નાના મનુષ્યોને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે.)

સેનાઓને તથા સેનાપતિઓને, રથવાળા તથા રથરહિત યોદ્ધાઓને, રથના અધિષ્ઠાતાઓને તથા સારથિઓને અને જાતિવિદ્યા ઐશ્વર્ય વગેરેથી મહાન પુરુષોને તથા પ્રમાણમાં નાનાં મનુષ્યો, બાળકરૂપો એવા રુદ્રોને અમારા નમસ્કાર છે. ૨૬

नमस्तक्षभ्यो रथकारेभ्यश्च वो नमो नमः कुलालेभ्यः
कर्मारेभ्यश्च वो नमो नमो निषादेभ्यः पुञ्जिष्ठेभ्यश्च वो नमो
नमः श्वनिभ्यो मृगयुभ्यश्च वो नमो नमः श्वभ्यः ॥ २७ ॥

કુત્સ ઋષિ, નિચૃત્ શક્વરી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **तक्षभ्यः** (શિલ્પીઓને) **रथकारेभ्यः** (રથ બનાવનારાને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **कुलालेभ्यः** (કુંભારોને) **कर्मारेभ्यः** (લુહારોને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **निषादेभ्यः** (ભિલ્લોને) **पुञ्जिष्ठेभ्यः** (પક્ષીને પકડનાર પારધીઓને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **श्वनिभ्यः** (શ્વાન સાથે લઈ જનાર શિકારીઓને) **मृगयुभ्यः** (હરણ વગેરેને મારનાર વ્યાધોને)

શિલ્પીઓને તથા રથ બનાવનાર સુથારોને, કુંભારોને તથા લુહારોને, ભિલ્લોને તથા પક્ષી પકડનારાઓને, કૂતરાં પાળનારાઓને તથા હરણનો શિકાર કરનારાઓને એવા એવા રુદ્રોને અમારા નમસ્કાર છે. ૨૭

नमः श्वभ्यः श्वपतिभ्यश्च वो नमो नमो भवाय च रुद्राय च
नमः शर्वाय च पशुपतये च नमो नीलग्रीवाय च शितिकण्ठाय च-
नमः कपर्दिने ॥ २८ ॥

કુત્સ ઋષિ, આર્ષીજગતી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **श्वभ्यः** (શ્વાનોને) **श्वपतिभ्यः** (શ્વાનના પાલકોને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **भवाय** (ભવ–જગતના ઉત્પન્નકર્તાને) **च** (અને) **रुद्राय** (રુદ્રને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **शर्वाय** (શર્વ–પાપના નાશ કરનારને) **च** (અને) **पशुपतये**

(પ્રાણીઓના–અજ્ઞાનીઓના પાલકને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **नीलग्रीवाय** (વિષપાન કરવાથી નીલ જેનો કંઠ દેખાય છે એવા નીલકંઠને) **च** (અને) **शितिकण्ठाय** (શ્વેતકંઠવાળાને) **च** (અને).

શ્વાનો તથા શ્વાનોના પાલકો રૂપ રુદ્રો! આપને અમારા નમસ્કાર છે.[1] સૃષ્ટિકર્તા ભવ, દુઃખ દૂર કરનાર રુદ્ર, પાપ નાશ કરનાર શર્વ, અજ્ઞાનીઓના–સર્વ પ્રાણીઓના પાલક પશુપતિ, વિષપાન કરનાર નીલગ્રીવ અને શ્વેતકંઠ એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૨૮

नमः कपर्दिने च व्युप्तकेशाय च नमः सहस्राक्षाय च शत-
धन्वने च नमो गिरिशयाय च शिपिविष्टाय च नमो मीढुष्टमाय चेषु-
मते च नमो ह्रस्वाय ॥ २९ ॥

કુત્સ ઋષિ, ભુરિક્ અતિ જગતી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **कपर्दिने** (જટાધારીને) **च** (અને) **व्युप्तकेशाय** (મુંડિત કેશવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **सहस्राक्षाय** (સહસ્રલોચન ઇંદ્રરૂપને–અનેક નેત્રોવાળાને) **च** (અને) **शतधन्वने** (સો–અનેક ધનુષવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **गिरिशयाय** (કૈલાસ પર્વતમાં નિવાસ કરનારને–વાણીના અધિષ્ઠાતાને) **च** (અને) **शिपिविष्टाय** (શિપિ–પશુ–પ્રાણીઓમાં અંતર્યામીરૂપે પ્રવેશેલા–વિષ્ણુરૂપને, શિપિ=યજ્ઞના અધિષ્ઠાતાને- શિપિ–કિરણોથી વ્યાપેલા સૂર્યરૂપને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **मीढुष्टमाय** (મેઘરૂપે તૃપ્તિ પર્યંત વૃષ્ટિ કરનારને–ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પદાર્થોની કૃપાવૃષ્ટિ કરનારને) **च** (અને) **इषुमते** (બાણોવાળાને) **च** (અને).

---

૧. અહીં સુધી ઉભય તરફ ‘નમઃ’ શબ્દવાળા મંત્રો પૂરા થાય છે. હવે ‘નમઃ’ શબ્દથી શરૂ થતા મંત્રો આવે છે.

જટાધારીને, મુંડિત કેશને, સહસ્ર લોચનવાળા ઇંદ્રરૂપને–બહુ નેત્રોવાળાને, સો ધનુષવાળાને, કૈલાસ પર્વતમાં નિવાસ કરનારને–વાણીના અધિષ્ઠાતાને, પ્રાણીઓના અંતર્યામી વિષ્ણુરૂપને–યજ્ઞના અધિષ્ઠાતા રૂપને–કિરણોથી વીંટાયેલા સૂર્યરૂપને, તૃપ્તિ પર્યંત વૃષ્ટિ કરનાર મેઘરૂપને, બાણોવાળાને એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૨૯

नमो॑ह्रस्वाय॑ चवामनाय॑चनमो॑बृहतेचवर्षीयसेचनमो॑वृद्धा-
य॑चसवृधे॑चनमोग्र्याय॑चप्रथमाय॑चनमं॑आशवे॑ ॥३०॥

કુત્સ ઋષિ, વિરાટ્આર્ષી ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **ह्रस्वाय** (નાના શરીરવાળાને) **च** (અને) **वामनाय** (ઠીંગણાં શરીરવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **बृहते** (પ્રૌઢ શરીરવાળાને) **च** (અને) **वर्षीयसे** (પુખ્ત ઉંમરવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **वृद्धाय** (વૃદ્ધને) **च** (અને) **सवृधे** (વિદ્યાવિનયાદિ ગુણયુક્ત પંડિત સાથે રહેવાવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **अग्र्याय** (આદીશ્વરને–જગતમાં પ્રથમ પ્રકટ થયેલાને) **च** (અને) **प्रथमाय** (મુખ્યને) **च** (અને).

નાના શરીરવાળાને–બાળકને તથા ઠીંગણાને–કુમારને, પ્રૌઢ શરીરવાળાને,યુવકને તથા પુખ્ત ઉંમરવાળાને, વૃદ્ધને તથા વિદ્યાવિનયાદિ ગુણોવાળા પંડિત સાથે રહેનાર સદ્‌ગુણ સંપન્નને, જગતમાં પ્રથમ પ્રકટ થયેલાને, અગ્રણીને તથા સર્વ દેવોમાં–મનુષ્યોમાં મુખ્ય એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૩૦

नमं॑ऽआशवे॑चाजिराय॑चनमः॒ शीघ्र्या॑यचशीभ्या॑यच-
नमऊर्म्या॑यचावस्वन्याय॑चनमो॑नादेयाय॑चद्वीप्या॑यच॥ ३१॥

કુત્સ ઋષિ, સ્વરાટ્ આર્ષી પંક્તિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **आशवे** (સર્વવ્યાપકને) **च** (અને)

अजिराय (ગતિશીલ રૂપને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **शीघ्र्याय** (વેગવાળામાં રહેનારને–જલદી ફળ આપનારને) **च** (અને) **शीभ्याय** (આત્મશ્લાઘીને–જળપ્રવાહમાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **ऊर्म्याय** (જળતરંગમાં રહેનારને) **च** (અને) **अवस्वन्याय** (ધ્વનિ વગરનાં સ્થિર જળવાળાં સરોવરમાં રહેનારને જળના નીચે વહેવા સાથે ધ્વનિ કરતા સાગર વગેરેમાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **नादेयाय** (નદીમાં રહેનારને) **च** (અને) **द्वीप्याय** (દ્વીપ–બેટમાં રહેનારને).

સર્વવ્યાપક, ગતિશીલ–વાયુ વગેરેમાં રહેનાર–વેગવાળા ગ્રહ–ધૂમકેતુ વગેરેમાં રહેનાર–શીઘ્રફળ આપનાર, જળપ્રવાહમાં રહેનાર–આત્મપ્રશંસા કરનાર, જળતરંગોમાં રહેનાર, ધ્વનિ વગરનાં સ્થિર જળવાળાં સરોવર—તળાવ વગેરેમાં રહેનાર–જળનાં નીચે વહેવા સાથે ધ્વનિ કરતા સાગર વગેરેમાં રહેનાર, નદીમાં તથા ચારે બાજુ જળમાંથી બહાર આવેલી ભૂમિરૂપ બેટમાં રહેનાર એવા રુદ્રને મારા નમસ્કાર છે ૩૧

नमो॑ज्ज्येष्ठाय॑। च कनिष्ठाय॑चनमः॑ पूर्वजाय॑चापरजाय॑-
चनमो॑मद्ध्यमाय॑चाप्रगल्भाय॑चनमो॑जघन्याय॑चबुध्न्याय॑च-
नमः॒सोभ्याय॑ ॥ ३२ ॥

કુત્સ ઋષિ, સ્વરાટ્ આર્ષી ત્રિષ્ટુપ છંદ, ઇંદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **ज्येष्ठाय** (મોટાને–વૃદ્ધને અત્યંત પ્રશસ્યને–વિદ્યા ઐશ્વર્યમાં શ્રેષ્ઠ ઈશ્વરરૂપને) **च** (અને) **कनिष्ठाय** (નાનાને–યુવાનને, વિદ્યા અશ્વર્યમાં નાના જીવરૂપને) **नमः** (નમસ્કાર છે) **पूर्वजाय** (સર્વથી પ્રથમ ઉત્પન્ન થયેલાને–જગતના આદિ સમયે હિરણ્યગર્ભરૂપે પ્રથમ ઉત્પન્ન થયેલાને) **च** (અને) **अपरजाय** (જગતના અંતમાં–પ્રલય–કાળે–અગ્નિરૂપે સ્થિત થયેલાને) **मध्यमाय**

શીઘ્ર ગતિવાળી સેનાવાળા તથા વેગવાળા રથવાળા નાયકરૂપ, શૂરવીર-રૂપ અને શત્રુના હૃદયને ભેદવાવાળાં શસ્ત્રરૂપ એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૩૪

नमोबिल्मिने चकवचिनेचनमोवर्म्मिणेचवरूथिनेचनमः श्रुतायचश्रुतसेनायचनमोदुन्दुभ्यायचाहनन्यायचनमोधृष्णवे ॥

કુત્સ ઋષિ, સ્વરાટ્ આર્ષી ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **बिल्मिने** (શિરસ્ત્રાણ–મસ્તકે લોઢાના ટોપવાળાને) **च** (અને) **कवचिने** (શરીરરક્ષક કવચવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **वर्मिणे** (લોઢાનાં બખ્તરવાળાને) **च** (અને) **वरूथिने** (રથના રક્ષણ માટે લોઢાનાં ઢાંકણવાળા રથવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **श्रुताय** (પ્રસિદ્ધ કીર્તિવાળાને) **च** (અને) **श्रुतसेनाय** (પ્રસિદ્ધ પરાક્રમી સેના-વાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **दुन्दुभ्याय** (દુંદુભિ-વાળાને) **च** (અને) **आहनन्याय** (વાદ્યસાધન દંડવાળાને).

મસ્તકે લોઢાના ટોપવાળા તથા કવચવાળાને, બખ્તર તથા રથનાં રક્ષણ માટે લોઢાના ઢાંકણવાળાને-સુરક્ષિત ઢાંકણવાળી હાથીની અંબાડીવાળાને, પ્રસિદ્ધ વીરને તથા પ્રસિદ્ધ સેનાવાળાને, દુંદુભિ–ડંકા રણશિંગા દંડ વગેરે વાદ્ય સાધનોવાળા એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૩૫

नमोधृष्णवेचप्रमृशाय नमोनिषङ्गिणेचेषुधिमतेचनमस्तीक्ष्णेषवेचायुधिनेचनमः स्वायुधायचसुधन्वने च ॥ ३६ ॥

કુત્સ ઋષિ, ભુરિક્ આર્ષી પંક્તિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **धृष्णवे** (પોતાના પક્ષની રક્ષા કરવામાં હિંમતવાળાને–પ્રગલ્ભને શત્રુને હણવામાં સાહસીને) **च** (અને) **प्रमृशाय** (પંડિતને-વિચારશીલને–શત્રુને પરાજય કરનારને) **च**

(અને) **नमः** (નમસ્કાર છે) **निषङ्गिणे** (ખડ્ગ-તલવાર ધારણ કરનારને) **च** (અને) **इषुधिमते** (ભાથાવાળાને) **च** (અને) **तीक्ष्णेषवे** (તીક્ષ્ણ–અસહ્ય બાણવાળાને) **च** (અને) **आयुधिने** (આયુધોવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **स्वायुधाय** (સુંદર આયુધ–ત્રિશૂળવાળાને) **च** (અને) **सुधन्वने** (રમ્ય ધનુષ-વાળાને) **च** (અને).

પોતાના પક્ષની રક્ષા કરવામાં હિંમતવાળાને તથા વિચારશીલને, ખડ્ગવાળાને તથા ભાથાવાળાને, તીક્ષ્ણ બાણવાળાને તથા સર્વ આયુધસંપન્નને, સુંદર ત્રિશૂળવાળાને તથા શોભિતા ધનુષવાળા એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૩૬

नमः स्रुत्याय चपथ्यायचनमः काट्यायचनीप्यायचनमः कुल्यायचसरस्यायचनमोनादेयायचवैशन्तायचनमः कूप्याय ॥ ३७ ॥

કુત્સ ઋષિ, ભુરિક્ આર્ષી પંક્તિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **स्रुत्याय** (ઝરણામાં–નાળામાં રહેનારને) **च** (અને) **पथ्याय** (રાજમાર્ગમાં વિચરનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **काट्याय** (ઘરેડમાં–કઠણ માર્ગમાં રહેનારને) **च** (અને) **नीप्याय** પર્વત પાસેની નીચી ભૂમિમાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **कुल्याय** (નહેરમાં રહેનાર–દેહમાં અંતર્યામી તરીકે વ્યાપકને) **च** (અને) **सरस्याय** (સરોવરમાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **नादेयाय** (નદીમાં જળ-રૂપને) **च** (અને) **वैशन्ताय** (તળાવમાં રહેનારને) **च** (અને).

ઝરણામાં, રાજમાર્ગમાં, ઘરેડમાં–કઠણ માર્ગમાં, પર્વત પાસે ખીણમાં, નહેરમાં, સરોવરમાં, નદીમાં, તળાવ વગેરેમાં વિદ્યમાનને અમારા નમસ્કાર છે. ૩૭

नमः कूप्याय चावट्याय च नमो वीध्र्याय चातप्याय च-
नमो मेघ्याय च विद्युत्याय नमो वार्ष्याय चावर्ष्याय च नमो-
वात्याय ॥ ३८ ॥

કુત્સ ઋષિ, નિચૃત્ આર્ષી ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **कूप्याय** (કૂપમાં રહેનારને) **च** (અને) **अवट्याय** (અવડ કૂવામાં–ખાડામાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **वीध्र्याय** (શરદઋતુના વાદળામાં રહેનારને) **च** (અને) **आतप्याय** (સૂર્યપ્રકાશ–તડકામાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **मेघ्याय** (મેઘમાં રહેનારને) **विद्युत्याय** (વિદ્યુત–વીજળીમાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **वर्ष्याय** (વૃષ્ટિમાં રહેનારને) **च** (અને) **अवर्ष्याय** (વૃષ્ટિના અભાવમાં રહેનારને).

કૂવામાં તથા ખાડામાં, શરદનાં વાદળાંમાં તથા તડકામાં, મેઘમાં તથા વીજળીમાં, વૃષ્ટિમાં તથા વૃષ્ટિના અભાવમાં વિદ્યમાનને અમારા નમસ્કાર છે. ૩૮

नमो वात्याय च रेष्म्याय च नमो वास्तव्याय च वास्तुपाय च-
नमः सोमाय च रुद्राय च नमस्ताम्राय चारुणाय च नमः शङ्गवे ॥

કુત્સ ઋષિ, સ્વરાટ્ આર્ષી પંક્તિ છંદ, રુદ્ર દેવતા

नमः (નમસ્કાર છે) **वात्याय** (વાયુમાં વિદ્યમાનને) **च** (અને) **रेष्म्याय** (પ્રલયકાળના વાયુમાં રહેનારને–સર્વ પ્રાણીઓ-ને નાશ થાય છે ત્યારે પ્રલયમાં પણ અવશેષ રહેનાર કાળરૂપને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **वास्तव्याय** (ગૃહમાં રહેનારને ગૃહના અધિષ્ઠાતાને) **च** (અને) **वास्तुपाय** (ગૃહના પાલકને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **सोमाय** (ઉમા સહિતને–ચંદ્રમામાં

રહેનારને) **च** (અને) **रुद्राय** (દુઃખના નાશ કરનાર રુદ્રને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **ताम्राय** (ઉદય સમયે રક્ત સૂર્યરૂપને–રક્ત અગ્નિરૂપને) **च** (અને) **अरुणाय** (અસ્તસમયે ચળકતા થોડા રાતા રંગના સૂર્યરૂપને) **च** (અને).

સૃષ્ટિ સમયના તથા પ્રલયકાળના વાયુરૂપને, ગૃહમાં રહેનાર તથા ગૃહના પાલકને, ઉમા સહિતને–ચંદ્રરૂપને તથા દુઃખનાશક રુદ્રને, રક્ત અગ્નિરૂપને–ઉદય સમયે રક્ત તથા અસ્ત સમયે થોડા રક્ત એવા સૂર્યરૂપ રુદ્રને અમારા નમસ્કાર છે. ૩૯

नमः शङ्गवे च पशुपतये च नम उग्राय च भीमाय च नमोऽग्रे-
वधाय च दूरेवधाय च नमो हन्त्रे च हनीयसे च नमो वृक्षेभ्यो हरिकेशे-
भ्यो नमस्ताराय ॥ ४० ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, ભુરિગતિ શક્વરી છંદ, રુદ્રદેવતા.

नमः (નમસ્કાર છે) **शङ्गवे** (સુખરૂપ તથા વેદરૂપ વાણી જેની છે એવાંને–સુખ કરનારને) **च** અને) **पशुपतये** (પ્રાણીઓના પાલકને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **उग्राय** (શત્રુને હણવા ઉગામેલા આયુધવાળાને–ભયંકર ઉગ્રપ્રતાપી સ્વરૂપવાળાને) **भीमाय** (શત્રુને ભય ઉત્પન્ન કરનારને–ભયંકર સ્વરૂપવાળાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **अग्रेवधाय** (સન્મુખ ઉભેલા શત્રુના નાશ કરનારને) **च** (અને) **दूरेवधाय** (દૂર રહેલા શત્રુના નાશ કરનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **हन्त्रे** (હનન–નાશ કરનારને) **च** (અને) **हनीयसे** (અતિશય નાશ કરનારને–પ્રલયમાં સર્વના નાશ કરનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **वृक्षेभ्यः** (કલ્પતરુરૂપને) **हरिकेशेभ्यः** (લીલાં પત્રવાળાને) **नमः** (નમસ્કાર છે) **ताराय** (સંસારમાંથી તારનારને–ૐકારરૂપને).

સુખકર–વેદરૂપ વાણીવાળાને–સુખ કરનારને તથા પ્રાણીઓના

પાલકને, શત્રુને હણવા ઉગામેલાં આયુધવાળાને–ઉગ્રસ્વરૂપને તથા ભયંકર રૂપવાળાને, સન્મુખ રહેલા તથા દૂર રહેલા શત્રુઓને હણનારને–આગળ રહી તથા દૂર રહી હણનારને, લોકમાં નાશ કરનારને, તથા પ્રલયમાં સર્વના નાશ કરનારને અને લીલાં પત્રોવાળાં વૃક્ષોને–કલ્પતરુઓને તથા સંસારમાંથી તારનારરૂપ રુદ્રને અમારા નમસ્કાર છે.

नमः॑ शम्भ॒वाय॑ । चमयोभ॒वाय॑च॒नमः॑ शङ्क॒राय॑चमय-स्क॒राय॑ नमः॑ शि॒वाय॑चशि॒वत॑रायच ॥ ४१ ॥

પરમેષ્ઠી ઋષિ, પંક્તિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **शंभवाय** (સુખરૂપને–સંસારસુખ આપનારને) **च** (અને) **मयोभवाय** (મોક્ષના આનંદસ્વરૂપને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **शङ्कराय** (લૌકિક સુખ કરનારને) **च** (અને) **मयस्कराय** (મોક્ષનું સુખ આપનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **शिवाय** (કલ્યાણરૂપને) **च** (અને) **शिवतराय** (અત્યંત કલ્યાણ કરનારને–ભકતોને અત્યંત નિષ્પાપ કરનારને) **च** (અને).

સુખમય સંસારરૂપને તથા મુકિતરૂપને, આ લોક તથા પરલોકનાં સુખ આપનારને, કલ્યાણરૂપને તથા ઉપાસકોનું અત્યંત કલ્યાણ કરનાર એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૪૧

नमः॒ पार्या॑य चावा॒र्या॑यच॒नमः॑ प्र॒तर॑णाय चो॒त्तर॑णायचनमस्तीर्थ्या॑यच॒कूल्या॑यच॒न॒ मः शष्प्या॑यच॒फेन्या॑यच॒ नमः॑ सिक॒त्या॒य ॥ २ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચૃત્ ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **पार्याय** (સંસારસાગરને સામે પાર લઈ જનારને–જીવનમુકતરૂપે રહેનારને) **च** (અને) **अवार्याय** (સંસારસાગરને આ તીરે સંસારમાં હોનારને–સંસારનાં સકામ કર્મોનાં

ફળ આપનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **प्रतरणाय** (મંત્રજપ વગેરેથી પાપમાંથી–સંસારમાંથી તારનાર નૌકારૂપને) **च** (અને) **उत्तरणाय** (ઉત્કૃષ્ટ જ્ઞાન વડે સંસારમાંથી તારનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **तीर्थ्याय** (કાશી-પ્રયાગ વગેરે તીર્થમાં રહેનારને) **च** (અને) **कूल्याय** (નદીઓના તટ પર વિચરનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **शष्प्याय** (નદીનાં તીરો પર-ઉદ્યાનોમાં લીલાં ઘાસમાં વિહરનારને) **च** (અને) **फेन्याय** (ફીણમાં વર્તમાનને) **च** (અને).

સંસારરૂપી સાગરને ને સામે પાર જીવન્મુક્તરૂપે વર્તમાનને તથા સંસારરૂપી સાગરને આ પાર–સંસારની પ્રવૃત્તિઓમાં રહેનારને, મંત્રજપ વગેરેથી પાપ નિવારી સંસારમાંથી તારનાર નૌકારૂપને તથા ઉત્કૃષ્ટ જ્ઞાન-પ્રદાન કરી સંસારમાંથી મુક્ત કરનારને, તીર્થમાં તથા નદીના તટો પર વિચરનારને અને નદીના કિનારે કે ઉદ્યાનોમાં, લીલાં ઘાસમાં તથા નદીના ફીણ ઉપર વિહરનારને અમારા નમસ્કાર છે. ૪૨

नमः॑ सिक॒त्या॒य चप्र॒वा॒ह्या॒यच॒नमः॑ किꣳशि॒ला य॑च॒क्षय॒णाय॑च॒नमः॑ कप॒र्दिने॑च॒पुल॒स्तये॑च॒नमः॒ इरि॒ण्या॒यच॒प्रप॒थ्या॒यच॒ नमो॒ व्रज्ज्या॑य ॥ ४३ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, જગતી છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **सिकत्याय** (રેતીમાં વિદ્યમાન) **च** (અને) **प्रवाह्याय** (પ્રવાહમાં વહન કરનાર) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **किंशिलाय** (કાંકરામાં રમનાર) **च** (અને) **क्षयणाय** (સ્થિર જળમાં વસનાર) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **कपर्दिने** (જટા–જૂટવાળાને) **च** (અને) **पुलस्तये** (સર્વના અંતર્યામીને–સર્વમાં આગળ–અગ્ર ભાગમાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **इरिण्याय** (તૃણરહિત–ઊષરભૂમિમાં રહેનારને) **च** (અને) **प्रपथ्याय** (રાજમાર્ગમાં વિચરનારને) **च** (અને).

રેતીવાળા પ્રદેશમાં વિહરનાર તથા પ્રવાહમાં વહન કરનાર, કાંકરાવાળી ભૂમિમાં રમનાર તથા સ્થિર જળમાં વસનાર, જટાજૂટવાળા તથા સર્વની આગળ રહેનાર–સર્વના અંતર્યામી, ઘાસ વગરની ઊષર ભૂમિમાં તથા રાજમાર્ગમાં વિચરનાર એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૪૩

नमो व्रज्ज्याय च गोष्ठ्याय च नमस्तल्प्याय च गेह्याय च नमो हृदय्याय च निवेष्प्याय च नमः काट्याय च गह्वरेष्ठाय च नमः शुष्क्याय ॥ ४४ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, આર્ષી ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **व्रज्ज्याय** (ગાયના સમૂહમાં વિદ્યમાનને) **च** (અને) **गोष्ठ्याय** (ગૌચરણ–ગાયોના નિવાસસ્થાનમાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **तल्प्याय** (શય્યામાં વિદ્યમાનને) **च** (અને) **गेह्याय** (ગૃહમાં વસનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે). **हृदय्याय** (હૃદયમાં જીવરૂપે રહેનારને) **च** (અને) **निवेष्प्याय** (ધુમ્મસમાં–હિમજળમાં વિદ્યમાનને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **काट्याय** (કઠણ માર્ગમાં–સ્થાનમાં વિચરનારને કૂવામાં રહેનારને) **च** (અને) **गह्वरेष्ठाय** (પર્વતની ગુહામાં–ઊંડા જળમાં રહેનારને) **च** (અને).

ગાયના સમૂહ તથા ગૌચરણ–ગાયના નિવાસમાં રહેનાર, શય્યામાં વિદ્યમાન તથા ગૃહમાં વસનાર, હૃદયમાં જીવરૂપે રહેનાર તથા ધુમ્મસમાં વિદ્યમાન, કઠણ માર્ગમાં–કૂપમાં તથા પર્વતની ગુહા–ઊંડા જળમાં રહેનાર એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૪૪

नमः शुष्क्याय च हरित्याय च नमः पांसव्याय च रजस्याय च नमो लोप्याय चोलप्याय च नम ऊर्व्याय च सूर्व्याय च नमः पर्णाय ॥ ४५ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચૃત્ આર્ષી ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **शुष्क्याय** (સૂકાં કાષ્ઠ વગેરેમાં રહેનારને) **च** (અને) **हरित्याय** (લીલાં વૃક્ષ વગેરેમાં વિરાજમાનને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **पांसव्याय** (ધૂળમાં ખેલનારને) **च** (અને) **रजस्याय** (રજોગુણવાળાને–પુષ્પના પરાગમાં મહેકનારને–રેણુમાં રહેનારને–વીર્યસ્વરૂપને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **लोप्याय** (અગમ્ય પ્રદેશમાં–ગુપ્તમાર્ગમાં રહેનારને–નિરાકાર–અદૃશ્ય સ્વરૂપને–પ્રલયમાં અવ્યક્તરૂપે અવશેષ રહેનારને) **च** (અને) **उलप्याय** (તૃણમાં–ઘાસના બીડમાં રહેનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **ऊर्व्याय** (ભૂમિમાં રહેનારને) **च** (અને) **सूर्व्याय** (પ્રલયકાળના અગ્નિમાં–પ્રબળ વડવાનળમાં રહેનારને) **च** (અને).

સૂકાં તથા લીલાં વૃક્ષોમાં વિદ્યમાન, ધૂળમાં ખેલનાર તથા પુષ્પના પરાગમાંથી સુવાસરૂપે પ્રસરનાર, અગમ્ય પ્રદેશમાં–અદૃશ્ય સ્વરૂપે રહેનાર, તૃણવાળા ભૂમિ પ્રદેશમાં નિવસનાર, પૃથ્વીરૂપે સર્વને ધારણ કરનાર અને પ્રલયકાળના અગ્નિરૂપે વિશ્વનો અંત આણનાર એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૪૫

नमः पर्णाय च पर्णशदाय च नम उद्गुरमाणाय चाभिघ्नते च नम आखिदते च प्रखिदते च नम इषुकृद्भ्यो धनुष्कृद्भ्यश्च वो नमो नमो वः किरिकेभ्यो देवानां हृदयेभ्यो नमो विचिन्वत्केभ्यो नमो विक्षिणत्केभ्यो नम आनिर्हतेभ्यः ॥ ४६ ॥

પરમેષ્ઠી ઋષિ, સ્વરાટ પ્રકૃતિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **पर्णाय** (પત્ર–વૃક્ષરૂપને) **च** (અને) **पर्णशदाय** (પડેલાં પાંદડાંવાળા પ્રદેશમાં વૃક્ષ નીચે રહેનારને) **च**

(અને) **नमः** (નમસ્કાર છે) **उद्गुरमाणाय** (ઉદ્યમ કરનારને) **च** (અને) **अभिघ्नते** (શત્રુનો સંહાર કરનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **आखिदते** (અભક્તોને ત્રિવિધ તાપથી ખેદ પમાડનારને) **च** (અને) **प्रखिदते** (પાપીઓને વિશેષ ખેદ પમાડનારને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **इषुकृद्भ्यः** (બાણ બનાવનારાઓને) **धनुष्कृद्भ्यः** (ધનુષ કરનારાઓને) **च** (અને) **वः** (આપને) **नमः** (નમસ્કાર છે) **नमः** (નમસ્કાર છે) **वः** (આપને) **किरिकेभ्यः** (દેવોમાં મુખ્ય વાયુ, અગ્નિ, સૂર્ય જેઓ જગતને વૃષ્ટિથી ઉત્પન્ન કરી પોષે છે તેમને) **देवानाम्** (દેવોના) **हृदयेभ्यः** (હૃદયરૂપને) **नमः** (નમસ્કાર છે) **विचिन्वत्केभ्यः** (ધર્માત્મા તથા પાપાત્માને જુદા કરનારને) **नमः** (નમસ્કાર છે) **विक्षिणत्केभ्यः** (વિવિધ પાપને ક્ષીણ કરનારને–પ્રલય કરનારને) **नमः** (નમસ્કાર છે) **आनिर्हतेभ्यः** (સૃષ્ટિના પ્રારંભમાં ઉત્પન્ન થયેલા અગ્નિ, વાયુ, સૂર્યરૂપ રુદ્રોને).

પર્ણરૂપ–વૃક્ષરૂપ તથા પડેલાં પાંદડાંવાળા પ્રદેશમાં વૃક્ષ નીચે રહેનારને, ઉદ્યમશીલને તથા શત્રુ સંહારનારને, અભક્તોને ખેદ કરાવનારને તથા પાપીઓને વિશેષ ખેદ કરાવનારને, બાણો તથા ધનુષના બનાવનાર, એવા હે રુદ્રો ! તમને નમસ્કાર છે. વૃષ્ટિ દ્વારા અગ્નિ, વાયુ, સૂર્યરૂપે જગતને ઉત્પન્ન કરનાર–વિશ્વનું હિત કરનારને, દેવોના હૃદયરૂપને, પાપિષ્ઠ તથા ધર્મિષ્ઠને જુદા કરનાર–ઓળખનારને, વિવિધ પાપોને ક્ષીણ કરનારને, સૃષ્ટિના પ્રારંભમાં ઉત્પન્ન થયેલા અગ્નિ–વાયુ–સૂર્યરૂપ એવા હે રુદ્રો ! આપને અમારા નમસ્કાર છે. ૪૬

द्रापेअन्धंसस्पतेदरिंद्रनीलंलोहित ॥ आसाम्प्रजानां-
मेषाम्पंशूनाम्माभेर्म्मारोङ्मोचंनꣳ किञ्चनाममंत ॥ ४७ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, ભુરિક્ આર્ષી બૃહતી છંદ, રુદ્ર દેવતા.

द्रापे (પાપીઓની દુર્ગતિ કરનાર) **अन्धसस्पते** (સોમ-

લતાનું પાલન કરનાર) **दरिद्र**[1] (પરિગ્રહ નહિ કરનાર–અદ્વિતીય–અકિંચન) **नीललोहित** (કંઠે નીલવર્ણના અને શરીરે રક્તવર્ણના) **आसाम्** (આ) **प्रजानाम्** (પુત્ર વગેરે પ્રજાને) **एषाम्** (આ) **पशूनाम्** (પશુઓને) **मा** (નહિ) **भेः** (ભય પમાડો) **मा** (નહિ) **रोक्** (ભંગ–નાશ કરો) **मा** (નહિ) **च** (અને) **नः** (અમારા) **किंचन** (કોઈ પણ મનુષ્ય તથા પશુને) **आममत्** (રોગી કરો).

હે પાપીઓની દુર્ગતિ કરનાર, સોમવેલના પાલક, પરિગ્રહ નહિ કરનાર નીલકંઠ તથા રક્ત શરીરવાળા રુદ્ર ! અમારી આ પ્રજાને તથા અમારાં પશુઓને ભય પમાડો નહિ; તેમ જ અમારાં મનુષ્યો તથા પશુઓને રોગવાળાં કરો નહિ. ૪૭

इमारुद्रायं तवसैंकपर्दिनैंक्षयद्वींरायप्प्रभंरामहेमती? ॥
यथाशमसंद्द्विपदेचतुंष्पदेविश्श्वंम्पुष्टङ्ग्रामेअस्म्मिन्नंना-
तुरम् ॥ ४८ ॥

કુત્સ ઋષિ, આર્ષી જગતી છંદ, રુદ્ર દેવતા.

इमाः (આ) **रुद्राय** (રુદ્રદેવતાને) **तवसे** (બળવાન) **कपर्दिने** (જટાજૂટવાળા) **क्षयद्वीराय** (વીરોના સમૂહવાળા–સમર્થ વીરો જેના રક્ષણ નીચે વસે છે એવા–શૂરવીર શત્રુઓનો નાશ કરનાર) **प्रभरामहे** (અર્પણ કરીએ છીએ) **मतीः** (બુદ્ધિઓ–સ્તુતિઓ) **यथा** (જે પ્રકારે–જેથી) **शम्** (સુખ) **असत्**

---

૧. રુદ્રરૂપી પરમાત્મા અદ્વિતીય હોવાથી અકિંચન–કંઈ પણ વસ્તુ વગરના દરિદ્ર જેવા છે. જેમ દ્રવ્યરહિત મનુષ્ય દરિદ્ર ગણાય તેમ ગુણરહિત નિર્ગુણ પ્રભુ કંઈ પણ અન્ય વસ્તુ જેનામાં સંભવતી નથી તે દરિદ્ર સમાન છે. આ સંબોધન ઘણું અર્થસૂચક અને પરમ વિરાગતું બોધક છે. અકિંચન–દરિદ્રી મનુષ્યો–ગરીબ નારાયણો પ્રભુસ્વરૂપ છે એમ એ સૂચવે છે. પરમાત્મા બીજી વસ્તુનો પરિગ્રહ–સ્વીકાર કરતા નથી. અપરિગ્રહનું વ્રત પાળનાર સુદામા જેવા દરિદ્ર બ્રાહ્મણો પ્રભુ–ઈશ્વરસ્વરૂપ છે.

(થાય) **द्विपदे** (પુત્ર વગેરેને) **चतुष्पदे** (ગાય, અશ્વ વગેરે પશુઓને) **विश्वम्** (આખું-સર્વે પ્રાણીવર્ગ) **पुष्टम्** (સમૃદ્ધ-પુષ્ટ) **ग्रामे** (ગ્રામમાં) **अस्मिन्** (આ) **अनातुरम्** (ઉપદ્રવરહિત-સ્વસ્થ).

બળવાન, જટાજૂટવાળા, વીરોના આશ્રયરૂપ એવા રુદ્રદેવતાને અમે આ સ્તુતિઓ સમર્પણ કરીએ છીએ કે જેથી અમારાં પુત્રાદિ પ્રજા તથા સગાંસંબંધી મનુષ્યો, અમારાં ગાય-અશ્વ વગેરે પશુઓ સુખી થાય અને અમારા આ ગ્રામમાં સર્વ પ્રાણીઓ સમૃદ્ધ અને ઉપદ્રવરહિત થાય. ૪૮

यातेरुद्रशिवातनू? शिवाविश्वाहाभेषजी ॥ शिवारुतस्य-
भेषजीतयानोमृडजीवसे ॥ ४९ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

या (જે) **ते** (તમારી) **रुद्र** (હે રુદ્રદેવતા-હે શંકર !) **शिवा** (કલ્યાણકારી) **तनूः** (દેહ-શરીર) **शिवा** (શાંત) **विश्वाहा** (સર્વદા) **भेषजी** (ઔષધરૂપ-સંસારની વ્યાધિ દૂર કરનાર) **शिवा** (સારી) **रुतस्य** (રોગની) **भेषजी** (ઔષધિરૂપ) **तया** (તે શરીર વડે) **नः** (અમને) **मृड** (સુખી કરો-ભાગ્યશાળી કરો) **जीवसे** (જીવવાને).

હે રુદ્ર ! આપનો જે સર્વદા કલ્યાણ કરનારો, શાંત, સંસાર-વ્યાધિ નિવારનાર ઔષધિરૂપ દેહ છે, તે સારી રીતે સર્વ રોગ નિવારનાર ઔષધિરૂપ દેહથી-શક્તિથી હે શંકર ! અમને દીર્ઘાયુ આપી સુખી કરો. ૪૯

परिनोरुद्रस्यहेतिर्वृणक्तुपरित्वेषस्यदुर्म्मतिरघायोः॥ अव-
स्थिरामघवद्भ्यस्तनुष्वमीढ्वस्तोकायतनयायमृड ॥ ५० ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, આર્ષી, ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नः (અમારો) **रुद्रस्य** (રુદ્રનું) **हेतिः** (આયુધ) **परि-**

वृणक्तु (સર્વ બાજુથી-સંપૂર્ણ રીતે પરિત્યાગ કરો) **त्वेषस्य** (ક્રોધયુક્ત થયેલા) **दुर्मतिः** (શિક્ષા કરવાની ઇચ્છા) **अघायोः** (પાપીઓને) **अवतनुष्व** (દોરીરહિત કરો-ઉતારી મૂકો) **स्थिरा** (દૃઢ ધનુષોને) **मघवद्भ्यः** (હવિરૂપી ધનવાળા યજમાનો માટે) **मीढ्वः** (ઇષ્ટ પદાર્થની વૃષ્ટિ કરનાર) **तोकाय** (પુત્રોને) **तनयाय** (પૌત્રોને) **मृड** (સુખી કરો).

હે રુદ્ર ! આપનું આયુધ અમારો સંપૂર્ણ રીતે ત્યાગ કરો-અમને હણો નહિ; પાપીઓ પ્રતિ ક્રોધયુક્ત થયેલા અને તેમને શિક્ષા કરવાની ઇચ્છાવાળા આપની તામસીવૃત્તિ અમારો પરિત્યાગ કરો; ક્રોધવાળા દુષ્ટ પાપીઓની દુર્બુદ્ધિ અમારો પરિત્યાગ કરો-અમારા પ્રતિ વળો નહિ અને દુઃખ આપો નહિ, સર્વ ઇષ્ટ પદાર્થોની વૃષ્ટિ કરનાર શંકર ! આપના હવિરૂપી ધનવાળા યજમાનોને ભયરહિત કરવા આપનાં ધનુષો ઉતારી મૂકો અને તેમના પુત્ર-પૌત્રાદિકોને સુખી કરો. ૫૦

मीढुष्टमशिवतम शिवोनः सुमनाभव ॥ परमेवृक्ष-
आयुधन्निधायकृत्तिं वसानआचरपिनाकम्बिभ्रदागहि ॥ ५१ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ આર્ષી યવમધ્યા ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

मीढुष्टम (સર્વ ઇષ્ટ પદાર્થની અતિ વૃષ્ટિ કરનાર) **शिवतम** (અત્યંત કલ્યાણકર્તા) **शिवः** (શાંત) **नः** (અમારા પ્રતિ) **सुमनाः** (પ્રસન્ન ચિત્ત) **भव** (થાઓ) **परमे** (ઉત્કૃષ્ટ-દૂર-ઊંચાં) **वृक्षे** (વટ વગેરે વૃક્ષ પર) **आयुधम्** (ત્રિશૂલાદિક આયુધને) **निधाय** (મૂકીને) **कृत्तिं** (મૃગચર્મ) **वसानः** (પહેરીને) **आचर** (આવો-તપશ્ચર્યા કરો) **पिनाकम्** (ધનુષને) **बिभ्रत्** (શોભા માટે ધારણ કરીને) **आगहि** (પધારો).

હે સર્વ ફળપ્રદાતા—મનોરથોના પૂરનાર—અત્યંત કલ્યાણ કરનાર રુદ્ર ! તમે અમારા પ્રતિ શાંત મનવાળા તથા પ્રસન્ન ચિત્ત-વાળા થાઓ. તમારું આયુધ-ત્રિશૂળ મૂકી દઈ વ્યાઘ્રાંબર પહેરી ઊંચાં વૃક્ષ નીચે બેસી તપશ્ચર્યા કરો—તમારું આયુધ ઊંચાં વૃક્ષ પર મૂકી મૃગચર્મ પહેરી અમારી પાસે આવો—શોભા માટે ભલે પિનાક ધનુષ ધારણ કરીને પધારો. ૫૧

विकिरिद्र विलोहित नमस्तेअस्तुभगवꣳ ॥ यास्तेसहस्रꣳ हेतयोन्यमस्मन्निवपन्तुताꣳ ॥५२॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

विकिरिद्र (વિવિધ પ્રકારના ઉપદ્રવનો નાશ કરવાવાળા) **विलोहित** (અતિશુદ્ધ) **नमः** (નમસ્કાર) **ते** (આપને) **अस्तु** (હો) **भगवः** (હે ભગવાન !) **याः** (જે) **ते** (આપનાં) **सहस्रम्** (હજારો) **हेतयः** (આયુધો) **अन्यम्** (અન્યને) **अस्मत्** (અમારાથી) **निवपन्तु** (હણો—નાશ કરો) **ताः** (તે).

હે સર્વ ઉપદ્રવના નાશ કરનાર—શુદ્ધ સ્વરૂપ ભગવાન રુદ્ર ! આપને અમારા નમસ્કાર હો. આપનાં જે અસંખ્ય આયુધો છે, તે અમારાથી અન્યનો નાશ કરો. ૫૨

सहस्राणिसहस्रशोबाह्वोस्तवहेतयः ॥ तासामीशानो-भगवꣳ पराचीनामुखाकृधि ॥५३॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

सहस्राणि (હજારો) **सहस्रशः** (હજારો પ્રકારનાં) **बाह्वोः** (હસ્તમાં) **तव** (આપનાં) **हेतयः** (આયુધો) **तासाम्** (તેમનાં) **ईशानः** (ઈશ્વર) **भगवः** (હે ષટ્ પ્રકારના ઐશ્વર્યસંપન્ન ભગવાન)

पराचीनाः (અમારાથી બીજી તરફ) **मुखाः** (મુખો—શલ્યો) **कृधि** (કરો).

હે ષટ્ પ્રકારના ઐશ્વર્યસંપન્ન ભગવાન જગદીશ્વર ! આપના હસ્તમાં હજારો પ્રકારનાં હજારો આયુધો છે, તેનાં મુખો—શલ્યો અમારાથી બીજી તરફનાં કરો—અમને હણો નહિ. ૫૩

असंख्यातासहस्राणि येरुद्राअधिभूम्याम् ॥ तेषाꣳ-सहस्रयोजनेवधन्वानितन्मसि ॥५४॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, વિરાટ્ આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

असंख्याता (અસંખ્ય) **सहस्राणि** (હજારો) **ये** (જે) **रुद्राः** (રુદ્ર દેવતાઓ) **अधिभूम्याम्** (ભૂમિ ઉપર રહેલા છે) **तेषाम्** (તેમનાં) **सहस्रयोजने** (હજાર યોજન—ગાઉ દૂર) **धन्वानि** (ધનુષોને) **अवतन्मसि** (દોરીરહિત કરીને—ઉતારીને નાખી દઈએ છીએ)

પૃથ્વી ઉપર જે હજારો રુદ્ર દેવતાઓ વસેલા છે તેમનાં ધનુષો-ને દોરીરહિત કરીને યોજનો દૂર અમે નાખી દઈએ છીએ. ૫૪

अस्मिन्महत्यर्णवेऽन्तरिक्षेभवाअधि । तेषाꣳसहस्रयो-जनेवधन्वानितन्मसि ॥५५॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, ભુરિક્ આર્ષી ઉષ્ણિક્ છંદ, રુદ્ર દેવતા.

अस्मिन् (આ) **महति** (મહાન વિશાળ) **अर्णवे** (સાગર-સમા જળવાળા—મેઘવાળા) **अन्तरिक्षे** (આકાશમાં) **अधिभवाः** (જે રુદ્રો રહેલા છે) **तेषाम्** (તેના) **सहस्र** (હજાર) **योजने** (યોજન દૂર) **धन्वानि** (ધનુષો) **अवतन्मसि** (દોરીરહિત કરી ફેંકીએ છીએ).

આ વિશાળ સાગર સમા જળવાળા–મેઘવાળા અંતરિક્ષમાં જે રુદ્રો રહેલા છે, તેમનાં ધનુષે અમે હજાર યોજન દૂર ફેંકીએ છીએ.

नीलग्ग्रीवाः शितिकण्ठा दिवᳪ रुद्रा उपश्रिताः ॥
तेषाᳪ सहस्रयोजनेऽवधन्वानि तन्मसि ॥ ५६ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नीलग्रीवाः (નીલગ્રીવાવાળા) शितिकण्ठाः (શ્વેત કંઠવાળા) दिवम् (દ્યુલોકમાં–નભમાં) रुद्राः (રુદ્રો) उपश्रिताः (રહેલા છે) तेषाम् (તેમનાં) सहस्र (હજાર) योजने (યોજન દૂર) धन्वानि (ધનુષે) अवतन्मसि (દોરીરહિત કરી ફેંકીએ છીએ.)

જેમના કંઠને કેટલોક ભાગ વિષ ભક્ષણને લીધે નીલ અને કેટલોક ભાગ શ્વેત દેખાય છે એવા જે રુદ્રો દ્યુલોકમાં રહેલા છે–મેઘવાળા તથા મેઘરહિત આકાશમાં જે રુદ્રો તારાઓમાં રહેલા છે, તેમનાં ધનુષે દોરીરહિત કરી અમે સહસ્ર યોજન દૂર ફેંકીએ છીએ. ૫૬

नीलग्रीवाः शितिकण्ठाः शर्वा अधः क्षमाचराः ॥
तेषाᳪ सहस्रयोजनेऽवधन्वानि तन्मसि ॥ ९७ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नीलग्रीवाः (નીલરંગની ડોકવાળા) शितिकण्ठाः (શ્વેત કંઠવાળા) शर्वाः (રુદ્રો) अधः (નીચે) क्षमाचराः (પાતાળમાં રહેલા છે) तेषाम् (તેમનાં) सहस्र (હજાર) योजने (યોજન દૂર) धन्वानि (ધનુષે) अवतन्मसि (ઉતારી ફેંકી દઈએ છીએ).

નીલરંગની ગ્રીવાવાળા તથા શ્વેત કંઠવાળા જે રુદ્રો પૃથ્વીની નીચેના ભાગમાં–પાતાળમાં રહે છે, તેમનાં ધનુષે અમે દોરીરહિત કરી સહસ્ર યોજન દૂર ફેંકીએ છીએ. ૫૭

ये वृक्षेषु शष्पिञ्जरा नीलग्ग्रीवा विलोहिताः ॥
तेषाᳪ सहस्रयोजनेऽवधन्वानि तन्मसि ॥ ५८ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ આર્ષી, અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

ये (જે) वृक्षेषु (વૃક્ષોમાં) शष्पिञ्जराः (તૃણ જેવા લીલા રંગના) नीलग्रीवाः (નીલગ્રીવાવાળા) विलोहिताः (રક્તવર્ણના-શુદ્ધ તેજોમય સ્વરૂપવાળા) तेषाम् (તેમના) सहस्र (હજાર) योजने (યોજન દૂર) धन्वानि (ધનુષે) अवतन्मसि (દોરીરહિત કરી ફેંકીએ છીએ).

જે રુદ્રો તૃણ જેવાં લીલા રંગના વૃક્ષોમાં રહેલા છે, જે નીલગ્રીવા-વાળા અને રક્તવર્ણના–તેજોમય સ્વરૂપવાળા છે–જે રુદ્રો વૃક્ષમાં લીલાં પત્ર, નીલશાખા તથા રક્ત કૂંપળોરૂપે રહેલા છે, તેમનાં ધનુષે દોરી રહિત કરી અમે સહસ્ર યોજન દૂર ફેંકીએ છીએ. ૫૮

ये भूतानामधिपतयो विशिखासः कपर्दिनः ॥
तेषाᳪ सहस्रयोजनेऽवधन्वानि तन्मसि ॥ ७९ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, આર્ષી, અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

ये (જે) भूतानाम् (દેવવિશેષો-ભૂતોના–પ્રાણીઓના) अधिपतयः (અધિપતિઓ–પાલકો) विशिखासः (શિખારહિત) कपर्दिनः (જટાજૂટવાળા) तेषाम् (તેમનાં) सहस्र (હજાર) योजने (યોજન દૂર) धन्वानि (ધનુષે) अवतन्मसि (દોરીરહિત કરી ફેંકી દઈએ છીએ).

જે રુદ્રો દેવવિશેષો–ભૂતોના અધિપતિઓ-પ્રાણીઓના પાલકો છે, તેમનાં ધનુષે દોરીરહિત કરી અમે સહસ્ર યોજન દૂર ફેંકીએ છીએ. ૫૯

येपथाम्पथिरक्षयऽऐलबृदाऽआयुर्युधः ॥
तेषाꣳसहस्रयोजनेवधन्वानितन्मसि ॥ ६० ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, આર્ષી અનુષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

ये (જે રુદ્રો) **पथाम्** (લૌકિક-વૈદિક માર્ગોના અધિપતિઓ) **पथिरक्षयः-पथिरक्षसः** (માર્ગનું રક્ષણ કરનારા–અન્ય માર્ગોના પણ પાલક) **एलबृदाः** (પૃથ્વીમાંથી ઊપજતાં અન્નના ધારણ કરનાર–અન્ન વડે પ્રાણીઓના પોષક) **आयुर्युधः** (આયુષને હસ્તમાં રાખી જીવનપર્યંત યુદ્ધ કરનારા છે) **तेषाम्** (તેમનાં) **सहस्र** (હજાર) **योजने** (યોજન દૂર) **धन्वानि** (ધનુષોને) **अवतन्मसि** (દોરીરહિત કરી અમારાથી દૂર ફેંકીએ છીએ).

જે રુદ્રો વૈદિક–લૌકિક માર્ગોના પાલક છે–માર્ગોના રક્ષક છે, જે વિવિધ અન્નો વડે પ્રાણીઓના પોષક છે તથા જીવનપર્યંત યુદ્ધ કરનારા છે તેમનાં ધનુષો દોરીરહિત કરી અમે સહસ્ર યોજન દૂર ફેંકીએ છીએ. ૬૦

येतीर्थानि । प्रचरन्तिसृकाहस्तानिषङ्गिणः ॥
तेषाꣳसहस्रयोजनेवधन्वानितन्मसि ॥ ६१ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચૃત્ આર્ષી અનુષ્ટુપ છંદ,
રુદ્ર દેવતા.

ये (જે રુદ્રો) **तीर्थानि** (તીર્થોમાં) **प्रचरन्ति** (ફરે છે–વિચરે છે) **सृकाहस्ताः** (આયુધ-ઢાલ હસ્તમાં ધારીને) **निषङ्गिणः** (ખડ્ગોવાળા) **तेषाम्** (તેમનાં) **सहस्रयोजने** (હજાર યોજન દૂર) **धन्वानि** (ધનુષોને) **अवतन्मसि** (દોરીરહિત કરી અમારાથી દૂર ફેંકીએ છીએ).

ઢાલ તથા તલવાર હસ્તમાં ધારણ કરી જે રુદ્રો તીર્થોમાં વિચરે

છે, તેમનાં ધનુષો દોરી વિનાનાં કરી અમારાથી હજાર યોજન દૂર અમે ફેંકીએ છીએ. ૬૧

येन्नेषु । विविद्ध्यन्तिपात्रेषुपिबतोजनान् ॥
तेषाꣳसहस्रयोजनेवधन्वानितन्मसि ॥ ६२ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, વિરાટ્ આર્ષી અનુષ્ટુપ છંદ, ઇંદ્રદેવતા.

ये (જે) **अन्नेषु** (અન્નોમાં–ભોજનોમાં રહીને) **विविध्यन्ति** (ધાતુની વિષમતા કરી રોગ ઉત્પન્ન કરે છે–પીડા કરે છે) **पात्रेषु** (પાત્રોમાં–પાત્રમાં ભરેલાં દૂધ, પાણી વગેરેમાં રહીને) **पिबतः** (પીનાર) **जनान्** (જનોને–અમિતાહારી મનુષ્યોને) **तेषाम्** (તેમનાં) **सहस्रयोजने** (હજાર યોજન દૂર) **धन्वानि** (ધનુષોને) **अवतन्मसि** (દોરી ઉતારી અમારાથી દૂર નાખીએ છીએ).

જે રુદ્રો વિવિધ પ્રકારનાં અન્નોમાં–ભોજનોમાં રહી તથા પાન કરવાની વસ્તુઓ દૂધ–રસ–પાણી વગેરેથી ભરેલાં પાત્રોમાં રહી અમિતાહારી મનુષ્યોને પીડા–રોગ ઉત્પન્ન કરે છે, તેમનાં ધનુષો દોરીરહિત કરી અમારાથી હજાર યોજન દૂર અમે નાખીએ છીએ. ૬૨

यऽएतावन्तश्चभूयाꣳसश्चदिशोरुद्रावितस्थिरे ॥
तेषाꣳसहस्रयोजनेवधन्वानितन्मसि ॥ ६३ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચૃત્ આર્ષી અનુષ્ટુપ છંદ,
રુદ્ર દેવતા.

ये (જે) **एतावन्त** (આટલાં) **च** (અને) **भूयांसः** (એથી વધારે) **च** (અને) **दिशः** (દશે દિશાઓમાં) **रुद्राः** (રુદ્ર દેવતાઓ) **वितस्थिरे** (રહેલા છે.) **तेषाम्** (તેમનાં) **सहस्रयोजने** (અમારાથી હજાર યોજન દૂર) **धन्वानि** (ધનુષોને) **अवतन्मसि** (દોરીરહિત કરી નાખીએ છીએ.)

જે રુદ્ર દેવતાઓ આટલા આગળ વર્ણવ્યા પ્રમાણે તથા એથી પણ વધારે દશે દિશાઓમાં વિવિધરૂપે રહેલા છે, તેમનાં ધનુષો દોરી-રહિત કરી અમારાથી હજાર યોજન દૂર અમે નાખીએ છીએ. ૬૩

नमोस्तु । रुद्रेभ्योयेदिवियेषांवर्षमिषवः ॥ तेभ्योदश-
प्राचीर्दशदक्षिणादशप्रतीचीर्दशोदीचीर्दशोर्ध्वाः ॥ तेभ्यो-
नमोऽअस्तुतेनोवन्तुतेनोमृडयन्तुतेयन्द्विष्मोयश्चनोद्वेष्टितमेषा-
ञ्जम्भेदध्मः ॥ ६४ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, નિચૃત્ ધૃતિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર) **अस्तु** (હો) **रुद्रेभ्यः** (રુદ્રોને) **ये** (જેઓ) **दिवि** (દ્યુલોકમાં–સ્વર્ગમાં) **येषाम्** (જેમનાં) **वर्षम्** (વૃષ્ટિ એ જ) **इषवः** (બાણો–શરો) **तेभ्यः** (તેમને) **दश** (દસ આંગળીઓ જોડી નમસ્કાર કરીએ છીએ) **प्राचीः** (પૂર્વાભિમુખ–પૂર્વ તરફ) **दश** (દસ) **दक्षिणाः** (દક્ષિણાભિમુખે) **दश** (દસ) **प्रतीचीः** (પશ્ચિમાભિમુખે) **दश** (દસ) **उदीचीः** (ઉત્તરાભિમુખે) **दश** (દસ) **ऊर्ध्वाः** (ઊંચે–ઊર્ધ્વાભિમુખે) **तेभ्यः** (તેમને) **नमः** (નમસ્કાર) **अस्तु** (હો). **ते** (તેઓ) **नः** (અમારું) **अवन्तु** (રક્ષણ કરો) **ते** (તેઓ) **नः** (અમને) **मृडयन्तु** (સુખી કરો) **ते** (તે રુદ્રો) **यम्** (જે મનુષ્યનો) **द्विष्मः** (અમે દ્વેષ કરીએ છીએ) **यः** (જે મનુષ્ય) **च** (અને) **नः** (અમારો) **द्वेष्टि** (દ્વેષ કરે છે) **तम्** (તેને) **एषाम्** (એ રુદ્રોનાં) **जम्भे** (જડબામાં) **दध्मः** (મૂકીએ છીએ.)

જે રુદ્રો દ્યુલોકમાં–સ્વર્ગમાં રહે છે, જેની વૃષ્ટિ એ જ બાણો છે–પુણ્યશીલ જનો પર ઇષ્ટ પદાર્થોની વૃષ્ટિરૂપ જેનાં બાણો છે–પાપીઓને પીડવાને વિવિધ ઉપદ્રવરૂપી જે બાણો વરસી રહ્યાં છે તે રુદ્રોને અમારા નમસ્કાર હો; તેમને પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર તથા ઊર્ધ્વ દિશાઓ તરફ–સર્વ દિશામાં રહેતા રુદ્રોને દસ અંગુલિ જોડી નમસ્કાર

કરીએ છીએ–દસ–દસ નમસ્કાર કરીએ છીએ; તે રુદ્રોને અમારો વારંવાર નમસ્કાર હો; તે રુદ્રો અમારું રક્ષણ કરો તથા અમને સુખી કરો; જે મનુષ્યોનો અમે દ્વેષ કરીએ છીએ અને જે અમારો દ્વેષ કરે છે તેમને એ રુદ્રોની ભયંકર દાઢમાં–એ રુદ્રોનાં જડબાંમાં અમે મૂકીએ છીએ. ૬૪

नमोस्तु । रुद्रेभ्योयेन्तरिक्षेयेषांवातइषवः ॥ तेभ्यो-
दशप्राचीर्दशदक्षिणादशप्रतीचीर्दशोदीचीर्दशोर्ध्वाः ॥ तेभ्यो-
नमोऽअस्तुतेनोवन्तुतेनोमृडयन्तुतेयन्द्विष्मोयश्चनोद्वेष्टितमेषा-
ञ्जम्भेदध्मः ॥ ६५ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, ધૃતિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર) **अस्तु** (હો) **रुद्रेभ्यः** (રુદ્રોને) **ये** (જેઓ) **अन्तरिक्षे** (અંતરિક્ષમાં–આકાશમાં) **येषाम्** (જેમનાં) **वातः** (વાયુ) **इषवः** (બાણો–આયુધો, પ્રતિકૂળ વાયુથી પાક બળી જાય છે અને રોગ ઉત્પન્ન થાય છે) **तेभ्यः** (તેમને) **दश** (દસ નમસ્કાર–દસ આંગળ જોડી નમસ્કાર) **प्राचीः** (પૂર્વ ભણી દિશામાં રહેનારાઓને) **दश** (દશાંગુલિ જોડી નમસ્કાર) **दक्षिणाः** (દક્ષિણ ભણી–દિશામાં રહેનારાઓને) **दशः** (દશાંગુલિ–બન્ને હસ્ત જોડી નમસ્કાર) **उदीचीः** (ઉત્તર ભણી–દિશામાં રહેનારાઓને) **दश** (દસ આંગળી જોડી–બન્ને હાથ જોડી નમસ્કાર) **ऊर्ध्वाः** (ઊર્ધ્વ દિશામાં રહેનારાઓને–ઊંચે) **तेभ्यः** (તેમને) **नमः** (નમસ્કાર) **अस्तु** (હો) **ते** (તેઓ) **नः** (અમને–અમારું) **अवन्तु** (રક્ષણ કરો) **ते** (તેઓ) **नः** (અમને) **मृडयन्तु** (સુખ આપો) **ते** (તેઓ) **यम्** (જેનો) **द्विष्मः** (અમે દ્વેષ કરીએ છીએ) **यः** (જે) **च** (અને) **नः** (અમારો) **द्वेष्टि** (દ્વેષ કરે છે) **तम्** (તેને) **एषाम्** (આ રુદ્રોની) **जम्भे** (દાઢમાં–મુખમાં) **दध्मः**

(મૂકીએ છીએ).

જે રુદ્રો અંતરિક્ષમાં-આકાશમાં વસે છે, અનુકૂળ વાયુની લહેરો એ જ જેનાં બાણો છે-જે પ્રતિકૂળ વાયુ વાઈ અન્નનો નાશ કરી રોગ ઉત્પન્ન કરે છે, તેમને અમારા નમસ્કાર હો; દસ આંગળીઓ જોડી-બે હાથ જોડી-પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર તથા ઊર્ધ્વ દિશા તરફ-સર્વ દિશાઓમાં રહેતા રુદ્રોને અમારા નમસ્કાર છે;-દસ વાર વંદન છે; તે રુદ્રોને અમારા વારંવાર નમસ્કાર હો; તે રુદ્રો અમારું રક્ષણ કરો ને અમને સુખ આપો; જેમનો અમે દ્વેષ કરીએ છીએ અને જે અમારો દ્વેષ કરે છે, તેમને અમે એ રુદ્ર દેવતાઓની દાઢમાં-મુખમાં મૂકીએ છીએ. ૬૫

नमोस्तु रुद्रेभ्योयेपृथिव्यांयेषामन्नमिषवः ॥ तेभ्यो-
दशप्राचीर्दशदक्षिणादशप्रतीचीर्दशोदीचीर्दशोर्ध्वाः ॥ तेभ्यो-
नमोऽअस्तुतेनोवन्तुतेनोमृडयन्तुतेयन्द्विष्मोयश्चनोद्वेष्टितमेषा-
ञ्जम्भेदध्मः ॥ ६६ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, ધૃતિ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર) **अस्तु** (હો) **रुद्रेभ्यः** (રુદ્રોને) **ये** (જેઓ) **पृथिव्याम्** (પૃથ્વીમાં રહેલા છે) **येषाम्** (જેના) **अन्नम्** (અન્ન) **इषवः** (બાણો—જે અયોગ્ય આહારથી રોગ ઉત્પન્ન કરે છે—અન્નના સાધન વડે સર્વ કાર્ય સંપાદન કરે છે-પ્રાણીઓનું પોષણ કરે છે) **तेभ्यः** (તેમને) **दश** (દસ આંગળીઓ જોડી-બંને હસ્ત જોડી નમસ્કાર કરીએ છીએ) **प्राचीः** (પૂર્વ દિશા તરફ-પૂર્વ દિશામાં રહેનારાને) **दश** (દશાંગુલિ જોડી) **दक्षिणाः** (દક્ષિણ દિશા તરફ) **दश** (દશાંગુલિ જોડી) **प्रतीचीः** (પશ્ચિમ તરફ) **दश** (દશાંગુલિ જોડી) **उदीचीः** (ઉત્તર તરફ) **दश** (દશાંગુલિ જોડી) **ऊर्ध्वाः** (ઊર્ધ્વ દિશામાં-ઊંચે) **तेभ्यः** (તેમને) **नमः** (નમસ્કાર) **अस्तु**

(હો) **ते** (તેઓ) **नः** (અમારું) **अवन्तु** (રક્ષણ કરો) **ते** (તેઓ) **नः** (અમને) **मृडयन्तु** (સુખ આપો) **ते** (તે રુદ્રો) **यम्** (જેનો) **द्विष्मः** (અમે દ્વેષ કરીએ છીએ-શત્રુ ગણીએ છીએ) **यः** (જે) **च** (અને) **नः** (અમારો) **द्वेष्टि** (દ્વેષ કરે છે) **तम्** (તેને) **एषाम्** (આ રુદ્ર દેવતાઓનાં) **जम्भे** (મુખમાં—દાઢમાં) **दध्मः** (સ્થાપન કરીએ છીએ). ૬૬

જે રુદ્રો પૃથ્વી પર પ્રસરેલા છે, અન્ન એ જેનાં બાણો છે-જે અન્ન વડે સર્વ કાર્યો સાધે છે-સર્વનું પોષણ કરે છે—અમિતાહારીને રોગી બનાવે છે તેમને અમારા નમસ્કાર હો; તેમને અમે દશાંગુલિ જોડી પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ-ઊંચે-સર્વ દિશાઓમાં પ્રણામ કરીએ છીએ, તેમને અમારા નમસ્કાર હો; તે રુદ્રો અમારું રક્ષણ કરો તથા અમને સુખ આપો; જેનો અમે દ્વેષ કરીએ છીએ અને જે અમારો દ્વેષ કરે છે, તેને અમે આ રુદ્રોના મુખમાં સ્થાપીએ છીએ.× ૬૬

इति रुद्रे पञ्चमोऽध्यायः ॥५॥

પાંચમો અધ્યાય સમાપ્ત

× આ અધ્યાયમાં રુદ્ર દેવતાનો સર્વાત્મત્વ-સર્વાંતર્યામિત્વ ભાવ વર્ણવ્યો છે. એ ભાવ જે સમજે છે અને સમષ્ટિરૂપ થાય છે તે અહીં અદ્વૈતનિષ્ઠ-જીવન્મુક્ત થઈ વિચરે છે. રુદ્ર દેવતાને સ્થાવર-જંગમ સર્વ પદાર્થરૂપ, સર્વ વર્ણજાતિના મનુષ્યો, દેવ, પશુ, વનસ્પતિરૂપે ગણી રુદ્રનું અદ્વૈતપણું-સર્વાંતર્યામીપણું પ્રતિપાદન કર્યું છે. ત્રણે લોકની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપે રુદ્ર દેવતાને વર્ણવ્યા છે. રુદ્ર દેવતાને વિવિધ દેવરૂપે તથા સર્વ જડ-ચેતન પદાર્થના અંતર્યામીરૂપે આ અધ્યાયમાં વર્ણન કરવાથી આર્યોમાં પ્રાચીન સમયથી એક ઈશ્વરની ભાવના પ્રકટ થઈ હતી એમ જણાય છે. આ રુદ્રની ઉપાસનાથી સર્વ દુઃખો દૂર થઈ સર્વ પુરુષાર્થોની સિદ્ધિ થઈ શકે છે. સર્વ મનુષ્યો રુદ્ર દેવતાની આ અધ્યાયથી ઉપાસના કરી શ્રેય સંપાદન કરો.

અધ્યાય છઠ્ઠો

ત્ર્યંબક યજન

हरिः ॐ ॥ वयꣳसोमव्रतेतवमनस्तनूषुबिभ्रतꣳ ॥
प्रजावन्तꣳसचेमहि ॥ १ ॥

બંધુ ઋષિ, ગાયત્રી છંદ, સોમ દેવતા.

वयम् (અમે) **सोम** (હે સોમદેવ) **व्रते** (વ્રતમાં) **तव** (તમારા) **मनः** (મન) **तनूषु** (અંગોમાં) **बिभ्रतः** (ધારણ કરતા) **प्रजावन्तः** (પુત્રપૌત્ર વગેરે પ્રજાવાળા) **सचेमहि** (તમારા સંબંધમાં આવીએ છીએ).

હે સોમરસના અધિષ્ઠાતા દેવ! અમે યજમાને તમારા વ્રત સંબંધી કર્મમાં જોડાઈ–તમારાં અંગોમાં અમારું મન ધારણ કરી–અમારું મન અમારાં અંગોમાં પ્રેરી, તેમને તમારાં વ્રતોમાં યોજી તમારી કૃપાથી પુત્રપૌત્ર વગેરે પ્રજાવાળા–હોઈ–થઈ તમારા સંબંધમાં રહીએ છીએ–તમારું સેવન–તમારી ઉપાસના કરીએ છીએ ૧

एषतेरुद्रभागःसहस्वस्राम्बिकयातञ्जुषस्वस्वाहैषते
रुद्रभागआखुस्तेपशुः ॥ २ ॥

બંધુ ઋષિ, પ્રાજાપત્યા બૃહતી છંદ, રુદ્ર દેવતા.

एषः (આ પુરોડાશ–હવિ) **ते** (તમારો) **रुद्र** (હે રુદ્ર) **भागः** (ભાગ) **सह** (સાથે) **स्वस्रा** (ભગિની–બહેન) **अम्बिकया** (અંબિકા નામની) **तम्** (તે ભાગને) **जुषस्व** (ગ્રહણ કરો–સ્વીકારો) **स्वाहा** (તે હવિ આપને સારી રીતે અર્પણ કરેલું હો) **एषः** (આ) **ते** (આપનો) **रुद्र** (હે રુદ્ર) **भागः** (સ્વીકારવા યોગ્ય ભાગ છે) **आखुः** (મૂષક) **ते** (આપનો) **पशुः** (પશુ છે

તેને પણ શેષભાગ અર્પણ કરીએ છીએ.)

હે રુદ્રદેવતા! આ પુરોડાશ–હવિ એ આપનો ભાગ છે–આપને અર્પણ કરવામાં આવે છે તે આપની ભગિની અંબિકા[1] સાથે સ્વીકારો. એને સારી રીતે અર્પણ થયેલો ગણો. આ ભાગ–હવિ હે રુદ્ર! આપને માટેનો જ છે. થોડો શેષ–ભાગ આપના પશુ મૂષક[2]ને પણ અમે અર્પણ કરીએ છીએ તે પણ સ્વીકારો. (તેથી પ્રસન્ન થઈ અમારું તથા અમારાં પશુનું રક્ષણ કરો.) ૨

अवरुद्रमदीमह्यवदेवन्त्र्यम्बकम् ॥ यथानोवस्यसस्करद्य-
थानꣳश्रेयसस्करद्यथानोऽव्यवसाययात् ॥ ३ ॥

બંધુ ઋષિ, વિરાટ્ પંક્તિ છંદ, રુદ્ર દેવતા.

अव=अवगत्य (સર્વ ઉત્કૃષ્ટ છે એમ જાણીને) **रुद्रम्** (રુદ્ર દેવતાને) **अदीमहि** (અન્નનું ભક્ષણ કરીએ છીએ–ભોજન કરાવીએ છીએ) **अव=अवगत्य** (જાણીને) **देवम्** (દેવને) **त्र्यम्बकम्** (ત્રણ નેત્રવાળા–ભૂ. અંતરિક્ષ અને દ્યુલોક–ત્રણલોકરૂપ–ત્રણ વેદ, ત્રણ કાળ આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એ ત્રણ પ્રકારની સૃષ્ટિરૂપ નેત્રવાળા–જ્ઞાનરૂપી ત્રીજા નેત્રવાળા) **यथा** (જેથી) **नः** (અમને) **वस्यसः** (નિવાસવાળા–વસ્ત્રવાળા) **करत्** (કરે) **यथा** (જેથી) **नः** (અમને) **श्रेयसः** (જ્ઞાતિઓમાં–મનુષ્યોમાં શ્રેષ્ઠ)

---

૧. રુદ્ર પુરુષરૂપ છે તો અંબિકા સૃષ્ટિ–પ્રકૃતિરૂપ છે. રુદ્ર કાળરૂપ છે તો અંબિકા શરદઋતુરૂપ છે; રુદ્ર મેઘરૂપ છે તો અંબિકા વિદ્યુતરૂપ છે. શરદઋતુમાં અંબિકાનું નવદુર્ગારૂપે પૂજન થાય છે. અહીં અંબિકાને ભગિની કહી શિવની નિર્વિકારતા જણાવી છે.

૨. મૂષકને રુદ્રોના પશુ તરીકે વર્ણવ્યો છે. હવિ તૈયાર કરી મૂકયો હોય તે ઉંદર આવી ખાઈ જાય છે. હવિ બગાડે નહિ તેને માટે થોડો ભાગ ઉંદર માટે ભૂમિ પર વેરવામાં આવે છે.

करत् (કરે) **यथा** (જેથી) **नः** (અમને) **व्यवसाययात्** (સર્વ કાર્યમાં નિશ્ચયવાળા કરે).

ત્રિનેત્રવાળા રુદ્રદેવતાને સર્વ દેવોમાં ઉત્કૃષ્ટ જાણીને અમે ભોજન કરાવીએ છીએ કે જેથી તે અમને સારા નિવાસવાળા–સારાં વસ્ત્રવાળા, મનુષ્યોમાં પ્રશસ્ય–શ્રેષ્ઠ અને સર્વ કાર્યમાં નિશ્ચયવાળા કરે. ૩

भेषजमसि भेषजङ्गवेश्वायपुरुषायभेषजम् । सुखम्मेषायमेष्ष्यै ॥ ४ ॥

બંધુ ઋષિ, સ્વરાટ્ ગાયત્રી છંદ, રુદ્ર દેવતા.

भेषजम् (ઔષધ માફક સર્વ ઉપદ્રવ–રોગનું નિવારણ કરનાર) **असि** (છો) **भेषजम्** (સર્વ વ્યાધિનિવારક ઔષધ) **गवे** (ગાયને માટે) **अश्वाय** (અશ્વને માટે) **पुरुषाय** (પુત્ર, પૌત્ર, સેવક વગેરે મનુષ્યો માટે) **भेषजम्** (ઔષધ) **सुखम्** (ક્ષેમ–કુશળતા) **मेषाय** (ઘેટાને) **मेष्यै** (ઘેટીને)

હે રુદ્ર! આપ સર્વ રોગ નિવારણ કરનાર ઔષધરૂપ છો. અમારાં ગાય, અશ્વ, પુત્ર–પરિવાર વગેરે માટે અમોઘ ઔષધ આપો અને અમારાં ઘેટાં તથા ઘેટીઓને નીરોગી રાખો. ૪

त्र्यम्बकंय्यजामहे । सुगन्धिम्पुष्टिवर्द्धनम् । उर्वारुकमिवबन्धनान्मृत्योर्म्मुक्षीयमामृतात् । त्र्यम्बकंय्यजामहेसुगन्धिम्पतिवेदनम् ।उर्वारुकमिवबन्धनादितोमुक्षीयमामुतः ॥५॥[1]

---

૧. આ મંત્રોને મૃત્યુંજય મંત્ર કહેવામાં આવે છે. એના જપથી અકાળ મરણ થતું નથી અને દીર્ઘાયુ થવાય છે.

આ મંત્રમાં બહુ સુંદર દૃષ્ટાંતથી સરખામણી કરી છે.

પાકું ફળ થાય છે ત્યારે તે ડીંટાથી મુક્ત થઈ વૃક્ષથી જુદું પડે છે.

વસિષ્ઠ ઋષિ, વિરાટ્ બ્રાહ્મી ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

त्र्यम्बकम् (ત્રણ નેત્રોવાળા–બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવના પિતા) **यजामहे** (પૂજન કરીએ છીએ) **सुगन्धिम्** (દિવ્ય ગંધવાળા–સારી કીર્તિવાળા) **पुष्टिवर्धनम्** (ધનધાન્ય વગેરેથી પુષ્ટિ વધારનાર–જગતનું પોષણ કરનાર) **उर्वारुकम्** (કાકડીનું ફળ–પાકું ફળ) **इव** (જેમ) **बन्धनात्** (બંધથી–ડીચાંથી) **मृत्योः** (મૃત્યુથી–જન્મમરણરૂપ સંસારથી) **मुक्षीय** (મુક્ત કરો) **मा** (નહિ) **अमृतात्** (સ્વર્ગથી–મુક્તિથી) **त्र्यंबकम्** (પ્રેમરૂપી ત્રીજા નયનવાળા) **यजामहे** (પૂજીએ છીએ) **सुगन्धिम्** (સુવાસવાળા) **पतिवेदनम्** (પતિ મેળવી આપનાર) **उर्वारुकम्** (કાકડીનું ફળ–પક્વ ફળ) **इव** (માફક) **बन्धनात्** (ગાંઠથી) **इतः** (પિયેરથી–માતાપિતા, ભાઈબંધુ વગેરેથી આ સંસારથી) **मुक्षीय** (મુક્ત કરો) **मा** (નહિ) **अमुतः** (શ્વશુર ગૃહેથી–પતિથી–સ્વર્ગલોકથી–મુક્તિથી)

પુરુષોની પ્રાર્થના: દિવ્ય ગંધવાળા,–પવિત્ર કીર્તિવાળા ધનધાન્યથી જગતનું પોષણ કરનાર, ત્રિનેત્રવાળા–બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવના પિતા એવા રુદ્ર દેવતાને અમે પૂજીએ છીએ. પાકું ફળ જેમ બંધનથી છૂટું થાય છે તેમ અમને જન્મમરણરૂપ સંસારથી મુક્ત કરો, પણ સ્વર્ગરૂપ મુક્તિથી વિમુખ કરશો નહિ.

સ્ત્રીઓની પ્રાર્થના:—દિવ્ય, પ્રીતિરૂપી સુગંધવાળા, ત્રિનયન,

તેના યોગ્ય ભોક્તાને–અધિકારીને પ્રાપ્ત થાય છે અથવા ભૂમિમાં ભળી જાય છે તેમ જેનાં કર્મો પરિપક્વ થયાં છે–નિષ્કામ કર્મો કરવાથી જે વાસનારહિત થયા છે તે જન્મ-મરણવાળા સંસારરૂપ વૃક્ષથી છૂટા પડી વિદેહમુક્ત થઈ જાય છે. બીજા મંત્રમાં માતા, પિતા, ભાઈ વગેરેના બંધનવાળા પિયેરરૂપ વૃક્ષથી છૂટા પડી પાકાં ફળ સમી, પતિને યોગ્ય થયેલી બાળા યોગ્ય પતિ મેળવવા ઇચ્છે છે અને પતિથી જિંદગી સુધી મુક્ત થવા–છૂટી પડવા ઇચ્છતી નથી. પતિ જીવંત રહે તથા તે તેની પ્રીતિપાત્ર બની રહે એમ ઇચ્છે છે.

તથા મનગમતા પતિ મેળવી આપનાર—જગતના જાણીતા પાલક એવા રુદ્ર દેવતાનું અમે યજન કરીએ છીએ. ફળ પાકું થતાં જેમ વૃક્ષની ડાંખળીના ડીચમાંથી મુકત થાય છે—ગરે છે તેમ અમને પિયરથી માતાપિતા ભાઈ વગેરે બંધુવર્ગથી—આ સંસારથી મુકત કરો, પણ શ્વશુરગૃહેથી—અમારા સ્વામીથી મુક્ત કરશો નહિ. (અમને અખંડ સૌભાગ્યવતી કરો)—સ્વર્ગથી—પરલોકથી મુકત કરશો નહીં. ૫

एतत्ते रुद्रावसन्तेनपरोमूजवतोतीहि ॥ अवततधन्वा-
पिनाकावसःकृत्तिवासाअहिंसन्नःशिवोतीहि ॥ ६ ॥

વશિષ્ઠ ઋષિ, ભુરિક્, આસ્તાર પંક્તિ છંદ, રુદ્ર દેવતા.

एतत् (આ) **ते** (તમારું) **रुद्र** (હે રુદ્ર) **अवसम्** (હવિ-ભાથું—મુસાફરીમાં સાથે લઈ જવામાં આવે છે તે ખાવાનું) **तेन** (તે સાથે—તે વડે) **परः** (ઉલ્લંઘીને—ઉપર ચઢીને) **मूजवतः** (મૂજવાન પર્વતથી) **अतीहि** (અતિક્રમણ કરો) **अवतत** (અમારા વિરોધી-ઓનું નિવારણ કરેલું હોવાથી ઉતારેલાં) **धन्वा** (ધનુષ સાથે) **पिनाकवासः** (પિનાક નામના તમારા ધનુષથી આચ્છાદિત થયેલા—શોભતા) **कृत्तिवासाः** (ચર્માંબર ધારણ કરનાર) **अहिंसन्** (હિંસા નહિ કરતા) **नः** (અમારી) **शिवः** (કલ્યાણ કરનાર—કોપરહિત—શાંત થઈને) **अतीहि** (અતિક્રમણ કરો.).

અમારા વિરોધીઓનું નિવારણ કરેલું હોવાથી ઉતારેલાં ધનુષ-વાળા, પિનાક ધનુષથી શોભતા, ચર્માંબરધારી, હે રુદ્ર દેવતા! અમારી પૂજાથી સંતુષ્ટ થઈ અમને કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ નહિ કરતાં કોપરહિત—શાંત સ્વભાવથી અમારું અર્પેલું આ આપનું હવિરૂપ ભાથું સાથે રાખી તે વડે મૂજવાન નામના પર્વતની પેલી પાર આવેલા આપના નિવાસસ્થાનમાં તે પર્વતનું ઉલ્લંઘન કરી પધારો. ૬

त्र्यायुषञ्जमदग्नेःकश्यपस्यत्र्यायुषम् ॥ यद्देवेषुत्र्यायुष-
न्तन्नोअस्तुत्र्यायुषम् ॥ ७ ॥

નારાયણ ઋષિ, ઉષ્ણિક્ છંદ, રુદ્ર દેવતા.

त्र्यायुषम् (બાલ્ય, યૌવન અને વાર્ધક્ય—વૃદ્ધાવસ્થા એ ત્રણ પ્રકારનું આયુ ત્રણ અવસ્થા) **जमदग्नेः** (જમદગ્નિ ઋષિનું) **कश्यपस्य** (કશ્યપ ઋષિનું) **त्र्यायुषम्** (આયુની—જિંદગીની ત્રણ અવસ્થા) **यत्** (જે) **देवेषु** (ઇંદ્ર વગેરે દેવોનું) **त्र्यायुषम्** (ત્રણ અવસ્થાઓ) **तत्** (તે) **नः** (અમારી) **अस्तु** (હો) **त्र्यायुषम्** (ત્રણ અવસ્થાઓ).

જે પ્રકારનું બાલ્ય, યૌવન અને વૃદ્ધાવસ્થારૂપ પવિત્ર યશસ્વી અને ઉત્તમ ચારિત્ર્યવાળું જીવન જમદગ્નિ અને કશ્યપ ઋષિનું હતું તથા દેવતાઓનું છે, તેવું પવિત્ર યશસ્વી અને ઉત્તમ ચારિત્ર્યવાળું ત્રણે અવસ્થાનું જીવન અમારું હો—થાઓ. ૭

शिवोनामासिस्वधितिस्तेपितानमस्तेअस्तुमामाहिꣳसीः ॥
निर्वर्त्तयाम्म्यायुषेन्नाद्यायप्रजननायरायस्पोषायसुप्रजास्त्वाय-
सुवीर्य्याय ॥ ८ ॥

નારાયણ ઋષિ, ભુરિક્ જગતી છંદ, રુદ્ર દેવતા.

शिवः (શાંત—કલ્યાણ કરનાર) **नामा** (નામથી) **असि** (છો) **स्वधितिः** (વજ્ર) **ते** (તમારું) **पिता** (પાલક—રક્ષક) **नमः** (નમસ્કાર) **ते** (તમને) **अस्तु** (હો) **मा** (મને) **मा** (નહિ) **हिंसीः** (હિંસા કરો) **निवर्तयामि** (પૂજા કરું છું—મુંડન કરું છું) **आयुषे** (દીર્ઘ આયુ—જીવન માટે) **अन्नाद्याय** (અન્નભક્ષણ માટે અન્નપ્રાપ્તિ અર્થે) **प्रजननाय** (વંશની વૃદ્ધિ માટે) **रायस्पोषाय** (ધનની વૃદ્ધિ માટે) **सुप्रजास्त्वाय** (સારી પુત્રાદિક પ્રજા માટે) **सुवीर्याय** (પ્રશંસનીય—ઉત્કૃષ્ટ બળ—સામર્થ્ય માટે).

હે રુદ્ર ! આપનું શિવ–કલ્યાણકારી શાંત–સ્વભાવ દર્શાવનારું–નામ છે, વજ્ર નામનું આયુધ આપના રક્ષણ માટે આપની પાસે તૈયાર છે. આપને મારા અનેક વંદન હો; મારો આપ નાશ કરશો નહિ. દીર્ઘ આયુ, વિપુલ અન્નની પ્રાપ્તિ, વંશની વૃદ્ધિ–પ્રજા ઉત્પન્ન કરવાનું સામર્થ્ય, સમૃદ્ધિની પુષ્ટિ–વધારો, પુત્રાદિક સુચરિત પ્રજા અને ઉત્કૃષ્ટ વીર્ય–બળ માટે હું આપનું પૂજન કરું છું. ૮

બીજો અર્થ : હે ક્ષુર–અસ્ત્રાના અધિષ્ઠાતા દેવ! આપનું કલ્યાણકારી નામ છે, વજ્ર આપના પિતા છે, આપને મારાં વંદન છે; આપ મને વ્યથા કરશો નહિ. દીર્ઘ આયુ, અન્નની પ્રાપ્તિ, પ્રજા ઉત્પન્ન કરવાની શક્તિ, ધનની વૃદ્ધિ, સારી પ્રજા અને પ્રશંસનીય બળના લાભ માટે હું આપનું પૂજન કરું છું–હું આપ વડે મુંડન કરું છું.[1] ૮

इति रुद्रे षष्ठोऽध्यायः ॥ ६ ॥

છઠ્ઠો અધ્યાય સમાપ્ત

1. વૈદિકો આ મંત્રનો વપન–મુંડનવિધિમાં ઉપયોગ કરે છે.

અધ્યાય ૭ મો

સર્વસ્વાર્પણ

उग्रश्च भीमश्च ध्वान्तश्च धुनिश्च । सासह्वाँश्चाभियुग्वा-
चविक्षिपः स्वाहा ॥ १ ॥

પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, ગાયત્રી છંદ, મરુત્ દેવતા.

उग्रः (ઉગ્ર–ઉત્કૃષ્ટ) **च** (અને) **भीमः** (ભયંકર) **च** (અને) **ध्वान्तः** (ધ્વનિ–શબ્દ કરે છે) **च** (અને) **धुनिः** (શત્રુઓને સર્વથા કંપાવે છે) **च** (અને) **सासह्वान्** (શત્રુઓનો પરાભવ કરે છે–જેના વેગ સહન થઈ શકતા નથી) **च** (અને) **अभियुग्वा** (અમારી સંમુખ રહે છે–સાથે જોડે છે) **च** (અને) **विक्षिपः** (શત્રુઓને વિખેરે છે) ઉપર જણાવેલા સાત નામવાળા મરુત દેવતાઓને **स्वाहा** (સ્વાહા–સારી રીતે આહુતિ અર્પણ હો).

જે અતિ ઉગ્ર–પ્રચંડ અને ભયંકર છે, જે મોટા શબ્દ કરે છે અને સર્વને–શત્રુઓને ધ્રુજાવી મૂકે છે, જેના વેગ સહન થઈ શકતા નથી–જે શત્રુઓનો પરાભવ કરે છે, જે અમારી સંમુખ રહે છે–જે મેઘોને સાથે જોડે છે, અને જે શત્રુઓને–મેઘોને વિખેરે છે. તે ઉપર જણાવેલા સાત નામધારી[1] મરુતોને અમારી સ્વાહા હો–તે મરુતો અમારી આહુતિ સ્વીકારો.૧

अग्निꣳ हृदयेनाशनिꣳ हृदयाग्रेण पशुपतिं कृत्स्नहृदयेन भवं-
यक्ना ॥ शर्वम्मतस्नाभ्यामीशानम्मन्युना महादेवमन्तः-
पर्शव्येनोग्रन्देवं वनिष्ठुना वसिष्ठहनुः शिङ्गीनि कोश्याभ्याम् ॥ २

1. ઉગ્ર, ભીમ, ધ્વાન્ત, ધુનિ, સાસહ્વાન્, અભિયુગ્વા અને વિક્ષિપ એ મરુત દેવતાઓનાં નામો છે.

પ્રજાપતિ ઋષિ, ભુરિક્ બ્રાહ્મી ત્રિષ્ટુપ છંદ, યજમાન દેવતા અગ્નિ વગેરે દેવતા.

अग्निम् (અગ્નિ દેવતાને) **हृदयेन** (હૃદયથી) **अशनिम्** (વજ્રના અધિષ્ઠાતા દેવતાને) **हृदयाग्रेण** (હૃદયના અગ્ર ભાગથી) **पशुपतिम्** (સર્વ પ્રાણીઓના પાલક–દેવોના પતિ–પશુપતિ દેવતાને) **कृत्स्न** (સંપૂર્ણ) **हृदयेन** (હૃદયથી) **भवम्** (ભવ–સૃષ્ટિકર્તાને) **यक्ना** (યકૃત–કલેજાંથી) **शर्वम्** (શર્વ દેવત્તાને) **मतस्नाभ्याम्** (હૃદયના અસ્થિથી–કપાટથી) **ईशानम्** (ઈશાન દેવતાને–પરમેશ્વરને **मन्युना** (ક્રોધના આધારભૂત શરીરના અંગથી–મસ્તકથી–વૃત્તિથી) **महादेवम्** (મહાદેવને) **अन्तःपर्शव्येन** (શરીર અંદર રહેલાં બે પાસાંથી–પાંસળીઓથી) **उग्रन्देवम्** (ઉગ્ર–ભૈરવ દેવતાને) **वनिष्ठुना** (સ્થૂળ આંતરડાંથી) **वसिष्ठहनुः** (વસિષ્ઠને હનુ–હડપચીથી–દાઢીથી) **शिङ्गीनि**[1] (શિંગીનિ–વ્યાપક બહુસ્તુત–દેવતાને) **कोश्याभ्याम्** (હૃદયના બે કોશ–વિભાગ જમણો તથા ડાબો તેથી–બે કપોલો–ગાલોથી'.

અગ્નિ દેવતાને–અગ્રે દોરનાર–નાયક–પ્રગતિકારક દેવને હૃદયથી, અશનિ–વજ્રના અધિષ્ઠાતા દેવને–સર્વવ્યાપક દેવતાને હૃદયના અગ્ર ભાગથી, પશુપતિને–સર્વ પ્રાણીઓના પાલક–દેવતાઓના પતિને સંપૂર્ણ હૃદયથી, ભવ–સૃષ્ટિકર્તા દેવને યકૃત–કલેજાંથી, શર્વ દેવતાને પ્રલયકર્તા–પાપનો નાશ કરનાર દેવને હૃદયના બન્ને કપાટથી–પાટિયાંથી, ઈશાન દેવ–પરમેશ્વરને કોપનાં સ્થાન મસ્તકથી, મહાદેવને અંદરનાં બંને પાંસળાંથી, ઉગ્ર-ભૈરવ દેવને સ્થૂળ આંતરડાંની માળાથી, વશિષ્ઠ–સર્વને વશમાં રાખનારને હડપચીથી, શિંગીનિ દેવતાને–વ્યાપક બહુસ્તુત દેવતાને હૃદયના ડાબા જમણા બન્ને કોશથી–બન્ને ગાલોથી–એ પ્રમાણે દેવતાઓને જુદાં જુદાં અંગો તથા તેનાં કર્મો અર્પણ કરી પ્રસન્ન કરું છું. ૨

---

૧. અગ્નિ, અશનિ, પશુપતિ, ભવ, શર્વ, ઈશાન, મહાદેવ, ઉગ્રદેવ, વશિષ્ઠ, અને શિંગીનિ એ રુદ્રદેવતાનાં જુદાં જુદાં સ્વરૂપોનાં નામ છે.

उग्रँल्लोहितेन मित्रꣳसौव्रत्त्येनरुद्रन्दौर्व्रत्त्येनेन्द्रम्प्रक्री-डेनंमरुतोबलेनसाद्ध्यान्प्रमुदा । भवस्यकण्ठ्यꣳरुद्रस्यान्तꣳ पार्श्व्यम्महादेवस्ययकृच्छर्वस्यवनिष्ठुः पशुपतेꣳपुरीतत् ॥ ३ ॥

પ્રજાપતિ ઋષિ, નિચ્યૃત્ બ્રાહ્મી ત્રિષ્ટુપ છંદ, યજમાન દેવતા ઉગ્ર વગેરે દેવતા.

उग्रम् (ઉગામેલાં આયુધવાળા–કાળભૈરવરૂપ દેવને) **लोहितेन** (લોહી-રક્ત વડે-શુભપ્રવૃત્તિથી) **मित्रम्** (મિત્ર–સૂર્ય દેવતાને) **सौव्रत्येन** (સુચરિતથી–સાત્ત્વિકવ્રત–તપશ્ચરણથી–રાજયોગથી) **रुद्रम्** (રુદ્રને) **दौव्रत्येन** (દુષ્ટોનું દમન–શાસન–છલ કરવારૂપ દુશ્ચરિતથી–ત્રાસ–દાયી કર્મથી–તામસી વ્રત-ઉપાસનાથી–હઠયોગથી) **इन्द्रम्** (ઇંદ્રને) **प्रक्रीडेन** (ઉત્કૃષ્ટ–ક્રીડા–રમતગમતના આનંદ ઉત્સવોથી–ઉત્તમ રમત જેવા આનંદી જીવનથી–જગતના ખેલો ખેલવાથી) **मरुतः** (મરુત પ્રાણના-બળના અધિષ્ઠાતા દેવતાઓને) **बलेन** (સર્વ સામર્થ્યથી) **साध्यान्** (સાધ્ય–આરાધ્ય દેવતાઓને) **प्रमुदा** (યજ્ઞ વગેરે સત્કર્મોથી અત્યંત હર્ષિત કરી) **भवस्य** (ભવ–સૃષ્ટિકર્તા બ્રહ્મા સ્વ-રૂપને) **कण्ठ्यम्** (કણ્ઠથી તેમની રચેલી વેદસ્તુતિના ગાનોથી) **रुद्रस्य** (રુદ્રદેવતાને) **अन्तः पार्श्व्यम्** (અંદરનાં પાસાંથી–પાસાંની ગતિ સાથે અંતરમાં થતા નામસ્મરણથી) **महादेवस्य** (મહાદેવને) **यकृत्** (કલેજાથી–દૃઢ નિશ્ચયથી) **शर्वस्य** (શર્વ–પાપ–દુઃખનાશક દેવને) **वनिष्ठुः** (સ્થૂલ આંતરડાથી–મળરહિત શરીરથી) **पशुपतेः** (પશુ–પ્રાણીઓના–દેવોના પાલક દેવતાને) **पुरीतत्** (હૃદયને આચ્છાદન કરનાર નાડીથી–હૃદયમાં ધ્યાનથી).

ઉગ્ર–કાળભૈરવ દેવને રક્તથી–શુભ પ્રવૃત્તિથી, મિત્ર–સૂર્ય દેવતાને સચ્ચરિત–સાત્ત્વિક વ્રત–રાજયોગથી, રુદ્રને દુષ્ટનાં દમન–શાસન–છળ વગેરેરૂપ બહારથી જણાતાં દુષ્કર્મથી–તામસી ઉપાસ-

નાથી-હઠયોગથી, ઇંદ્રને ઉત્કૃષ્ટ ક્રીડારૂપ કસરત, રમત વગેરેના આનંદોત્સવથી, મરુત-પ્રાણના-બળના અધિષ્ઠાતા દેવોને સામર્થ્યનું પ્રદર્શન કરતાં પરાક્રમોથી, સાધ્ય-આરાધ્ય દેવોને યજ્ઞાદિ સત્કર્મ વડે અત્યંત હર્ષિત કરવાથી, ભવ-સૃષ્ટિકર્તા બ્રહ્માને કંઠથી-તેમના રચેલા વેદમંત્રોના ગાનોથી, રુદ્ર દેવતાને અંદરનાં બંને પાંસળાંથી-પાસાંની ઊંચી-નીચી ગતિ સાથે થતાં નામસ્મરણથી, મહાદેવને કલેજાથી-દૃઢ શ્રદ્ધાભક્તિથી, શર્વ-પાપ-દુઃખનાશક દેવને સ્થૂલ આંતરડાંથી-મળરહિતપણાથી, પશુપતિ-જગન્નાથને હૃદયથી-એકાગ્ર ધ્યાનથી, હું પ્રસન્ન કરું છું. ઉપર કહેલાં અંગો, રક્ત, ધાતુઓ તથા તેમના દ્વારા થતી પ્રવૃત્તિઓ અર્પણ કરી પ્રસન્ન કરું છું-તે તે દેવોને મારા તે તે અંગોમાં સ્થાપન કરું છું. ૩

लोमभ्यꣳस्वाहा लोमभ्यꣳस्वाहात्वचेस्वाहात्वचेस्वाहा
लोहितायस्वाहालोहितायस्वाहामेदोभ्यꣳस्वाहामेदोभ्यꣳ
स्वाहा माꣳसेभ्यꣳस्वाहामाꣳसेभ्यꣳस्वाहास्नावभ्यꣳस्वाहा
स्नावभ्यꣳस्वाहास्थभ्यꣳस्वाहास्थभ्यꣳस्वाहामज्जभ्यꣳ
स्वाहामज्जभ्यꣳस्वाहा ॥ रेतसेस्वाहापायवेस्वाहा ॥४॥[1]

પ્રજાપતિ ઋષિ, દૈવી પંક્તિ, દૈવી બૃહતી-દૈવી ત્રિષ્ટુપ મિશ્ર છંદ, અંગો દેવતા.[1]

(પ્રાયશ્ચિત્ત-પાપ નિવારણ માટે આહુતિ આપવામાં આ મંત્રનો

૧. આ મંત્રમાં અંગો દેવતા છે. દેવતાનો અર્થ મંત્રનો વિષય. મંત્રમાં જેનું વર્ણન કર્યું હોય તે પદાર્થ તેનો દેવતા કહેવાય છે. સર્વ વસ્તુમાં દિવ્યતા-ઈશ્વરની વ્યાપકતા નીરખવાની ભાવના ઋષિઓમાં સારી રીતે જામેલી જણાય છે.

આ મંત્રમાં વ્યક્તિનાં અંગો-શરીરમાંના પદાર્થો-ભાવનાઓ સમષ્ટિના-વિરાટ પુરુષના-અખિલ જગતનાં અંગોની પુષ્ટિ અર્થે-સાર્વજનિક હિત માટે

વિનિયોગ-ઉપયોગ કરવામાં આવે છે.)

લોમભ્યઃ (વ્યક્તિના-યજમાનના સુંદર કેશોને માટે) **સ્વાહા** (તૈલ વગેરે અર્પાયેલી આહુતિ સારી રીતે સ્વીકારો) **લોમભ્યઃ** (સમષ્ટિ-સુકેશી વિરાટ પુરુષના કેશને) **સ્વાહા** (મારા કેશોની-તૈલ વગેરેની-સુંદરતાની ભાવનાની આહુતિ સારી રીતે-વિધિપૂર્વક અર્પણ હો) **ત્વચે** (વ્યક્તિની-યાજકની ત્વચાના આરોગ્ય માટે) **સ્વાહા** (અભ્યંગ પદાર્થરૂપ હવિ સુહુત હો) **ત્વચે** (સમષ્ટિ પુરુષ-દર્શનીય ઈશ્વરની ત્વચા-સ્પર્શ ઇંદ્રિયને) **સ્વાહા** (મારી ત્વચા અભ્યંગ સ્નાનમાં વપરાતી વસ્તુઓરૂપ આહુતિ-રૂપની ભાવના યથા-વિધિ સમર્પિત હો) **લોહિતાય** (વ્યક્તિની-લોહી રેડનાર વીર પુરુષની-રક્તની વૃદ્ધિ માટે) **સ્વાહા** (મધુ વગેરે સારી આહુતિઓ અર્પણ હો) **લોહિતાય** (રક્તવર્ણ વિરાટ પુરુષ-રસેશ્વરના શરીરમાં વહેતા રક્તને) **સ્વાહા** (મારા રક્તની-મધુ વગેરેની-અનુરાગની ભાવનાની વિધિપૂર્વક આહુતિ પ્રદાન હો) **મેદોભ્યઃ** (વ્યક્તિના-ભક્તના મેદ-ચરબીની સમતા માટે) **સ્વાહા** (ઘૃતાદિક હવિ-સ્થૂલતાની ભાવના અર્પણ હો) **મેદોભ્યઃ** (પ્રમોદમય વિરાટ પ્રભુનાં શરીરના મેદને) **સ્વાહા** (મારા મેદની-ઘૃતાદિની આહુતિઓ અર્પાઓ) **માંસેભ્યઃ** (યજ્ઞદીક્ષા-વાળા મનુષ્યના દેહમાં યથાપ્રમાણ માંસની વૃદ્ધિ માટે) **સ્વાહા** (અન્નાદિ હવિ-જડપણાની ભાવના વિધિ સહિત હોમાઓ) **માંસેભ્યઃ** (મહે-શ્વરનાં શરીરમાંનાં વિવિધ પ્રવૃત્તિઓમાં હોમાતાં માંસને) **સ્વાહા** (મારું માંસ-વિવિધ અન્નના હવિ અર્પણ થાઓ) **સ્નાવભ્યઃ** (યજનશીલ માનવના સ્નાયુઓની દૃઢતા માટે) **સ્વાહા** (પૌષ્ટિક પદાર્થો સારા પ્રમાણમાં હોમાઓ) **સ્નાવભ્યઃ** (સબલેશ્વરના સ્નાયુઓની પુષ્ટિ અર્થે) **સ્વાહા** (વિવિધ કાર્યોમાં ઘસાતા મારા સ્નાયુઓ-

હોમવા-વપરાવાં જોઈએ એમ દર્શાવ્યું છે.

કેશાદિ=કેશ-ત્વચા વગેરે.

પરમપુરુષ-અખિલ વિશ્વના નિયંતા-વિશ્વસ્વરૂપ પ્રભુ.

બલિષ્ઠપણાની-કર્તાપણાની ભાવના-પુષ્ટિ આપનારાં હુતદ્રવ્યો યોજાઓ) **अस्थभ्यः** (યજ્ઞમાં-કર્તવ્યમાં-પરહિતે યોજાયેલાં નરનાં અસ્થિનાં સામર્થ્ય માટે) **स्वाहा** (યોગ્ય અન્ન વનસ્પતિ વગેરે પદાર્થો યજ્ઞમાં પ્રજ્વલો-હોમાઓ) **अस्थभ्यः** (સર્વદા સ્થિત જગન્નિયંતાનાં સૃષ્ટિરૂપ શરીરનાં અસ્થિને-હાડકાંને) **स्वाहा** (મારાં અસ્થિની-દેહની સ્થિરતાની ભાવના-વિવિધ સમિધો સમર્પણ હો) **मज्जभ्यः** (યાજક મનુજની મજ્જાધાતુની સુસ્થિતિ માટે) **स्वाहा** (મૂલ્યવાન વસ્તુઓ યજ્ઞમાં અર્પાઓ) **मज्जभ्यः** (પરમ વિધાતા મનુજેશ્વરની મજ્જાધાતુના નિમિત્તે) **स्वाहा** (મારી મજ્જા-દેહની આસક્તિની ભાવના-બહુમૂલ્ય પદાર્થો હોમાર્થે વપરાઓ) **रेतसे** (મહાવીર વ્યક્તિ-સમષ્ટિનાં વીર્યની વૃદ્ધિ માટે) **स्वाहा** (વીર્ય પ્રદીપક-બળપ્રદ પદાર્થોનો-પ્રજાની આસક્તિનો આહુતિઓમાં ઉપયોગ હો) **पायवे** (મળત્યાગ કરનાર ઇંદ્રિય-ગુદાની સ્વસ્થતા માટે) **स्वाहा** (પાપ નિવારણ કરી પાલન કરનાર પ્રભુ માટે સારક દ્રવ્યનું આહુતિ અર્થે સેવન હો-મૃત્યુના ભયની આહુતિ-બહિર્વૃત્તિના ત્યાગપૂર્વક સ્વસ્થતા કરનારી વૃત્તિઓ અર્પિત હો.)

વ્યક્તિના-યજમાનના કેશને કેશની સુંદરતા માટે તૈલ વગેરેની આહુતિ, સમષ્ટિ-સુકેશી વિરાટ પુરુષને મારા કેશો-તૈલ વગેરેની આહુતિ, વ્યક્તિની ત્વચાને-ત્વચાનાં સુંવાળાપણાં માટે અભ્યંગને સ્નાનના પદાર્થો. દર્શનીય વિરાટ પુરુષને મારી ત્વચા-અભ્યંગ-સ્નાનના પદાર્થો, વ્યક્તિના રક્તને રક્તની વૃદ્ધિ માટે મધ વગેરે રક્તવર્ધક રસો, રસેશ્વર વિરાટ પુરુષને મારું રક્ત-સર્વ રસો, વ્યક્તિની મેદને-મેદની સમતા માટે ઘૃત વગેરે હવિ, પ્રમોદરૂપ વિરાટ પુરુષને મારી મેદ-ઘૃત વગેરે હુતદ્રવ્યો, વ્યક્તિના માંસને-માંસની પુષ્ટિ માટે અન્ન વગેરે ભોજ્ય પદાર્થો, મહાન ઈશ્વરનાં શરીરમાંના માંસને માંસની પુષ્ટિ અર્થે મારું માંસ-વિવિધ પ્રવૃત્તિઓમાં હોમાતું મારું માંસ. અન્ન વગેરેની આહુતિ વ્યક્તિના સ્નાયુઓને-સ્નાયુઓની દૃઢતા માટે

પૌષ્ટિક પદાર્થો, સબલ ઈશ્વરના સ્નાયુઓની પુષ્ટિ અર્થે મારા સ્નાયુઓ-ભિન્ન ભિન્ન પ્રયાસોમાં ઘસાતા મારા સ્નાયુઓ-પૌષ્ટિક પદાર્થો. વ્યક્તિના અસ્થિને-અસ્થિના સામર્થ્ય માટે ધાન્ય, શાક, ફળ, ફૂલ વગેરે પદાર્થો, સર્વદા જેની સ્થિતિ છે એવા જગન્નિયંતાનાં સૃષ્ટિરૂપ શરીરનાં અસ્થિને પરહિતે યોજાયેલાં મારાં અસ્થિ (દધીચિ ઋષિની માફક)-વિવિધ સમિધો, વ્યક્તિની મજ્જાને-મજ્જાધાતુની સુસ્થિતિ માટે મૂલ્યવાન વસ્તુઓ, પરમવિધાતા મનુજોના ઈશ્વરની મજ્જાધાતુને કર્તવ્યમાં ટકાવી રાખનારી-ખંતીલી મારી મજ્જા-બહુમૂલી વસ્તુઓ, વ્યક્તિના-સમષ્ટિનાં વીર્યની વૃદ્ધિ અર્થે વીર્યવર્ધક પદાર્થો, વ્યક્તિ-સમષ્ટિના દેહની સુસ્થિતિને માટે સ્વસ્થ કરનાર મળનિવારક દ્રવ્યો, વ્યક્તિનાં જીવન યજ્ઞમાં-સમષ્ટિનાં સૃષ્ટિનિર્વાહક યજ્ઞમાં સમર્પિત હો.[1] ૪

आयासायस्वाहा प्रायासायस्वाहासंयासायस्वाहावियासायस्वाहोद्यासायस्वाहा ॥ शुचेस्वाहाशोचतेस्वाहाशोचमानायस्वाहाशोकायस्वाहा ॥५॥

પ્રજાપતિ ઋષિ, દૈવી ત્રિષ્ટુપ-દૈવી પંક્તિ-દૈવી બૃહતી વગેરે મિશ્ર છંદ, આયાસ વગેરે દેવતા.

आयासाय (આયાસ દેવને-દેહના પરિશ્રમ અર્થે, ઉદ્યોગ અર્થે) **स्वाहा** (દેહ પરિશ્રમની-ઉદ્યોગની ઈશ્વરપ્રીત્યર્થે-સાર્વજનિક હિતમાં આહુતિ હો-હોમાઓ-આત્મભોગ અપાઓ) **प्रायासाय** (પ્રયાસ દેવને-પ્રયાસોની-ઇંદ્રિય પરિશ્રમની) **स्वाहा** (આહુતિ હો)

---

૧. પ્રત્યેક ક્રિયામાં પણ દિવ્યતા-દેવતાની ભાવના છે. વ્યક્તિની પ્રત્યેક ક્રિયા પ્રભુની વ્યાપક દિવ્યશક્તિ વડે થઈ શકે છે. જુઓ-

ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥

संयासाय (સંયાસ દેવને–સંયમની–મનના પરિશ્રમની) **स्वाहा** (આહુતિ હો) **वियासाय** (વિયાસ દેવને–બુદ્ધિના પરિશ્રમની) **स्वाहा** (આહુતિ હો) **उद्यासाय** (ઉદ્યાસ દેવને-પ્રાણના પરિશ્રમની) **स्वाहा** (આહુતિ હો) **शुचे** (શુચ દેવતાને–પ્રકાશને) **स्वाहा** (આહુતિ હો) **शोचमानाय** (શોચમાન દેવને–શોભાયમાનપણાને) **स्वाहा** (આહુતિ હો) **शोकाय** (શોક દેવતાને–સૌંદર્યને–પ્રભાવને) **स्वाहा** (આહુતિ હો).

મારાં–વ્યક્તિનાં દેહ, ઇંદ્રિય, મન, બુદ્ધિ અને પ્રાણના પરિશ્રમો, તેજ, શોભા અને સૌંદર્ય–પ્રભાવ, સમષ્ટિનાં દેહ વગેરે માટે–જગતના હિત માટે હોમાઓ, અથવા મારાં દેહ, ઇંદ્રિય, મન, બુદ્ધિ, પ્રાણ, તેજ, શોભા, સૌંદર્ય એ સર્વની સુસ્થિતિ માટે સારી આહુતિઓ અર્પણ થાઓ, અથવા આયાસ, પ્રયાસ, સંયાસ, વિયાસ, ઉદ્યાસ, શોચત, શોચમાન અને શોક એ નામના દેવોને–એ એ ક્રિયાના અધિષ્ઠાતા દેવોને આહુતિઓ સારી રીતે અર્પાઓ. ૫

तपसेस्वाहा तप्प्यतेस्वाहातप्प्यमानायस्वाहातप्तायस्वाहा घर्म्मायस्वाहा ॥ निष्कृत्यैस्वाहाप्रायश्चित्यैस्वाहाभेषजाय स्वाहा ॥ ६ ॥

પ્રજાપતિ ઋષિ, દૈવી પંક્તિ–દૈવી ત્રિષ્ટુપ મિશ્ર છંદ, તપ વગેરે દેવતા.

तपसे (વ્યક્તિનાં સ્વધર્મપાલનમાં દેહપરિશ્રમ રૂપ તપ[1]

---

૧. ભાદ્રપદ માસમાં ખેડૂતોનું તપ પ્રસિદ્ધ છે. હસ્ત-ચિત્રાના તાપ સહન કરવામાં તેમની તિતિક્ષાની-તપની અવધિ છે. તેવા જનહિતાર્થ તપમાં શરીર ભલે શોષાય. વળી જેઓ આવાં તપશ્ચરણો કરે છે, તેનાં હિત અર્થે તેમને સુખી, જ્ઞાનસંપન્ન, નીરોગી કરવા વિદ્યાશાળા-પશુપાલન શાળા વગેરે સંસ્થાઓમાં મારું તન-મન-ધન વપરાઓ. તેવી જ રીતે સ્વાર્થરહિત-ફળની આકાંક્ષારહિત ધર્મકાર્યોમાં પાપરૂપે પ્રકટ થતી મારી નિર્બળતાઓ દૂર

અર્થે–ઈશ્વરનાં સૃષ્ટિ કાર્યરૂપ તપ અર્થે) **स्वाहा** (સર્વ હોમાઓ) **तप्यते** (તપ કરનાર અર્થે) **स्वाहा** (સારી આહુતિઓ અર્પાઓ) **तप्यमानाय** (તપમાં યોજાયલાને અર્થે) **स्वाहा** (સારી આહુતિ હો) **तप्ताय** (તપ કરી સિદ્ધ થયેલાને અર્થે) **स्वाहा** (સુહુત હો) **धर्माय** (ધર્મ અર્થે) **स्वाहा** (સારી આહુતિ હો) **निष्कृत्यै** (નિષ્કામ કર્મ અર્થે–શ્રેય અર્થે) **स्वाहा** (સારી આહુતિ હો) **प्रायश्चित्यै** (પ્રાયશ્ચિત્ત–પાપનિવારણ અર્થે) **स्वाहा** (સારી આહુતિ હો) **भेषजाय** (ઔષધ અર્થે–જન્મ–મરણરૂપ દુઃખનાં નિવારક ઔષધ અર્થે) **स्वाहा** (સારી આહુતિ હો).

સ્વધર્મપાલનમાં દેહના પરિશ્રમરૂપ તપ અર્થે–ઈશ્વરના સૃષ્ટિકાર્યરૂપ તપ અર્થે, તપ કરનાર અર્થે, તપમાં યોજાયેલાને માટે, તપ કરી સિદ્ધ થયેલા માટે, ધર્મ અર્થે, નિષ્કામ કર્મ–શ્રેય અર્થે, પાપનિવારણ માટે, જન્મ–મરણરૂપ વ્યાધિના નિવારક ઔષધની પ્રાપ્તિ અર્થે આહુતિઓ અપાઓ–મારું સર્વસ્વ હોમાઓ. ૬

यमायस्वाहान्तकायस्वाहामृत्यवेस्वाहा ॥ ब्रह्मणेस्वाहा-ब्रह्महत्यायैस्वाहाविश्वेभ्योदेवेभ्यःस्वाहाद्यावापृथिवीभ्या-ँस्वाहा ॥७॥

કરવા દૃઢ સંકલ્પથી નિયમોના પાલનમાં-બંધુઓના દુઃખના નિવારણમાં રોગનિવારક ઔષધિના પ્રદાન અર્થે ઔષધશાળા સ્થાપવામાં-સર્વરોગ નિવારક ઔષધશાળા-જ્ઞાનમઠ સ્થાપવામાં-જ્ઞાનપ્રચારમાં વગેરે જનહિતના કાર્યોમાં મારું સર્વસ્વ અર્પણ થાઓ.

વળી ભાદ્રપદના શ્રાદ્ધપક્ષમાં જે સજ્જનો આ મંત્રમાં દર્શાવેલા જનહિતાર્થ વિવિધ પ્રકારનાં તપ આદરવામાં યોજાયેલા છે તથા જે વિદ્યાર્થીઓ વિદ્યાપ્રાપ્તિરૂપી અથવા નવીન વિદ્યાના પ્રકાશનરૂપી તપમાં મચેલા છે તેમને અર્થે શ્રદ્ધાપૂર્વક મારુ સર્વસ્વ હોમાવો. હું માત્ર બ્રાહ્મણો કે સગાંઓને અન્નપ્રદાન કરી સંતોષ ધરું નહિ.

પ્રજાપતિ ઋષિ, દૈવી પંક્તિ-દૈવી ત્રિષ્ટુપ મિશ્ર છંદ, યમ વગેરે દેવતા.

यमाय (યમદેવતાને) **स्वाहा** (સુહુત હો) **अन्तकाय** (કાળદેવતાને) **स्वाहा** (સારી આહુતિ હો) **मृत्यवे** (મૃત્યુદેવતાને) **स्वाहा** (સારી આહુતિ હો) **ब्रह्मणे** (પરમાત્માને) **स्वाहा** (સારી આહુતિ હો) **ब्रह्महत्यायै** (બ્રહ્મહત્યાને) **स्वाहा** (સારી આહુતિ હો) **विश्वेभ्यः** (સર્વ) **देवेभ्यः** (દેવોને) **स्वाहा** (સારી આહુતિ હો) **द्यावापृथिवीभ्याम्** (દ્યુલોક તથા પૃથ્વી લોકના અધિષ્ઠાતા દેવતાઓને) **स्वाहा** (સારી આહુતિ હો).

યમ, કાળ તથા મૃત્યુ દેવતાને, પરમાત્માને, બ્રહ્મહત્યાને, સર્વ દેવોને, દ્યુલોક તથા પૃથ્વીના અભિમાની દેવતાઓને સારી આહુતિઓ અર્પિત હો.[1] ૭

इति सप्तमोऽध्यायः ॥७॥

સાતમો અધ્યાય સમાપ્ત

---

૧. યમને-ધર્મરાજાને ન્યાય કરવા દુષ્કૃતો સોંપ્યાં અથવા સારા-નઠારા સંસ્કારવાળું સૂક્ષ્મ શરીર અર્પ્યું. કાળને અજ્ઞાનરૂપી કારણ શરીરની આહુતિ આપી. ઘણા અભ્યાસે ઘણા કાળે અજ્ઞાન નાશ પામે છે. મૃત્યુને સ્થૂલ શરીર પ્રત્યેક જન્મે અપાય છે. ધર્માનુષ્ઠાન કરતાં વિરાગનો ઉદય થતાં સંસારથી ઉપરામ પામી બ્રહ્મને જીવભાવ અર્પણ કરી બ્રહ્મરૂપ થવાની અભિલાષા જણાવી છે. બ્રહ્મહત્યા-ઉચ્ચ સત્ય સિદ્ધાંતના ધ્વંસરૂપ-વેદમાં અશ્રદ્ધારૂપ પાપના નિવારણાર્થે તેનો જ્ઞાનરૂપ અગ્નિમાં હોમ હજો. **ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन ॥** બ્રહ્મનું હવન કરનારી પ્રકૃતિને પ્રકૃતિનાં કાર્યો સ્વાહા હજો. દેવોને મારા પુણ્યરૂપ અમૃતનું પાન પ્રાપ્ત થજો, દેવોને મનુષ્યોના પુણ્યથી બળ મળે છે. શરીરના ભાગો તે તે પંચ-મહાભૂતરૂપ દેવતાને પ્રાપ્ત થાય છે.

દેહનું અર્પણ તો થયું; પણ હવે રહ્યા ગૃહ, દ્રવ્ય, પ્રજા વગેરે બહારના પદાર્થો જે જ્યાંના ત્યાં રહેનારા છે, તે આકાશ અને પૃથ્વી દેવતાને અર્પણ થાઓ.

સ. સા.

અધ્યાય ૮ મો

યજ્ઞસિદ્ધિ

वाजश्च मे प्रसवश्च मे प्रयतिश्च मे प्रसितिश्च मे धीतिश्च मे क्रतुश्च मे स्वरश्च मे श्लोकश्च मे श्रवश्च मे श्रुतिश्च मे ज्योतिश्च मे स्वश्च मे यज्ञेन कल्पन्ताम् ॥१॥

દેવો ઋષિ, શકવરી છંદ, અગ્નિ દેવતા.

वाजः (અન્ન) **च** (અને) **मे** (મારાં-મને) **प्रसवः** (અન્નદાન-અન્નનો ઉપભોગ કરવાની અનુજ્ઞા-અનુમતિ) **च** (અને) **मे** (મારા) **प्रयतिः** (શુદ્ધિ-પ્રયત્ન) **च** (અને) **मे** (મારા) **प्रसितिः** (અન્નપ્રાપ્ત માટે ઉત્સુકતા) **च** (અને) **मे** (મારા) **धीतिः** (ધ્યાન-વિચાર-સંકલ્પ) **च** (અને) **मे** (મારા) **क्रतुः** (યજ્ઞ) **च** (અને) **मे** (મારા) **स्वरः** (સાધુ શબ્દ-સ્વર) **च** (અને) **मे** (મારા) **श्लोकः** (સ્તુતિ-યશ) **च** (અને) **मे** (મારી) **श्रवः** (વેદમંત્ર-શ્રવણ-કીર્તિ) **च** (અને) **मे** (મારા) **श्रुतिः** (બ્રાહ્મણ-ઉપનિષદ વગેરે-શ્રવણશકિત) **च** (અને) **मे** (મારા) **ज्योतिः** (પ્રકાશ) **च** (અને) **मे** (મારા) **स्वः** (સ્વર્ગ) **च** (અને) **मे** (મારા) **यज्ञेन** (યજ્ઞ વડે-યજ્ઞાર્થે) **कल्पन्ताम्** (સિદ્ધિ થાઓ-સંપન્ન થાઓ-વપરાઓ).

અન્ન, અન્નદાન, શુદ્ધિ-પ્રયત્ન, અન્ન માટે ઉત્સુકતા-પ્રીતિ, ધ્યાન, યજ્ઞ, સ્વર-સત્ય અને પ્રિય શબ્દ, સ્તુતિ, વેદમંત્રો-વેદાદિકનું શ્રવણ, ઉપનિષદાદિક-શ્રવણશકિત, તેજ તથા સ્વર્ગ એ સર્વ મને-મારા યજ્ઞથી પ્રાપ્ત થાઓ-એ સર્વ મારા યજ્ઞાર્થ કલ્પાઓ-વપરાવો. ૧

प्राणश्च मेऽपानश्च मे व्यानश्च मेऽसुश्च मे चित्तं च म आधीतं च मे

वाक्चमेमनश्चमेचक्षुश्चमे श्रोत्रञ्चमेदक्षश्चमेबलञ्चमेयज्ञेनकल्पन्ताम् ॥ २ ॥

દેવો ઋષિ, નિચ્યૂત્ અતિ જગતી છંદ, અગ્નિ દેવતા.

प्राणः (ઊર્ધ્વગતિ કરનાર-પ્રાણવાયુ) **च** (અને) **मे** (મારા -મને) **अपानः** (નીચે ગતિ કરનાર અપાનવાયુ) **च** (અને) **मे** (મારો) **व्यान** (સર્વ શરીરમાં વ્યાપકવાયુ) **च** (અને) **मे** (મારો) **असुः** (પ્રવૃત્તિ કરાવનાર વાયુ) **च** (અને) **मे** (મારો) **चित्तम्** (ચિત્ત-મનનો સંકલ્પ) **च** (અને) **मे** (મારું) **आधीतम्** (બાહ્યવિષયનું જ્ઞાન) **च** (અને) **मे** (મારી) **वाक्** (વાણી -વાક્ઇંદ્રિય) **च** (અને) **मे** (મારું) **मनः** (મન) **च** (અને) **मे** (મારી) **चक्षुः** (ચક્ષુઇંદ્રિય) **च** (અને) **मे** (મારી) **श्रोत्रम्** (શ્રવણેંદ્રિય) **च** (અને) **मे** (મારી) **दक्षः** (જ્ઞાનેંદ્રિયની કુશળતા) **च** (અને) **मे** (મારી) **बलम्** (બળ-કર્મેન્દ્રિયની કુશળતા) **च** (અને) **मे** (મારી) **यज्ञेन** (યજ્ઞ વડે-યજ્ઞાર્થે) **कल्पन्ताम्** (સંપન્ન પ્રાપ્ત થાઓ-વપરાઓ).

શરીરમાં ઊંચે ગતિ કરનાર મારો પ્રાણવાયુ, નીચે ગતિ કરનાર અપાનવાયુ, સર્વ શરીરમાં વ્યાપક વ્યાનવાયુ, પ્રવૃત્તિ કરાવનાર વાયુ, મારું ચિત્ત, બાહ્યવિષયનું જ્ઞાન, મારી વાચાવાણીની ઇંદ્રિય, મારું મન, મારાં ચક્ષુ અને શ્રોત્ર ઇંદ્રિય, મારી જ્ઞાનેન્દ્રિયોની તથા કર્મેન્દ્રિયોની કુશળતા-એ સર્વ મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ, યજ્ઞ અર્થે વપરાઓ. ૨

ओजश्च मेसहश्चमआत्माचमेतनूश्चमेशर्मचमेवर्मचमेऽङ्गानिचमेऽस्थीनिचमेपरूँषिचमेशरीराणिचमऽआयुश्चमेजराचमेयज्ञेनकल्पन्ताम् ॥ ३ ॥

દેવો ઋષિ, ભુરિક શક્વરી છંદ, અગ્નિ દેવતા.

ओजः (બળ આપનારી શરીરની ધાતુ-તેજસ્વીપણું) **च** (અને) **मे** (મારું) **सहः** (શરીરબળ-પ્રતિસ્પર્ધીને-શત્રુને શેહ આપવાનું-પરાભવ કરવાનું બળ) **च** (અને) **मे** (મારું) **आत्मा** (આત્મા-આત્મજ્ઞાન) **च** (અને) **मे** (મારું) **तनूः** (રમ્ય શરીર) **च** (અને) **मे** (મારું) **शर्म** (સુખ-આરોગ્ય) **च** (અને) **मे** (મારું) **वर्म** (કવચ) **च** (અને) **मे** (મારાં) **अङ्गानि** (અંગો) **च** (અને) **मे** (મારાં) **अस्थीनि** (અસ્થિઓ-હાડકાં) **च** (અને) **मे** (મારાં) **परूंषि** (આંગળીઓ વગેરે સાંધાઓ) **च** (અને) **मे** (મારાં) **शरीराणि** (શરીરના અવયવો) **च** (અને) **मे** (મારું) **आयु** (આયુ-જીવન) **च** (અને) **मे** (મારી) **जरा** (વૃદ્ધાવસ્થા) **च** (અને) **मे** (મારી) **यज्ञेन** (યજ્ઞ વડે-જીવનના યજ્ઞ અર્થે) **कल्पन्ताम्** (કલ્પાઓ-પ્રાપ્ત થાઓ-વપરાઓ.)

મારું પ્રભાવ પાડનારું તેજ, પ્રતિસ્પર્ધીને દબાવી દેનારું મારું બળ, મારો આત્મા-મારું આત્મબળ, મારું શરીરબળ, મારું આરોગ્ય-સુખ, મારા શરીરનું કાઠિન્ય-વજ્ર સમાનપણા રૂપ-ધર્મ-રૂપ કવચ, મારાં સુદૃઢ અંગો, મારાં અસ્થિઓ, મારા શરીરના સાંધાઓ, મારા શરીરના અવયવો, મારું આયુ-અખિલ જીવન, મારી વૃદ્ધાવસ્થા એ સર્વ મારા યજ્ઞ માટે-પરહિતાર્થે યોજાઓ-મારા યજ્ઞ વડે સુરક્ષિત થાઓ. ૩

ज्यैष्ठ्यञ्च मआधिपत्यञ्चमे मन्युश्चमेभामश्चमेऽमश्चमेऽम्भश्चमेजेमाचमेमहिमाचमेवरिमाचमेप्रथिमाचमेवर्षिमाचमेद्राघिमाचमेवृद्धञ्चमेवृद्धिश्चमेयज्ञेनकल्पन्ताम् ॥४॥

દેવો ઋષિ, નિચ્યૂત્ અત્યષ્ટિ છંદ, અગ્નિ દેવતા.

ज्यैष्ठ्यम् (પ્રશસ્તપણું-મોટાઈ) **च** (અને) **मे** (મારું-

મને) **आधिपत्यम्** (સ્વામિત્વ, ઉપરીપણું) **च** (અને) **मे** (મારો) **मन्युः** (દુર્જનનાં દુષ્કૃત્યો પ્રતિ–શત્રુપ્રતિ, માનસિક ક્રોધ) **च** (અને) **मे** (મારો) **भामः** (દુર્ગુણી પ્રતિ–શત્રુ પ્રતિ આક્ષેપ વગેરેથી જણાતો બહારનો ક્રોધ) **च** (અને) **मे** (મારું) **अमः** (અમાપ-પણું) **च** (અને) **मे** (મારું) **अम्भः** (શીતલ મધુર જળ જેવો સ્વભાવ–પાણી) **च** (અને) **मे** (મારું) **जेमा** (જય મેળવવાનું સામર્થ્ય) **च** (અને) **मे** (મારું) **महिमा** (મહત્ત્વ) **च** (અને) **मे** (મારી) **वरिमा** (પ્રજા વગેરેની વિશાળતા) **च** (અને) **मे** (મારી) **प्रथिमा** (ગૃહ–ક્ષેત્ર વગેરેનો વિસ્તાર–પ્રસિદ્ધિ) **च** (અને) **मे** (મારી) **वर्षिमा** (દીર્ઘજીવન–આયુ) **च** (અને) **मे** (મારા) **द्राघिमा** (વંશની વૃદ્ધિ) **च** (અને) **मे** (મારી) **वृद्धम्** (ધન-ધાન્યની વિપુલતા) **च** (અને) **मे** (મારા) **वृद्धिः** (વિદ્યા વગેરે ગુણોની વૃદ્ધિ–ઉત્કર્ષ) **च** (અને) **मे** (મારી) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ.)

મારી મોટાઈ, પ્રભુતા, માનસિક અને બાહ્ય કોપ, હૃદયનું અમાપપણું, શીતળ મધુર જળ સરખો સ્વભાવ, જય મેળવવાનું બળ, મહત્ત્વ, પ્રજા વગેરેની વિશાળતા, ગૃહક્ષેત્ર વગેરેનો વિસ્તાર, દીર્ઘ આયુ, વંશની વૃદ્ધિ, ધન–ધાન્યની વિપુલતા, વિદ્યા વગેરે ગુણોની વૃદ્ધિ, એ સઘળું મારા યજ્ઞથી મને પ્રાપ્ત થાઓ–એ સઘળું મારા યજ્ઞ અર્થે વપરાઓ. ૪

सत्यञ्च मेश्रद्धाचमेजगच्चमेधनञ्चमेविश्वञ्चमेमहश्चमे-
क्रीडाचमेमोदश्चमेजातञ्चमेजनिष्यमाणञ्चमेसूक्तञ्चमेसुकृत-
ञ्चमेयज्ञेनकल्पन्ताम् ॥ ५ ॥

દેવો ઋષિ, શક્વરી છંદ, અગ્નિ દેવતા.

सत्यम् (સત્ય–સત્યવક્તાપણું) **च** (અને) **मे** (મારો–મને) **श्रद्धा** (શ્રદ્ધા–પરલોકમાં–ગુરુ તથા વેદાંતનાં વાકયોમાં–શાસ્ત્રોમાં દૃઢ

વિશ્વાસ) **च** (અને) **मे** (મારું) **जगत्** (જંગમ–ગૌ વગેરે પશુ) **च** (અને) **मे** (મારાં) **धनम्** (ધન) **च** (અને) **मे** (મારું) **विश्वम्** (સ્થાવર–ગૃહ–ક્ષેત્ર વગેરે) **च** (અને) **मे** (મારું) **महः** (તેજ પ્રભાવ) **च** (અને) **मे** (મારી) **क्रीडा** (રમતો) **च** (અને) **मे** (મારો) **मोदः** (રમતથી ઉત્પન્ન થતો હર્ષ–આનંદ) **च** (અને) **मे** (મારો) **जातम्** (પુત્ર વગેરેથી પરિવાર) **च** (અને) **मे** (મારી) **जनिष्यमाणम्** (હવે પછી થવાની પ્રજા) **च** (અને) **मे** (મારી) **सूक्तम्** (ઋચાઓનો–વેદમંત્રોનો સમૂહ–અભ્યાસ–સારું ભાષણ) **च** (અને) **मे** (મારું) **सुकृतम्** (મંત્રના પાઠથી થતું પુણ્ય–સારાં કર્મોથી થતું પુણ્ય) **च** (અને) **मे** (મારું) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ.)

સત્ય–સત્યવક્તાપણું; પરલોક–શાસ્ત્ર ગુરુ તથા વેદાંતવાકય વગેરેમાં શ્રદ્ધા–દૃઢ વિશ્વાસ; અશ્વ–ગૌ વગેરે જંગમ સંપત્તિ; ધન, ગૃહ, ક્ષેત્રાદિ સ્થાવર સંપત્તિ; પ્રભાવ, રમતમાં પ્રીતિ તથા રમતનો આનંદ; પુત્ર વગેરે પરિવાર, હવે પછી થનાર પ્રજા, વેદમંત્રનું પઠન સારું ભાષણ, મંત્રના પાઠથી–સત્કર્મથી થતું પુણ્ય–એ સર્વ મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ. ૫

ऋतञ्च मेऽमृतञ्चमेयक्ष्मञ्चमेनामयच्चमेजीवातुश्चमेदीर्घा-
युत्वञ्चमेऽनमित्रञ्चमेभयञ्चमेसुखञ्चमेशयनञ्चमेसूषाश्चमेसुदि-
नञ्चमेयज्ञेनकल्पन्ताम् ॥ ६ ॥

દેવો ઋષિ, ભુરિક્ અતિ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

ऋतम् (યજ્ઞ વગેરે કર્મ) **च** (અને) **मे** (મારું–મને) **अमृतम्** (અમૃત–યજ્ઞનું ફળ સ્વર્ગ વગેરે) **च** (અને) **मे** (મારું) **अयक्ष्मम्** (ધાતુક્ષય વગેરે રોગોનો અભાવ–નીરોગીપણું) **च** (અને) **मे** (મારું) **अनामयत्** (સામાન્ય વ્યાધિરહિતપણું–આરોગ્ય) **च** (અને) **मे** (મારું) **जीवातुः** (વ્યાધિ નાશ કરનાર–જીવન

આપનાર ઔષધ) च (અને) मे (મારું) दीर्घायुत्वम् (દીર્ઘાયુ) च (અને) मे (મારું) अनमित्रम् (શત્રુરહિતપણું) च (અને) मे (મારું) अभयम् (ભયરહિતપણું) च (અને) मे (મારું) सुखम् (સુખ) च (અને) मे (મારું) शयनम् (સારી શય્યા–સુખ–રૂપનિદ્રા) च (અને) मे (મારી) सूषाः (સ્નાન–સંધ્યાદિ યુક્ત પ્રાતઃકાળ–આનંદ-ઉલ્લાસભર્યાં પ્રભાત) च (અને) मे (મારા) सुदिनम् (યજ્ઞ અધ્યયન દાન વગેરેવાળા સારા દિવસો) च (અને) मे (મારા) यज्ञेन (યજ્ઞ વડે) कल्पन्ताम् (સિદ્ધ થાઓ પ્રાપ્ત થાઓ.)

યજ્ઞ વગેરે કર્મ, સ્વર્ગ–અમરપણું, નીરોગીપણું, આરોગ્ય, વ્યાધિ નિવારનાર અને જીવન વધારનાર ઔષધ, દીર્ઘાયુ, શત્રુરહિતપણું, અભય, સુખ, સારી નિદ્રા, સ્નાન સંધ્યાવાળા–આનંદ–ઉલ્લાસ ભર્યાં પ્રભાત, યજ્ઞ–અધ્યયન–દાન વગેરે રૂડા દિવસો મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ. ૬

यन्ता च मे धर्ता च मे क्षेमश्च मे धृतिश्च मे विश्वं च मे महश्च मे संविच्च मे ज्ञात्रं च मे सूश्च मे प्रसूश्च मे सीरं च मे लयश्च मे यज्ञेन कल्पन्ताम् ॥ ७ ॥

દેવા ઋષિ, નિચૃત્ અતિજગતી છંદ, અગ્નિ દેવતા.

यन्ता (અશ્વ વગેરેનું નિયંતાપણું–ઇંદ્રિયોનું નિયામકપણું) च (અને) मे (મારું–મને) धर्ता (પ્રજાપાલન–શક્તિ) च (અને) मे (મારી) क्षेमः (વિદ્યમાન ધનની રક્ષણશક્તિ) च (અને) मे (મારી) धृतिः (આપત્તિ વગેરેમાં ધૈર્ય) च (અને) मे (મારી) विश्वम् (સર્વ પ્રકારની અનુકૂળતાની–સર્વ વસ્તુની સુસ્થિતિ) च (અને) मे (મારી) महः (પૂજા–સત્કાર–તેજસ્વિતા) च (અને) मे (મારું) संवित् (વેદશાસ્ત્ર વગેરેનું જ્ઞાન) च (અને) मे

(મારું) ज्ञात्रम् (વિજ્ઞાનનું સામર્થ્ય–જ્ઞાતાપણું) च (અને) मे (મારું) प्रसूः (પુત્ર વગેરેને આજ્ઞામાં પ્રેરવાનું સામર્થ્ય) च (અને) मे (મારું) प्रसूः (પૌત્ર વગેરેની પ્રાપ્તિ) च (અને) मे (મારી) सीरम् (હળ વગેરે ખેતીનાં સાધનોની પ્રાપ્તિ–ખેતીથી ધાન્યની પ્રાપ્તિ) च (અને) मे (મને) लयः (ખેતીમાં અનાવૃષ્ટિ વગેરે અડચણોનો અભાવ) च (અને) मे (મને) यज्ञेन (યજ્ઞ વડે) कल्पन्ताम् (સંપાદિત થાઓ.).

અશ્વોનું–અશ્વોરૂપી ઇંદ્રિયોનું નિયંતાપણું, પ્રજાપાલનશક્તિ, વિદ્યમાન ધનની રક્ષણશક્તિ, ધૈર્ય, સર્વ વસ્તુની પ્રાપ્તિ, આદરસત્કાર, વેદ વગેરેનું જ્ઞાન, જ્ઞાતાપણું, આજ્ઞાધારક પુત્રપૌત્ર વગેરેની પ્રાપ્તિ, હળ વગેરે ખેતીનાં સાધનોની અનુકૂળતા, ખેતીમાં અનાવૃષ્ટિ વગેરે અડચણોનો અભાવ–આ સઘળું મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ. ૭

शं च मे मयश्च मे प्रियं च मेऽनुकामश्च मे कामश्च मे सौमनसश्च मे भगश्च मे द्रविणं च मे भद्रं च मे श्रेयश्च मे वसीयश्च मे यशश्च मे यज्ञेन कल्पन्ताम् ॥ ८ ॥

દેવા ઋષિ, વિરાટ્ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

शम् (ઐહિક સુખ) च (અને) मे (મારું–મને) मयः (પરલોકનું સુખ) च (અને) मे (મારી) प्रियम् (પ્રિય વસ્તુઓ) च (અને) मे (મારી) अनुकामः (ઇચ્છા પ્રમાણેની વસ્તુઓ–યત્નથી મેળવી શકાય તેવી વસ્તુઓ) च (અને) मे (મારું) कामः (વિષયોનું સુખ) च (અને) मे (મારો) सौमनसः (મનને સ્વસ્થ રાખનાર બંધુવર્ગ) च (અને) मे (મારો) भगः (સારું ભાગ્ય) च (અને) मे (મારું) द्रविणम् (ધન) च (અને) मे (મારું) भद्रम् (આ લોકમાં કલ્યાણ) च (અને) मे (મારું) श्रेयः (પરલોકમાં કલ્યાણ) च (અને) मे (મારું) वसीयः (સારું

ગૃહ–નિવાસસ્થાન) च (અને) मे (મારી) यशः (કીર્તિ) च (અને) मे (મારી) यज्ञेन (યજ્ઞ વડે) कल्पन्ताम् (પ્રાપ્ત થાઓ.)

આ લોકનું તથા પરલોકનું સુખ, પ્રિય પદાર્થો, ઇષ્ટ વસ્તુઓ, વિષયોનું સુખ–મનોરથો, અનુકૂળ બંધુઓ, સારું ભાગ્ય, ધન, ઐહિક કલ્યાણ–સદાચાર–ધર્મનિષ્ઠા તથા પરલૌકિક કલ્યાણ પ્રભુભક્તિ–આત્મનિષ્ઠા, નિવાસ યોગ્ય મોટાં ગૃહો અને સુકીર્તિ એ સર્વે મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ. ૮

ऊर्क्चं मेसूनृताचमेपयश्चमेरसश्चमेमघृतञ्चमेधुचमेसग्धिश्चमेसपीतिश्चमेकृषिश्चमेवृष्टिश्चमेजैत्रञ्चमऔद्भिद्यञ्चमेयज्ञेनकल्पन्ताम् ॥ ९ ॥

દેવો ઋષિ, શક્વરી છંદ, અગ્નિ દેવતા

ऊर्क् (અન્ન) **च** (અને) **मे** (મારી–મને) **सूनृता** (સત્ય પ્રિય વાણી) **च** (અને) **मे** (મારું) **पयः** (દૂધ) **च** (અને) **मे** (મારા) **रसः** (રસો–સ્વાદ–દૂધની મલાઈ) **च** (અને) **मे** (મારું) **घृतम्** (ઘી) **च** (અને) **मे** (મારું) **मधु** (મધ) **च** (અને) **मे** (મારું) **सग्धिः** (બંધુઓ સાથે ભોજન) **च** (અને) **मे** (મારું) **सपीतिः** (બંધુઓ સાથે પાન) **च** (અને) **मे** (મારી) **कृषिः** (ખેતી) **च** (અને) **मे** (મને) **वृष्टिः** (અનુકૂળ વરસાદ) **च** (અને) **मे** (મારું) **जैत्रम्** (જય મેળવવાનું સામર્થ્ય) **च** (અને) **मे** (મારું) **औद्भिद्यम्** (આંબા વગેરે વૃક્ષો) **च** (અને) **मे** (મારાં) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ).

અન્ન, સત્ય પ્રિય વાણી, દૂધ, સર્વ પ્રકારના રસો, ઘી, મધ, બંધુઓ સાથે ખાનપાન, સારી ખેતી, અનુકૂળ વરસાદ, જય મેળવવાનું સામર્થ્ય, આંબો વગેરે વૃક્ષો એ સઘળું મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ. ૯

रयिश्चं। मेरायश्चमेपुष्टञ्चमेपुष्टिश्चमेविभुचमेप्रभुचमेपूर्णञ्चमेपूर्णतरञ्चमेकुयवञ्चमेऽक्षितञ्चमेऽन्नञ्चमेक्षुच्चमेयज्ञेनकल्पन्ताम् ॥ १० ॥

દેવો ઋષિ, નિચ્યૃત્ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

रयिः (સુવર્ણ) **च** (અને) **मे** (મારું–મને) **रायः** (હીરા-મોતી વગેરે ઝવેરાત) **च** (અને) **मे** (મારા) **पुष्टम्** (ધનનું સંરક્ષણ–વૃદ્ધિ) **च** (અને) **मे** (મારા) **पुष्टिः** (શરીરની પુષ્ટતા) **च** (અને) **मे** (મારા) **विभु** (ઐશ્વર્યની વ્યાપકતા) **च** (અને) **मे** (મારું) **प्रभु** (ઐશ્વર્ય–પ્રભુતા) **च** (અને) **मे** (મારું) **पूर्णम्** (ધન, પુત્ર વગેરેની વિપુલતા) **च** (અને) **मे** (મારાં) **पूर्णतरम्** (હાથી, ઘોડા, ગાય વગેરેનો વૈભવ) **च** (અને) **मे** (મારાં) **कुयवम्** (હલકાં ધાન્યોની રેલમછેલ) **च** (અને) **मे** (મારાં) **अक्षितम्** (ખૂટે નહિ તેટલાં ધાન્ય) **च** (અને) **मे** (મારા) **अन्नम्** (અનેક પ્રકારનાં ભોજનો) **च** (અને) **मे** (મારી) **क्षुत्** (સારી ક્ષુધા–અન્ન પાચન કરવાની શક્તિ) **च** (અને) **मे** (મારી) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (સિદ્ધ થાઓ).

પુષ્કળ સુવર્ણ, અખૂટ ઝવેરાત વિપુલ ધન, શરીરની પુષ્ટતા, સિદ્ધિ, ઐશ્વર્ય, બહોળો પુત્રાદિ વિસ્તાર, હાથી–ઘોડા વગેરેનો વૈભવ ખૂટે નહિ તેવાં હલકાં તથા ઊંચા પ્રકારનાં ધાન્યો, વિવિધ સ્વાદિષ્ટ ભોજનો અને સારી ક્ષુધા–પાચનશક્તિ એ સઘળું મારા યજ્ઞ વડે મને મળો. ૧૦

वित्तञ्चमेवेद्यञ्चमेभूतञ्चमेभविष्यच्चमेसुगञ्चमेसुपथ्यञ्चमऋद्धञ्चमऋद्धिश्चमेक्लृप्तञ्चमेक्लृप्तिश्चमेमतिश्चमेसुमतिश्चमेयज्ञेनकल्पन्ताम् ॥ ११ ॥

દેવો ઋષિ, ભુરિક્ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

वित्तम् (પ્રાપ્ત ધન) **च** (અને) **मे** (મારું–મને) **वेद्यम्** (સંપાદન કરવાનું ધન) **च** (અને) **मे** (મારાં) **भूतम्** (સંપાદિત ક્ષેત્રો–ખેતરો–ભૂતકાળમાં આરંભેલાં કાર્યો) **च** (અને) **मे** (મારાં) **भविष्यत्** (હવે પછી મેળવવાનાં ક્ષેત્રો–ભાવી–હવે પછી કરવાનાં કાર્યો) **सुगम्** (સુગમ પ્રદેશ–સમજશકિત) **च** (અને) **मे** (મારો) **सुपथ्यम्** (સારું પથ્ય ભોજન–રૂડું હિત) **च** (અને) **मे** (મારું) **ऋद्धम्** (યજ્ઞફળ) **च** (અને) **मे** (મારું) **ऋद्धिः** (યજ્ઞાદિ સમૃદ્ધિ) **च** (અને) **मे** (મારી) **क्लृप्तम्** (કાર્યસાધન) **च** (અને) **मे** (મારું) **क्लृप्तिः** (સ્વકાર્યશકિત) **च** (અને) **मे** (મારી) **मतिः** (બુદ્ધિ) **च** (અને) **मे** (મારી) **सुमतिः** (કઠણ કાર્યમાં નિશ્ચય કરવાની શકિત) **च** (અને) **मे** (મારી) **यज्ञेन** (યજ્ઞ દ્વારા) **कल्पन्ताम्** (સંપન્ન થાઓ).

પ્રાપ્ત તથા પ્રાપ્ત કરવાનું ધન, સંપાદિત તથા સંપાદિત કરવાનાં ક્ષેત્રો–ભૂત તથા ભવિષ્યનાં કાર્યો, સુખથી જઈ શકાય તેવો પ્રદેશ-શાસ્ત્ર વગેરેને સહેલાઈથી સમજવાની શકિત, રૂડું હિત, આદરેલા યજ્ઞ વગેરેનું સારું ફળ, સમૃદ્ધિ, કાર્યનાં દ્રવ્યાદિ સાધન, કાર્ય કરવાની શકિત, નિશ્ચયાત્મક બુદ્ધિ, સન્માર્ગે દોરવતી બુદ્ધિ. એ સર્વ મારા યજ્ઞ દ્વારા મને મળો. ૧૧

व्रीहयश्चमेयवाश्चमेमाषाश्चमेतिलाश्चमेमुद्गाश्चमेखल्वा-
श्चमेप्रियङ्गवश्चमेऽणवश्चमेश्यामाकाश्चमेनीवाराश्चमेगोधूमा-
श्चमेमसूराश्चमेयज्ञेनकल्पन्ताम् ॥ १२ ॥

દેવો, ઋષિ, ભુરિક્ અતિ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

व्रीहयः (તાંદુલ–ચોખા) **च** (અને) **मे** (મારા–મને) **यवाः** (જવ) **च** (અને) **मे** (મારા) **माषाः** (અડદ) **च** (અને)

मे (મારા) **तिलाः** (તલ) **च** (અને) **मे** (મારા) **मुद्गाः** (મગ) **च** (અને) **मे** (મારા) **खल्वाः** (ચણા) **च** (અને) **मे** (મારા) **प्रियङ्गवः** (કાંગ) **च** (અને) **मे** (મારા) **अणवः** (ચીણો) **च** (અને) **मे** (મારા) **श्यामकाः** (સામો) **च** (અને) **मे** (મારા) **नीवाराः** (રાજગરો) **च** (અને) **मे** (મારા) **गोधूमाः** (ઘઉં) **च** (અને) **मे** (મારા) **मसूराः** (મસૂર) **च** (અને) **मे** (મારા) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (મળો).

ચોખા, જવ, અડદ, તલ, કાંગ ચીણો, સામો, રાજગરો. ઘઉં અને મસૂર વગેરે ધાન્યો મારા યજ્ઞ વડે મને મળો. ૧૨

अश्माचमेमृत्तिकाचमेगिरयश्चमेपर्वताश्चमेसिकताश्चमे-
वनस्पतयश्चमेहिरण्यञ्चमेयश्चमेश्यामञ्चमेलोहञ्चमेसीसञ्चमे-
त्रपुंचमेयज्ञेनकल्पन्ताम् ॥ १३ ॥

દેવો ઋષિ, ભુરિક્ અતિ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

अश्मा (પાષાણ) **च** (અને) **मे** (મારી) **मृत्तिका** (મૃત્તિકા–માટી) **च** (અને) **मे** (મારા) **गिरयः** (નાના ડુંગરો) **च** (અને) **मे** (મારા) **पर्वताः** (મોટા પર્વતો) **च** (અને) **मे** (મારી) **सिकताः** (રેતી) **च** (અને) **मे** (મારી) **वनस्पतयः** (વનસ્પતિઓ) **च** (અને) **मे** (મારી) **हिरण्यम्** (સુવર્ણ–રૂપું વગેરે કીમતી ધાતુઓ) **च** (અને) **मे** (મારું) **अयः** (લોઢું) **च** (અને) **मे** (મારું) **श्यामम्** (તામ્ર–લોહ) **च** (અને) **मे** (મારું) **लोहम्** (કાળું લોહ–કાંસું) **च** (અને) **मे** (મારું) **सीसम्** (સીસું) **च** (અને) **मे** (મારું) **त्रपु** (ત્રપુ–કલઈ) **च** (અને) **मे** (મારું) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ).

પાષાણ, મૃત્તિકા, નાના ડુંગરો, મોટા પર્વતો, રેતી, વનસ્પતિઓ, રૂપું, સુવર્ણ વગેરે કીમતી ધાતુઓ; લોઢું, ત્રાંબુ, કાંસું, સીસું અને ત્રપુ–કલઈ વગેરે હલકી ધાતુઓ એ સર્વ મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ.

अग्निश्चमआपश्श्चमेव्वीरुधश्श्चमओषधयश्श्चमेकृष्टपच्च्या-
श्श्चमेकृष्टपच्च्याश्श्चमेग्राम्म्याश्चमेपशवऽआरण्याश्श्चमेवित्त-
श्चमेवित्तिश्श्चमेभूतञ्चमेभूतिश्श्चमेयज्ञेनकल्प्पन्ताम् ॥१४॥

દેવો ઋષિ, નિચ્યૃત્ અત્યષ્ટિ છંદ, અગ્નિ દેવતા.

अग्निः (પૃથ્વી પરનો અગ્નિ) **च** (અને) **मे** (મારાં) **आपः** (અંતરિક્ષમાં રહેલાં જળ) **च** (અને) **मे** (મારી) **वीरुधः** (લતાઓ) **च** (અને) **मे** (મારી) **ओषधयः** (ઔષધિઓ) **च** (અને) **मे** (મારી) **कृष्टपच्याः** (ખેડવાથી ઉત્પન્ન થતાં ધાન્યો) **च** (અને) **मे** (મારાં) **अकृष्टपच्याः** (વગર ખેડે સહજ ઉત્પન્ન થતાં સામો વગેરે ધાન્યો) **ग्राम्याः** (ગામમાં રહેતાં) **च** (અને) **मे** (મારાં) **पशवः** (ગાય, અશ્વ વગેરે પશુઓ) **आरण्याः** (અરણ્યમાં રહેતાં હાથી, સિંહ વગેરે પશુઓ) **च** (અને) **मे** (મારું) **वित्तम्** (પ્રાપ્ત–રળેલું ધન) **च** (અને) **मे** (મારું) **वित्ति** (હવે પછી મેળવવાનું ધન) **च** (અને) **मे** (મારું) **भूतम्** (પુત્ર વગેરે પરિવાર) **च** (અને) **मे** (મારું) **भूतिः** (ઐશ્વર્ય) **च** (અને) **मे** (મારું) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ).

અગ્નિ, જળ, લતાઓ, ખેડેલાં તથા વગર ખેડેલાં ધાન્યો, ગામોમાં રહેતાં ગાય, અશ્વ વગેરે પશુઓ, અરણ્યમાં રહેતાં હાથી, સિંહ વગેરે પશુઓ, પ્રાપ્ત ધન, હવે પછી મેળવવાનું ધન, પુત્રપરિવાર અને ઐશ્વર્ય એ સઘળું મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ. १४

वसुंच मेवसतिश्श्चमेकर्म्मचमेशक्तिश्श्चमेर्थश्श्चमेएमश्श्चम-
इत्याचमेगतिश्श्चमेयज्ञेनकल्प्पन्ताम् ॥१५॥

દેવો ઋષિ, વિરાટ્ આર્ષી બૃહતિ છંદ, અગ્નિ દેવતા.

वसु (ધન) **च** (અને) **मे** (મને–મારા માટે) **वसतिः** (નિવાસગૃહ) **च** (અને) **मे** (મને) **कर्म** (અગ્નિહોત્ર વગેરે યજ્ઞ-કર્મ) **च** (અને) **मे** (મને) **शक्तिः** (યજ્ઞાદિ કર્મ કરવાની શક્તિ) **च** (અને) **मे** (મને) **अर्थः** (ઇષ્ટ પદાર્થ) **च** (અને) **मे** (મને) **एमः** (પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થો) **च** (અને) **मे** (મને) **इत्या** (ઇષ્ટ પદાર્થ પ્રાપ્ત કરવાના ઉપાય સાધન) **च** (અને) **मे** (મને) **गतिः** (ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ) **च** (અને) **मे** (મને) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ).

સર્વ પ્રકારનું ધન, સારાં નિવાસસ્થાનો, અગ્નિહોત્ર–યજ્ઞ જન-સેવાનાં કાર્યો, તે કાર્યો કરવાની શક્તિ, સર્વ મનોરથો–ચારે પુરુષાર્થો, પ્રાપ્ત કરવા યોગ્ય સર્વ પદાર્થો, તે પ્રાપ્ત કરવાનાં સાધન તથા ઉપાયો, ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિ, તરત સમજી જવાની શક્તિ એ સર્વ મારા યજ્ઞથી મને પ્રાપ્ત થાઓ. १५

अग्निश्श्च मइन्द्रश्श्चमेसोमश्श्चमइन्द्रश्श्चमेसविताचम-
इन्द्रश्श्चमेसरस्वतीचमइन्द्रश्श्चमेपूषाचमइन्द्रश्श्चमेबृहस्पतिश्श्चम-
इन्द्रश्श्चमेयज्ञेनकल्प्पन्ताम् ॥ १६ ॥

દેવો ઋષિ, નિચ્યૃત્ બ્રાહ્મી પંક્તિ છંદ, અગ્નિ દેવતા.

अग्निः (અગ્નિ–અગ્નિદેવતાની અનુકૂળતા) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર–ઇંદ્રદેવતાની અનુકૂળતા) **च** (અને) **मे** (મને) **सोमः** (સોમ) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **सविता** (સૂર્ય) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **सरस्वती** (સરસ્વતી) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **पूषाः** (પૂષા દેવતા) **च** (અને) **मे** (મને) **बृहस्पतिः** (બૃહસ્પતિ) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ).

અગ્નિ, સોમ, સવિતા, સરસ્વતી, પૂષા, બૃહસ્પતિ તથા એ દેવતાઓમાં વ્યાપક તથા સર્વોપરી ઇંદ્ર દેવતા મારા યજ્ઞ વડે મને અનુકૂળ–સુપ્રસન્ન થાઓ. ૧૬

मित्रश्चं मइन्द्रश्चमेवरुणश्चमइन्द्रश्चमेधाताचमइन्द्रश्च मेत्त्वष्टाचमइन्द्रश्चमेमरुतश्चमइन्द्रश्चमे विश्वेचमेदेवाइन्द्रश्चमे-यज्ञेनंकल्पन्ताम् ॥ १७ ॥

દેવો ઋષિ, વિરાટ્ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

मित्रः (મિત્ર) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **वरुणः** (વરુણ) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **धाता** (વિધાતા–સૃષ્ટિકર્તા) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **त्वष्टा** (ત્વષ્ટા–સૂર્ય) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **मरुतः** (મરુતો) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **विश्वेदेवाः** (વિશ્વેદેવા દેવતા) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (અનુકૂળ થાઓ).

મિત્ર, વરુણ, વિધાતા, ત્વષ્ટા–સૂર્ય, મરુતો, વિશ્વદેવાઓ અને ઇંદ્ર એ સર્વ દેવો મારા યજ્ઞ વડે મને અનુકૂળ–સુપ્રસન્ન થાઓ. ૧૭

पृथिवीचं मइन्द्रश्चमेन्तरिंक्षञ्चमइन्द्रश्चेमद्यौश्चम इन्द्रश्चमसमाश्चमइन्द्रश्चमेनक्षत्राणिचमइन्द्रश्चमेदिशश्चम-इन्द्रश्चमेयज्ञेनंकल्पन्ताम् ॥ १८ ॥

દેવો ઋષિ, ભુરિક્ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

पृथिवी (પૃથ્વી) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **अंतरिक्षम्** (અંતરિક્ષ–આકાશ) **च** (અને)

मे (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **द्यौः** (દ્યુલોક–સ્વર્ગલોક) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **समाः** (વર્ષો) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **नक्षत्राणि** (નક્ષત્રો) **च** (અને) **मे** (મને) **इन्द्रः** (ઇંદ્ર) **च** (મને) **मे** (મને) **दिशः** (દિશાઓ) **च** (અને) **मे** (મને) **इन्द्र** (ઇંદ્ર) **च** (અને) **मे** (મને) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ).

પૃથ્વી, અંતરિક્ષ દ્યુલોક, વર્ષો, નક્ષત્રો તથા દિશાઓ અને તે સર્વના અધિષ્ઠાતા ઇંદ્ર મારા યજ્ઞ વડે મને સર્વદા અનુકૂળ થાઓ.

अंशुश्चं मेरश्मिश्चमेऽदाभ्यश्चमेधिंपतिश्चमउपांशुश्चंमेऽन्तर्यामश्चंमऐन्द्रवायवश्चमेमैत्रावरुणश्चंमआश्विन-श्चंमेप्रातिप्रस्थानंश्चंमेशुक्रश्चंमेमन्थीचंमेयज्ञेनंकल्पन्ताम् ॥*

દેવો ઋષિ, નિચૃત્ અત્યષ્ટિ છંદ, અગ્નિ દેવતા.

अंशुः (કિરણ–અંશ એ નામનું યજ્ઞમાં વપરાતું ગ્રહપાત્ર) **च** (અને) **मे** (મને) **रश्मिः** (રશ્મિ નામનું ગ્રહપાત્ર) **च** (અને) **मे** (મને) **अदाभ्यः** (અદાભ્ય નામનું ગ્રહપાત્ર) **च** (અને) **मे** (મને) **अधिपति** (નિગ્રાહ્ય નામનું સૌથી વધારે આવશ્યક ગ્રહપાત્ર માટે અધિપતિ–મુખ્યગ્રહપાત્ર) **च** (અને) **मे** (મને) **उपांशुः** (ઉપાંશુ નામનું ગ્રહપાત્ર) **च** (અને) **मे** (મને) **अन्तर्यामः** (અંતર્યામ નામનું ગ્રહપાત્ર) **च** (અને) **मे** (મને) **ऐन्द्रवायवः** (ઐન્દ્રવાયવ) **च** (અને) **मे** (મને) **मैत्रावरुणः** (મૈત્રાવરુણ) **च** (અને) **मे** (મને) **आश्विनः** (આશ્વિન) **च** (અને) **मे** (મને) **प्रतिप्रस्थानः** (પ્રતિપ્રસ્થાન) **च** (અને) **मे** (મને) **शुक्रः**

* अथ ग्रहान्जुहोति–આ ત્રણ મંત્રોથી યજ્ઞ અર્થે ગ્રહપાત્રો તથા સાધનોથી પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવામાં આવે છે.

(શુક્ર) च (અને) मे (મને) मन्थी (મન્થી) च (અને) मे (મને) यज्ञेन (યજ્ઞ વડે) कल्पन्ताम् (પ્રાપ્ત થાઓ).

અંશુ, રશ્મિ, અદાભ્ય, અધિપતિ, ઉપાંશુ, અંતર્યામી, ઐન્દ્ર-વાયવ, મૈત્રાવરુણ, આશ્વિન, પ્રતિપ્રસ્થાન, શુક્ર અને મંથી એ નામનાં યજ્ઞ કરવાનાં ગ્રહપાત્રો તથા સાધનો મને મારા યજ્ઞ વડે પ્રાપ્ત થાઓ.

आग्रयणश्चमेवैश्वदेवश्चमेध्रुवश्चमेवैश्वानरश्चम-ऐन्द्राग्नश्चमेमहावैश्वदेवश्चमेमरुत्वतीयाश्चमेनिष्केवल्यश्च-मेसावित्रश्चमेसारस्वतश्चमेपात्नीवतश्चमेहारियोजनश्चमे-यज्ञेनकल्पन्ताम् ॥२०॥

દેવો ઋષિઓ, નિચૃત્ અત્યષ્ટિ છંદ, અગ્નિ દેવતા.

आग्रयणः (આગ્રયણ નામનું પાત્ર–સાધન) च (અને) मे (મને) वैश्वदेवः (વૈશ્વદેવ–પ્રાતઃકાળના હોમમાં પ્રથમ વૈશ્વદેવનો ઉપયોગ થાય છે) च (અને) मे (મને) ध्रुवः (ધ્રુવ નામનો ગ્રહ) च (અને) मे (મને) वैश्वानरः (વૈશ્વાનર) च (અને) मे (મને) ऐन्द्राग्नः (ઐન્દ્રાગ્ન) च (અને) मे (મને) महावैश्वदेवः (મહાવૈશ્વદેવ–આનો ત્રીજા સવન–હોમમાં ઉપયોગ થાય છે) च (અને) मे (મને) मरुत्वतीयाः (મરુત્વતીય) च (અને) मे (મને) निष्केवल्यः (નિષ્કેવલ્ય) च (અને) मे (મને) सावित्रः (સાવિત્ર) च (અને) मे (મને) सारस्वतः (સારસ્વત) च (અને) मे (મને) पात्क्नीवतः (પાત્કનીવત) च (અને) मे (મને) हारियोजनः (હારિયોજન) च (અને) मे (મને) यज्ञेन (યજ્ઞ વડે–યથાર્થ) कल्पताम् (વપરાઓ–પ્રાપ્ત થાઓ).

આગ્રયણ, વૈશ્વદેવ, ધ્રુવ, વૈશ્વાનર, ઐંદ્રાગ્ન, મહાવૈશ્વદેવ, મરુત્વ-તીશ, નિષ્કેવલ્ય, સાવિત્ર, સારસ્વત, પાત્કનીવત, હારિયોજન એ

નામનાં પાત્રો તથા યજ્ઞસાધનો મારા યજ્ઞાર્થે વપરાઓ–મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ. ૨૦

स्रुचश्चमेचमसाश्चमेवायव्यानिचमेद्रोणकलशश्चमे-ग्रावाणश्चमेऽधिषवणेचमेपूतभृच्चमआधवनीयश्चमेवेदिश्चमे बर्हिश्चमेऽवभृथश्चमेस्वगाकारश्चमेयज्ञेनकल्पन्ताम् ॥२१॥

દેવો ઋષિ, વિરાટ્ ધૃતિછંદ, અગ્નિ દેવતા.

स्रुचः (સ્રુક્–હોમવાનું સાધન) च (અને) मे (મને) चमसाः (ચમસ–ગૃહપાત્ર) च (અને) मे (મને) वायव्यानि (વાયવ્ય–એ નામનાં પાત્રો) च (અને) मे (મને) द्रोणकलशः (દ્રોણકલશ–સોનાનો ઘડો) च (અને) मे (મને) ग्रावाणः (પથ્થરો) च (અને) मे (મને) अधिषवणे (કાષ્ઠનાં પાટિયાં) च (અને) मे (મને) पूतभृत (પૂતભૃત એ નામનું સોમરસ ભરવાનું પાત્ર) च (અને) मे (મને) आधवनीयः (આધવનીય–એ નામનું સોમરસ ભરવાનું પાત્ર) च (અને) मे (મને) वेदिः (વેદી–યજ્ઞનું સ્થળ) च (અને) मे (મને) बर्हिः (કુશ–દર્ભ) च (અને) मे (મને) अवभृथः (અવભૃથ સ્નાન–યજ્ઞ સમાપ્ત કર્યા પછી કરવામાં આવતું સ્નાન) च (અને) मे (મને) स्वगाकारः (સ્વગાકાર એ નામનું પાત્ર) च (અને) मे (મને) यज्ञेन (યજ્ઞ વડે) कल्पन्ताम् (પ્રાપ્ત થાઓ.).

સ્રુક્ નામનું હોમવાનું પાત્ર, ચમસ, વાયવ્ય એ નામનાં દ્રવ્ય ભરવાનાં પાત્રો, સુવર્ણકલશ, પથ્થરો–પથ્થરનાં પાત્રો, અધિષવણ, પૂતભૃત્, આધવનીય એ નામનાં યજ્ઞપાત્રો, વેદી–યજ્ઞનું બાંધેલું ઊંચું સ્થળ–યજ્ઞની ભૂમિ, દર્ભો, અવભૃથ સ્નાન અને સ્વગાકાર નામનું પાત્ર–એ સર્વ મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ–યજ્ઞ અર્થે વપરાઓ.

अग्निश्च मेघर्मश्चमेऽर्कश्चमेसूर्यश्चमेप्राणश्चमऽश्वमेध-

श्चमेपृथिवीचमेऽदितिश्चमेऽदितिश्चमेद्यौश्चमेऽङ्गुलयःशक्व-
रयोदिशश्चमेयज्ञेनकल्पन्ताम् ॥ २२ ॥

દેવો ઋષિ, ભુરિક્ શક્વરી છંદ, અગ્નિ દેવતા.

अग्निः (ભારેલો અગ્નિ–અગ્નિષ્ઠોમ) च (અને) मे (મને–મારા) घर्मः (પ્રવર્ગ્ય એ નામનું હવિ) च (અને) मे (મને) अर्कः (યજ્ઞ કરનાર ઇંદ્રને પુરોડાશ નામનું હવિ જેમાં અપાય છે તેવો યજ્ઞ) च (અને) मे (મને) सूर्यः (સૂર્ય–સૂર્યને ઉદ્દેશીને અપાતો ચરુ–હવ્ય પદાર્થ) च (અને) मे (મને) प्राणः (પ્રાણ–ગવામયન–ઇંદ્રિયોરૂપી ગાયોને લઈ જનારનું સ્થાન–ગવામયન નામનો સત્ર) च (અને) मे (મને) अश्वमेधः (અશ્વમેધ નામનો યજ્ઞ) च (અને) मे (મને) पृथिवी (પૃથ્વી) च (અને) मे (મને) दितिः (દિતિ–દાનશક્તિ–દાનવોની માતા) च (અને) मे (મને) अदितिः (અદિતિ–દેવોની માતા) च (અને) मे (મને) द्यौः (લોક–સ્વર્ગ) च (અને) मे (મને) अङ्गुलयः (વિરાટ પુરુષની આંગળીઓ–અવયવો) शक्वरयः (શક્તિઓ) दिशः (દિશાઓ) च (અને) मे (મને) यज्ञेन (યજ્ઞ વડે) कल्पन्ताम् (પ્રાપ્ત થાઓ).

અગ્નિ, પ્રવર્ગ્ય નામનું હવિ, યાગ, સૂર્યને અપાતો ચરુ–હવ્ય પદાર્થ, પ્રાણ, ગવામયન સત્ર, અશ્વમેધ યજ્ઞ, પૃથ્વી, દાનવોની માતા દિતિ, દેવોની માતા અદિતિ, સ્વર્ગલોક, વિરાટ પુરુષના અવયવો શક્તિઓ, દિશાઓ–એ સર્વેની મને મારા યજ્ઞ વડે અનુકૂળતા થાઓ.

व्रतञ्चमऋतवश्चमेतपश्चमेसंवत्सरश्चमेऽहोरात्रेऊर्वष्ठीवे-
बृहद्रथन्तरेचमेयज्ञेनकल्पन्ताम् ॥ २३ ॥

દેવો ઋષિ, પંક્તિ છંદ, અગ્નિ દેવતા.

व्रतम् (વ્રત–નિયમ) च (અને) मे (મને) ऋतवः (ઋતુઓ વસંત વગેરે) च (અને) मे (મને) तपः (કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપો)

च (અને) मे (મને) संवत्सरः (વર્ષ) च (અને) मे (મને) अहोरात्रे (રાત્રિદિવસ) ऊर्वष्ठीवे (જાંઘ અને જાનુ) बृहद्रथन्तरे (બૃહદ્રથન્તર નામના બે સામના મંત્રો) च (અને) मे (મને) यज्ञेन (યજ્ઞ વડે) कल्पन्ताम् (પ્રાપ્ત થાઓ).

વ્રત, ઋતુઓ, તપ, વર્ષ, રાતદિવસ, જાંઘ અને જાનુ, બૃહદ્રથંતર નામના બે સામવેદના મંત્રો, એ સર્વની મારા યજ્ઞ વડે મને પ્રાપ્તિ થાઓ. ૨૩

एका च मेतिस्रश्चमेतिस्रश्चमेपञ्चचमेपञ्चचमेसप्तचमे-
सप्तचमेनवचमेनवचमएकादशचमएकादशचमेत्रयो-
दशचमेपञ्चदशचमेपञ्चदशचमेसप्तदशचमेसप्तदशचमेनवदशच-
मेनवदशचमएकविंशतिश्चमएकविंशतिश्चमेत्रयोविंशति-
श्चमेत्रयोविंशतिश्चमेपञ्चविंशतिश्चमेपञ्चविंशतिश्चमे-
सप्तविंशतिश्चमेसप्तविंशतिश्चमेनवविंशतिश्चमेनवविंशति-
श्चमएकत्रिंशच्चमएकत्रिंशच्चमेत्रयस्त्रिंशच्चमेयज्ञेनकल्प-
न्ताम् ॥ २४ ॥

દેવો ઋષિઓ, પૂર્વાર્ધનો સંસ્કૃતિ છંદ, શેષનો વિરાટ
સંસ્કૃતિ છંદ, અગ્નિ દેવતા.

एका (એક) च (અને) मे (મારા) तिस्रः (ત્રણ) च (અને) मे (મારા) तिस्रः (ત્રણ) च (અને) मे (મારા) पञ्च (પાંચ) च (અને) मे (મારા) पञ्च (પાંચ) च (અને) मे (મારા) सप्त (સાત) च (અને) मे (મારા) सप्त (સાત) च (અને) मे (મારા) नव (નવ) च (અને) मे (મારા) नव (નવ) च (અને) मे (મારા) एकादश (અગિયાર) च (અને) मे (મારા) एकादश (અગિયાર) च (અને) मे (મારા) त्रयो-

दश (તેર) च (અને) मे (મારા) त्रयोदश (તેર) च (અને) मे (મારા) पञ्चदश (પંદર) च (અને) मे (મારા) पञ्चदश (પંદર) च (અને) मे (મારા) सप्तदश (સત્તર) च (અને) मे (મારા) सप्तदश (સત્તર) च (અને) मे (મારા) नवदश (ઓગણીસ) च (અને) मे (મારા) नवदश (ઓગણીસ) च (અને) मे મારા) एकविंशतिः (એકવીશ) च (અને) मे (મારા) एकविंशतिः (એકવીશ) च (અને) मे (મારા) त्रयोविंशतिः (ત્રેવીશ) च (અને) मे (મારા) त्रयोविंशतिः (ત્રેવીશ) च (અને) मे (મારા) पञ्चविंशतिः (પચીશ) च (અને) मे (મારા) पञ्चविंशतिः (પચીશ) च (અને) मे (મારા) सप्तविंशतिः (સત્તાવીશ) च (અને) मे (મારા) सप्तविंशतिः (સત્તાવીશ) च (અને) मे (મારા) नवविंशतिः (ઓગણત્રીશ) च (અને) मे (મારા) नवविंशतिः (ઓગણત્રીસ) च (અને) मे (મારા) एकत्रिंशत् (એકત્રીશ) च (અને) मे (મારા) एकत्रिंशत् (એકત્રીશ) च (અને) मे (મારા) त्रयस्त्रिंशत् (તેત્રીસ) च (અને) मे (મારા) त्रयस्त्रिंशत् (તેત્રીસ) च (અને) मे (મારા) यज्ञेन (યજ્ઞથી) कल्पन्ताम् (સિદ્ધ થાઓ)

એક, ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર, તેર, પંદર, સત્તર, ઓગણીશ, એકવીસ, ત્રેવીસ, પચીસ, સત્તાવીસ, ઓગણત્રીસ, એકત્રીશ, તેત્રીશ એ વિષમ–એકી મંત્રો મારા યજ્ઞથી સિદ્ધ થાઓ– એ અયુગ્મ[1] મંત્રો મારા યજ્ઞમાં આહુતિ અર્થે યોજાઓ. ૨૪

---

૧. અયુગ્મ–એકી મંત્રો વડે હોમ કરવાથી સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે. જેમ દેવતાઓ વિષમસ્તોત્રથી કામના સિદ્ધ કરી સ્વર્ગલોક પામ્યા છે, તેમ યજમાન વિષમ મંત્ર–સ્તોત્રથી હોમ કરવાથી સર્વ કામના સિદ્ધ કરી સ્વર્ગને પામે છે એમ શ્રુતિમાં કહ્યું છે. શ્રુતિ આ પ્રમાણે છે :–

एतद्वै देवाः सर्वान्कामानाप्त्वायुग्मिः स्तोमैः स्वर्गलोकमायन्स्तथैवैतद्यमानः सर्वान्कामानाप्त्वायुग्मिः स्तोमैः स्वर्गं लोकमेति ॥

चतस्रश्च मेऽष्टौचमेऽष्टौचमेद्वादशचमेद्वादशचमेषोडशचमे
षोडशचमेविꣳशतिश्च मेविꣳशतिश्चमेचतुर्विꣳशतिश्चमेचतुर्विꣳ-
शतिश्चमेऽष्टाविꣳशतिश्चमेऽष्टाविꣳशतिश्चमेद्वात्रिꣳशच्चमे
द्वात्रिꣳशच्चमेषट्त्रिꣳशच्चमेषट्त्रिꣳशच्चमेचत्वारिꣳशच्चमेचत्वारिꣳ-
शच्चमेचतुश्चत्वारिꣳशच्चमेचतुश्चत्वारिꣳशच्चमेऽष्टाचत्वारिꣳश-
च्चमेयज्ञेनकल्पन्ताम् ॥ २५ ॥

દેવો ઋષિ, ઉત્કૃતિ છંદ, અગ્નિ દેવતા.

चतस्रः (ચાર) च (અને) मे (મારા) अष्टौ (આઠ) च (અને) मे (મારા) अष्टौ (આઠ) च (અને) मे (મારા) द्वादश (બાર) च (અને) मे (મારા) द्वादश (બાર) च (અને) मे (મારા) षोडश (સોળ) च (અને) मे (મારા) षोडश (સોળ) च (અને) मे (મારા) विंशतिः (વીસ) च (અને) मे (મારા) विंशतिः (વીસ) च (અને) मे (મારા) चतुर्विंशतिः (ચોવીસ) च (અને) मे (મારા) चतुर्विंशतिः (ચોવીસ) च (અને) मे (મારા) अष्टाविंशतिः (અઠ્ઠાવીસ) च (અને) मे (મારા) अष्टाविंशतिः (અઠ્ઠાવીસ) च (અને) मे (મારા) द्वात्रिंशत् (બત્રીસ) च (અને) मे (મારા) द्वात्रिंशत् (બત્રીસ) च (અને) मे (મારા) षट्त्रिंशत् (છત્રીસ) च (અને) मे (મારા) षट्त्रिंशत् (છત્રીસ) च (અને) मे (મારા) चत्वारिंशत् (ચાળીસ) च (અને) मे (મારા) चत्वारिंशत् (ચાળીસ) च (અને) मे (મારા) चतुश्चत्वारिंशत् (ચૂંવાળીસ) च (અને) मे (મારા) चतुश्चत्वारिंशत् ચૂંવાળીસ) च (અને) मे (મારા) अष्टाचत्वारिंशत् (અડતાળીસ) च (અને) मे (મારા) यज्ञेन (યજ્ઞ વડે) कल्पन्ताम् (સિદ્ધ થાઓ).

ચાર, આઠ, બાર, સોળ, વીસ, ચોવીસ, અઠ્ઠાવીસ, બત્રીસ,

છત્રીસ, ચાળીસ, ચૂંવાળીસ, અડતાળીસ એ પ્રમાણેના યુગ્મ–બેકી મંત્રો મને મારા યજ્ઞથી સિદ્ધ થાઓ–એ યુગ્મ[1] મંત્રો મારા યજ્ઞમાં આહુતિ માટે યોજાઓ. ૨૫

त्र्यविश्च मे त्र्यवी च मे दित्यवाट् च मे दित्यौही च मे पञ्चा-
विश्च मे पञ्चावी च मे त्रिवत्सश्च मे त्रिवत्सा च मे तुर्यवाट्
च मे तुर्यौही च मे यज्ञेन कल्पन्ताम् ॥ २६ ॥

દેવો ઋષિ, બ્રાહ્મી બ્હતી છંદ, અગ્નિ દેવતા

त्र्यविः (ત્રણ અવયવવાળો-દોઢ વર્ષનો વાછરડો) **च** (અને) **मे** (મારા–મને) **त्र्यवी** (દોઢ વર્ષની ગાય) **च** (અને) **मे** (મારા) **दित्यवाट्** (બે વર્ષનો વાછરડો) **च** (અને) **मे** (મારા) **दित्यौही** (બે વર્ષની ગાય) **च** (અને) **मे** (મારા) **पञ्चाविः** (પાંચ અવયવવાળો—અઢી વર્ષનો વૃષભ) **च** (અને) **मे** (મારા) **पञ्चावी** (અઢી વર્ષની ગાય) **च** (અને) **मे** (મારા) **त्रिवत्सः** (ત્રણ વર્ષનો વૃષભ; ત્રણ વત્સવાળો વૃષભ) **च** (અને) **मे** (મારા) **त्रिवत्सा** (ત્રણ વત્સવાળી–ત્રણ વર્ષની ગાય) **च** (અને) **मे** (મારા) **तुर्यवाट्** (સાડા ત્રણ વર્ષનો વૃષભ) **च** (અને) **मे** (મારા) **तुर्यौही** (સાડાત્રણ વર્ષની ગાય) **च** (અને) **मे** (મારા) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ).

---

૧. યુગ્મ મંત્ર વડે આહુતિ આપવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તે મને યજ્ઞથી પ્રાપ્ત થાઓ. શ્રુતિમાં કહ્યું છે કેઃ—

एतद्वै छन्दांस्यब्रुवन्यातयामा वा अयुजस्तोमा युग्मभिर्वयंस्तोमैः स्वर्गलोकमयामेति तथैतद्यजमानो युग्मभिः स्तोमैः स्वर्गलोकमेति ॥

पूर्वंपूर्वमुत्तरेणोत्तरेण संयुनक्ति यथावृक्षं रोहन्नुत्तरामुत्तरां शाखा समालम्भं रोहेत्तादृक्तत् ॥

જેમ વૃક્ષ ઊગે છે ત્યારે એક પછી એક ડાળી પ્રસરે છે, તેમ પૂર્વના મંત્રનો તે પછીના મંત્ર સાથે સંબંધ છે.

દોઢ વર્ષનાં, બે વર્ષનાં, અઢી વર્ષનાં, ત્રણ વર્ષનાં વૃષભ તથા ગાયો મારા યજ્ઞ વડે–મારા યજ્ઞ માટે મને પ્રાપ્ત થાઓ. ૨૬

पष्ठवाट्च मेपष्ठौहीचम उक्षाचमेवशाचम ऋषभश्चमे
वेहच्चमेऽनड्वाँश्चमेधेनुश्चमेयज्ञेनकल्पन्ताम् ॥ २७ ॥

દેવો ઋષિ, નિચૃત બ્રાહ્મી ઉષ્ણિક્ છંદ, અગ્નિ દેવતા.

पष्ठवाट् (ચાર વર્ષનો વૃષભ) **च** (અને) **मे** (મારા–મને) **पष्ठौही** (ચાર વર્ષની ગાય) **च** (અને) **मे** (મારા) **उक्षा** (સેચન સમર્થ–પ્રજા ઉત્પન્ન કરી શકે તેવો વૃષભ) **च** (અને) **मे** (મારા) **वशा** (વંધ્યા ગાય–વશ રહેતી ગાય) **च** (અને) **मे** (મારા) **ऋषभः** (યુવાન વૃષભ) **च** (અને) **मे** (મારા) **वेहत्** (ગર્ભઘાતક ગાય–તરુણ વાછરડી) **च** (અને) **मे** (મારા) **अनड्वान्** (ગાડું ખેંચી શકે તેવો વૃષભ–બળદ) **च** (અને) **मे** (મારા) **धेनुः** (વત્સને જન્મ આપ્યો છે એવી ગાય–વાછરડાવાળી ગાય) **च** (અને) **मे** (મારા) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पन्ताम्** (પ્રાપ્ત થાઓ).

ચાર વર્ષનો વૃષભ, ચાર વર્ષની ગાય, પ્રજા ઉત્પન્ન કરી શકે તેવો વૃષભ, વંધ્યા ગાય, યુવાન વૃષભ, ગર્ભઘાતક ગાય, ગાડું ખેંચી શકે તેવો વૃષભ, વાછરડાવાળી ગાય એ સર્વ મારા યજ્ઞ વડે મને પ્રાપ્ત થાઓ. ૨૭

वाजायस्वाहा प्रसवायस्वाहापिजायस्वाहाक्रतवेस्वाहा-
वसवेस्वाहाहर्पतयेस्वाहाह्नेमुग्धायस्वाहामुग्धायवैनंशिनाय-
स्वाहाविनंशिनऽआन्त्यायनायस्वाहान्त्यायभौवनायस्वाहाभुव-
नस्यपतयेस्वाहाधिपतयेस्वाहाप्रजापतयेस्वाहा ॥
इयन्तेराण्मित्रायंयन्तासियमनऽऊर्जेत्वावृष्ट्यैत्वाप्रजानान्त्वा-
धिपत्याय ॥ २८ ॥

દેવો ઋષિ, પૂર્વાર્ધના આર્ચી બૃહતી તથા શેષભાગનો ઉષ્ણિક્ છંદ, અગ્નિ દેવતા.

वाजाय (અન્નને–જે માસમાં અન્ન પુષ્કળ હોય છે તે ચૈત્રી વર્ષના પ્રથમ માસ–ચૈત્રને) **स्वाहा** (સ્વાહા–સારી આહુતિઓ હો) **प्रसवाय** (જળક્રીડા[1] જે માસમાં થાય છે તે–ખેતી શરૂ થાય છે તે વૈશાખ માસને) **स्वाहा** (સ્વાહા હો) **अपिजाय** (પાણીથી ઉત્પન્ન થાય છે–પ્રથમ જેમાં વરસાદ થાય છે તે જયેષ્ઠ માસને) **स्वाहा** (સ્વાહા હો) **क्रतवे** (યાગરૂપ[2]–જે માસમાં ચાતુર્માસ્ય વગેરે યજ્ઞો કરવામાં આવે છે તથા યજ્ઞના ફળરૂપ વૃષ્ટિ થાય છે તે અષાઢ માસને) **स्वाहा** (સ્વાહા હો) **वसवे** (જે એક સ્થાને વાસ કરાવે છે–ચોમાસામાં સૌ કોઈ ઘેર આવી વસે છે–સાધુ–સંન્યાસી એક સ્થળે વાસ કરી રહે છે–યાત્રાનો નિષેધ છે તે શ્રાવણ માસને) **स्वाहा** (સ્વાહા હો) **अहर्पतये** (સૂર્યરૂપ અત્યંત તાપવાળા ભાદ્રપદ માસને) **स्वाहा** (સ્વાહા હો) **अह्ने** (દિવસ) **मुग्धाय** (ઝાકળથી અંધકાર કરનાર–અજ્ઞાનથી મોહ પમાડનાર–અશ્વિન માસને) **स्वाहा** (સ્વાહા હો) **अमुग्धाय वैनंशिनाय** (અમુગ્ધ–કાર્તિક વગેરે સ્નાન, વ્રત વગેરેથી મોહનિવર્તક ટૂંકા દિવસવાળા વિનાશશીલ દિવસવાળા કાર્તિક માસને) **स्वाहा** (સ્વાહા હો) **अविनशिने अन्त्यायनाय** (વિનાશરહિત સર્વનો નાશ પછી અંતે અવશિષ્ટ રહેનાર વિષ્ણુસ્વરૂપ[3] અંત્ય–મોક્ષમાં લઈ જનાર માર્ગશીર્ષ માસને)

---

૧ શાકુંતલમાં ગ્રીષ્મનું વર્ણન સરખાવો :

सुभगसलिलावगाहाः पाटलसंसर्गिसुरभिवनवाताः ।
प्रच्छायसुलभनिद्रा दिवसाः परिणामरमणीयाः ॥

२ अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ भगवद्गीता अ ३–१४

३ मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥ भगवद्गीता अ. १०–३५

स्वाहा (સ્વાહા હો) **अन्त्याय भौवनाय** (ભુવનોના અંતે સ્વરૂપમાં રહેનાર–અંદર જઠરાગ્નિરૂપે રહી પુષ્ટિ કરનાર પોષ માસને) **स्वाहा** (સ્વાહા હો) **भुवनस्पतये** (ભુવનોના પાલકને–માઘસ્નાન વગેરે વડે પુણ્ય કરાવી પાલન કરનાર માઘ માસને) **स्वाहा** (સ્વાહા હો) **अधिपतये** (વર્ષના અંતરૂપ હોવાથી–અધિક પાલન–પ્રફુલ્લ કરનાર વસંતરૂપ હોવાથી મુખ્ય ફાલ્ગુન–ફાગણ માસને) **स्वाहा** (સ્વાહા હો) **प्रजापतये** (બાર માસના અધિષ્ઠાતા પ્રજાપતિને) **स्वाहा** (શ્રેષ્ઠ હોમ હો) હે અગ્નિ! **इयम्** (આ) **ते** (તારું) **राट्** (રાજ્ય છે જેમાં યજ્ઞ થાય છે તે બાર માસ તારું રાજ્ય છે) **मित्राय** (મિત્રનો યજમાનનો) **यन्ता** (નિયામક) **असि** (છો) **यमनः** (અગ્નિષ્ટોમ વગેરે કર્મોમાં સર્વને નિયમમાં રાખનાર છો) **ऊर्ज्जे** (અન્નરસ માટે) **त्वा** (તમને) **वृष्ट्यै** (વૃષ્ટિને માટે) **त्वा** (તમને) **प्रजानाम्** (પ્રજાઓના) **त्वा** (તમને) **आधिपत्याय** (સ્વામીપણા માટે અગ્રણીપણા માટે) વસુધારાથી અભિષેક કરું છું.

પુષ્કળ અન્નથી ઊભરાતો ચૈત્ર, જેમાં આનંદદાયી જળક્રીડા કરવાની અનુજ્ઞા–સંમતિ છે–તે તથા ખેતીનાં કામની શરૂઆત જેમાં થાય છે તે માસ વૈશાખ, જળક્રીડા કરતાં કરતાં ઊપજેલો આવી પહોંચેલો, જેમાં પ્રથમ વૃષ્ટિ થાય છે તે જયેષ્ઠ માસ, જેમાં યજ્ઞ-યાગ હોમ વગેરે ઘણા કરવામાં આવે છે તે યજ્ઞના ફળરૂપ આષાઢ માસ, પ્રવાસ પૂરો કરી સર્વ પોતાના વાસમાં આવી રહે છે, જેમાં યાત્રાનો નિષેધ છે તથા સંન્યાસીઓ એક સ્થળે ચાતુર્માસ કરે છે તે શ્રાવણ માસ, દિવસના સ્વામી સૂર્યરૂપ–જેમાં અત્યંત તાપ પડે છે તે ભાદ્રપદ માસ, ઝાકળ વગેરેથી મોહ અંધકાર પ્રસારનાર–જેમાં જગતના મોહથી જનો આવૃત રહે છે–ઉન્મત્ત બને છે તે આશ્વિન માસ, કાર્તિક–સ્નાન વગેરે વ્રતોથી મોહને નિવારનાર, પાપનો નાશ કરનાર, વિનાશશીલ–ટૂંકા દિવસવાળો કાર્તિક માસ, વિનાશરહિત સર્વના અંતમાં અવશિષ્ટ રહેનાર વિષ્ણુસ્વરૂપ માર્ગશીર્ષ માસ,

લોકના અંતરના જઠરાગ્નિને પ્રદીપ્ત કરી પુષ્ટિ કરનાર પોષ માસ, માઘસ્નાન વગેરેથી પુણ્ય ઉત્પન્ન કરી ભુવનના લોકોનું રક્ષણ કરનાર માઘ માસ, વર્ષના અંતે અધિક રીતે પાલન કરનાર ફાલ્ગુન માસ-એ બારે માસને તથા બારે માસના અધિષ્ઠાતા પ્રજાપતિને સારી સારી આહુતિઓ અર્પણ હો. હે અગ્નિ ! જે બાર માસોમાં યજ્ઞો કરવામાં આવે છે એ તમારું સામ્રાજ્ય છે, તમે મિત્રરૂપ યજમાનને યજ્ઞ–વ્રત વગેરેના નિયમમાં રાખો છો અને અગ્નિષ્ટોમ વગેરે કર્મમાં સર્વનું નિયમન કરો છો. અન્નરસ માટે તથા પ્રજાઓનાં આધિપત્ય નેતૃત્વ માટે હું તમારો વસુધારાથી અભિષેક કરું છું-તમને આહુતિ અર્પું છું. ૨૮

आयुर्यज्ञेन कल्पताम्प्राणोयज्ञेनकल्पताञ्चक्षुर्यज्ञेन-
कल्पताꣳश्रोत्रंयज्ञेनकल्पताम्वाग्यज्ञेनकल्पताम्मनोयज्ञेन-
कल्पतामात्मायज्ञेनकल्पताम्ब्रह्मायज्ञेनकल्पताञ्ज्योतिर्य-
ज्ञेनकल्पताꣳस्वर्यज्ञेनकल्पताम्पृष्ठंयज्ञेनकल्पतांयज्ञोयज्ञे-
नकल्पताम् ॥ स्तोमश्चयजुश्चऋक्चसामचबृहच्चरथन्तरञ्च ।
स्वर्देवाअगन्मामृताअभूमप्रजापतेःप्रजाअभूमवेट्स्वाहा ॥ २९

દેવા ઋષિ, વિરાટ્ વિકૃતિ છંદ, અગ્નિ દેવતા.

आयुः (આયુ–લાંબી જિંદગી) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (મળો) **प्राणः** (પ્રાણ) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (સાધ્ય હો) **चक्षुः** (ચક્ષુ–નેત્રો) **यज्ञेन** (યજ્ઞવડે) **कल्पताम्** (તેજસ્વી હો) **श्रोत्रम्** (શ્રોત્ર–કર્ણ) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (તીક્ષ્ણ હો) **वाक्** (વાણી) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (પ્રાપ્ત થાઓ–સિદ્ધ થાઓ) **मनः** (મન) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (સ્થિરતાને પામો) **आत्मा** (આત્મા) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (પ્રસન્ન હો) **ब्रह्मा** (વેદ) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (સિદ્ધિ હો) **ज्योतिः** (જ્યોતિ–તેજ સ્વયં પ્રકાશ પરમાત્મા) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (પ્રાપ્ત થાઓ) **स्वः** (સ્વર્ગ) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (પ્રાપ્ત થાઓ) **पृष्ठम्** સ્તોત્ર-પરમ સુખ) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (સિદ્ધ થાઓ–પ્રાપ્ત થાઓ) **यज्ञः** (યજ્ઞ–યજ્ઞ સાધનો-યજ્ઞ કરવાનું સામર્થ્ય) **यज्ञेन** (યજ્ઞ વડે) **कल्पताम्** (પ્રાપ્ત થાઓ) **स्तोमः** (સ્તોમ–સ્તોત્ર) **च** (અને) **यजुः** (અનિયમિત પદવાળા મંત્રો–યજુર્વેદ) **च** (અને) **ऋक्** (નિયમિત પદવાળા મંત્રો-ઋગ્વેદ) **च** (અને) **साम** (સામવેદ–ગાન કરવાના મંત્રો) **च** (અને) **बृहत्** (બૃહત્–એ નામનો મંત્ર) **च** (અને) **रथन्तरम** (રથંતર એ નામનો મંત્ર) **च** (અને) **स्वः** (સ્વર્ગ) **देवाः** (દેવો થઈને) **अगन्म** (અમે જઈએ) **अमृताः** (અમર) **अभूम** (થઈએ) **प्रजापतेः** (પ્રજાપતિ–હિરણ્યગર્ભ–વિરાટ્ પુરુષ–જગદીશ્વરની) **प्रजाः** (પ્રજા) **अभूम** (થઈએ) **वेट्**[1] (વસુધારા હોમને માટેનો મંત્ર વેટ્ બોલી) **स्वाहा** (સારી આહુતિઓ દેવોને અર્પણ કરીએ છીએ તે દેવો સ્વીકારો)[2]

દીર્ઘ આયુ, સબળ પ્રાણ, તેજસ્વી ચક્ષુ, તીક્ષ્ણ શ્રોત્ર, શુદ્ધવાણી, સ્વસ્થ મન, પ્રસન્ન આત્મા, વેદવિદ્યા, સ્વયંપ્રકાશ પરમાત્માનું જ્યોતિ-તેજ, સ્વર્ગ-સુખ, સ્તોત્ર–પરમસુખ, મોટા યજ્ઞ કરવાનું સામર્થ્ય–એ સઘળું અમને અમારા યજ્ઞ વડે પ્રાપ્ત થાઓ. સ્તોત્રો, યજુર્વેદ, ઋગ્વેદ, સામવેદ, બૃહત્ અને રથંતર એ મંત્રો, અમને પ્રાપ્ત થાઓ–સિદ્ધ થાઓ. અમે યજ્ઞના ફળથી દેવત્વને પામી સ્વર્ગમાં જઈએ, અને પ્રજાપતિ–પરમેશ્વરની પ્રજા થઈને વસીએ. અમે વસુધારા હોમના મંત્રો–વેટ્ બોલી દેવોને આહુતિઓ અર્પીએ છીએ તે દેવો સ્વીકારો. ૨૯

इति रुद्रेऽष्टमोऽध्यायः ॥ ८ ॥

આઠમો અધ્યાય સમાપ્ત

---

૧ વેટ્-વષટ્કાર સ્વાહા બોલી દેવોને આહુતિ આપવામાં આવે છે.

૨ યજ્ઞ અને યજ્ઞના સાધનરૂપ પદાર્થો તથા પ્રાણીઓને જે જે વસ્તુની આવશ્યકતા હોય છે તેનું વર્ણન આ અધ્યાયમાં છે. આ અધ્યાયના મંત્રોમાં વર્ણવેલી વસ્તુઓ યજ્ઞના ફળથી પ્રાપ્ત થાય છે અને તે યજ્ઞાર્થ–પરોપકારાર્થ-જનસેવાર્થે વપરાઓ એવી આ મંત્રોમાં પ્રાર્થના કરવામાં આવી છે.

અધ્યાય નવમો

શાંતિ

ऋचंवाचम्प्रपद्येमनोयजुᳬंप्रपद्येसामंप्राणम्प्रपद्येचक्षुᳬं
श्रोत्रंप्रपद्ये ॥ वागोजः सहौजोमयिप्राणापानौ ॥ १ ॥

દધીચિ ઋષિ, જગતી છંદ, વાણીમન વગેરે શરીરના અંગના અભિમાની દેવતા.

ऋचम् (ઋગ્વેદ રૂપ) **वाचम्** (વાણીને) **प्रपद्ये** (શરણે જાઉં છું) **मनः** (મનને) **यजुः** (યજુર્વેદરૂપ) **प्रपद्ये** (શરણે જાઉં છું) **साम** (સામવેદરૂપ) **प्राणम्** (પ્રાણને) **प्रपद्ये** (શરણે જાઉં છું) **चक्षुः** (ચક્ષુઇંદ્રિયને) **श्रोत्रम्** (શ્રોત્રઇંદ્રિયને) **प्रपद्ये** (શરણે જાઉં છું) **वाक्** (વાક્-વાણીઇંદ્રિય) **ओजः** (મનોબળ ધૃષ્ટતા) **सह** (સાથે) **ओजः** (શરીરબળ) **मयि** (મારામાં) **प्राणापानौ** (પ્રાણ-ઉચ્છ્વાસ-શ્વાસ લેવો તે અને અપાન-નિશ્વાસ-શ્વાસ મૂકવો તે)

પરમાત્માની[1] ઋગ્વેદરૂપ વાણીને, યજુર્વેદરૂપ મનને, પ્રાપ્ત કરું છું અને સામવેદરૂપ પ્રાણને તથા ચક્ષુ અને શ્રોત્ર ઇંદ્રિયોને હું શરણે જાઉં છું. મારામાં સંપૂર્ણ મનોબળ અને શરીરબળ હો તથા સ્વસ્થ પ્રાણ અને અપાનવાયુ સ્વસ્થ હો. ૧

---

૧ પરમાત્માની ઋગ્વેદથી પ્રાર્થના કરી, યજુર્વેદથી યજ્ઞમાં મન પરોવી અને સામવેદથી ગાનમાં પ્રાણનો ઉપયોગ કરી પ્રસન્ન કરું છું. પરમાત્માના એ વેદોમાં દર્શાવેલા ઉદ્દેશને અનુસરું છું. શાસ્ત્રના અભ્યાસ તથા શ્રવણથી પવિત્ર થયેલાં ચક્ષુ અને શ્રોત્રની સ્વસ્થતા માટે પ્રભુને પ્રાર્થું છું અને મારામાં મનોબળ, શરીરબળ, વાયુનું બળ તથા સ્વસ્થ પ્રાણ અને અપાન-વાયુ હો એમ હું ઈશ પાસે ચાહું છું.

यन्मेछिद्रञ्चक्षुषोहृदयस्यमनसोवातितृण्णम्बृहस्पतिर्म्मे-
तद्दधातु ॥ शन्नोभवतुभुवनस्य यस्पतिः ॥ २ ॥

દધીચ ઋષિ, પંક્તિ છંદ, બૃહસ્પતિ દેવતા.

यत् (જે) **मे** (મારા) **छिद्रम्** (ન્યૂનતા-દોષ) **चक्षुषः** (ચક્ષુઇંદ્રિયની) **हृदयस्य** (હૃદયની-બુદ્ધિની) **मनसः** (મનનું) **वा** (અથવા) **अतितृणम्** (અતિ ચંચળપણું-વ્યાકુળપણું) **बृहस्पतिः** (બૃહસ્પતિ દેવતા) **मे** (મારું) **तत्** (તે) **दधातु** (દૂર કરો) **शम्** (કલ્યાણ) **नः** (અમારું) **भवतु** (હો-થાઓ-કરો) **भुवनस्य** (ભુવનના-ત્રણ લોકના) **यः** (જે) **पतिः** (સ્વામી-પાલક છે.)

જે અમારી ચક્ષુના દોષો છે, અમારી બુદ્ધિની ન્યૂનતા છે અને અમારા મનની વ્યાકુળતા-અસ્થિરતા છે તેને બૃહસ્પતિ દેવતા દૂર કરો. અખિલ ભુવનના જે સ્વામી-રક્ષક છે, તે અમારું કલ્યાણ કરો. ૨

भूर्भुवᳬस्वः । तत्सवितुर्वरेण्यम्भर्गोदेवस्यधीमहि ॥
धियोयोनः प्रचोदयात् ॥ ३ ॥[1]

વિશ્વામિત્રઋષિ, નિચ્યૃત્ ગાયત્રી છંદ, સવિતા દેવતા.

भूः (ભૂલોક-પૃથ્વી) **भुवः** (અંતરિક્ષ લોક) **स्वः** (સ્વર્લોક સ્વર્ગ) **तत्** (તે) **सवितुः** (સવિતા દેવતાનાં-સૂર્યનાં-સર્વના અંતર્યામી હોઈ પરમાત્માનાં) **वरेण्यम्** (ઉત્કૃષ્ટ આનંદદાયી) **भर्गः** (તેજનું) **देवस्य** (દેવનાં) **धीमहि** (ધ્યાન ધરીએ છીએ) **धियः** (બુદ્ધિને) **यः** (જે) **नः** (અમારી) **प्रचोदयात्** (પ્રેરે છે)

---

૧ સાત વ્યાહૃતી તથા ગાયત્રીના શિરરૂપ મંત્ર સહિત ભાષાંતર આપ્યું છે. ॐ भूः भुवः स्वः महः जनः तपः सत्यम्-આ સપ્ત વ્યાહૃતીઓ છે. વેદમાંથી સારરૂપ ખેંચી કાઢી છે માટે તેને વ્યાહૃતી કહે છે. પછી ઉપરનો ગાયત્રી મંત્ર આવે છે. ગાયત્રી મંત્રને છેડે ગાયત્રી શિરરૂપ મંત્ર નીચે પ્રમાણે છે :

પૃથ્વી અંતરિક્ષ અને સ્વર્ગલોકમાં વ્યાપક એવા સૂર્યના– સર્વના અંતર્યામી પ્રેરક પરમાત્માનાં ઉત્કૃષ્ટ આનંદદાયી તેજનું અમે ધ્યાન કરીએ છીએ, જે તેજ અમારી બુદ્ધિને સન્માર્ગમાં– સત્કર્મમાં પ્રેરે છે.[1] ૩

---

૧ ॐ आपो ज्योती रसोऽमृतं ब्रह्मभूर्भुवः स्वरोम् ।

શ્રીમત્ શંકરાચાર્યના ભાષ્ય પ્રમાણે ગાયત્રીનો અર્થ નીચે આપ્યો છે :

भूः (સત્ સ્વરૂપ–ભૂલોક) **भुवः** (ચિદ્રૂપ–ભુવર્લોક–અંતરિક્ષ **स्वः** (સુખ સ્વરૂપ–સ્વર્ગલોક) **महः** (મહાન–અમાપ મહિમાવાળા મહર્લોક) **जनः** (જેમાંથી સર્વ જગત ઉત્પન્ન થયું છે એવા **जन्माद्यस्य यतः** જનલોક.)

तपः (તેજરૂપ–જેના તપ વડે જગત વ્યવસ્થિતપણે ચાલે છે– પોષાય છે–ઉન્નતિ પામે છે તે–તપલોક) **सत्यम्** (ત્રિકાળથી અબાધ્ય નિત્ય–સત્ય–સત્યલોક) ॐ (ૐકારથી નિર્દિષ્ટ થતા બ્રહ્મરૂપ–સર્વ- લોકાત્મરૂપ બ્રહ્મ) **तत** (પરબ્રહ્મ) ॐ **तत्सदितिनिर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः** એ વાક્યમાં દર્શાવ્યા પ્રમાણે તત્ શબ્દ સ્વતઃસિદ્ધ પરબ્રહ્મનું બોધન કરે છે. **सवितुः** (સૃષ્ટિ–સ્થિતિ-લયરૂપ સર્વ દ્વૈત વિભ્રમના–જગતરૂપ ભ્રાંતિના અધિષ્ઠાનરૂપ પરમાત્માનાં) **वरेण्यम्** (સર્વે પસંદ કરવા યોગ્ય–જે પ્રાપ્ત કરવા સર્વે ઇચ્છે છે તે નિરતિશય આનંદરૂપ) **भर्गः** (અવિદ્યારૂપ દોષના તિમિરના નિવારનાર જ્ઞાનરૂપ તેજનું) **देवस्य** (સર્વને પ્રકાશનાર અખંડ ચિદ્ એક રસનાં) **धीमहि** (બુદ્ધિ વગેરે સર્વ દૃશ્યના સાક્ષીરૂપ–સર્વના અધિષ્ઠાન ભૂત પરમાનંદ સ્વરૂપ જેમાંથી દ્વૈતરૂપ સર્વ અનર્થ–ભ્રાંતિનું નિરસન થયેલું છે એવા સ્વપ્રકાશ ચિદાત્મક બ્રહ્મનું અમે ધ્યાન કરીએ છીએ અને એ ધ્યાન વડે બ્રહ્મ સાથે રજ્જુસર્પ ન્યાયથી બ્રહ્મના વિવર્તરૂપ જડ પ્રપંચ–જગતનું બાધ સમાનાધિકરણ રૂપ એકત્વ તથા **सोऽयम्**

कयानश्चित्रआभुवदूतीसदावृधः सखा । कयाशचिष्ठयावृता ॥

વામદેવ ઋષિ, ગાયત્રી છંદ, ઇંદ્ર દેવતા.

कया (કઈ–કયાં) **नः** (અમારા) **चित्रः** (વિચિત્ર–પૂજ્ય)

તે આ જ છે એ ન્યાય વડે-પ્રમાણથી સર્વ સાક્ષી પ્રત્યક્ આત્માનું બ્રહ્મ સાથે તાદાત્મ્યરૂપ એકત્વનો અનુભવ કરીએ છીએ) **धियः** (બુદ્ધિ-વૃત્તિઓ–અંતઃકરણ) **यः** (જે અંતઃકરણના પ્રકાશક પ્રત્યક્ આત્માના સ્વરૂપભૂત પરબ્રહ્મ) **नः** (અમારી) **प्रचोदयात्** (પ્રેરે છે) **आपः** (વ્યાપક) **ज्योतिः** (પ્રકાશરૂપ) **रसः** (રસરૂપ–આનંદરૂપ) **अमृतम्** (મરણશીલ સંસારથી મુક્ત–અવિનાશી) **ब्रह्म** (સર્વવ્યાપી સર્વપ્રકાશક સર્વોત્કૃષ્ટ નિત્યમુક્ત આત્મરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ ૐકારવાચ્ય બ્રહ્મ) **भूः** (સત્) **भुवः** (ચિત્) **स्वः** (આનંદ) ॐ (ૐકારવાચ્ય–ૐકારરૂપ પ્રતીકથી નિર્દિષ્ટ કરેલું.)

સચ્ચિદાનંદ રૂપ, અમાપ મહિમાવાળા જેમાંથી જગતની ઉત્પત્તિ થઈ છે, જેના તપ વડે જગતની સ્થિતિ છે–જગતનું પોષણ થાય છે–જગતની ઉન્નતિ થાય છે, જે ત્રિકાલ અબાધ્ય નિત્ય સત્ય સ્વરૂપ છે અથવા ભૂલોક, ભુવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક એ સપ્ત લોકાત્મક ॐ શબ્દથી નિર્દિષ્ટ થતા પ્રત્યક્ આત્મારૂપ પરબ્રહ્મ પરમાત્મા જે અમારી બુદ્ધિને-વૃત્તિઓને અંતર્યામીપણાથી પ્રેરે છે તે આત્માના સ્વરૂપભૂત સ્વતઃસિદ્ધ, સૃષ્ટિ, સ્થિતિ, લયરૂપ સર્વદ્વૈત વિભ્રમ-જગત રૂપભ્રાંતિના અધિષ્ઠાતા સર્વને પ્રકાશનાર ચિદેકરસ પરમાત્માનાં સર્વે પ્રાપ્ત કરવા યોગ્ય નિરતિશય આનંદસ્વરૂપ અવિદ્યારૂપ તિમિરનાં નિવારક જ્ઞાનરૂપ તેજનું અમે ધ્યાન કરીએ છીએ અને એ ધ્યાન વડે રજ્જુમાં સર્પની માફક બ્રહ્મનાં વિવર્તરૂપ જડ પ્રપંચ જગતનું બાધ સમાનાધિકરણથી, જગતનો બાધ કરી બ્રહ્મનું એકત્વ અનુભવીએ છીએ; તેમ જ જ્ઞાન વડે પ્રત્યક્ આત્માનું 'તે આ જ છે' એ શ્રુતિવાક્ય પ્રમાણે બ્રહ્મ સાથે એકત્વ,

आभुवत् (અભિમુખ થાય—સહાયક થાય) **ऊतीः** (તર્પણથી—અતિ પ્રિય ક્રિયાથી પ્રસન્ન થવાથી) **सदावृधः** (સદા વૃદ્ધિ પામતા—કરતા) **सखा** (મિત્રરૂપ) **कया** (કઈ-કયાં) **शचिष्ठया** (જ્ઞાન-પૂર્વક—પ્રેમપૂર્વક ઉત્તમ યાગક્રિયાથી) **वृता** (કર્મથી—વર્તમાન).

સર્વદા વૃદ્ધિ પામતા—કરતા—નવીન સ્વરૂપ પ્રકટ કરતા, વિચિત્ર પરાક્રમો કરનાર—પૂજ્ય, સર્વ પ્રાણીઓના મિત્ર એવા ઇંદ્રની પ્રીતિ અર્થે કઈ યજ્ઞક્રિયા પ્રેમપૂર્વક હમણાં કરીએ કે જેથી તે અમારા સહાયક થાય. ૪

कस्त्वां । सत्योमदांनाम्मंहिष्ठोमत्सदन्धसः ॥ दृढा-
चिदारुजेवसु ॥ ५ ॥

વામન ઋષિ, ગાયત્રી છંદ, ઇંદ્ર દેવતા.

कः (કયો) **त्वा** (તમને) **सत्यः** (સત્યસ્વરૂપ—પૂજ્ય—ખરેખર) **दानाम्** (મદજનક-ઉન્મત્ત કરનાર પ્રસન્ન કરનાર હવિઓમાં) **मंहिष्ठः** (શ્રેષ્ઠ) **मत्सत्** (મત્ત આનંદિત—તૃપ્ત કરે છે) **अन्धसः** (અન્નનો) **दृढाचित्** (દઢ—સ્થિર—સુરક્ષિત રહે એવાં) **आरुजे** (વહેંચી આપો છો) **वसु** (ધન).

હે સત્યસ્વરૂપ, પૂજ્ય ઇંદ્ર ! આપને કેવા પ્રકારનું અન્ન-હવિ સર્વથી વધારે તૃપ્ત કરે છે કે, જે આપને અર્પણ કરવાથી આપ પ્રસન્ન થઈ ભક્તોમાં સ્થાયી ધન વહેંચી આપો છો.[1] ૫

અનુભવીએ છીએ. ૐકારથી નિર્દિષ્ટ એ પરબ્રહ્મ સર્વવ્યાપક, સર્વ-પ્રકાશક, સર્વોત્કૃષ્ટ અમર, નિત્યમુક્ત અને સચ્ચિદાનંદ સ્વરૂપ છે તથા ત્રણે લોકના અધિષ્ઠાનરૂપ છે.

૧ **બીજો અર્થ** : હે પૂજ્ય સત્યસ્વરૂપ ઇંદ્ર ! જે કોઈ મદોન્મત જનો તમારા પ્રતિ અભિમાનથી-મદથી વર્તે છે તેવા અંધ અજ્ઞાની જનોના સ્થિર દ્રવ્યોને પણ તમે ભિન્નભિન્ન કરો છો.

अभीषुणःसखीनामविताजरितॄणाम् ॥ शतम्भवास्यूतिभिः ॥ ६

વામદેવ ઋષિ, ગાયત્રી છંદ, ઇંદ્ર દેવતા.

अभी (અભિ—સન્મુખ) **सु** (સારી રીતે) **नः** (અમારી) **सखीनाम्** (મિત્રોનાં) **अविता** (રક્ષણકર્તા) **जरितॄणाम्** (સ્તુતિ કરનાર ઋત્વિજોના) **शतम्** (સો રૂપ—બહુ રૂપ ધારણ કરી—સો—બહુ પ્રકારે) **भवासि** (થાઓ છો) **ऊतिभिः** (રક્ષાથી—રક્ષા કરવા).

હે ઇંદ્ર ! તમે મિત્રોના તથા સ્તુતિ કરનારના રક્ષણકર્તા છો અને તેમનું સારી રીતે રક્ષણ કરવાને સેંકડો પ્રકારે—સેંકડોરૂપ ધારણ કરી તમે સન્મુખ થાઓ છો. ૬

कयात्वन्नऽऊत्याभिप्रमन्दसेवृषन् । कयास्तोतृभ्यऽआभर ॥७

દધીચ ઋષિ, ગાયત્રી છંદ, ઇંદ્ર દેવતા.

कया (કયાં) **त्वम्** (તમે) **नः** (અમને) **ऊत्या** (તર્પણથી—હવિપ્રદાનથી) **अभिप्रमन्दसे** (પ્રસન્ન કરો છો-પ્રમુદિત કરો છો) **वृषन्** ઇષ્ટ વસ્તુની વૃષ્ટિ કરનાર ઇંદ્ર) **कया** (કઈ) **स्तोतृभ्यः** (સ્તોતાઓને) **आभर** (ધન આપો છો).

કયા હવિપ્રદાનથી પ્રસન્ન થઈને હે ઇષ્ટ પદાર્થોની વૃષ્ટિ કરનાર ઇંદ્ર ! તમે અમને પ્રમુદિત કરો છો તથા કઈ સ્તુતિથી તૃપ્ત થઈ તમે સ્તોતાઓને ધનથી ભરી દો છો. ૭

इन्द्रोविश्वंस्यराजति ॥ शन्नोऽअस्तुद्विपदेशञ्चतुष्पदे ॥ ८ ॥

દધીચ ઋષિ, બે પદવાળો વિરાટ્ છંદ, ઇંદ્ર દેવતા.

इन्द्रः (ઇંદ્ર—પરમેશ્વર—આદિત્ય) **विश्वस्य** (સર્વ જગતને) **राजति** (પ્રકાશે છે) **शम्** (સુખરૂપ) **नः** (અમારા) **अस्तु** (હો) **द्विपदे** (પુત્ર વગેરે સ્વજનને) **शम्** (સુખરૂપ) **चतुष्पदे** (ગૌ—અશ્વ વગેરે પશુઓને).

સર્વ જગતના ઈશ્વરરૂપ ઇંદ્ર વિરાજે છે-સર્વ જગતને પ્રકાશનાર સૂર્યરૂપ ઇંદ્ર પ્રકાશી રહ્યા છે, તે અમારા પુત્ર, સ્વજન વગેરે મનુષ્યોને તેમ જ ગૌ-અશ્વ વગેરે પશુઓને સુખરૂપ હો. ૮

शन्नोमित्रऽशंवरुणःशन्नोभवत्वर्यमा ॥ शन्नइन्द्रोबृह-
स्पतिꣳशन्नोविष्णुरुरुक्रमः ॥ ९ ॥

દધીચ ઋષિ, અનુષ્ટુપ છંદ, સૂર્ય દેવતા.

शम् (સુખરૂપ) **नः** (અમને) **मित्रः** (મિત્ર દેવતા) **शम्** (સુખરૂપ) **वरुणः** (વરુણ) **शम्** (સુખરૂપ) **नः** (અમને) **भवतु** (થાઓ) **अर्यमा** (ભક્ત પ્રતિ જનાર-હમેશાં ગતિ કરનાર અર્યમા દેવતા) **शम्** (સુખરૂપ) **नः** (અમને) **इन्द्रः** (ઇંદ્ર) **बृहस्पतिः** (બૃહસ્પતિ) **शम्** (સુખરૂપ) **नः** (અમને) **विष्णुः** (વિષ્ણુ) **उरुक्रमः** (મહાન પગલાંવાળા-વિશાળ નભ પ્રદેશમાં-પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગમાં વિચરનાર).

મિત્ર, વરુણ, અર્યમા, ઇંદ્ર, બૃહસ્પતિ અને વિશાળ નભમંડળમાં વિચરનાર સૂર્યરૂપ વિષ્ણુ અમને સુખદાયી હો. ૯

शन्नोवातःपवताꣳशन्नस्तपतुसूर्यः ॥ शन्नꣳकनि-
क्रदद्देवःपर्जन्योऽअभिवर्षतु ॥ १० ॥

દધીચ ઋષિ, અનુષ્ટુપ છંદ, વાયુ વગેરે દેવતા

शम् (સુખકર-સૌમ્ય-વ્યાધિ ઉત્પન્ન નહિ કરનાર) **नः** (અમને) **वातः** (વાયુ) **पवताम्** (વાઓ) **शम्** (સુખરૂપ-બહુ તાપ વગરના) **नः** (અમારી ઉપર) **तपतु** (તપો-કિરણો વિસ્તરો) **सूर्यः** (જનોને પોતપોતાની પ્રવૃત્તિઓમાં પ્રેરનાર સૂર્ય) **शम्** (સુખકારી-અનુકૂળ) **नः** (અમને-અમારા માટે) **कनिक्रदत्** (નભમાં કડાકા કરનાર) **देवः** (દેવ) **पर्जन्यः** (જનોની અભિલાષા પૂરનાર-વૃષ્ટિ કરનાર-વર્ષાનો અધિષ્ઠાતા) **अभिवर्षतु** (વર્ષો).

ઈશ્વરની કૃપાથી-ઉપરોક્ત મંત્રમાં સ્તવેલા દેવોની કૃપાથી-અમારી ઉપર સુખરૂપ વાયુઓ વાઓ, સુખરૂપ સૂર્ય તપો અને ગર્જના કરનાર વૃષ્ટિના અધિષ્ઠાતા દેવ સુખકારી અનુકૂળ વૃષ્ટિ કરો. ૧૦

अहानिशम्भवन्तुनꣳशꣳरात्रीꣳप्रतिधीयताम् ॥ शन्न
इन्द्राग्नीभवतामवोभिꣳशन्नऽइन्द्रावरुणारातहव्या ॥ शन्नऽ
इन्द्रापूषणावाजसातौशमिन्द्रासोमासुविताय शंय्योः ॥ ११ ॥

દધીચ ઋષિ, દ્વિપદા ગાયત્રી છંદ, અહોરાત્રિ વગેરે દેવતા.

अहानि (દિવસો) **शम्** (સુખરૂપ) **भवन्तु** (થાઓ) **नः** (અમારા-અમને) **शम्** (સુખરૂપ) **रात्रीः** (રાત્રિઓ) **प्रतिधीयताम्** (કરો) **शम्** (સુખરૂપ) **नः** (અમને) **इन्द्राग्नी** (ઇંદ્ર તથા અગ્નિ) **भवताम्** (થાઓ) **अवोभिः** (રક્ષણોથી) **शम्** (સુખરૂપ) **नः** (અમને) **इन्द्रावरुणा** (ઇંદ્ર અને વરુણ) **रातहव्या** (જેને હવિ આપવામાં આવે છે તે-હવિથી તૃપ્ત થયેલા) **शम्** (સુખરૂપ) **नः** (અમને) **इन्द्रापूषणा** (ઇંદ્ર અને પૂષા) **वाजसातौ** (અન્નપ્રદાનમાં) **शम्** (સુખરૂપ) **इन्द्रासोमा** (ઇંદ્ર અને સોમ) **सुविताय** (શ્રેષ્ઠ વસ્તુની ઉત્પત્તિ-પ્રાપ્તિ અર્થે-સુખરૂપ પ્રવાસ માટે) **शम्** (સુખરૂપ) **योः** (રોગ તથા ભયની નિવૃત્તિ અર્થે).

પ્રભુની કૃપાથી અમારાં દિનરાત્રિ સુખરૂપ હો, ઇંદ્ર અને અગ્નિ તેમનાં રક્ષણોથી અમને સુખરૂપ હો, હવિ અર્પવાથી તૃપ્ત થયેલા ઇંદ્ર અને વરુણ અમને સુખરૂપ હો, અન્નપ્રદાનમાં ઇંદ્ર અને પૂષા અમને સુખરૂપ હો તથા સારી વસ્તુઓની ઉત્પત્તિ અર્થે-સુપ્રવાસ માટે અને રોગ તથા ભયની નિવૃત્તિ અર્થે ઇંદ્ર અને સોમ અમને સુખરૂપ હો. ૧૧

शन्नोदेवीरभिष्टयऽआपोभवन्तुपीतये ॥ शंय्योरभिस्रवन्तुनः ॥

દધીચ ઋષિ, ગાયત્રી છંદ, જળ દેવતા.

शम् (સુખરૂપ) **नः** (અમને) **देवीः** (દીપતાં-દિવ્ય) **अभिष्टये** (અભિષેક-સ્નાન-ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ) **आपः** (જળો) **भवन्तु** (હો-થાઓ) **पीतये** (પાન કરવા માટે) **शम्** (સુખકર) **याः** (રોગ-દુઃખનું હરણ કરનાર) **अभिस्रवन्तु** (અમારા પ્રતિ સ્રવો-વહો-કરો).

ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ અર્થે-સ્નાન તથા પાન અર્થે દેદીપ્યમાન ઉત્તમ વારિ અમને સુખકારી હો અને અમારા રોગદુઃખનો નાશ કરી સર્વ સુખો અમારા પ્રતિ સ્રવો-આણો. ૧૨

स्योनापृथिवि नोभवान्नृक्षरानिवेशनी ॥ यच्छानःशर्म्म सप्रथाः ॥ १३ ॥

મેધાતિથિ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ, પૃથિવી દેવતા.

स्योना (સુખરૂપ) **पृथिवि** (હે પૃથ્વિ!) **नः** (અમને) **भव** (હો-થાઓ) **अनृक्षरा** (કંટકહીન, દુઃખદાયીઓથી રહિત, ખાડાખાબોચિયાં રહિત) **निवेशनी-निवेशिनी** (સુખથી બેસવા યોગ્ય-વસવા યોગ્ય) **यच्छा-यच्छ** (આપો) **नः** (અમને) **शर्म** (સુખ-શરણ) **सप्रथाः** (સારા વિસ્તારવાળી).

હે પૃથ્વિ! તમે અમને કંટકહીન, સુખથી વસવા યોગ્ય, વિસ્તારવાળી તથા સર્વ રીતે સુખદાઈ હો; અમને તમારે શરણ સુખથી રાખો-અમારું કલ્યાણ કરો. ૧૩

आपोहि ष्ठामयोभुवस्तानऽऊर्जेदधातन ॥ महेरणायचक्षसे ॥

સિંધુદ્વીપ ઋષિ, ગાયત્રી છંદ, જળ દેવતા.

आपः (હે જળો-વારિ) **हि** (અવશ્ય) **ष्ठा-स्थ** (હો-છો) **मयोभुवः** (સુખદાઈ-સ્નાનપાન વગેરેથી સુખ કરનાર) **ताः** (તે) **नः** (અમને) **ऊर्जे** (રસોના ઉપભોગ-અન્ન માટે) **दधातन** (સ્થાપો) **महे** (મહાન) **रणाय** (રમણીય-પરબ્રહ્મનાં) **चक्षसे** (દર્શન માટે-સાક્ષાત્કાર માટે).

હે વારિ! જળના અભિમાની દેવતા! અમને સ્નાનપાન વગેરેના ઉપયોગમાં આવી અનેક રીતે સુખ આપો છો, એવાં તમે અમને સર્વ ભોગ્ય વસ્તુના-રસોના-સર્વ પ્રકારના અન્નના ઉપભોગ માટે અવશ્ય સ્થાપન કરો-ઐહિક સર્વ સુખો આપો અને તે પરબ્રહ્મના અત્યંત રમણીય-મહાન આનંદદાયી દર્શન-સાક્ષાત્કાર માટે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપણાથી વ્યાખ્યાન માટે અમને સ્થાપો. ૧૪

योवः शिवतमोरसस्तस्यभाजयतेहनः उशतीरिवमातरः ॥ १५

સિંધુદ્વીપ ઋષિ, ગાયત્રી છંદ, જળ દેવતા.

यः (જે) **वः** (તમારો) **शिवतमः** (અત્યંત કલ્યાણકારી-શાંતિદાયી) **रसः** (રસ) **तस्य** (તે રસના) **भाजयत** (ઉપભોગી કરો) **इह** (અહીં) **नः** (અમને) **उशतीः** (પ્રીતિવાળી) **इव** (જેમ-માફક) **मातरः** (માતાઓ)

હે વારિ-જળના દેવતા! જેમ માતા બાળને પ્રીતિથી સ્તનપાન કરાવે છે તેમ તમારો જે અત્યંત સુખકર-શાંતિપ્રદ રસ છે તેનો અમને ઉપભોગ કરાવો.* ૧૫

---

* **બીજો અર્થ**: હે જળદેવતા! જે અન્નના નિવાસ અર્થે અન્ન ઉપજાવવાને ઔષધિઓને-રોપાઓને તૃપ્ત કરો છો તે અન્ન અમને પુષ્કળ પ્રાપ્ત થાઓ અને અમને પુત્રપૌત્રાદિક સંપન્ન કરો.

ત્રીજો અર્થ:-હે જળદેવતા! જે રસના નિવાસરૂપ હોવાથી તમે પ્રસન્ન દીસો છો, જે રસ વડે અપૂર્વ તૃપ્તિ મળે છે, તે રસની પ્રાપ્તિ માટે અમે તમારે શરણે આવીએ છીએ. જ્યાં જળ-અન્નની વિપુલતા હોય ત્યાં અમને જન્મ આપો.

तस्म्माअरङ्गमामवोयस्यक्षयायजिन्वथ ॥ आपोजनयथाचनꣳ॥

સિંધુદ્વીપ ઋષિ, ગાયત્રી છંદ, જળ દેવતા.

तस्मै (તાદશ-તેવા) **अरम** (પર્યાપ્ત--તૃપ્ત) **गमाम** (થઈએ છીએ) **वः** (તમારો) **यस्य** (જેના) **क्षयाय** (વિનાશ માટે–જગતના આધાર માટે) **जिन्वथ** (તૃપ્ત કરો છો–જિવાડો છો) **आपः** (હે જળની અધિષ્ઠાત્રી દેવી) **जनयथा** (ભોક્તા તરીકે ઉત્પન્ન કરો–પુત્રપૌત્રાદિસંપન્ન કરો) **च** (અને) **नः** (અમને).

હે જળદેવતા ! જે જગતના આધારરૂપ અન્નથી–રસના અંશથી આખા નિવાસને–અખિલ જગતને (બ્રહ્મથી તૃણ સુધીને) તૃપ્ત કરો છો, તે તમારા રસથી અમે સંપૂર્ણ તૃપ્તિ મેળવીએ છીએ. અમને તે નિવાસ-માં-જગતમાં પુત્રપુત્રાદિ સંપન્ન કરો–ભોક્તાપણાથી ઉત્પન્ન કરો. ૧૬

द्यौꣳशान्तिरन्तरिक्षꣳशान्तिः–पृथिवीशान्तिरापꣳशान्तिरोषधयꣳ
शान्तिः॥वनस्पतयꣳशान्तिर्विश्वेदेवाꣳशान्तिर्ब्रह्मशान्तिꣳ-
सर्वꣳशान्तिꣳशान्तिरेवशान्तिꣳसामाशान्तिरेधि ॥ १७॥

દધીચ ઋષિ, શક્વરી છંદ, વિશ્વેદેવા દેવતા.

द्यौः (દ્યુલોકમાંની–સ્વર્ગમાંની સ્વર્ગરૂપ) **शान्तिः** (શાંતિ-શાંત–સુખમય અવસ્થા) **अन्तरिक्षम्** (અંતરિક્ષની–અંતરિક્ષરૂપ) **शान्तिः** (શાંતિ) **पृथिवी** (પૃથ્વીમાંની–પૃથ્વીરૂપ) **शान्ति** (શાંતિ) **आपः** (જળની–જળરૂપ) **शान्तिः** (શાંતિ) **ओषधयः** (ઔષધિ-ઓની–ઔષધિઓરૂપ) **शान्तिः** (શાંતિ) **वनस्पतयः** (વનસ્પતિઓ-

---

ચોથો અર્થ : હે જળદેવતા ! જે પાપનો ક્ષય કરી અમને રાજી કરો છો–વિશુદ્ધપણાથી જિવાડો છો તે પાપના શીઘ્ર ક્ષયને પામીએ અને નિર્મળ થઈએ-તે પાપના ક્ષય માટે અમે તમને મસ્તક પર સિંચન કરીએ છીએ, તમે અમને વિશુદ્ધપણાથી ઉત્પન્ન કરો.

રૂપ) **शान्तिः** (શાંતિ) **विश्वेदेवाः** (સર્વદેવોરૂપ) **शान्तिः** (શાંતિ) **ब्रह्म** (બ્રહ્મરૂપ–વેદરૂપ) **शान्तिः** (શાંતિ) **सर्वम्** (સર્વ જગતરૂપ) **शान्तिः** (શાંતિ) **शान्तिः** (શાંતિ) **एव** (એ જ–સ્વતઃ સ્વરૂપથી) **शान्तिः** (શાંતિ) **सा** (તે) **मा** (મને–મારામાં) **शान्तिः** (શાંતિ) **एधि** (પ્રાપ્ત થાઓ-હો–અસ્તુ).

સ્વર્ગમાં, અંતરિક્ષમાં, પૃથ્વીમાં, જળમાં, ઔષધિઓમાં, વન-સ્પતિઓમાં, સર્વે દેવોમાં, બ્રહ્મમાં–વેદમાં, સર્વ જગતમાં સ્વતઃ–શાંતિમાં જે શાંતિ–સ્વસ્થ સુખમય સ્થિતિ છે તે મારામાં હો–એ સર્વથી મળતી શાંતિ મારા પ્રતિ હો–મને પ્રાપ્ત થાઓ–સ્વર્ગ વગેરે સર્વ મને શાંતરૂપ–અનુકૂળ હો. ૧૭

दृतेदृꣳहमामित्रस्यमाचक्षुषासर्वाणिभूतानिसमीक्षन्ताम् ॥
मित्रस्याहञ्चक्षुषासर्वाणिभूतानिसमीक्षे ॥ मित्रस्यचक्षुषासमीक्षा-
महे ॥ १८॥

દધીચ ઋષિ, ભુરિક્ આર્ષી જગતી છંદ, મહાવીર ઇંદ્ર દેવતા

दृते (વિદીર્ણ–વૃદ્ધાવસ્થા–જરાથી જર્જરિત શરીરે–વિદીર્ણ–શિથિલ કર્મમાં–હે વૃષ્ટિ કરનાર દેવ ઇંદ્ર !) **दृंह** (દૃઢતા આપો–દૃઢ કરો) **मा** (મને) **मित्रस्य** (મિત્રની–સ્નેહીની) **मा** (મને) **चक्षुषा** (આંખથી–નજરથી) **सर्वाणि** (સર્વે) **भूतानि** (પ્રાણીઓ) **समीक्षन्ताम्** (સારી રીતે જુઓ–ભાળો–નિહાળો) **मित्रस्य** (મિત્ર-તાની–પ્રેમભરી) **अहम्** (હું) **चक्षुषा** (દૃષ્ટિથી) **सर्वाणि** (સર્વે) **भूतानि** (પ્રાણીઓને) **समीक्षे** (જોઉં) **मित्रस्य** (કોઈનું પણ અહિત નહીં કરતાં–દ્વેષ ઈર્ષ્યા રહિત મિત્રતાના બંધુપણાના) **चक्षुषा** (ભાવથી) **समीक्षामहे** (અમે પરસ્પર–અન્યોન્યને નિહાળીએ).

હે મહાવીર–વર્ષાધિપતિ ઇંદ્ર ! સર્વ અનિષ્ટ કિલ્બિષવિદારક

સુસંપ સ્થાપક ઈશ્વર ! મને સુદૃઢ-બળવાન-તમ સમાન વીર-સ્વાશ્રયી-આત્મશ્રદ્ધાવાળો કરો અથવા મારી વૃદ્ધાવસ્થા દૂર કરી મને દૃઢ શરીર કરો અથવા મારા વિદીર્ણ-ભાગ્યાતૂટ્યા કર્મમાં-પ્રયાસોમાં ત્રુટિ-ન્યૂનતા હોય તે પૂરો. સર્વ પ્રાણીઓ મારા પ્રતિ અરિત્વ ભાવ છોડી મને સ્નેહીરૂપ-મિત્રની આંખથી જુએ છે, તેમ જ હું પણ સર્વ પ્રાણીઓ પ્રતિ મિત્રદૃષ્ટિથી નિહાળું-બંધુભાવ સેવું અને અમે પરસ્પર કોઈનું પણ અહિત નહિ કરતાં ઈર્ષ્યા-દ્વેષરહિત બની મિત્રતાની દૃષ્ટિથી-પ્રેમથી નીરખીએ-વર્તીએ.[1] ૧૮

दृतेदृꣳहमा। ज्योक्तेसन्दृशिजीव्यासञ्ज्योक्तेसन्दृशिजीव्यासम्॥

દધીચ ઋષિ, આર્ષી ઉષ્ણિક્ છંદ, મહાવીર ઇંદ્ર દેવતા.

दृते (હે સર્વ કિલ્મિષ-નિર્બળતાવિદારક વીર!) **दृंह** (સુદૃઢ કરો) **मा** (મને) **ज्योक्** (ચિરકાળ-દીર્ઘ) **ते** (તમારા) **सन्दृशि** (સંભાળમાં-કૃપાદૃષ્ટિથી) **जीव्यासम्** (જીવું-જીવન ધારણ કરું) **ज्योक्** (દીર્ઘ-લાંબા વખત સુધી) **ते** (તમારી) **सन्दृशि** (સંભાળથી-દેખરેખ નીચે-છાયા નીચે) **जीव्यासम्** (જીવું).

હે સર્વ નિર્બળતા-કિલ્મિષ નિવારનાર મહાવીર ઇંદ્ર! મારાં જર્જરિત તથા નિર્બળ શરીરને સુદૃઢ બળવાન કરો કે જેથી તમારી સંભાળ નીચે-તમારાં દર્શન કરતો-તમારું ચરિત અનુસરતો હું દીર્ઘકાળ સુધી જીવું.[2] ૧૯

---

૧ પ્રથમ મુદ્દાની વસ્તુ માગી લીધી છે કે મારું શરીર બળવાન કરો. બળવાન શરીર હોય તો જ સર્વે તેવા શરીરવાળા પ્રતિ મિત્રભાવથી વર્તે છે. નિર્બળનું કોઈ સ્વમાન જાળવતું નથી માટે પ્રથમ શરીરે બળવાન થવાની જરૂર છે.

૨ **બીજો અર્થ** : હે ઇંદ્ર-ઈશના પરાક્રમ અંશરૂપ મહાવીર! તમારી સંભાળ મને છે તો પછી કોઈ મારું નામ લેનાર નથી, મારું જીવન નિર્વિઘ્ને હું ધારણ કરી શકીશ અથવા તમારું દર્શન કરતો-તમારાં પરાક્રમી ચારિત્ર્યને

नमस्तेहरसेशोचिषेनमस्तेऽअस्त्वर्चिषे॥ अन्याँस्ते अस्म-त्तपन्तुहेतयः-पावकोऽअस्मभ्यꣳशिवोभव॥२०

લોપામુદ્રા ઋષિ, ભુરિક્ આર્ષી બૃહતી છંદ, અગ્નિ દેવતા.

नमः (નમસ્કાર) **ते** (તમને) **हरसे** (સર્વ રસના હરણ કરનાર) **शोचिषे** (તેજસ્વી-તેજસ્વરૂપ) **नमः** (નમસ્કાર) **ते** (તમને) **अस्तु** (હો) **अर्चिषे** (જ્વાળારૂપને-પદાર્થોના પ્રકાશને) **अन्यान्** (બીજાઓને-અમારા વિરોધીઓને) **ते** (તમારાં) **अस्मत्** (અમારાથી) **तपन्तु** (તાપો-દહો) **हेतयः** (જ્વાળારૂપી આયુધો) **पावकः** (શુદ્ધ કરનાર-પવિત્ર કરનાર હોઈ) **अस्मभ्यम्** (અમને) **शिवः** (કલ્યાણકારક-મંગળમય) **भव** (થાઓ).

હે અગ્નિ! સર્વ રસનું હરણ કરનાર-ભીનાશ તથા ખરાબ હવા દૂર કરનાર, સર્વ દુરિતોના-પાપનાશક તેજસ્વરૂપ, સર્વ પદાર્થોના કિરણો વડે પ્રકાશક, જ્વાળાયુક્ત! તમને અમારા નમસ્કાર છે. તમારાં જ્વાળારૂપી આયુધો અમારાથી બીજા અમારા વિરોધીઓને તાપ આપો-દહો (અમને દહો નહિ) અને અમને શુદ્ધ કરનારા હોઈ અમારા કલ્યાણકારક-અમને મંગળપ્રદાતા હો. ૧૨૦

नमस्ते। अस्तुविद्युतेनमस्तेस्तनयित्नवे॥ नमस्तेभगवन्नस्तु-

નજર આગળ રાખીને તેને અનુસરતો હું પરાક્રમી દીર્ઘ જીવન ભોગવીશ. હું નિર્મળ-નિર્માલ્ય જીવન ગાળીશ નહિ. તમે મારું શરીર બળવાન કરો અને તમારી રીતે બળ કેળવતો-પરાક્રમ કરતો દીર્ઘઆયુ ભોગવું. (બળવાન શરીરવાળાને રોગ કે દુર્જન કોઈ વિઘ્ન કરી શકતું નથી.)

૧ આ પ્રાર્થના ગૃહકાર્યમાં સહાય કરતા અગ્નિ પ્રતિ એક ઉત્તમ ગૃહિણી લોપામુદ્રાના મુખમાં શોભે તેવી છે. તે સમયમાં અસુરો નહિ-સુધરેલા લોકો-આક્રમણ કરી આર્યપ્રજાને પીડતા તેથી તેનાથી રક્ષણ મેળવવાનું પણ પ્રાર્થનામાં અંશ તરીકે વારંવાર આવે છે.

यतंस्व॒ः स॒मीहसे ॥ २१ ॥

દધીચ ઋષિ, અનુષ્ટુપ છંદ, વિદ્યુત અને મેઘ દેવતા.

नमः (નમસ્કાર) **ते** (તમને) **विद्युते** (વિદ્યુત રૂપને) **नमः** (નમસ્કાર) **ते** (તમને) **स्तनयित्नवे** (ગર્જના કરતા મેઘરૂપને) **नमः** (નમસ્કાર) **ते** (તમને) **भगवन्** (હે ભગવાન્-મહાવીર-ઇંદ્ર !) **अस्तु** (હો) **यतः** (કારણ કે-જે કારણથી-અમારી ભક્તિ જોઈ) **स्वः** (સ્વર્ગમાં-સ્વર્ગનું સુખ આપવા) **समीहसे** (ગમન કરો છો-ચેષ્ટા-પ્રયાસ કરો છો.)

હે ભગવાન ! છ પ્રકારના ઐશ્વર્યસંપન્ન ઇંદ્ર ! આપના વિદ્યુત સ્વરૂપને તથા ગર્જના કરતા મેઘસ્વરૂપને અમારા નમસ્કાર હો. આ સ્વરૂપે જનહિતાર્થે પ્રકટ થવા આપ સ્વર્ગમાં ગમન કરો છો તેથી આપને અમારાં અનેક વંદન હો. (અથવા અમારી ભક્તિથી પ્રસન્ન થઈ, વિદ્યુત તથા મેઘરૂપે પ્રકટ થઈને આપ સ્વર્ગનું સુખ અમને પૃથ્વી પર આપવાને અનેક રીતે પ્રયત્ન કરો છો, માટે આપને અમારાં વારંવાર વંદન હો.) ૨૧

यतो॑यतः स॒मीह॑से॒ततो॑नो॒अभ॑यङ्कुरु ॥
शन्नः॑ कुरुप्र॒जाभ्योऽभयन्नः प॒शुभ्यः॑ ॥ २२ ॥

દધીચ ઋષિ, ભુરિક્ પ્રાજાપત્યા ત્રિષ્ટુપ છંદ, પરમાત્મા દેવતા.

यतः (જે જે કારણોથી-સ્વરૂપોથી) **यतः** (જે જે કારણોથી-સ્વરૂપોથી-જે જે સુચરિતોથી-દુશ્ચરિતોથી) **समीहसे** (અમ પ્રતિ ગમન કરો છો-પ્રકટો છો-કૃપા દર્શાવો છો-દૂર કરો છો) **ततः** (તેનાથી) **नः** (અમને) **अभयम्** (નિર્ભય) **कुरु** (કરો) **शम्** (સુખ) **नः** (અમારાં) **कुरु** (કરો) **प्रजाभ्यः** (પુત્રપરિવાર વગેરે મનુષ્યોને) **अभयम्** (નિર્ભય-સુરક્ષિત) **पशुभ्यः** (પશુઓને).

જે જે કારણોથી-અમારાં સત્કર્મ-ભક્તિ વગેરેથી પ્રસન્ન થઈ

અમારા પ્રતિ ગમન કરો છો-અમારા હિતાર્થે વિવિધ રૂપે પ્રકટવાની કૃપા દર્શાવો છો, તે તે વિષયમાં અમને સ્થિર કરી નિર્ભય કરો અથવા-જે જે દુષ્કર્મોમાંથી અમને આપ દૂર કરવા પ્રયાસ કરો છો, તે તે દુષ્કર્મોમાંથી નિવૃત્ત કરી અમને નિર્ભય કરો; અમારા પુત્ર-પરિવારને સુખ આપો અને અમારા પશુઓને દુષ્કાળ, વ્યાધિ વગેરેની પીડારહિત-નિર્ભય-સુરક્ષિત કરો. ૨૨

सु॒मि॒त्रि॒या न॒ आप॒ ओष॑धयः सन्तु दु॒र्मि॑त्रि॒यास्तस्मै॑ सन्तु॒-
योऽस्मान्द्वेष्टि॒ यं च॑ व॒यं द्वि॒ष्मः ॥ २३ ॥

દીર્ઘતમા ઋષિ, નિચ્યૃત્ પ્રાજાપત્યા ગાયત્રી છંદ, જળ દેવતા.

सुमित्रियाः (મિત્રરૂપ-મિત્ર જેવાં સહાયક-સુખ આપનાર-દુઃખ નિવારનાર) **नः** (અમને) **आपः** (જળ) **ओषधयः** (ઔષધિઓ) **सन्तु** (હો) **दुर्मित्रियाः** શત્રુરૂપ-દુઃખ આપનાર) **तस्मै** (તેમને) **सन्तु** (હો) **यः** (જે) **अस्मान** (અમને-અમારો) **द्वेष्टि** (દ્વેષ કરે છે-દ્રોહ કરે છે.) **यम्** (જેને-જેનો) **च** (અને) **वयम्** (અમે) **द्विष्मः** (દ્વેષ કરીએ છીએ).

હે જગદીશ ! જળ તથા ઔષધિઓ અમારાં મિત્રરૂપ થાઓ-અમને મિત્ર જેવાં સહાયક-સુખ આપનાર અને દુઃખ નિવારનાર થાઓ. દુષ્ટ મિત્ર જેવાં દુઃખ આપનાર તો તેમને હો કે જે અમારો દ્વેષ કરે છે અને તે કારણથી જેને વિષે અમારા મનમાં દ્વેષ ઉત્પન્ન થાય છે. (એ અમને દુઃખદાયક હો નહિ-અમારા પ્રતિ કુમિત્ર નીવડો નહિ.)

तच्चक्षु॑र्दे॒वहि॑तम्पु॒रस्ता॑च्छु॒क्रमुच्च॑रत् ॥ पश्ये॑म श॒रदः॑ श॒त-
ञ्जीवे॑म श॒रदः॑ श॒तꣳ शृणु॑याम श॒रदः॑ श॒तम्प्रब्र॑वाम श॒रदः॑ श॒तम-
दी॑नाः स्याम श॒रदः॑ श॒तम्भूय॑श्च श॒रदः॑ श॒तात् ॥ २४ ॥

દધીચ ઋષિ, બ્રાહ્મી ત્રિષ્ટુપ્ છંદ, સૂર્ય દેવતા.

तत् (તે) **चक्षुः** (જગતનાં નેત્ર–આદિત્યરૂપ) **देवहितम्** (દેવોએ પરમેશ્વરે–સ્થાપિત કરેલું-દેવોને હિતકારી–ચક્ષુઇંદ્રિયને હિતકર નેત્ર ઇંદ્રિયની પ્રવૃત્તિનાં સાધનરૂપ), **पुरस्तात्** (પૂર્વદિશામાં–પ્રાણીઓની આગળ) **शुक्रम्** (તેજસ્વી) **उच्चरत्** (ઉદય પામે છે) **पश्येम** (ચક્ષુઇંદ્રિયની સશક્તતા જાળવી સ્પષ્ટ જોઈ શકીએ) **शरदः** (શરદ–વર્ષો) **शतम्** (સો) **जीवेम** (સ્વતંત્રતાથી જીવીએ) **शरदः** (વર્ષો) **शतम्** (સો) **शृणुयाम** (શ્રોત્રઇંદ્રિયની સશક્તતા જાળવી સ્પષ્ટ સાંભળી શકીએ–પ્રભુનાં ગાન–આખ્યાનોનું–શાસ્ત્રોનું શ્રવણ કરીએ) **शरदः** (વર્ષો) **शतम्** (સો) **प्रब्रवाम** (વાણી-ઇંદ્રિયની સશક્તતા જાળવી અસ્ખલિતપણે બોલી શકીએ–પ્રભુસંબંધી–શાસ્ત્રો સંબંધી વ્યાખ્યાન કરીએ) **शरदः** (વર્ષો) **शतम्** (સો) **अदीनाः** (દીનતારહિત) **स्याम** (થઈએ) **शरदः** (વર્ષો) **शतम्** (સો) **भूयः** (વધારે સમય) **च** (અને) **शरदः** (વર્ષો) **शतात्** (સોથી).

દેવોના કાર્યમાં સહાયક–દેવોને હિતકારી–ચક્ષુરિંદ્રિયને હિતકર-દેવોએ નભોમંડળમાં સ્થાપેલું જગતનાં દિવ્ય નેત્રરૂપ આ મંત્રોથી જેની અમે સ્તુતિ કરી છે તે સૂર્ય, પ્રકાશ વિસ્તારતો પૂર્વ દિશામાં, અર્ઘ્યપ્રદાન સ્વીકારવા, મંત્રથી આવાહન કરતા દ્વિજોની સન્મુખ ઉદય પામે છે. તેની કૃપાથી સો વર્ષો સુધી સશક્ત નેત્રથી અમે તેને ઉદય થતો નિહાળીએ, સંપૂર્ણ આરોગ્યથી સો શરદઋતુ વ્યતીત થાય ત્યાં સુધી અપરાધીન ઉન્નત સ્વધર્મપરાયણ જીવન ભોગવીએ, સો વર્ષ સુધી તીવ્ર શ્રવણેંદ્રિયથી પ્રભુસ્તવનો તથા શાસ્ત્રોનું શ્રવણ કરીએ, સો વર્ષ સુધી વિશુદ્ધ વાણીપ્રદેશમાં ઉત્કૃષ્ટ વક્તૃત્વશક્તિથી વિચરીએ, સો વર્ષ સુધી પ્રાપ્તસ્થિતિથી સંતોષ માની ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરવા પ્રયાસ કરતાં જયપરાજય પરત્વે સમચિત્ત રહી દીનતાને લેશ પણ

અવકાશ ન આપતાં સ્વમાનથી રહીએ, અને પ્રભુઉપાસના કરતા, જીવન્મુક્ત અવસ્થામાં વિહરતા, મિતાહારી, નિયમિત સંયમી અને પ્રેમમય જીવનથી શતથી અધિક નિર્મળ શરદઋતુ નિહાળતા સશક્ત શરીરથી દીર્ઘજીવન આનંદપૂર્વક ભોગવી પરમશાંતિ પ્રાપ્ત કરીએ.[૧] ૨૪

॥ इति रुद्रे शान्त्यध्यायः ॥

નવમો અધ્યાય સમાપ્ત

---

૧ શરદઋતુ નિર્બળ મનુષ્યોને પીડાકારી છે તથા આ ઋતુમાં તાવ વગેરે વ્યાધિઓથી ઉપદ્રવ વિશેષ હોય છે એ સુપ્રસિદ્ધ છે. શરદઋતુ આરોગ્યતાથી ઓળંગી ગયા એટલે આપણને આખા વર્ષની નિરાંત થાય છે. આ મંત્રમાં શરદઋતુઓ પસાર કરતા અમે સો વર્ષ જીવીએ એવી પ્રાર્થના કરી છે. માત્ર દીર્ઘજીવન ભોગવીએ એટલું જ નહિ પણ સકળ ઇંદ્રિયો, શરીરનાં અંગો વગેરે સશક્ત અને યોગ્ય કાર્યે વપરાતાં રહે એ રીતે દીનભાવરહિત દીર્ઘ જીવન પ્રાપ્ત કરવાની અભિલાષા દર્શાવી છે. આર્ય પ્રજાનો અંતિમ અભિલાષ અને જીવનનો હેતુ પ્રભુદર્શન કરવાનો–આત્મસાક્ષાત્કાર કરવાનો છે, તે સિદ્ધ કરવા સો વર્ષ ઓછાં પડે, તો તે સિદ્ધ થતાં સુધી સોથી અધિક વર્ષો સુધીનું આયુ થાઓ, એવી પ્રાર્થનામાં મંત્રનું પર્યવસાન થાય છે–પ્રાર્થનાનો પરમ ઉદ્દેશ છે.

અધ્યાય દસમો

સ્વસ્તિ પ્રાર્થના

॥ अथ प्रार्थनामन्त्राः ॥

ॐ स्वस्तिनइन्द्रोवृद्धश्रवाꣳस्वस्तिनःपूषाविश्ववेदाꣳ ॥
स्वस्तिनस्तार्क्ष्योअरिष्टनेमिꣳस्वस्तिनोबृहस्पतिर्दधातु ॥ १ ॥

ગૌતમ ઋષિ, વિરાટ્ સ્થાના ત્રિષ્ટુપ્ છંદ, વિરાટ્ દેવતા.

स्वस्ति (ક્ષેમ કુશળતા-કલ્યાણ) **नः** (અમારી-અમારું) **इन्द्रः** (ઇંદ્ર) **वृद्धश्रवाः** (બહુસ્તુત, બહુશ્રુત, સદા યુવાન છતાં શાસ્ત્રજ્ઞાનમાં વૃદ્ધ-સર્વથી આગળ વધેલા, બહુ કીર્તિવાળા, જેને યજ્ઞમાં બહુ આહુતિ-હવિ મળે છે તે, બહુ અન્નના પ્રદાતા) **स्वस्ति** (સ્વસ્તિ-શ્રેય) **नः** (અમારું) **पूषा** (સર્વ પ્રાણીઓના પોષક દેવ **विश्ववेदाः** (સર્વજ્ઞ-સર્વ વેદ જાણનાર-સર્વ જ્ઞાન-વિત્તવાળા) **स्वस्ति** (શુભ) **नः** (અમારું) **तार्क्ष्यः** (તૃક્ષનો પુત્ર ગરુડ-દિવ્યરથ ગરુડ-રૂપ-ગરુડ આકૃતિ દિવ્ય રથમાં-આકાશયાનમાં વિરાજનાર દેવ વિષ્ણુ-સૂર્ય) **अरिष्टनेमिः** (અરિષ્ટ-પ્રતિબંધરહિત) **नेमिः**-રથની ધરી-આયુધ, સર્વત્ર ગતિવાળાં અપરાજિત આયુધ-સુદર્શન ચક્ર ધારણ કરનાર) **स्वस्ति** (સારું) **नः** (અમારું) **बृहस्पतिः** (બૃહસ્પતિ-દેવોના પાલક-વેદના મંત્રોથી જેનું બહુ સ્તવન થાય છે એવા સર્વનાં પાલક ઈશ્વર-વેદ મંત્રોનો અધિષ્ઠાતા દેવ) **दधातु** (વિધાન કરો-સુનિશ્ચિત કરો),

બહુ સ્તવન થયેલા-બહુ અન્ન પ્રદાન કરતા ઇંદ્ર, સર્વજ્ઞ, સર્વ-વિત્ત-ઐશ્વર્યસંપન્ન વિશ્વના પોષક દેવ પૂષા, પ્રતિબંધરહિત સર્વત્ર ગતિવાળા, અપરાજિત આયુધ સુદર્શન ચક્ર ધારણ કરનાર, ગરુડરૂપ આકાશયાનમાં વિહરનાર વિષ્ણુ-સૂર્ય અને વેદમંત્રો વગેરેથી જેની

બહુ સ્તુતિ થાય છે એવા સર્વના પાલક પ્રભુ-મંત્રોના અધિષ્ઠાતા દેવ-બૃહસ્પતિ અમારું આ લોક તેમ જ પરલોકનું શ્રેય કરો. ૧

पयः पृथिव्याम्पयओषधीषुपयोदिव्यन्तरिक्षेपयोधाꣳ ।
पयस्वतीꣳप्रदिशःसन्तुमह्यम् ॥ २ ॥

લુશોધાનાક ઋષિ, વિરાટ છંદ, અગ્નિ દેવતા.

पयः (અન્ન-પોષક રસ) **पृथिव्याम्** (પૃથ્વીમાં) **पयः** (પુષ્પ ફળ પોષક રસ) **ओषधीषु** (ઓષધિઓમાં-વનસ્પતિઓમાં) **पयः** (અમૃતરૂપ રસ) **दिवि** (સ્વર્ગમાં) **अन्तरिक्षे** (અંતરિક્ષમાં) **पयः** (વૃષ્ટિ-જળરૂપ રસ) **धाः** (સ્થાપો) **पयस्वतीः** (રસવાળી-અભીષ્ટ દેનારી) **प्रदिशः** (સર્વ દિશાઓ) **सन्तु** (હો) **मह्यम्** (મારા અર્થે).

હે અગ્નિ દેવતા ! પૃથ્વીમાં અન્નપોષક, ઓષધિઓમાં-વનસ્પતિઓમાં પુષ્પ, પત્ર, ફળ પોષક, સ્વર્ગમાં અમૃતરૂપ, અંતરિક્ષમાં વર્ષા-રૂપ રસ મારે માટે સ્થાપન કરો અને મને સર્વે દિશાઓમાં રસાળી-સર્વ અભીષ્ટ આપનારી હો. ૨

विष्णोरराटमसिविष्णोꣳश्नप्त्रेस्थोविष्णोꣳस्यूरसि-
विष्णोर्ध्रुवोसि ॥ वैष्णवमसिविष्णवेत्वा ॥ ३ ॥

દીર્ઘતમા ઋષિ, યાજુષી ઉષ્ણિક્ છંદ, વિષ્ણુ દેવતા.

विष्णोः (વિષ્ણુના-જયાં વિષ્ણુની પૂજા થાય છે તે હવિર્ધાન મંડપના) **रराटम्** (લલાટરૂપ) **असि** (છો) **विष्णोः** (વિષ્ણુના) **श्नप्त्रेस्थः** (ઓષ્ઠ સંધિરૂપ) **विष्णोः** (વિષ્ણુના) **स्यूः** (સૂચીરૂપ-દોરીની ગ્રંથિરૂપ) **विष्णोः** (વિષ્ણુના) **ध्रुवः** (દૃઢ ગ્રંથિરૂપ) **असि** (છો) **वैष्णवम्** (વિષ્ણુ દેવતા સંબંધી) **असि** (છો) **वैष्णवे** (વિષ્ણુ સંબંધીને) **त्वा** (તમને),

હે દર્ભમય માળા ધારણ કરનાર વંશ ! જયાં વિષ્ણુની પૂજા

થાય છે તે વિષ્ણુ નામથી ઓળખાતા હવિર્ધાન-હવિ અર્પવાના યજ્ઞ મંડપના બે સ્તંભ ઉપર લલાટરૂપ-કમાનરૂપ છો. હે વંશની ચીરો! તે વિષ્ણુમંડપના તમે ઓષ્ઠ-સંધિરૂપ છો. હે સૂચિ-સોય! તમે આ મંડપ બાંધવામાં સોય તરીકે વપરાયાં છો. હે રજ્જુ! તમે ગ્રંથરૂપ છો-ગાંઠ વાળી મંડપને દૃઢ કરવામાં વપરાયાં છો. તમારા વડે વંશની બે ચીર સીવી ગાંઠ વાળીને મંડપ બાંધેલો છો. હે મંડપ! તમે વૈષ્ણવ છો-વિષ્ણુની પૂજા-વિષ્ણુના યજ્ઞ અર્થે વપરાયા છો, તેથી હું તમને સ્પર્શ કરું છું. (બરાબર દૃઢ બંધાયેલા છો કે કેમ તે તપાસી જોઉં છું.)[1] ૩

अग्निर्देवतावातोदेवतासूर्योदेवताचन्द्रमादेवतावसवोदेवता रुद्रादेवतादित्यादेवतामरुतोदेवताविश्वेदेवादेवताबृहस्पतिर्देवते-न्द्रोदेवतावरुणोदेवता ॥ ४ ॥

વિશ્વદેવ ઋષિ, ભૂરિક્ બ્રાહ્મી ત્રિષ્ટુપ્ છંદ, અગ્નિ આદિ દેવતા.

अग्निः (અગ્નિ) **देवता** (દેવતા) **वातः** (વાયુ) **देवता** (દેવતા) **सूर्यः** (સૂર્ય) **देवता** (દેવતા) **चन्द्रमाः** (ચન્દ્રમા) **देवता** (દેવતા) **वसवः** (વસુઓ) **देवता** (દેવતા) **रुद्राः** (રુદ્રો) **देवता** (દેવતા) **आदित्याः** (આદિત્યો) **देवता** (દેવતા)

૧ **બીજો અર્થ** :-હે સૂર્ય! તમે સર્વવ્યાપક વિષ્ણુ દેવતાના તેજસ્વી લલાટરૂપ છો. વિષ્ણુના બે ઓઠની સંધિ (એક ઓઠ પૃથ્વી ને બીજો ઓઠ આકાશ તેની સંધિ) આગળ ઉદય પામો છો. વિષ્ણુનાં સોયના જેવાં ઝીણાં કિરણો તમે પ્રસારો છો. વિષ્ણુના દૃઢ નિશ્ચયરૂપ-પ્રતિદિન નિયમિત સમયે ઉદય પામી દૃઢપણાથી નિશ્ચિત કાર્ય કર્યે જાઓ છો. જગતને ઈશ્વરનું ભાન થાય તેને માટે તમને ધ્રુવ-સર્વદા સ્થાયી પ્રતિનિધિરૂપ સ્થપાયેલા છે. તમે વિષ્ણુના અંશરૂપ છો. તમે જ પરમ વૈષ્ણવ છો-વિષ્ણુસ્વરૂપ છો તેને અમે નિત્ય પૂજીએ છીએ.

मरुतः (મરુતો) **देवता** (દેવતા) **विश्वेदेवाः** (વિશ્વેદેવા) **देवता** (દેવતા) **बृहस्पतिः** (બૃહસ્પતિ) **देवता** (દેવતા) **इन्द्रः** (ઇંદ્ર) **देवता** (દેવતા) **वरुण** (વરુણ) **देवता** (દેવતા).

અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્રમા, વસુઓ, રુદ્રો, આદિત્યો, મરુતો, વિશ્વેદેવા, બૃહસ્પતિ, ઇંદ્ર અને વરુણ એ મુખ્ય દેવતાઓ છે, જેની સ્તુતિ વેદના મંત્રોમાં કરવામાં આવી છે, તેમનું ધ્યાન-સ્થાપન કરું છું, તે અમારું અભીષ્ટ-શ્રેય કરો.[1] ૪

सद्योजातंप्रपद्यामिसद्योजातायवैनमोनमः ॥ भवेभवेनाति-भवेभवस्वमांभवोद्भवायनमः ॥ ५ ॥

(પંચવક્ત્ર મહાદેવના પશ્ચિમ તરફના મુખને આ મંત્રથી નમસ્કાર કરવામાં આવે છે.)

सद्यः (ઝટ-તુરત) **जातम्** (ઉત્પન્ન થયેલા-ભક્તિથી પ્રકટ થતા મહાદેવના પંચવક્ત્રમાંથી પશ્ચિમ દિશા તરફના સદ્યોજાત નામના મુખને) **प्रपद्यामि** (શરણે જાઉં છું) **सद्योजाताय** (સદ્યોજાત મહાદેવને) **वै** (ખરેખર) **नमः** (નમસ્કાર) **नमः** (નમસ્કાર હો) **भवे** (જન્મે) **भवे** (જન્મે) **न** (નહિ) **अतिभवे** (જન્મને ઉલ્લંઘી જવામાં) **भवस्व** (સહાયક હો-પ્રેરો-તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવો) **माम्** (મને) **भवोद्भवाय** (જન્મ-મરણમાંથી સંસાર-માંથી ઉદ્ધાર કરનાર મહાદેવને) **नमः** (મારા નમસ્કાર હો).

ભક્તિથી પ્રસન્ન થઈ ઝટ પ્રકટ થતા સદ્યોજાત મહાદેવને હું શરણે જાઉં છું અને સદ્યોજાત શંકરને હું વારંવાર વંદન કરું છું. તે મને એક જન્મમાંથી બીજા જન્મમાં પ્રેરો નહિ; પરંતુ જન્મ-મરણને ઉલ્લંઘન કરાવતાં તત્ત્વજ્ઞાનમાં પ્રેરો. જન્મમરણરૂપ સંસારમાંથી ઉદ્ધાર કરનાર મહાદેવને હું નમન કરું છું-મારા નમસ્કાર હો. ૫

૧ આ મંત્ર આરતી વખતે ગાવામાં આવે છે.

वामदेवायनमोज्येष्ठायनमः श्रेष्ठायनमोरुद्रायनमः कालाय-नमः कलविकरणायनमो बलविकरणायनमोबलायनमोबलप्रमथ-नायनमः सर्वभूतदमनायनमोमनोन्मनायनमः ॥ ६ ॥

(પંચવક્ત્ર મહાદેવના ઉત્તર તરફના મુખને આ મંત્રથી નમસ્કાર કરવામાં આવે છે.)

वामदेवाय (વામદેવને-ઉત્કૃષ્ટને-દેવને) **नमः** (નમસ્કાર હો) **ज्येष्ठाय** (સૌથી મોટા દેવને) **नमः** (નમસ્કાર હો) **श्रेष्ठाय** (સૌથી શ્રેષ્ઠ દેવને) **नमः** (નમસ્કાર હો) **रुद्राय** (રુદ્ર દેવને) **नमः** (નમસ્કાર હો) **कलविकरणाय** (કાળસ્વરૂપને-કાળથી રક્ષણ કરનારને-દીર્ઘઆયુ આપનારને) **बलविकरणाय** (ષટ્શત્રુનું બળ ઓછું કરનારને-બળ અર્પનારને) **नमः** (નમસ્કાર હો) **बलाय** (બળસ્વરૂપને) **नमः** (નમસ્કાર હો) **बलप्रमथनाय** (બળવાનને પણ પરાસ્ત કરનારને—અંકુશમાં રાખનારને) **नमः** (નમસ્કાર હો) **सर्वभूतदमनाय** (સર્વ પ્રાણીઓના દમનારને—વશ વર્તાવનારને) **नमः** (નમસ્કાર હો) **मनोन्मनाय** (મનને વશ કરી આત્મસ્વરૂપમાં લગાડનાર યોગીશ્વરને) **नमः** (નમસ્કાર હો.)

વામદેવ, જયેષ્ઠ, શ્રેષ્ઠ, રુદ્ર, કલવિકરણ, બલ, બલપ્રમથન. સર્વભૂતદમન, મનોન્મન એ નામધારી મહાદેવને-મહાદેવના ઉત્તર તરફના મુખને મારા નમસ્કાર હો. ૬

अघोरेभ्योऽथघोरेभ्योघोरघोरतरेभ्यः। सर्वेभ्यःसर्वशर्वेभ्यो नमस्तेअस्तुरुद्ररूपेभ्यः ॥ ७ ॥

(પંચવક્ત્ર મહાદેવના દક્ષિણ તરફના મુખને આ મંત્રથી નમસ્કાર કરવામાં આવે છે.)

अघोरेभ्यः (સત્ત્વગુણી—શાંત સ્વરૂપને) **अथ** (વળી) **घोरेभ्यः** (રજોગુણી ઘોર—ઉગ્ર સ્વરૂપને) **घोरघोरतरेभ्यः** (તમોગુણી ભયંકર

કાળ સ્વરૂપને) **सर्वेभ्यः** (ઉપર કહેલાં સર્વસ્વરૂપને) **सर्व** (સર્વ દેશકાળમાં) **शर्वेभ्यः** (પ્રલયમાં જગતને સ્વરૂપમાં ધારણ કરનારને) **नमः** (નમસ્કાર) **ते** (તમને) **अस्तु** (હો) **रुद्ररूपेभ्यः** (રુદ્ર સ્વરૂપને).

સત્ત્વગુણી-શાંતસ્વરૂપ, રજોગુણી-ઉગ્રસ્વરૂપ અને તમોગુણી-ભયંકર કાળસ્વરૂપ—એ સર્વ રુદ્ર રૂપોને તથા પ્રલય સમયે જગતને સ્વરૂપમાં શમાવનાર મહેશ્વર તમને નમસ્કાર હો. ૭

तत्पुरुषायविद्महेमहादेवायधीमहि। तन्नोरुद्रः प्रचोदयात् ॥८॥

(પંચવક્ત્ર મહાદેવના પૂર્વ તરફના મુખને આ મંત્રથી નમસ્કાર પૂજન કરવામાં આવે છે.)

तत (તે-પ્રસિદ્ધ) **पुरुषाय** (પુરુષને—પરમેશ્વરને) **विद्महे** (ગુરુ—શાસ્ત્ર દ્વારા જાણીએ છીએ) **महादेवाय** (મહાદેવનું) **धीमहि** (ધ્યાન કરીએ છીએ) **तत्** (તેથી) **नः** (અમને) **रुद्रः** (રુદ્ર—દેવતા) **प्रचोदयात्** (તે પરમાત્માનું જ્ઞાન મેળવવામાં ધ્યાન કરવામાં પ્રેરો.)

અમે તે પ્રસિદ્ધ પુરુષને ગુરુ શાસ્ત્ર દ્વારા જાણીએ છીએ અને તેને સારી રીતે જાણવાને તે મહાદેવનું અમે ધ્યાન કરીએ છીએ તેથી રુદ્ર દેવતા અમને તે પરમાત્માનાં ધ્યાન કરવામાં પ્રેરો. ૮

ईशानः सर्वविद्यानामीश्वरः सर्वभूतानाम् । ब्रह्माधिपतिर्ब्रह्मणो-ऽधिपतिर्ब्रह्माशिवोमेअस्तुसदाशिवोऽम् ॥ ९ ॥

(પંચવક્ત્ર મહાદેવના ઊર્ધ્વ મુખનું પૂજન કરવામાં આ મંત્રનો પ્રયોગ કરવામાં આવે છે.)

ईशानः (નિયામક—રચનાર) **सर्व** (સઘળી) **विद्यानाम्** (વિદ્યાના—વેદ શાસ્ત્ર ચોસઠકળાના) **ईश्वरः** (ઈશ્વર) **सर्वभूतानाम्** (સઘળા પ્રાણીઓના) **ब्रह्माधिपतिः** (વેદના અધિપતિ પાલક) **ब्रह्मणः** (બ્રહ્મા—હિરણ્યગર્ભના) **अधिपतिः** (અધિપતિ—અધિષ્ઠાતા)

ब्रह्मा (વિશ્વના સ્રષ્ટા) **शिवः** (શાંત–કલ્યાણ કરનાર) **मे** (મારા) **अस्तु** (હો) **सदा** (સર્વદા–હંમેશાં) **शिव** (શિવરૂપ) **ॐ** (ૐ થી દર્શાવતા).

વેદશાસ્ત્ર–ચોસઠ કળા વગેરે સર્વ પ્રકારની વિદ્યાના રચનાર, સર્વ પ્રાણીઓના ઈશ્વર, વેદના અધિષ્ઠાતા, સર્વના અંતર્યામી–વિશ્વના પાલક, જગતના સ્રષ્ટા, ઈશ્વર મારા પર અનુગ્રહ કરી મારું મંગળ કરો અને હું એમની કૃપાથી ૐ શબ્દથી નિર્દિષ્ટ થતા સદા મંગળ સ્વરૂપ–શિવસ્વરૂપ હોઉં. ૯

शिवोनामासिस्वधितिस्तेपितानमस्तेअस्तुमामाहिᳬसीः ॥
निर्वर्त्तयाम्म्यायुषेन्नाद्यायप्रजननायरायस्पोषायसुप्रजास्त्वाय
सुवीर्य्याय ॥ १० ॥

[**हे लोहक्षुर**! (લોહખંડના હે સજૈયા !)] **त्वम्** (તું) **शिवः नाम असि** (નામથી જ શાંત એવા નામવાળો છે) **स्वधितिः** (વજ્ર) **ते** (તારો) **पिता** (પિતા છે) **ते** (તને) **नमः अस्तु** (નમસ્કાર હજો) **मा–माम्** (મને) **मा हिंसीः** (હણીશ નહીં–વિનાશ કરીશ નહીં–યજમાન આટલું બોલી રહ્યા પછી સજૈયો તેને કહે છે.) **निवर्तयामि** (**त्वाम्**) (હું તને મૂંડું છું–તારું ક્ષૌરકર્મ કરું છું) **आयुषे** (જીવન માટે) **अन्नाद्याय** (અન્ન ભક્ષણ કરવા માટે) **प्रजननाय** (સંતાન ઉત્પન્ન કરવા માટે) **रायः पोषायः** (ધનના પોષણ માટે) **सुप्रजास्त्वाय** (સુંદર સંતાન માટે) **सुवीर्याय** (અતુલ પરાક્રમ માટે).

હે લોખંડના સજૈયા! તું 'શાન્ત' એવા નામવાળો છે; તારા પિતાનું નામ વજ્ર છે, તેમને અને તેને નમસ્કાર હજો. તું અમારો વિનાશ કરીશ નહીં. (આવી પ્રાર્થના યજમાન કરી રહ્યા પછી સજૈયો તેને કહે છે:) હું તને મૂંડું છું–તારું ક્ષૌરકર્મ કરું

છું; જેથી તું જીવનનો આનંદ માણી શકે, અન્ન ભક્ષણ કરી શકે, સંતાન ઉત્પન્ન કરી શકે, ધન પ્રાપ્ત કરી શકે અને પ્રાપ્ત કરેલા ધનનો તું સદુપયોગ કરી શકે. તારાં સંતાન સુશીલ અને અતુલ પરાક્રમી થાય. ૧૦

विश्वानिदेवसवितर्दुरितानिपरासुव ॥ यद्भद्रन्तन्नआसुव ॥११॥

નારાયણ ઋષી, ગાયત્રી છંદ, સવિતા દેવતા.

विश्वानि (સર્વે) **देव** (હે દેવ) **सवितः** (સવિતા) **दुरितानि** (દુષ્કર્મો–પાપો) **परासुव** (દૂર કરો) **यत्** (જે) **भद्रम्** (કલ્યાણ) **तत्** (તે) **नः** (અમને–અમારા પ્રતિ) **आसुव** (પ્રેરો–પ્રાપ્ત કરાવો.)

હે સવિતા દેવતા ! સર્વાંતર્યામી પ્રભુ ! અમારાં સર્વ દુષ્કર્મો-પાપો–અયોગ્ય કર્મ કરવાની વૃત્તિઓ દૂર કરો અને અમને કલ્યાણ માર્ગમાં–શ્રેયસ્કર પ્રવૃત્તિઓમાં પ્રેરો–જે અમારે માટે ભદ્ર-કલ્યાણરૂપ હોય તે અમોને પ્રાપ્ત કરાવો. ૧૧

द्यौःशान्तिरन्तरिक्षᳬशान्तिः पृथिवीशान्तिरापःशान्तिरो-
षधयःशान्तिः। वनस्पतयःशान्तिर्विश्वेदेवाःशान्तिर्ब्रह्म-
शान्तिःसर्वᳬशान्तिःशान्तिरेवशान्तिःसामाशान्तिरेधि॥१२॥

अनेन रुद्राभिषेककर्मणा भवानीशङ्करः प्रीयताम् न मम इति

દશમો સ્વસ્તિ પ્રાર્થના અધ્યાય સમાપ્ત

રુદ્રાષ્ટાધ્યાયી સમાપ્ત

★

(મધ્યકાળમાં સ્થિતને–જગતની સ્થિતિના સમયે દેવ–મનુષ્ય–પશુ વગેરે રૂપને) **च** (અને) **अप्रगल्भाय** (પ્રગલ્ભતા–ઉદ્ધતપણા રહિતને)

બીજો પાઠ:–**अप्रगल्भाय** (ઇંદ્રિયો વગેરે જેનામાં વિકાસ પામ્યાં નથી એવા બાલગર્ભરૂપને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **जघन्याय** (કૃમિ–કીટ રૂપને–ગાયની જાંઘમાંથી ઉત્પન્ન થયેલાં વાછરડાંને) **च** (અને (**बुध्न्याय** (વૃક્ષના મૂળમાં ઉત્પન્ન થયેલાં તરુરૂપને) च (અને).

વિદ્યા–ઐશ્વર્ય વગેરેમાં સૌથી મોટા–શ્રેષ્ઠ સર્વજ્ઞ ઈશ્વરને, વિદ્યા-ઐશ્વર્યમાં સૌથી નાના અલ્પજ્ઞ જીવને, સર્વથી પ્રથમ ઉત્પન્ન થયેલા હિરણ્યગર્ભ–બ્રહ્માને, જગતના અંત સમયે કાળઅગ્નિને, મધ્યમાં–સૃષ્ટિ-કાળમાં દેવ–મનુષ્ય–પશુ વગેરેને, વિકાસ નહિ પામેલી ઇંદ્રિયોવાળા બાળગર્ભને, કીટ–કૃમિને, ગાયના પાછળના ભાગમાંથી જન્મેલાં વાછરડાને, મૂળમાંથી પ્રકટેલાં વૃક્ષાદિને-એવા વિવિધરૂપ રુદ્રને અમારા નમસ્કાર છે.

नम॒ꣳ सोभ्या॑य चप्रतिस॒र्या॑य च॒नमो॒ याम्या॑य च॒क्षेम्या॑-य च॒नम॒ꣳ श्लोक्या॑य चावसा॒न्या॑य च॒नम॑ उर्व॒र्या॑य च॒खल्या॑य-च॒नमो॒ वन्या॑य ॥ ३३ ॥

કુત્સ ઋષિ, આર્ષી ત્રિષ્ટુપ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **सोभ्याय** (**सोभः** ગંધર્વ નગરમાં રહેનારને–**स–उभयः** ઉભય સહિત પુણ્ય–પાપવાળા મનુષ્યલોકમાં રહે-નારને દ્યુલોક તથા પૃથ્વીમાં રહેનારને) **प्रतिसर्याय** (વિવાહ સમયે મંગળસૂત્ર–રક્ષાબંધન ધારણ કરનારમાં રહેનારને–નગરની બહારની સીમમાં રહેનારને) च (અને) **नमः** (નમસ્કાર છે) **याम्याय** (સૌને નિયમમાં રાખનારને–યમલોકમાં રહી પાપીઓને યાતના ભોગવાવનારને) च (અને) **क्षेम्याय** (ક્ષેમકુશળ કરનાર) च (અને) **नमः** (નમસ્કાર છે) **श्लोक्याय** (વૈદિક મંત્રમાં રહેનારને–સ્તવન

થયેલાને, યશસ્વીમાં રહેનાર–યશવાળાને) **च** (અને) **अवसान्याय** (અવસાન સમયે-પ્રલય સમયે રહેનારને–વેદાંતમાં પ્રતિપાદન થયેલાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **उर्वर्याय** (ધન–ધાન્યવાળી પૃથ્વીમાં રહેનારને) **च** (અને) **खल्याय** (ધાન્ય જુદાં કરવાનાં સ્થળ–ખળાંમાં રહેનારને) **च** (અને).

નગરમાં તથા નગર બહાર રહેનારને–પુણ્ય–પાપવાળા મનુષ્ય-લોકમાં રહેનારને તથા વિવાહ સમયે મંગળસૂત્ર–રક્ષાબંધન ધારણ કરનારને, યમલોકમાં રહી પાપીઓને યાતના ભોગવાવનારને–સૌને નિયમમાં રાખનારને, ક્ષેમકુશળ કરનારને, વેદમંત્રમાં સ્તવન થયેલાને–યશસ્વી રૂપને, વેદાંતમાં પ્રતિપાદિત થયેલાને-પ્રલયમાં અવશેષ રહેનારને-મૃત્યુ નિવારનારને, ધનધાન્યવાળી પૃથ્વીમાં નિવસનારને–પૃથ્વી પર ઊગેલા ધાન્ય રૂપને તથા ખળાંમાં રહેનાર એવા રુદ્રને અમારા નમસ્કાર છે. ૩૩

नमो॒ वन्या॑य च॒कक्ष्या॑य च॒नमः॑ श्र॒वाय॑ च॒प्रतिश्र॒वाय॑ च॒नम॑ आ॒शुषे॑णाय चा॒शुर॑थाय च॒नम॒ꣳ शूरा॑य चावभे॒दिने॑ च॒नमो॑ बि॒ल्मिने॑ ॥

કુત્સ ઋષિ, સ્વરાટ આર્ષી ત્રિષ્ટુપ્ છંદ, રુદ્ર દેવતા.

नमः (નમસ્કાર છે) **वन्याय** (વનમાં વૃક્ષરૂપને) **च** (અને) **कक्ष्याय** (તૃણલતા રૂપને) **नमः** (નમસ્કાર છે) **श्रवाय** (શબ્દ–ધ્વનિરૂપને) **च** (અને) **प्रतिश्रवाय** (પ્રતિધ્વનિરૂપને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **आशुषेणाय** (સત્વર કૂચ કરવાવાળી જેની સેનાઓ છે એવાને) **च** (અને) **आशुरथाय** (જેનો રથ વેગથી આવે છે એવાને) **च** (અને) **नमः** (નમસ્કાર છે) **शूराय** (શૂરવીરને) **च** (અને) **अवभेदिने** (શત્રુનાં હૃદય વીંધવા-વાળા શસ્ત્રરૂપને) **च** (અને).

વનમાં વૃક્ષરૂપ તથા તૃણલતારૂપ ધ્વનિ તથા પ્રતિધ્વનિરૂપ,